# ૧. જેતલપુર ગામનો ઈતિહાસ

જેતલપુર ગામ અમદાવાદથી દક્ષિણે આશરે સોળ કિલોમીટર દૂર રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર આવેલ, રસ્તાની ડાબી બાજુ ગામ તેમજ મંદિર છે. રસ્તાની જમણી બાજુ ઈતિહાસમાં ઉલ્લેખાયેલાં વિખ્યાત સ્થળો જેવા કે ગઢી, દેવસરોવર, ફૂલવાડી, રાજમહેલ, યજ્ઞશાળા વગેરે આવેલાં છે. આ ગામ અમદાવાદ જીલ્લાનાં દશક્રોઈ તાલુકાનું છે. ગામની વસ્તી આશરે ૫૦૦૦ની હાલ છે. આ ગામની મુખ્ય પેદાશ વિખ્યાત દસકોશી ડાંગર છે. દેવસરોવર નર્મદા એક જળસંગ્રહનાં સ્થાન તરીકે અને સિંચાઈ માટે ઉપયોગી બન્યું છે. આ ગામનો ઈતિહાસ અમદાવાદનાં ઈતિહાસ સાથે સંકળાયેલો હોઈ તેનાં એક ભાગ રુપે છે. ઉપરાંત તેનો સ્વતંત્ર ઈતિહાસ પણ છે. પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ગામને પોતાની કર્મભૂમિ બનાવી ત્યારથી તે ઈતિહાસમાં એક નવું તત્ત્વ ઉમેરાયું છે. અને તે તીર્થરુપ બન્યું છે. પૂર્વ ઈતિહાસમાં તે જતીલપુર તરીકે ઉલ્લેખાયેલું છે. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ તેમનાં સમયમાં થતા હિંસામય યજ્ઞો સામે મક્કમપણે સામનો કરી અહિંસામય યજ્ઞ શાસ્ત્રોએ બતાવ્યા મુજબ કેવો ભવ્ય થઈ શકે છે, તેનું ધર્મપ્રેમી (પણ અંધશ્રદ્ધાથી અવળે રસ્તે દોરાયેલી) પ્રજાને માર્ગદર્શન આપ્યું. તેમાંથી ઉદ્‌ભવતા વહેમોનાં વમળો, કુરિવાજો, અંધશ્રદ્ધા, હિંસા, મદ્ય, માંસભક્ષણ, ક્ષુદ્ર દેવોની ઉપાસના વગેરે કુરિવાજો સામે એક પ્રબળ વિરોધ વંટોળ ઉભો કર્યો અને નાત સામે થયેલી તેમજ ગેરરસ્તે દોરાયેલી રાજસત્તાનો પણ વિરોધ સહન કરી લીધો. આ રીતે આ ગામનો ઈતિહાસ ભવ્ય છે.

આ ગામનાં ત્રણ વિભાગો ઈતિહાસમાં ગણાય છે. તળપદ, વાંટો અને શેઢી. તળપદ અને વાંટાની ઐતિહાસિક ભૂમિકા છે.

'ગુજરાત સર્વસંગ્રહ' ના પ્રકરણોમાં જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૪૨૦માં જમીનની વસુલાત બાબતે ઘણા બખેડા હતા. અહમદશાહ બાદશાહે ઠરાવ્યું કે જેઓ ખંડણી આપશે ને જે કેટલાક લશ્કરી નોકરી કરશે તેવાં જમીનદારોને તેમની જમીનનો ચોથો હિસ્સો વંશપરંપરા પાછો આપવામાં આવશે. એ વખતથી જે હિસ્સો જુદો રાખવામાં આવતો તે 'વાંટો' કહેવાતો ને બાકીનો જે

સરકારનો તે 'તળપદ' કહેવાતો. એ વહીવટ ઈ.સ.. ૧૫૪૫ સુધી ચાલ્યો. મહમદશાહ ત્રીજાની કારકિર્દીમાં (ઈ.સ. ૧૫૩૬-૧૫૫૩)એ નાના વાંટોઓ સરકારી જમીનમાં મેળવી દેવાની તજવીજ કરવામાં આવી પણ એથી બહું નારાજપણું ને અવ્યવસ્થિતપણું જોવામાં આવ્યું અને બાદશાહ અકબરે તે હુકમ ફેરવ્યો ને ૧૫૮૩માં નવો બંદોબસ્ત કર્યો તેમાં જમીનદારોને તેઓનો ચોથો હિસ્સો પાછો આપ્યો. પાછળથી તેવી જમીન ઉપર થોડોક નવો વેરો મૂક્યો. તે સિવાય અકબરનો વહીવટ કાયમ રહ્યો.

ત્યારે ખલાસા ગામોમાં ગરાસિયા વર્ગોને - ભાગીદારોને મળેલા કેટલાક હક 'ગરાસ' 'વોલ' કે પાલ નામે ઓળખાય છે. ગામનાં મધ્યમાં જૈન દેરાસરનાં ખૂણે આવેલો 'પોલનો પથ્થર' ગામનાં તળપદથી વાંટાનાં વિસ્તારને જુદો પાડે છે. વાંટા શબ્દનો પ્રયોગ પ્રથમ અહમદશાહનાં સમયમાં ઈ.સ. ૧૪૨૦માં થયો હતો. ગરાસ વોલ કે પાલનો પ્રયોગ ગુજરાતમાં મુસલમાનની સત્તાની પડતીનાં ૧૮મા સૈકાનાં અર્ધા ભાગમાં થયો હતો.

ઈ.સ. ૧૫૭૩માં અકબરે ગુજરાત જીતી લીધું. તે પછી ગુજરાતની સરકારનું મુખ્ય મથક અમદાવાદ હતું તેની સારી માઠી અસરો આજુબાજુનાં વિસ્તારો ઉપર થઈ હતી.

ઈ.સ. ૧૬૧૮માં જહાંગીરે ઉનાળો અમદાવાદમાં ગાળ્યો હતો. તે વખતે તેનો વહાલો પુત્ર શાહજહાં અમદાવાદમાં સૂબો હતો. નૂરજહાં, એનો ભાઈ અસરફખાં, મુમતાઝ બેગમ વિગેરે પ્રસિદ્ધ વ્યક્તિઓ એ વર્ષે અમદાવાદમાં હતી. બાદશાહી સવારી અમદાવાદથી ઉજ્જૈન જતાં રસ્તામાં દાહોદમાં ઔરંઝેબનો જન્મ થયો. શાહજહાંએ રુસ્તખાંને નાયબ સૂબો નીમી તેને પોતાની સાથે લીધેલો હોવાથી અમદાવાદમાં બાદશાહી દીવાન મહમદશફી ઉર્ફે શફીખાન વહીવટ કરતો હતો. તે દરમિયાન શાહજહાંએ બાદશાહ જહાંગીર સામે બળવો પોકાર્યો. ઈ.સ. ૧૬૨૩ની ૧૦મી જૂને બારેજા આગળ શાહી ફોજ અને બળવાખોર વચ્ચે એક લડાઈ થઈ તેમાં બાદશાહી લશ્કરની જીત થઈ.

સૈફખાને ત્યારબાદ જેતલપુરમાં જીતબાગ બંધાવ્યો. સૈફખાન જે જગ્યાએ



પોતાની જીત થઈ હતી ત્યાં સૈફ બાગ નામનો બગીચો કરાવ્યો. જેતલપુર ગામ આગળ આ બનાવ બન્યો એટલે આ બાગ જીતબાગ અથવા જીન્નત વાડીને નામે પ્રસિદ્ધ થયો. કેટલાક વર્ષોથી એ બાગની જમીન હવેલી પરગણાની હતી. આ બાગ ખેતરોમાં પલટાયેલો હોવાથી તેની ચોક્કસ સીમા શોધવી મુશ્કેલ છે.

આ સૈફખાંએ જ જેતલપુરનો કિલ્લો બાંધ્યો એ એની મોગલાઈ બાંધણી ઉપરથી જણાય છે.

જેતલપુરનો કિલ્લો બંધાયા પછી બારેજા થાણેદારનું મથક બન્યું. મોગલાઈમાં દસ સવાર અને પંદર પાયદળ એમાં રહેતું. આસપાસ પાંચ ગામનું રક્ષણ તેનાથી થતું. માતર, સોજીત્રા, પેટલાદ ને ખંભાત સુધી અમદાવાદથી જતો રસ્તો હતો ને ત્યાંથી આવતા જતા કાપડ ઉપર જેતલપુરમાં જકાત લેવાતી. મિરાતે અહમદીમાંનાં ઉલ્લેખ પ્રમાણે જેતલપુરનો કિલ્લો 'જેતલપુરની ગઢી' નામે ઓળખાતો.

આ કિલ્લો મુગલ બાદશાહનાં અમલદારોની સત્તાનો લોપ થયા પછી (ઈ.સ. ૧૭૬૦) મરાઠાઓની સત્તા નીચે આવ્યો. અને તેમનાં હાથમાંથી છોડાવી લેવાનાં મતલબથી જવામર્દખાને લશ્કર મોકલ્યું. મરાઠી અમલદાર રંગોજી પાડોશમાં પેટલાદમાં હતો. તેણે ભગવાન નામનાં માણસને લશ્કરી ટુકડી આપી ઘેરાયેલા સૈન્યની મદદે મોકલ્યો. ભગવાને સવારનાં પહોરમાં જવામર્દખાનની છાવણી ઉપર છાપો માર્યો. મરાઠાઓ જીત્યા. ઈ.સ. ૧૮૧૯માં મરાઠા સત્તા નબળી થઈને તેનાં સર્વ હક્ક તથા રાજ્યપ્રદેશ બ્રિટિશ કંપનીનાં હવાલામાં આવ્યા.

ઈ.સ. ૧૭૯૬માં પેશ્વા બાજીરાવ બીજાએ પોતાનાં નાનાભાઈ ચીમનારાવજીને ગુજરાતનો સૂબો નીમ્યો. પણ ચીમનારાવજી ફક્ત ૧૦ વર્ષનાં હોઈ એમનાં પ્રતિનિધિ તરીકે કેશવરાવ ભીમરાવ શેલૂકરની નિમણુંક કરી.ઈ.સ. ૧૭૯૮માં તેને અમદાવાદ પાછો મોકલ્યો. તે. ઈ.સ. ૧૮૦૭ સુધી અમદાવાદનો સરસૂબો રહ્યો તેમ જણાય છે. આ સૂબોએ શહેરમાં ઘણો જુલમ કર્યો. ગાયકવાડનાં લશ્કરે અમદાવાદ પર ચઢાઈ કરી શેલૂકરને પકડ્યો ને પૂના મોકલી દીધો. આ શેલૂકર એના કુટુંબને લઈ જેતલપુરનાં સૈફબાગમાં હવા ખાવા આવતો ત્યારે એનું કુટુંબ રાણીનાં મહેલમાં ઉતરતું. આ ગામ હવેલી પરગણાનું મુખ્ય અંગ

હતું. સીત્તેર ગામોનાં રાજભાગનું અનાજ જેતલપુરનાં ગઢમાં રહેતા ઘોડેસવારો ઊઘરાવીને ગઢમાં લાવતા.

શેલૂકરનાં પછી ગાયકવાડ તરફથી રાવબા દાદા સૂબો થઈને આવ્યા. તેમનાં પછી રઘુનાથ મહિપત સં. ૧૮૫૬માં સૂબો થયા. આ સરસૂબોનાં સમયમાં લોકો સુખી થયા. ભગવાન શ્રી સહજાનંદ સ્વામી પહેલ વહેલા સં. ૧૮૫૯ના મહા સુદ પાંચમે અમદાવાદ આવ્યા ત્યારે તેમનાં તરફથી તેમના ભત્રીજા મલ્લુબા અને ચીમનરાવજી મારફત શ્રી સ્વામિનારાયણનું સ્વાગત સામૈયું થયેલું. તેમણે રઘુનાથદાસનાં વિરોધમાં સામનો કરેલો અને શ્રીસ્વામિનારાયણને ટેકો આપેલો.

ચીમનજીરાવ દીવાન અને ભગવાન શ્રી સહજાનંદ સ્વામી સાથેના અન્ય સ્થળોના પ્રસંગોનો ઉલ્લેખ સાંપ્રદાયિક ગ્રંથોમાં મળી આવે છે. વચનામૃત વરતાલનું છઠ્ઠું સાતમું (૧૮૮૨)માં તેમનાં પ્રશ્નો વાંચવા મળે છે.

કાકાસાહેબ પછી સં. ૧૮૬૫માં વિઠ્ઠલરાવ બાલાજી સૂબો થયો ને સં. ૧૮૬૯ સુધી રહ્યો. તે વામમાર્ગી હતો ને શ્રી સ્વામિનારાયણનો કટ્ટર વિરોધી લોલંગરનો શિષ્ય હતો. લોલંગરે તેને ભરાવ્યું કે સ્વામિનારાયણે પ્રથમયજ્ઞ કર્યો તે તમારો બાપ મરી ગયો હવે તે ફરીથી યજ્ઞ કરે છે. ત્યારે તમારે માથે ભાર છે એટલે તેણે શ્રી સ્વામિનારાયણને શહેર બહાર કર્યા. શ્રી સ્વામિનારાયણે કહ્યું 'અમે જેતલપુર જઈએ' તેણે હા પાડી. સં. ૧૮૬૭માં શ્રી સહજાનંદ સ્વામીએ ત્રીજો યજ્ઞ કર્યો. ત્યારે તેણે પાંચસો સૈનિકો તેમને પકડવા મોકલ્યા પણ તેની મુરાદ નિષ્ફળ ગઈ. શ્રી હરિનાં શાપથી ગાયકવાડ પોતાનાં ભાગને બદલે ડભોઈ પરગણું લઈ તેણે અમદાવાદ અંગ્રેજોને સોંપી દીધું. ખેડા કલેક્ટર ડનલોપે ઈ.સ. ૧૮૧૭મા આખરે અમદાવાદનો કબજો લીધો.

આમ ગુજરાત અને અમદાવાદમાં થતી સત્તાની ફેરબદલીનાં પડઘા ગામડાઓમાં પડતાં જેતલપુર હવેલી અગત્યનું પરગણું હોઈ ત્યાં પણ સત્તાનાં ફેરબદલાની અસરો થતી.

જેતલપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રીજો યજ્ઞ શરુ કર્યો ને વિઠ્ઠલરાવે તેમને કેદ કરવા સૈનિકો મોકલ્યા. પણ એ ખેડા થઈ ત્યાંનાં કલેક્ટરને સહાય કરવા જણાવ્યું. તે કલેક્ટરને તેમનાં પ્રત્યે ખૂબ સદ્ભાવ થયો. તેણે કહ્યુ કે, જેતલપુરમાં તેમની સત્તા હજી સ્થાપિત થઈ નથી તેથી ત્યાં મદદ થઈ શકે તેમ નથી પરંતુ જો ડભાણમાં યજ્ઞ કરવો હોય તો સઘળી મદદ કરીશું. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ ત્યારબાદ ડભાણમાં યજ્ઞ કરેલો.



જેતલપુર ગામનાં શ્રી સ્વામિનારાયણ મંદિરથી દક્ષિણે હાલ રબારીઓનો નેસ છે ત્યાં કેટલાક સૈકા પહેલા જેતા નામે એક રબારણ બાઈ રહેતી હતી તે સમયે તળાવની પશ્ચિમે એક ઈન્દ્રોડિયા નામનું ગામ હતું. ગમે તે કારણે ત્યાંની વસ્તી ત્યાંથી ખસીને જેતાનાં નેસની પૂર્વે આવીને વસી. આવી રીતે સ્થળાંતર કરીને આવેલી વસ્તીનું નવું નામ રબારણનાં નામ ઉપરથી જેતલપુર કહેવાયું. ગઢીમાં ૫૦ થી ૭૦ જેટલા ઘોડેસવારો રહેતા અને તેઓ ખેડૂતો પાસેથી રાજભાગ ઉઘરાવતા. આ ઘોડાઓને ગઢીમાં રહીને જ ગઢીનાં દરવાજાની ઉત્તરે હાલ મસ્જિદ છે ત્યાં વાવમાંથી પાણી ખેંચી પાવાની વ્યવસ્થા હતી. આ વાવ પણ ગઢી જેટલી જ પુરાણી છે. રાણીનો મહેલ કોણે બનાવ્યો તેની માહિતી નથી. મહેલને અડીને એક મોટો બાગ હતો. ફરતે એક મોટો કોટ હતો. કોટમાં નવ કૂવા હતા. પણ તેમાં પાણી પૂરતું ન થયું તેથી હાલ જે રાણીનો કૂવો કહેવાય છે તે બનાવ્યો હતો. ગઢીથી દક્ષિણ દિશાએ બે ફલાંગ છેટે સડકથી પૂર્વમાં બીબીનો ઢાળ આવેલો છે. ત્યાં મુસલમાનોની કબરો છે. બીબીનાં ઢાળથી થોડેક આગળ એક મોટો દરવાજો હતો ને એક મકાન હતું ત્યાં જકાત લેવાતી. જેતલપુરનાં લોકો શ્રીજી મહારાજને ફકીરનાં તકિયા સુધી વળાવવા જતા તે આ સ્થાન હોવું જોઈએ.

નિરાંતે અહમદીએ જેતલપુરનાં કિલ્લાને 'જતીલપુરની ગઢી' એ નામ આપ્યું છે. ગુજરાત અંગ્રેજોના હાથમાં આવ્યું ત્યારે તેમાં જેતલપુર તાલુકાનાં મામલતદારની કચેરી બેસતી તે બંધ થઈ. તે બંધ થઈ ત્યાર પછી તેમાં ઈ.સ. ૧૮૫૬થી સરકારી શાળા ખસેડવામાં આવી. ઈ.સ. ૧૮૮૨માં ત્યાં કન્યા શાળાની સ્થાપના થઈ. આ ગઢીની પૂર્વે તેને અડીને એક ખાઈ છે તે ખાઈમાં (એસ.ટી. સ્ટેન્ડની પાછળ) એક પુરાણી વાવ છે તે વાવ ઉપર થઈને ગઢીમાં જવાતું એમ કહેવાય છે. હાલ હાઈવે ૬ લાઈનનો થવાથી પુરાઈ ગઈ છે. (સંદર્ભસૂચિ) જતીલપુરની ગઢી.

## ૨. નીલકંઠવર્ણી વેશે જેતલપુરમાં

જેતલપુરની એ જ્ઞાનવાવ પર બાલાજોગી બેઠા છે. રુપરુપનાં અંબાર જેવું મોહક રૂપ, પાતળી દેહયષ્ટિ, પરંતુ મનમોહક જ્ઞાન-સ્નેહ વરસાવતી આંખો; દર્શન કરનારને આગળ જવા દે તેવી ન હતી. તપથી સૂકાએલા દેહમાંથી તપોબળનાં તેજની આભા વિસ્તરતી હતી. માથે કાળી જટા એ બાલાજોગીનાં સઘળા વિષયોને કસીને મૃતઃપ્રાય બનાવી દીધા હતા. કમંડલુ, જપમાલા, ભિક્ષાપાત્ર અને કંડિયામાં વ્હાલસોયા મુકુંદ ભગવાન એ એમનો સામાન કહો તો સામાન અને તેમનું હૃદય કહો તો હૃદય હતું.

ગંગામા તો અતિથિને શોધવા નીકળ્યાં છે. અતિથિને જમાડ્યા પછી જ જમવું એવું કઠણ વ્રત એમણે ધારણ કર્યું છે. ત્રણ દિવસ પસાર થઈ ગયા પણ અતિથિ મળે નહીં. તેથી ઉપવાસ કરવા પડ્યા. ત્યાં જ્ઞાનવાવ પર અઢાર વર્ષની ઉંમરનાં તેજસ્વી નીલકંઠવર્ણીને જોયા ભેગા જ તેમનાં હૃદયમાં હેતનાં મહાસાગરનો હિલ્લોળો ઉઠ્યો ! તેમને ઘેર પધારી ભોજન લેવા આમંત્રણ આપ્યું. પણ આ બાલબ્રહ્મચારીએ જણાવ્યું કે પોતે ગામમાં ન આવી શકે.

ગંગામાએ ભગવાનને ઓળખ્યા. એમણે હઠ ચાલુ જ રાખી. પરંતુ નીલકંઠવર્ણી એમ માને શાના ? છેવટે ગંગામાએ તેમને ખભે ઉપાડ્યા અને ઘેર લાવ્યા. ચમત્કાર તો જુઓ કે જે ત્રિભુવનનો ભાર ઉપાડે છે એણે પોતાનાં ભક્તનો ભાવ જોઈને ભક્તનાં ખભે બેઠા !

વર્ણી ઘરે આવીને પણ જમતા નથી ! ગંગામા ઘણા કાલાવાલા કરે છે પણ માને તો વર્ણી શાના ? છેવટે વર્ણી કાલીબોલી ભાષામાં બોલ્યા, ‘ગંગામા તમે મને દીકરો કહો તો જ ભોજન લઈશ’

ગંગામાં વિમાસણમાં પડ્યા !આ તે કેમ કહી શકાય ? એ રહ્યા બાળબ્રહ્મચારી અને આપણે રહ્યા સંસારી ! સંસારથી વૈરાગીને બેટા કેમ કહી શકાય ? રૌવ રૌવ નરક જવાનું થાય ! ગંગામાને તો ધરમ કરતા ધાડ જેવું થયું એમણે એમની રીતે જવાબ આપ્યો.

‘સ્વામીજી તમે રહ્યા બાળબ્રહ્મચારી ને હું રહી સંસારી, મારાથી તમને



બેટા કહેવા જીભ ઉપડી જ કેમ શકે ? મહારાજ ! મને માફ કરો ને હવે ભોજનનો સ્વીકાર કરો.’

જવાબ સાંભળતાં જ વર્ણીએ થાળી આઘી ખસેડતા કહ્યું, ‘શું માતાનો પુત્ર મોટો થાય એટલે પુત્ર મટી જાય છે ? શું માતાનાં હૃદયમાંથી વાત્સલ્યની ખોટ આવી જાય છે ? જો મને બેટા નહીં કહો તો પછી હું અહીંથી જ ભૂખ્યા પેટે જતો રહીશ’ વર્ણીની વાણીમાં પુત્રને છાજે તેવો વિનય અને લહેકો વર્તાતો હતો.

વર્ણીનો જવાબ સાંભળીને ક્ષણેક ગંગામા જેમના તેમ રહ્યા. તે અમીટ નજરે વર્ણીને જોઈ રહ્યાં ! ત્યાં એમનાં હૃદયમાંથી સ્નેહનું પ્રચંડ મોજું ઉછળ્યું ને એમની વાણીનાં બંધન કપાઈ ગયા. એમનું હૃદય દીકરા-દીકરા-દીકરા રટવા લાગ્યું. સહસા તે બોલી ઉઠ્યાં. ‘બેટા, રસોઈ ઠંડી થઈ રહી છે જમી લે.’

ગંગામાની સ્નેહથી નીતરતી વાણી સાંભળીને જેમ કનૈયો જશોદાનાં કહેવાથી માની જાય છે તેમ નીલકંઠવર્ણી હસીને જમવા લાગ્યા. માતા પીરસે પુત્ર જમે તેમાં પછી શું કહેવાનું હોય !!

ગંગામાને અતિથિ રોજ તો મળતા નહીં એટલે એમને એમ થયું કે આવો મહાન બાળક આંગણે જ આવ્યો છે તો ભલે થોડા દિવસ રહીને જાય. પાણી ભરવા નીકળ્યા ત્યારે ઘરમાં સાંકળ મારી દીધી. જેથી કરીને આ બાલાજોગી જતા ન રહે !

ગંગામા પાણી ભરવા જ્ઞાનવાવ પર આવ્યા, તો એ જ નીલકંઠવર્ણી વાવ પર બેઠા છે....... એ જ કમંડલું, એ જ કૌપીન. એ જ મૃગચર્મ, એ જ ખાખરાંનો દંડ એ જ જનોઈ. એ જ મુંજની મેખલા એ જ જપમાલા, એ જ ભિક્ષાપાત્ર, એ જ શાલીગ્રામ, એ જ કરંડિયો, એ જ જટા, એ જ સ્નેહ નીતરતી લીમ્બુફાડ આંખો, અરે ! એ જ સૂકલકડી તેજસ્વી શરીર, કેવી રીતે ? ........... ને ગંગામા બેડું જ્ઞાનવાવ પર ભૂલીને સીધા આવ્યા ઘરે, અહીં ઘરમાં પણ નીલકંઠવર્ણી !! એ જ એમનો સરંજામ જે જ્ઞાનવાવ પર પણ જોયો !!

વર્ણી ત્રણ દિવસ રોકાયા એ સમયે અમદાવાદથી સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ પત્ર લખીને ગંગામાને બોલાવ્યા તોય વર્ણીને એકલા મૂકીને અમદાવાદમાં ન ગયા પછી રામાનંદ સ્વામીએ પૂછ્યું કે કેમ મોડું થયું ? ગંગામા કહે એક

તપસ્વી આવ્યા હતા સ્વામી કહે એતો બહું મોટા છે. એમ કહી વાત પુરી કરી.

ને ગંગામાનું જ્ઞાનનેત્ર તરત જ ઉઘડી ગયું. સ્થળ કાળથી પર એવાં પરમાત્માને જાણીને ગંગામા ભવસાગર તરી ગયાં.

## ૩. વ્રત છોડાવ્યું

ભગવાન સ્વામિનારાયણ એક વખત અમદાવાદ પધાર્યા હતા. ત્યાં મહેમદાવાદમાં લોલંગર બાવાની સાથે જે વિવાદ યુદ્ધનાં રુપમાં થયો. તેને શાંત કરી પોતાનાં ભક્તજનોની રક્ષા કરી. સંપ્રદાયનું પ્રતિપાદન કરી જેતલપુર આવ્યા. ભક્તજનોએ સ્વાગત પૂજન કર્યું. જેતલપુરનાં ગંગામા જેવો ઉધ્ધવ સંપ્રદાયનાં પ્રણેતા ઉધ્ધવ અવતાર શ્રી રામાનંદ સ્વામી જે દિવસથી ધામમાં ગયા હતા તે દિવસથી માંડીને નવ માસ સુધી તેમનાં વિયોગમાં એક જ વાર મીઠા વગરનો સાથવો જમતા હતા. અને ચાન્દ્રાયણ આદિ મહાવ્રતો પણ કરતા હતા. શ્રીહરિએ ગંગામાનાં શોકને દૂર કરવા માટે કહ્યું 'પ્રાકૃત મનુષ્યની માફક તેમનો શોક કરવો ન જોઈએ. મહાન પુરુષો જગતનાં કલ્યાણ માટે પૃથ્વી પર આવતા હોય છે. પ્રભુ એ નિર્મિત કાર્યો પૂરા કરી પાછા ફરતા હોય છે. માટે રામાનંદ સ્વામીનો શોક કરશો નહીં. હૃદયમાં શાંતિ ધારણ કરી, લીધેલ કઠીન વ્રતોની પૂર્ણાહુતિ કરો. શ્રી હરિએ ઘણું જ સમજાવ્યા પણ ગંગામા માન્યા નહીં. ત્યારે ભગવાન સ્વામિનારાયણ રામાનંદ સ્વામીનાં જેવાં શબ્દ અને સ્વર કરીને બોલવા લાગ્યા. ગંગામા વિસ્મિત બન્યાં અને શ્રીહરિ પ્રત્યે ભગવાનપણાનો ભાવ ઉત્પન્ન થયો. રામાનંદ સ્વામીએ કહેલા વચનો યાદ આવે છે. બે હાથ જોડીને ગંગામા કહેવા લાગ્યાં કે પ્રભુ ! વેદમાં જે પરબ્રહ્મ પરમાત્મા પ્રકૃતિથી યે પર નારાયણ કહેલા છે, તે સાક્ષાત્ તમે છો. મારી સાથે શબ્દથી બોલો છો. ત્યારે રામાનંદ સ્વામી જેવા લાગો છો. માટે તમો મારી સેવા અંગીકાર કરો. શ્રી હરિ કહે છે, કે હે તપસ્વી મા ! તમોએ મને જેવો જાણ્યો છે તેવો હું છું, તમારા પર પ્રસન્ન છું. વર આપું છું કે જ્યાં જ્યાં આપણે ભેગા થઈએ ત્યાં ત્યાં હું આપનું જ રાંધેલું અન્ન ગુરુ રામાનંદ સ્વામી માફક જમીશ. તે દિવસથી શ્રીહરિ ગંગામાનું રાંધેલું અન્ન જમતા અને તેમની બનાવેલ રસોઈની પ્રશંસા કરતા.'



## ૪. કૃપણ વણિક

શ્રી હરિએ દેવ તૃપ્તિ અને માનવ તૃપ્તિ માટે મહા-રુદ્ર યાગ કર્યો. ત્યારે એક વણિક પોતાનાં ગામનાં માણસોનાં સંઘ સાથે યજ્ઞનાં દર્શને આવ્યો. સંઘનાં હરિભક્તોએ શ્રીહરિને પગે લાગી યથાશક્તિ રૂપિયા આપ્યા. સાથે રહેલો વણીક વિચાર કરે છે કે બધાય આપે છે, જો હું નહી આપું તો ભૂંડો લાગીશ. હોંશિયાર વણિકે પોતાનાં ખિસ્સામાંથી છ રૂપિયા કાઢી ભેટ મૂક્યા. પોતાનાં ગયેલા પૈસાનો પસ્તાવો કરતો લોકોને કહેવા લાગ્યો કે ભગવાન આવી રીતે હજારો લોકો પાસેથી ભેટ લઈ યજ્ઞ કરે છે. તેના બદલે પોતાનાં યોગ બળથી પૈસા લીધા સિવાય કેમ યજ્ઞ કરતાં નથી ? એમ તર્ક વિતર્ક કરતો ઘેર આવ્યો. સમય જતા અંતકાળ આવ્યો. શ્રી હરિએ દિવ્યરૂપે દર્શન આપી કહ્યું : ''લ્યો, ભક્તરાજ આ તમારા રૂપિયા તમે મોક્ષાર્થી છો કે ધનાર્થી ? જીવોનાં હિત માટે જ અમે ધન સ્વીકારી યજ્ઞાદિ કાર્યો કરીએ છીએ.'' ત્યારે વણિકને ખૂબ પસ્તાવો થયો. પોતાનાં દ્વારા થયેલા અપરાધની ક્ષમા માંગી પોતાની પાસે રહેલું ધન શ્રીહરિને અર્પણ કર્યું. શ્રી હરિ તેને દુર્લભ એવાં પોતાનાં અક્ષરધામમાં તેડી ગયા.

## ૫. જેતલપુર દર્શન

રાજકીય ધાર્મિક સામાજીક અને શૈક્ષણીક ક્ષેત્રમાં જેતલપુર અનાદિથી ખૂબ જ ગુજરાતમાં જાણીતું છે. તે મોગલ શાસન હોય કે પેશ્વા સરકારની હકુમતમાં તથા અંગ્રેજ શાશન દરમ્યાન બધાએ જેતલપુરને કેન્દ્ર સ્થાન આપ્યું છે. પાંચ હજાર વર્ષ અગાઉ દ્વારિકાથી વૃંદાવન દેવો અને યાદવકુળના અગ્રગણ્યો સાથે ભગવાનના મોટાભાઈ સંકર્ષણ અવતાર બળદેવજી જેતલપુરના દેવ સરોવરના કિનારે લાંબો વિશ્રામ કરીને અનંતવાર સ્નાન કરીને નિવાસ કર્યો તે સમયથી સરોવરનું નામ દેવસરોવર નામ પ્રસિદ્ધ થયું. સાથે સાથે એ વાતની પૃષ્ટિ અહી થાય છે કે બ્રહ્માજીના આદેશથી રૈવત રાજાએ પુત્રી રેવતીનાં લગ્ન બળરામજીની સાથે અહીં દેવસરોવરના કિનારાના પરિસરમાં ત્રેત્રીસકોટી દેવો બ્રહ્મા, વિષ્ણુ, શિવની પાવન ઉપસ્થિતીમાં દિવ્ય વિવાહ કર્યો. તે સમયથી આ ભૂમિના ઉત્તમ

પ્રારબ્ધ શરું થયાં, તત્કાળ સિધ્ધી આપનાર બળવાન જેતલપુરના દેવસરોવરની કિનારાની ભૂમિને અનેક એવા ઋષિ મુનિયો સંતોએ દીર્ઘકાળ સુધી તપશ્ચર્યા કરીને સિદ્ધી પ્રાપ્ત કરેલી છે. ગુજરાતના જાણીતા ભક્ત કવિ જેમની ભક્તમાળામાં અગ્ર સ્થાન મેળવનાર વૈરાગીઓના મુખ્ય અખા ભક્ત જેવા અનેક ભક્તોનો જેતલપુરની ભૂમિએ આવ્યા.

જુનાગઢના નરસિંહ મહેતાની દિકરીના છઠ્ઠાવંશજ ગંગામાં પોતાનું વતન અને પિયર નારદીપુરને છોડીને જેતલપુર રહેવા આવતાં કુંભમેળાની જેમ સાધુ સંતોનો અખાડો શરુ થયો, ગંગામાના કોડ હતા કે મારા ગામે વધુ ને વધુ સંતો આવે તો તે પુણ્યથી ભેળા ભગવાનનું પણ આગમન થાય તેવા હેતુથી એકવાર ઉદ્ધવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સંત મંડળ સહિત પધાર્યા, ભગવાન જેવા સંતને જોઈ મન અર્પણ કરીને ગંગામાએ ઉદ્ધવ સંપ્રદાયનો આશ્રય કર્યો. ભગવાનને મેળવવાની તિવ્ર ઉત્કંઠા જોઈ રામાનંદ સ્વામીએ કહ્યુ કે તમે અન્નક્ષેત્ર કરીને અતિથીઓ જમાડજો તો તમારી ટેક જોઈને ભગવાન તમારા ઘેર જમવા આવશે.

બસ એક જ પ્રતિક્ષા ભગવાન ઘેર આવે અને હું ભાવતા ભોજન જમાડુ. રામાવતારની શબરીના જેવી ગુરુ વચનમાં શ્રધ્ધા.

ભગવાન સ્વામિનારાયણ વનવિચરણ કરતા નિલકંઠવર્ણી સ્વરુપે દેવસરોવરના કિનારે આવીને બેઠા પાણી ભરવા આવતી સ્ત્રીઓ એ ગંગામાંને સમાચાર આપ્યા કે એક યોગી દેવસરોવરે આવ્યા છે. કેમ કે આજે અતિથિ ગામમાં ન આવતાં ત્રણ દિવસના ઉપવાસ ગંગામાને થયા એ વાત બહેનો જાણતી હતી.

ગંગામા દોડતાં આવીને વર્ણીને ઘરે પધારવા વિનંતી કરી, ત્યારે વર્ણીએ નિત્યવિધિ સ્નાનાદિ કર્મ ગંગામા પાસે કરાવીને ''મા'' દિકરાના સબંધો શરુ થયા. કેમ કે નાની ઉંમરે પતિના અવશાનથી સતી થવા જતાં સાક્ષાત્ ભગવાને હું પુત્ર તરીકે તમારી સાથે રહીશ એવા વચનને સત્ય કરવા મહાપ્રભુ ઘેર પધાર્યા મા અને દિકરાના વાત્સલ્ય પૂર્વક ભક્તિ સભર વચનો શરુ થયાં.

ભગવાન સ્વામિનારાયણ ગંગામાને ''મા'' કહીને સંબોધન કરતાં એકવાર ગઢપુરની સભામાં જાહેર કર્યું કે ; અમારા ગંગામાને સંતો-હરિભક્તો



તમામ ''મા'' કહીને બોલાવજો. તે દિવસથી સંપ્રદાય આખાના ''મા'' ગંગામા બન્યા.

ભગવાન કૃષ્ણને દેવકી અને યશોદા બે મા તેમ સ્વામિનારાયણને ભક્તિ અને ગંગામા બે મા. સંપ્રદાયને માતૃત્વ આપનાર જેતલપુરની ભૂમિ છે.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ટુકા સમયના ગાળામાં સંપ્રદાયના ઉત્તરાધિકારી બનાવ્યા તો વિદ્રોહીઓ એ અનેક પડકારો કર્યા. તેથી સભામાં ગુરુની ગાદી પર ગુરુની ચાખડીઓ અને બાજુમાં નીચા આશને સહજાનંદ સ્વામીએ બેસાડવાની પ્રથા ચાલુ થઈ, સંવત ૧૮ માં સહજાનંદ સ્વામી જેતલપુર પહેલીવાર ગાદીપતિ બન્યા પછી પધાર્યા ત્યારે રાજઠાઠ માઠથી ગામ અસલાલીથી ભવ્ય સ્વાગત કર્યું.

ગંગામાના ઘરની પાસે સભા થઈ ત્યારે પહેલીવાર ગુરુની ગાદીપર સહજાનંદ સ્વામી બેસાડીને બે ગાદી કરવાની પ્રથા જેતલપુરમાં બંધ કરાવી તેનો યશ ગંગામા ને મળ્યો.

ભગવાન સહજાનંદ સ્વામી ઉધ્ધવ સંપ્રદાય અને વૈદિક પરંપરાનો પ્રચાર કરવા એ સમયમાં શાક્તપંથી વામપંથીઓએ યજ્ઞયાગાદિ કર્મમાં હિંસા પ્રધાન કર્યો, કરાવતા હતા તેથી સાત્વિક કર્મકાંડ શુષુપ્ત થવાથી તેને પુર્નજીવિત કરવા અહિંસક યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે સ્થળ પસંદની બહુ જ અગત્યની ભૂમિકા હતી. ધર્મપ્રેમી જનતા મોટાભાગની વામપંથીઓના પ્રભાવમાં હોવાથી સહજાનંદ સ્વામીની સાથે રહીને અહિંસ યજ્ઞ કરવામાં અન્ય કોઈ રાજા સહમત થતા ન હતા કેમ કે તેમ કરવાથી શાક્ત લોકોની સાથે કાયમી વૈર ઉભુ થતું. સેવા સંજોગોમાં ગંગામા નારી હોવા છતાં શૂરવીર ભક્ત હતા જેતલપુરના ભક્તોએ શ્રીહરિને કહ્યું કે અહિંસક યજ્ઞ અમારા જેતલપુરમાં રાખો અમે તન,મન,ધનથી સેવા કરશું. પેશ્વાની પરવા કર્યા વિના ૧૮ દિવસનો મહાવિષ્ણુયાગ જેતલપુરમાં કર્યો. નાગરોના દ્વેષિ બ્રાહ્મણોએ વિધ્ન કરવા આકાશ પાતાળ એક કર્યા. પરંતુ નિર્વિધ્ન પણે વર્ષોથી બંધ થયેલ અહિંસક યજ્ઞની પરંપરાની શરુઆત જેતલપુરમાં થઈ તેના પડઘા પત્યાઘાટ ચારેયદિશામાં પડ્યા.

યજ્ઞની સેવામાં એક ટોપલો ઘઉં દળી આપનાર વૈશ્યા નાથીને મુક્તાનંદ

સ્વામીના જેવુ કલ્યાણ કરવાનું વરદાન જેતલપુરમાં આપ્યું. અધમ ઉધારણ નામ પ્રકાશિત કર્યું.

ગરીબ જીવણ ભક્તનો મઠનો રોટલો જમીને ભાવના ભુખ્યા ભગવાન એવું નામ પ્રસિધ્ધ જેતલપુરમાં કર્યું.

ઉદ્ધવ સંપ્રદાયના પ્રચારનું કાઠીયાવાડનું કેન્દ્ર ગઢડા અને ગુજરાતનું કેન્દ્ર જેતલપુર રાખ્યુ. કોઈને મળવુ હોય તો કાં ગઢડા આવે કાં જેતલપુર આવતા. જેમ કે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની સર્વપ્રથમ ખુશાલભટ્ટ રૂપે જેતલપુરમાં પ્રથમ દર્શન થયાં તથા બદરિકાશ્રમથી શતાનંદ સ્વામી, નાંદોલથી બ્રહ્મચારી વાસુદેવાનંદ વર્ણી, સિદ્ધપુરુષ સંતદાસજી, વીર પાર્ષદ ભગુજી, પ્રેમ સખી પ્રેમાનંદ સ્વામી આદિ સમર્થ સંતોએ જેતલપુરમાં પ્રથમ દર્શન કર્યા.

મોટા ગરાશદાર અપાર જણાને એક સાથે સાધુ થવા રામદાસ સ્વામી (ભાઈરામદાસ) પાસે જેતલપુરમાં દીક્ષા આપી.

દેવ સરોવરના કિનારે આવેલી ફુલવાડીનો જમીનનો લેખ જેતલપુર ગામના હરિભક્તોએ સંપ્રદાયમાં સર્વપ્રથમ સહજાનંદ સ્વામીને જમીન માલિક તરીકે નામ દર્જ કરાવ્યુ. ત્યારે શ્રીહરિ બોલ્યા કે જેતલપુર ભક્તોએ અમને જમીનદાર બનાવ્યા.

સદ્ગુરુ રામાનંદ સ્વામીએ અપાર મંદિર સાથે સદાવ્રત બાંધ્યાં હતાં તેમાં સર્વ પ્રથમ સદાવ્રત જેતલપુરમાં કર્યુ

સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે નવ મંદિરો કર્યા તેમાં જેતલપુરનાં મંદિરમાં સ્વહસ્તે રેવતી બળદેવજી હરિકૃષ્ણ સ્વરૂપની સ્થાપના કરી છે.

શ્રીજી મહારાજનાં દર્શનકર્યા હોય એવા સંપ્રદાયમાં ગણ્યા ગાંઠ્યા વૃક્ષના દેહમાં મુક્તો વર્તમાનમાં રહ્યા છે તેમાં જેતલપુરમાં હાલ બોરસલી અને ખાટી આંબલીના વૃક્ષોમાં મુક્તો દર્શન આપે છે.

સંપ્રદાયમાં સંતોને સંસ્કૃત ભણવાની શ્રીજીમહારાજે આજ્ઞા કરીતો જેતલપુર મહોલમાં રહીને સંતો સંસ્કૃતના શાસ્ત્રોનો અભ્યાસ કરતા.

જેતલપુર ગામ અને શીમમાં જેનું મૃત્યુ થાય તેનો મોક્ષ કરવાનું વરદાન આપ્યું છે.



સત્સંગી ભૂષણની કથા સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ શિવરામ વિપ્રને મહોલમાં રહીને એક માસ સુધી કથા શ્રવણ કરાવ્યુ છે.

મારવાડ દેશના મુમુક્ષુઓને વિષ્ણુયાગના સમૈયામાં સત્સંગનો યોગ જેતલપુરમાં થયો.

ગંગામાના પિતૃ પક્ષના સબંધી જયાબેન પંડ્યાએ જેતલપુરમાં અમદાવાદ જીલ્લાની પ્રથમ હાઈસ્કુલ શરુ કરીને પોતાની સંપત્તિ શાળાને અર્પણ કરી.

સંપ્રદાયની સર્વપ્રથમ સંસ્કૃત પાઠશાળા જેતલપુર અક્ષરફુલવાડીમાં સંતો અને બ્રાહ્મણના બટુકોને સદ્વિદ્યાનું શિક્ષણ આપવામાં આવે છે. જે સંપ્રદાયમાં મફત શિક્ષણ આપતી એક માત્ર સંસ્થા છે.

નરનારાયણદેવ તાબાની સંસ્થા નરનારાયણ શાસ્ત્રી એન્જીનીયરીંગ કોલેજ (ડિગ્રી કોલેજ) જેતલપુરમાં સર્વપ્રથમ ટેકનીકલ કોલેજ છે.

સદ્ગુરુ આનંદાનંદ સ્વામી, સદ્ગુરુ રામદાસ સ્વામી ગંગામા આદિ મોટામોટા મુક્તોએ અક્ષરવાસ થવા જેતલપુરને પસંદ કર્યું.

વૃંદાવનથી અધિક ઉપમા સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં આપી છે.

જેતલપુરનાં દર્શન કરે તેને સર્વતીર્થનાં દર્શન કરવાનું પુણ્ય મળે છે. એમ કહીને ભાઈ રામદાસ સ્વામીએ નવા અઢાર પરમહંસોને અડસઠ તીર્થોનાં દર્શન કરાવીને કાશીએ યાત્રા કરવાની શ્રીહરિની આજ્ઞાને પૂર્ણ કરી.

## ૬. શિલ્પી આનંદાનંદ સ્વામી

રાજસ્થાનમાં ભરતપુર સ્ટેટમાં ઐતિહાસિક અત્યંત પરાક્રમી રાજાઓ થઈ ગયા. ઉત્તમ ક્ષત્રિય રાજપૂત ઝાટ વર્ણના મહારાજાઓએ રાજ કર્યુ. ઈન્ટરનેટના માધ્યમથી ગૂગલમાંથી મળેલી માહિતી અનુસાર સદ્ગુર આનંદાનંદ સ્વામીના પૂર્વાશ્રમ અને પૂર્વજોની ખૂબજ ઝીણવટભરી માહિતી મુકવામાં આવેલી છે. સત્તરમી સદીના ઉતરાર્ધમાં મહારાજા સૂરજમલજી પિતા બદલસિંહજી રાજ્ય કરતા હતા. તેઓ શૂરવીર સાહસી અને વ્યવહાર કુશળ પવિત્ર રાજા તરીકે ગણાતા.

જેઓએ દિલ્હીના નવાબ સાથે અનેકવાર લડાઈ કરીને વિજય મેળવ્યો હતો. મહારાજા સુરજમલને પાંચ રાણીઓ અને તેનાથી પાંચ પુત્રો થયા. તેમાં કાવરીયાદેવી નામે રાણીના કૂખે વિ.સં. ૧૮૧૩ આસો સુદી દશેરા (વિજયા દશમી) ના દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ નવલસિંહજી રાખ્યું. જેઓ આનંદાનંદ સ્વામી નામે આપણા સંપ્રદાયમાં પ્રસિધ્ધ થયા.

એકવાર મહારાજા સૂરજમલજીને દિલ્હી નવાબની લડાઈમાં દુશ્મનોએ કપટથી મારી નાખ્યા. સાથે મોટા પુત્ર જવાહરસિંહનું પણ અવસાન થયું. આવા કપરાં સંજોગોમાં ઉત્તરાધિકારીનો અધિકાર રતનસિંહના પુત્ર કેશરીસિંહજીને બે વર્ષની નાની વયે ગાદીએ બેસાડવામાં આવ્યા. એ સમયે સમય સૂચકતા વાપરીને પોતાનું કર્તવ્ય બજાવવા સોળ વર્ષના નવલસિંહજીએ પ્રતિનિધિ રાજા તરીકે રાજ્યની તમામ જવાબદારી સંભાળી લીધી. એવામાં માત્ર બે વર્ષમાં નાના રાજવી કેશરીસિંહજીનું ગંભીર બિમારીમાં મૃત્યુ થતાં રાજા નવલસિંહજી રાજ્યપદે બિરાજમાન થયા. સાત વર્ષના ટુંકા સમયમાં મહારાજા નવલસિંહજીએ અનેક રજવાડાઓને જીત્યા. અનેક સત્કર્મો કર્યા. શૂરવીરતા અને આધ્યાત્મના સુભગ સમન્વયથી પ્રજાના દિલને પણ જીતી લીધા. જન્મથી વૈરાગ્ય હોવાથી મોહમાયાનો પ્રભાવ ક્યારેય દેખાયો જ નહિ માત્ર કર્તવ્ય ફરજ બજાવવી એ ધ્યેયને સિદ્ધ કરતાં કરતાં અનેક કામો કર્યા. જેવા કે ભરતપુરમાં બલરામ મંદિર, લક્ષ્મણ મંદિર, બિહારીલાલજી મંદિર, આગ્રામાં ભવ્ય હંસમહેલ, મોટા જવાહરસિંહની સ્મૃતિમાં પુષ્કર તીર્થમાં જવાહરઘાટ બનાવ્યો. વૃંદાવન ગોવર્ધનમાં માનસ ગંગા મંદિર તથા રાજમહેલ બનાવ્યો તથા પરિક્રમામાં વિશ્રામ સ્થળો તેમજ અન્ય જીર્ણોધ્ધાર કાર્યો અને તીર્થ સ્થાનોમાં અન્નક્ષેત્રો શરૂ કર્યા. અનેક યજ્ઞ કરાવ્યા. નવલસિંહજીને મૃગનેન નામે પત્ની હતાં. તેમનાથી કોઈ સંતાન હતું નહીં.

પોતાના પરાક્રમથી ભરતપુર રાજ્યની તિજોરી પણ ધનસંપત્તિથી છલકાવા લાગી હતી. તે ધનનો ઉપયોગ મોજશોખમાં નહિ પરંતુ સત્કર્મમાં વાપરતા. જેઓ સૂરજમલજીના આખા પરિવારનો એક આધાર સ્તંભ બન્યા. તેમની કીર્તિ ચક્રવર્તી રાજાઓની જેમ ચારે દિશાઓ ફલાઈ રહી હતી ત્યારે મહારાજા નવસિંહજીની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. પરંતુ તેઓનું જીવન પ્રભુ સેવાના નિમિત્તે હોઈ



રાજ્યગાદી સ્વેચ્છાએ નાનાભાઈ રણજીતસિંહને સોંપીને જેઓના જીવનમાં વૈરાગ્ય અને ત્યાગ સહજ રહ્યા છે એવા નવલસિંહજી ભરતપુરના પોતાના પરિવાર જનોની પ્રાર્થના પૂર્વક રજા મેળવીને પ્રભુ ભક્તિ કરવા પોતાની પ્રિય ભૂમિ વૃંદાવનમાં આવ્યા. ત્યાં પરિક્રમા, કીર્તન ભક્તિ, તીરથવાસીની સેવા આદિ સત્કર્મ કરતાં બે વર્ષ વિતાવ્યા. કેટલાક મુમુક્ષુઓ થકી અયોધ્યામાં લોમશઋષિના આશ્રમમાં રહેતા મહાત્મા રામગલોલાદાસની સાધુતા સાંભળીને નવલસિંહજી વૃંદાવનથી અયોધ્યા રામગલોલાજી પાસે આવ્યા. રામગલોલાજીએ ઉત્તમ વૈરાગી જાણી શિષ્ય કરી રાખ્યા. વ્યવહાર કુશળતા અને સાધુતાનો સમન્વય જોઈને વૃધ્ધ રામગલોલાજીએ દીક્ષા આપી લક્ષ્મણદાસ નામ રાખીને ટુંકા સમયમાં પોતાની ગાદીનો વારસો ન ઈચ્છતા હોવા છતાં ગુરુ વચને ઉત્તરાધિકારી બન્યા અને રામગલોલાજી સાકેતવાસી થયા. ૫૦૦ વૈરાગીઓ અને હજારો ગામોમાં શિષ્ય સમુદાયને સહજમાં લક્ષ્મણદાસે દિલ જીતી લીધા. નિશાન ડંકા, હાથી, ઘોડા, છત્ર, ચામર, ગાદીના વારસામાં મળ્યું. પણ આ બધું બંધન કરતા જાણી મન પ્રભુ ભક્તિમાં રહેતું.

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા ઘનશ્યામ મહારાજ બાલ્યાવસ્થામાં અવધપુરમાં રહેતા ત્યારે જ્યાં અખંડ સત્સંગ રામધૂન અને રામકથા થતી ત્યાં મહાપ્રભુ રામલોલા આશ્રમમાં કથા સાંભળવા બેસતા.

વળી ક્યારેક સરયૂ ગંગાના કિનારે પણ લક્ષ્મણદાસ અને ઘનશ્યામ મહારાજની નજર મળી હતી. મહારાજે લક્ષ્મણદાસને માયાનું આવરણ રાખીને પોતાનું જ્ઞાન ભૂલાવી દીધું હતું.

પ્રસંગ એવા બન્યો એકવાર લક્ષ્મણદાસ ભગવાનની પૂજા કરી રહ્યા હતા ત્યારે મંદિરમાં દ્વારકા યાત્રા કરીને આવેલા વૈરાગીઓ આપસમાં વાતો કરવા લાગ્યા કે, પશ્ચિમ ભારતમાં જીવન મુક્તાના પંથના ગુરુ રામાનંદ સ્વામી અને તેમના શિષ્યોમાં ત્યાગ અને વૈરાગ્ય જોયો એવો જગતમાં ક્યાંય ન જોવા મળ્યું અને જીવનમુક્તા તો સાક્ષાત્ ભગવાન કૃષ્ણનાં દર્શન કરાવે, ગૌલોક વૈકુંઠનાં દર્શન કરાવે છે. આ વાત ચાલું હતી ત્યારે રામલક્ષ્મણ જાનકીની મૂર્તિયોમાંથી અપાર તેજ નિકળવા લાગ્યું. ત્યારે લક્ષ્મણદાસને થયુ કે મૂર્તિયોનું તેજ તો જીવન મુક્તાની

વાતો થવાથી થાય છે તો જીવન મુક્તા કેવા મોટા હશે ! બહાર આવી વૈરાગીઓ પાસેથી જીવન મુક્તાની વિગત જાણીને દર્શન કરવાની ઉત્કંઠા જાગી. બસ ક્યારે મોકો મળે ને જીવન મુક્તાનાં દર્શન કરુ. જીવન મુક્તા એટલે રામાનંદ સ્વામીના ઉધ્ધવ સંપ્રદાયને એ સમયમાં મતપંથીઓ જીવન મુક્તાનો પંથ તરીકે ઓળખતા.

એકવાર લક્ષ્મણદાસે પોતાના શિષ્યોને દ્વારકાની યાત્રા કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે મોટા ભાગના વૈરાગીઓએ આનાકાની કરી. કેમ કે રામના ઉપાસક કૃષ્ણના તીરથમાં જવું એ સમયમાં લોકોને વાત ગળે ઉતારવી બહુ જ કઠણ હતી. યુક્તિપ્રયુક્તિથી શિષ્યોને સમજાવી વશ કરી ૫૦૦ વૈરાગી શિષ્યોને સાથે લઈ નિશાન, ડંકા હાથી પાળા, છત્ર છડી ચામર લઈને રામગલોલાજીનો સંઘ અયોધ્યાથી દ્વારિકા તરફ પ્રયાણ થયો.

કેટલાક દિવસે દ્વારિકા જતાં પહેલાં જીવનમુક્તાને મળવા દર્શનનો દૃઢ વિચાર હોવાથી પૂછતાં પૂછતાં લોજ ગામે લક્ષ્મણદાસના વૈરાગીઓનું ૫૦૦ નું લશ્કર આવી પહોંચ્યું.

લોજ ગામે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા તો રામલક્ષ્મણ જાનકી રૂપે રામાનંદ સ્વામીમાં દર્શન થતાં છત્ર ચામર નિશાન ડંકાના ઠાઠને મુકાવીને સ્વામીની સામે બેસી ગયા. નિત્ય નવા દિવ્ય અનુભવોનો ખજાનો ખજાનો મળતો રહેતા દ્વારિકા જવાનું ભૂલાઈ ગયું. પાંચ પંદર દિ' વિત્યા પછી વૈરાગીઓ ચિપિયા પછાડતા જવાની ઉતાવળ કરવા લાગ્યા. ત્યારે લક્ષ્મણદાસે કહ્યું કે ''મારે તો અહીં જ દ્વારકા'' તમોને જાવુ હોય તો જઈ આવો. ત્યારે અન્ય વૈરાગીઓ દ્વારિકા દર્શન કરીને પરત આવતાં લક્ષ્મણદાસે પોતાની ગાદીનો વારસો બીજા યોગ્ય શિષ્યને સોંપીને અયોધ્યા પાછા મોકલ્યા. અને પોતે જે જોઈતું હતું તે મળી ગયું માની રામાનંદ સ્વામીના શિષ્ય થઈને રહ્યાં. સ્વામીએ લક્ષ્મણદાસને ભાગવતી મહાદીક્ષા આપીને આનંદાનંદ નામ રાખ્યું . ગુરુ રામાનંદ સ્વામી અને રામદાસ સ્વામી, મુક્તાનંદ આદિ મોટા શિષ્યોની અનુવૃતિમાં રહીને સેવામાં જોડાઈ ગયા. એ વખતે વર્ષ હતું સં. ૧૮૫૫ નું.

સં. ૧૮૫૬ માં નિલકંઠવર્ણી લોજમાં પધાર્યા ત્યારે આનંદાનંદ સ્વામી રામાનંદ સ્વામીની સાથે ભૂજ આવ્યા હતા. પડછાયાની જેમ રામાનંદ સ્વામીની



અનુવૃત્તિમાં રહેતા. પૂર્વાશ્રમમાં મહારાજા પદે રહીને ત્યાગાશ્રમમાં ગાદીપતિ પદે રહીને સેવક બનીને સેવા કરવી એ માણસનું કામ ન હોય જે અક્ષરધામના મુક્તથી જ થાય.

રામાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીને નાની ઉંમરે ગાદી સોંપી ત્યારે બીજા શિષ્યોમાં અસંતોષ થયો ત્યારે રઘુનાથ જેવા અસુરને બાદ કરતાં બીજા બધાજને સમજાવવામાં આનંદાનંદ સ્વામીનો પ્રયત્ન મુખ્ય હતો. ભક્તિભાવ અને વ્યવહાર કુશળતા સ્વામીમાં જન્મ પહેલાથી જ હતા.

રામદાસ સ્વામી અને મુક્તાનંદ સ્વામીની જેમ રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણીની અનુવૃત્તિમાં રહેતા સમર્પિત સંત શ્રીહરિના વચનના અનુરાગી હતા.

શ્રી હરિએ માંગરોળમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું તેનાથી પહેલા આનંદાનંદ સ્વામીને વર્ણીમાં સર્વોપરિ ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો હતો. શ્રીહરિ વિશેષ પણે વ્યવહારના કામો સ્વામીની સલાહ સૂચન લઈને કરતા. પૂર્વના ગાદીપતિ વૈરાગી સત્સંગમાં આવવાથી અન્ય વૈરાગીઓ સન્યાસીઓ શ્રીહરિના આશ્રિત થવા લાગ્યા. આવા સાધુઓનું નિયમન કરવાની જવાબદારી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને સોંપી હતી.

આનંદાનંદ સ્વામીના પ્રસંગો અસંખ્ય છે પરંતુ જ્યારે અમદાવાદ શહેરમાં અંગ્રેજ સરકારે મંદિર કરવા જમીન આપી ત્યારે સભામાં શ્રીહરિએ કહ્યું કે મંદિર કરવા કોણ જશે ? તે વખતે કોઈ કંઈ બોલ્યા જ નહિ. ત્યારે શ્રીજી મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે સ્વામી તમે પૂર્વાશ્રમમાં રાજવંશ રહીને અનેક મંદિરો બનાવ્યાં છે. તેથી તમે અમદાવાદનું મંદિર કરવા જાઓ. કુશળતાના ગુણો જોઈને પ્રભુએ પાંચ રૂપિયા તુંબડીમાં આપીને મંદિર બાંધવા મોકલ્યા.

સ્વામી શિષ્ય મંડળને સાથે લઈ અમદાવાદ આવ્યા. શ્રીહરિનો પૂર્ણ રાજીપો હોય અને પોતાની આગવી કામની સૂઝબૂઝ હોય, વળી મહારાજને રાજી કરવાનો એક માત્ર હેતુ હોય ત્યાં જે પણ સંકલ્પ થાય તે સર્વે સત્ય થાય. સંપ્રદાયનું પ્રથમ મંદિર બની રહ્યું હોય, પશ્ચિમ ભારતનું મુખ્ય શહેર હોય જ્યાં મતપંથીઓના અનેક અખાડાઓના સામ્રાજ્ય હોય એવા ચતુષ્કોણ સંકટની વચમાં મંદિર બાંધવું

સ્વામીના જીવનની મોટી કસોટી અને મોટો પડકાર હતો. આનંદ સ્વામી બધામાં પારંગત હતા તેથી દુશ્મનોના પ્રયત્નોના કામિયાબ થવા લાગ્યા અને મંદિરના પથ્થરો ગોઠવતા જતા હતા.

સ્વામીના જમણા હાથમાં પદ્મ (કમળ)નું ચિન્હ હતું એટલે લક્ષ્મી તો ખૂટે જ નહિ. પણ લક્ષ્મી બંધન કરતા હોય એટલે સંપત્તિને નજીક આવવા દેતા નહિ. માટે પ્રેમરૂપી સાધનનો જ ઉપયોગ કરતા.

સ્વભાવે નરમ ખરા અને કડક પણ ખરા. ઉદાર પણ ખરા અને કરકસરવાળાએ ખરા. વિનય અને નમ્ર ખરા અને શત્રુઓને દૃષ્ટિ માત્રથી કંપાવનાર ખરા. પરંતુ જીતવા માટે પ્રેમરૂપી સાધનનો જ ઉપયોગ કરતા.

સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર અમદાવાદના નિર્માતા, જેતલપુર મંદિરના નિર્માતા, ભરુચ મંદિરના નિર્માતા તેમજ ૨૭ જેટલા હરિ મંદિરોના નિર્માતા સદ્‌ગુરુ વર્ય આનંદાનંદ સ્વામીના જીવનના અનેક પ્રસંગો સંપ્રદાયના શાસ્ત્રો, વાર્તા, ગ્રંથો, કાવ્યગ્રંથોમાં લેખકોએ લખ્યા છે. સ્વામીનો અક્ષરવાસ જેતલપુરમાં સંવત ૧૯૧૭ આસોવદ એકાદશીના દિવસે થયો ત્યારે સ્વામીની ઉંમર ૧૦૪ વર્ષની હતી. પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર જેતલપુર દેવસરોવરના કિનારે આવેલ અક્ષર ફૂલવાડીમાં કર્યો હતો. જ્યાં હાલ ભવ્ય સ્મૃતિ સ્થાન બનાવવામાં આવ્યું છે.

અમદાવાદ શ્રી નરનારાયણદેવનું મંદિર નિર્માણ નિર્વિઘ્ને સમ્પન્ન થતાં સંપ્રદાયના વિજયના ડંકા દિગન્તમાં ગાજવા લાગ્યા. વિધર્મીઓના મોઢા કરમાઈ ગયા. સહજાનંદ સ્વામીનો ચારે દિનામાં જય જયકાર થયો. તેનો યશ સદ્‌ગુરુ આનંદદાનંદ સ્વામીના ખાતામાં આવ્યો. ત્યાર પછી બીજા નવ મંદિરોમાં પણ આનંદાનંદ સ્વામીની યથાયોગ્ય સેવાઓ પાયાના પથ્થરની જેમ છે. સર્જનનું કામ હોય કે સમૈયો, વાદ હોય કે વિવાદ બધામાં આનંદાનંદ સ્વામીની જરૂર પડતી.

સ્વામીએ જીવનના પાછલા ૩૦ વર્ષ જેતલપુરમાં સેવા કરી અને અનેક ગામો જેમ કે, ગામડી ગામ વગેરેમાં હરિમંદિરો બંધાવ્યા. જેઓના અનેક પરચાઓ શાસ્ત્રો વાર્તાગ્રન્થોમાં લખાયેલા છે.



## ૭. અધમોદ્ધારક

જેતલપુરમાં યજ્ઞ થવાનો હતો. દરેક સ્થળેથી સંતો હરિભક્તો આવવાનાં હતા. તેમની સઘળી વ્યવસ્થા કરવાની હતી. આખું ગામ સહકાર આપે તો જ આવડું આભ જેવડું કામ સરળતાથી પાર પડે. શ્રી હરિ સ્વયમ્ આ કામમાં ધ્યાન આપતા હતા.

શ્રી હરિ ઘઉં લઈને ઘરે ઘરે દળવા માટે આપે. શ્રીહરિનું કામ સહુ ઉમંગથી કરે. ઘઉં દળવા લાગ્યા. નાથી નામની એક પતિતા સ્ત્રીનાં હૃદયમાં આ સેવાનો લ્હાવો લેવાનો મનોરથ જાગ્યો. તેને થયું ''જો ગંગા આંગણે આવે છે તો મનખા દહેતમાં ઝબોળીને શા માટે પવિત્ર ન કરવો ? આવું પરોપકારી પરંતુ પાવનકારી કામ પછી જિંદગીભર ન પણ મળે ! તો આવેલો અવસર શા માટે જવા દેવો !'' મન સાથે મક્કમ નિર્ધાર કરીને નાથીબાઈ ઘઉં લેવા માટે શ્રીહરિ પાસે આવ્યાં.

નાથીબાઈને આવેલાં જોઈને સહુ તેમને તિરસ્કારવા લાગ્યા. તેની છાયામાં પણ ન આવી જવાય માટે આઘાપાછા થવા લાગ્યા. કેટલાક તુંડમિજાજીઓ ગાળો દેવા લાગ્યા. નાથીબાઈ તો ઓઝપાતી ઓઝપાતી એકબાજુ ઊભી રહી, નિરાધાર નિઃસહાય માનવીની જેમ !

બહાર કોલાહલ સાંભળી શ્રીહરિ જાતે જ બહાર આવ્યા. શ્રીહરિને જોતાં જ સહુ શાંત થયા. એક પાખંડી માણસ આગળ આવ્યો. તેણે કહ્યું, પ્રભુ ! આપણા આ પવિત્ર યજ્ઞને અભડાવવા આ બાઈ આવી છે. એનાં કર્મો હીન છે. તેનાં નીચ કર્મો જોતા લાગે છે કે તે આપણા યજ્ઞ માટે ઘઉં નહીં દળી શકે !

શ્રીહરિ સ્મિત કરતા બોલ્યા, ''ભક્તો તમે એક વાત સમજી લો. જન્મથી કોઈ શુદ્ર નથી કે કોઈ બ્રાહ્મણ નથી ! સહુ પોતાનાં કર્મોથી જ ફળ ભોગવે છે. વળી કોઈ સંજોગોમાં નીચ કર્મ થયું હોય ત્યાર બાદ સાચા દિલથી પસ્તાવો થયો હોય તો અંતે તે વ્યક્તિ નિર્મળ જ થાય છે. આ બાઈ અહીં માત્ર સેવાભાવથી જ આવી છે. વળી તે પાપકર્મનો પસ્તાવો કરે છે તો પાપ ક્યાં રહ્યું ? તેનામાં અત્યારે તો સેવાભાવ જ દેખાય છે માટે તેને ઘઉં દળવા આપો.'' શ્રીહરિની આજ્ઞાને સહુએ મસ્તકે ચડાવી.

નાથી વેશ્યા શ્રીમંત હતા પરંતુ સંગદોષને લીધે અધોગમન થઈ ગયું હતું. પ્રભુની સેવા કરવાનો તેને અભરખો જન્મ્યો. તેથી ઘઉં દળી આપવા આવી હતી. શ્રીહરિ તો અધમોદ્ધારક હતા. તેથી યજ્ઞનું કામ નાથીબાઈને પણ સોંપ્યું.

નાથીબાઈ ઘરે આવ્યા. ઘઉં દળવાનું કામ કોઈ નોકરને ન આપ્યું. જાતે દળવા બેઠાં. કોઈ દિવસ હાથે પાણી પણ પીધું ન હતું તે આજે ઘઉં હાથે દળવા બેઠા ! તેમનાં કુમળાં હાથોની સુકોમળ હથેળીઓમાં ઘારાં પડ્યાં ફોલ્લામાંથી ! લોહી વહેવા લાગ્યું પણ દળવાનું કામ ન છોડ્યું. પ્રભુએ આપેલું કામ સવાર સુધીમાં પુરું કરી આપવું હતું. ને એ રીતે પોતાનાં પાપકામોને આ સેવાયજ્ઞની પાવક જ્વાળાઓમાં ભસ્મીભૂત કરવાં હતાં. તેમને હાથમાં ઉઠતાં ફોલ્લાઓની દરકાર નથી. તેમને હાથમાંથી ઝરતા લોહીની દરકાર નથી. દરકાર છે પોતાનાં પાપકર્મોને ધોઈ નાંખવામાં.

સવારે નાથીબાઈ લોટનો ટોપલો લઈને શ્રીહરિ પાસે આવ્યાં. ઘઉં પોતે જ દળ્યાં છે તેની સાબિતી રૂપે સૂઝી ગયેલાં હાથ બતાવ્યા. શ્રીહરિ કરુણાભર નેત્રોથી આ ભક્તને જોઈ રહ્યા. ત્યાં હાજર રહેલા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને ઉદ્દેશીને કહ્યું, ‘આ નાથીબાઈનું તમારી સાથે જ કલ્યાણ થઈ ગયું.

હાજર રહેલો ભક્તસમુદાય આશ્ચર્યસ્તબ્ધ બન્યો. મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને પણ સુખદ આશ્ચર્ય થયું. તેઓએ કહ્યું, અમોએ આખું જીવન આપને અર્પણ કર્યું છે. તમારી પાછળ પાછળ ફરીએ છીએ. ત્યારે એક ટોપલો ઘઉં દળી આપનારનું અમારી સાથે કલ્યાણ કરવાની આપની ઈચ્છા તો આપને વધારે સ્પષ્ટ અર્થમાં પતિતપાવન અને અધમોધ્ધારક સિધ્ધ કરે છે. આપને તો કરોડો પ્રણામ હો.’ જ્યારે નાથીબાઈ સભામાં આવતાં હતાં ત્યારે ઊભી થઈ ગયેલી બાઈઓને ઉદ્દેશીને શ્રીહરિએ કહ્યું, ‘તમે શા માટે ઊઠો છો ?આ બાઈ તો અક્ષરધામમાં તમારી મોખરે બેસવાની છે.’

નાથીબાઈનો તિરસ્કાર કરનાર સહુ કોઈ શરમિન્દા બન્યા !

શ્રીહરિ કહે આ નાથી રામાવતારમાં સુરપણખા થઈ. કૃષ્ણાવતારમાં કુબ્જાણીની હતી હવે તેની મુક્તિ વિના કામના ન હોવીથી અમે મુક્તાનંદસ્વામી જેવી મુક્તિ આપશું.



# ૮. નિષ્ફળ અતિત

જેતલપુરમાં જેશીંગભાઈ નામનો કણબી રહે. મનનો કૂડો. કોઈની આબાદી જોઈ ન શકે. કોઈનાં માટે ઘસાવાનું તો ઠીક પણ જો લાગ આવે તો વિધવા ડોશીને લૂંટવામાં ખચકાય નહીં એવો ખૂંરાટ ! કીડી મારવી અને માનવી મારવો તેને મન સરખું હતું. એને ત્યાં એક દીકરો. બાપથી તદ્દન જુદા જ સ્વભાવનો. અત્યંત દયાળુ, નમ્ર, અત્રાપીને મદદ કરવા દોડી જાય એવો પરગજ. પણ એનો જન્મ અવળી જગ્યાએ થઈ ગયો. ખારાપાટમાં જાણે ગુલાબ ઊગી નીકળ્યું.

સંતની સાથે રહીએ તો ભવભવનાં આકરાં બંધનો કપાઈ જાય છે ને સરળતાથી અક્ષરધામનો માર્ગ લઈ શકાય. પણ જેશીંગભાઈ જેવો કૂડો કણબી આ સત્યને સમજી શક્યો ન હતો. તેનો દીકરો સંત સાધુ પાસે જાય એ જરા પણ પસંદ ન હતું. તેને તો એમ જ હતું કે - ‘‘જેતલપુરમાં શ્રીજી નામનો એક બાવો આવે છે તે મારા દીકરાને બગાડી મૂકશે’’ કારણ રતન જેવો એનો દીકરો ગણેશ સંતોની સભામાં નિયમિત જતો હતો. તેણે ઘણીય વાર દીકરાને વિનવ્યો. પટાવ્યો ડરાવ્યો. પરંતુ ગણેશે નિત્યકર્મ ન છોડ્યું. સુંદર કોઠાસુઝ ધરાવતો ગણેશ જાણતો હતો કે આ જ સંતદર્શનથી અક્ષરધામનાં દ્વાર તરત જ ખુલી જાય છે.

કૂડો કણબી અકળાયો પણ એનો દીકરો ન માન્યો તે ન જ માન્યો ! છેવેટે તેણે ગામમાં આવેલા અતિત નામનાં જુવાન ગોંસાઈને રૂપિયા સો આપીને શ્રીહરિને મારી નાંખવા તૈયાર કર્યો. આ અતિત પણ કેવો ? ભયંકર ? સઘળી દુષ્ટતાનો ને હિંસકતત્ત્વોનો સરવાળો કરીને વિધાતાએ તેને ઘડ્યો હતો. એની ક્રૂરતાની કથા કહેતી ચૂંચીઆંખો, ક્રોધી પ્રકૃતિ સૂચવતું મોટાં ફોરણવાળું નાક, મોટી મોટી ભમર તે અત્યંત ઘાતકવૃત્તિ, તામસી વૃત્તિ ધરાવતો હતો. તેણે અવિનાશીને એક સામાન્ય માનવી ધારીને ખતમ કરવાનું માથે લીધું.

ખોખરા મહેમદાવાદ યજ્ઞ કરવાનો હતો. તેથી સહુ સંતોને શ્રીહરિએ ચર્ચા કરવા જેતલપુર તેડ્યા છે. જેતલપુરમાં દિવ્ય તેજથી શોભતા સર્વ સંતોની શોભા જેમ આકાશમાં તેજસ્વી તારલા શોભે એમ શોભી રહી છે. ઊડુગણમાં જેમ પૂર્ણચંદ્ર સોહે એમ દિવ્ય ને સાત્ત્વિક તેજવાળા શ્રીહરિ સંતો વચ્ચે સોહી રહ્યા છે.

અતિત વેશપલ્ટો કરીને સભામાં આવ્યો. સર્વજ્ઞ શ્રીહરિથી કશું જ અજાણ ન હતું. અતિતનાં મનનાં કૂડાભાવ ને કળી ગયા. છતાં તેને માન આપીને બોલાવ્યો. તેની પૂછપરછ કરી. તેની બોલવાની રીત વિચિત્ર હતી. તેનાં ગયા બાદ શ્રીહરિએ સોમલા ખાચરને ચેતવ્યા કે, ''આ ગોંસાઈ ફરી આવે તો વિશ્વાસ ન કરશો.''

બીજે દિવસે પણ અતિત આવ્યો. તેની આંખોમાં વિશ્વાસઘાતની આગ વરસી રહી હતી. તેણે ચકમો ઓઢ્યો હતો ને તેમાં કટારી છુપાવી હતી. તે નજીક આવ્યો એટલે બધું જ જાણી ગયેલા શ્રીહરિ મંદ મંદ સ્મિત કરતા પાટ ઉપરથી નીચે ઉતર્યા. એટલે મુળુભાઈએ અતિતને પકડી લીધો. ઝાપટ મારીને કટારી ખૂંચવી લીધી. હરિભક્તો આ બનાવથી ખૂબ ઉશ્કેરાયા હતા. સહુ અતિતને પદાર્થપાઠ ભણાવવા તૈયાર થઈ ગયા હતા. પરંતુ દયાનિધિ શ્રીહરિએ તેમ થવા ન દીધું. તેમણે સહુને વાર્યા. દુષ્ટ સામે દુષ્ટ ન થવાનો ઉપદેશ આપ્યો.

હરિભક્તોએ અતિતને ત્યાંથી કાઢી મૂક્યો. અતિત જેસીંગભાઈને આવીને કહી ગયો.

''એક જણથી આ કામ થઈ શકે તેમ નથી''

શ્રીહરિએ કહ્યું - ક્ષમા નામનો ગુણ માણસમાં અવશ્ય હોવો જોઈએ. ભુંડો પોતાની ભુંડાઈ તજવા તૈયાર નથી, તો ભલો પોતાની ભલાઈ તજવા કેમ તૈયાર થાય. રિદ્ધિ સિદ્ધિ શુભ ગુણ વગેરે ક્ષમાશીલ માણસનાં દાસ બનીને રહે છે. પ્રહ્‌લાદે એવી ક્ષમા રાખી જેથી આજ સુધી લોકોનાં હૃદયમાં સ્થાન મેળવ્યું માણસનાં જીવનમાં ક્ષમા આવવાથી મોટાઈ મળે છે. શ્રીહરિ આ પ્રમાણે ભક્તજનોને ઉપદેશ આપી ચાર દિવસ રોકાયા હતા. ત્યારબાદ ખોખરા મહેમદાવાદ તરફ પધાર્યા હતા.

## ૯. બાપુનાગરનું અધઃપતન

શ્રીજી મહારાજે જ્યારે મહા રુદ્રયાગ કર્યો ત્યારે અમદાવાદનાં બાપુભાઈ નાગરને શ્રીહરિએ વિશ્વાસુ જાણી યજ્ઞનું નાણા ખાતું સોંપ્યું હતું. શ્રીહરિનાં ચરણે જે ભેટ આવે તે બાપુભાઈ રાખે. શ્રીહરિ તેની તપાસ ના કરે. આમ ત્રણ ચાર વર્ષો વિત્યા. આવેલી રકમનો હિસાબ રાખ્યો નહીં. પરંતુ શ્રીહરિ નિમિત્તે જે ખર્ચ થાય



તે લખ્યા કરે. યજ્ઞ નિમિત્તે ગામોગામથી ઘી, અનાજ વિગેરે જે સામગ્રીઓ આવે તેને પણ લખે નહીં. પરંતુ તેમાંથી ઘણું બધું દ્રવ્ય પોતાનાં ઘરભેગુ કરે. આ દુનિયાનો સામાન્યમાં સામાન્ય માનવી યજ્ઞ કરે તો પણ તેમાં ખોટ આવે નહીં. ભગવાન સ્વામિનારાયણે મહારુદ્રયાગ કર્યો અઢળક ધન આવ્યું છતાં  પણ બાપુનાગરે ગોટાળા વાળી હિસાબમાં દસ-બાર હજારની ખોટ બતાવી ! તે ખોટનાં રૂપિયા શ્રીહરિ પાસે લેવા આવ્યા ને અંતર્યામી પ્રભુએ તે રૂપિયા ચુકવી દીધા ! ફારગતિ લખી દીધી ! અને સાક્ષીઓની સહી લીધી.

એક દિવસ સભામાં શ્રી હરિ બેઠા હતા, શ્રીહરિએ હસતા હસતા બાપુને કહ્યું : તમારે સન્યાસી બનવું છે ? સુરાખાચરે, સોમલા ખાચરે ટાપસી પૂરી. બાપુએ મશ્કરી સમજી હળવાશમાં 'હા' પાડી. શ્રીહરિએ તુરત દેવાનંદ સ્વામીને આજ્ઞા કરી. આને બહાર લઈ જઈને મુંડી નાખો અને સંન્યાસી બનાવો. શ્રીહરિએ કહ્યું, તમે તમારા ઘરની ચિંતા રાખશો નહીં. તમારા પત્ની સારા સત્સંગી છે. અમે તેને જીવતા સુધી અન્ન-વસ્ત્રો પૂરા પાડીશું. બાપુએ જાણ્યું હસવાનું હતું તે સાચું થયું. હવે ના કહેવાય નહીં. કહું તો જીંદગીભર કાઠીઓ-કેડો-મૂકે નહિ. આમ વિચારી તેઓ સંન્યાસી બન્યા. શ્રીહરિએ બાપુની પત્નીને આજીવિકા માટે સોનાની બંગડીઓ અપાવી. સંન્યાસી બનાવ્યા એટલે એક જગ્યાએ સ્થિર રહેવાય નહિં. 'સાધુ તો ચલતા ભલા,' એમ વિચારી ડભાણ ગયા. ત્યાં સંન્યાસી માંદા થયા. પત્ની સેવા કરવા લાગી છે. છ માસમાં મૃત્યુ પામ્યાં. સાક્ષાત્ પ્રભુને ઓળખ્યા છતાંય પાપ કર્મથી વાસના બંધાણી. વાસનાને કારણે ભૂત થયો. તેનાં ભાઈમાં પ્રવેશ કરી પોતાનાં પાપનો એકરાર કર્યો. કરેલા કર્મનો પસ્તાવો થવા લાગ્યો. ભગવાને મારા પર ભરોંસો રાખ્યો ને મેં ભગવાનને છેતર્યા. રડતાં રડતાં કહે : ભગવાન કેવા દયાળું છે.

મેં આટલો બધો વિશ્વાસઘાત કરેલો હતો તે ન ગણકારી ને મારું હિત કરવા સંન્યાસી બનાવ્યો. મારા કરેલા કર્મો શ્રીહરિએ લક્ષમાં લીધા નથી. જો લીધા હોત તો આથી વિશેષ મારી ભૂંડી દશા થઈ હોત. ભગવાનને અર્થે ક્યારેય પણ મેં એક પૈસાનું ખર્ચ કર્યું નથી. મારા જીવનમાં મેં કરેલા સંતનાં અપરાધની શી ગણતરી ? જ્યાં પાપથી છુટવાનું હોય ત્યાં જઈને મેં પાપ કર્યા. ભૂતની યોનિમાં બાપુનાગરને

શ્રીહરિની કૃપાથી પ્રભુનું નામ સ્મરણ ચાલુ રહ્યું. પોતાનાં ભાઈએ કહ્યું, તું જેતલપુર જા,. મારા વતી પ્રભુને પ્રાર્થના કર. ''મારો ઉદ્ધાર કરે.'' બાપુનો ભાઈ જેતલપુર આવ્યો. શ્રીહરિ સભામાં વિરાજમાન હતા. બાપુનો ભાઈ સભામાં બેઠો. બાપુએ ભાઈમાં પ્રવેશ કરી પોતાનાં કરેલા અપરાધની ક્ષમા માંગી અને રડવા લાગ્યો. 'મારો ઉદ્ધાર કરો... પતિત પાવન અધમ ઉદ્ધારણ... કરુણાનાં સાગર...' શ્રીહરિએ કહ્યું : સત્સંગમાં તારે એક જન્મ લેવો પડશે. સંતનો દાસ બની નિષ્કપટ થઈશ ત્યારે સર્વ દુઃખ નાશ થશે. નામ સત્સંગી ધરાવે અને કામ કોટિ કુસંગીનું કરે તો તેને તેવું જ ફળ મળે. આમ કહી તેને ભૂતયોનિમાંથી છોડાવ્યો. સત્સંગમાં જન્મ આપ્યો. શ્રીહરિનું ભજન કરી અક્ષરધામને પામ્યો.

## ૧૦. બ્રહ્મરાક્ષસથી મુક્તિ

અંધશ્રદ્ધા, ભૂત, પ્રેત, પિશાચ, વિ.માં લોકો ઊંડો રસ લે છે એમનું નિવારણ કરવું જરૂરી છે. આવી અંધશ્રદ્ધા અને વહેમનાં વળગાડને દૂર કરવા શ્રીહરિ તો નિત્ય દૃષ્ટાંતો આપે છે. એટલું જ નહીં પણ આવા શંકા-કુશંકાઓ કરતા ભક્તજનોને આવા દુષ્ટ પ્રેતોથી બચાવે પણ છે. !

એક સમયે મનોહર શોભા ધારણ કરતા હિંડોળામાં વિરાજમાન થયેલા શ્રીહરિ પોતાનાં સ્વજનોને શાસ્ત્રોનાં ઉપદેશની વાતો કરતા હતા. એ સમયે બ્રહ્મરાક્ષસથી પીડાતો કોઈ માણસ આવ્યો : તેની સાથેનાં તેનાં સ્નેહીજને ભગવાનને વિંનતી કરી કે આપ જગતનાં કર્તા હર્તા છો. અંતર્યામી છો. આ માણસને કોઈ બ્રહ્મરાક્ષસ છેલ્લા ત્રીસ વર્ષથી પીડા આપે છે. આપનું બહુમાન સાંભળી હું અહી આપની સમક્ષ હાજર થયો છું. મારી કોઈ ભૂલ થઈ હોય તો હે દયાળુ કૃપા કરી મને માફ કરશો.

મહુધા ગામમાં એક ઈશ્વર નામનો ધનાઢ્ય પણ વિષયી બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણની બાલ્ય અવસ્થામાં નગરથી બહાર પોતાનાં વયનાં બાળકો સાથે રમત રમતો હતો. તે વખતે તેણે કુહાડીથી એક વૃક્ષ પર પ્રહાર કર્યો. એ વૃક્ષની બખોલમાં એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. તેનાં મસ્તક પર ઘા થતાં જ ભારે ક્રોધથી



ગર્જના કરતો બ્રહ્મરાક્ષસ તે બાળક-બ્રાહ્મણનાં દેહમાં પેઠો.

તે બ્રહ્મરાક્ષસ અત્યંત ઘાતકી અને નિર્દય હતો. તેથી ભૂત પ્રેતોની વિશાળ સેના સાથે તે બ્રાહ્મણ બાળને તેમજ તેનાં સંબંધીઓને વારંવાર પીડા પહોંચાડતો હતો. તેનાં ક્રૂર કર્મોથી નગરજનો પણ ભયભીત રહેતા. બ્રહ્મ રાક્ષસ નિરંતર તેનું રક્તપાન કરતો હતો. તેથી બ્રાહ્મણનું શરીર કૃશ થઈ ગયું હતું.

ન નિંદ્રા આવે ન ભોજન લઈ શકાય. શોકથી પિડીત બ્રાહ્મણનાં પિતા તથા અન્ય સંબંધીઓ તે ઈશ્વરને લઈ અસુરાંશવાળા ગુરૂનાં શરણે ગયા.

મંત્ર જંત્ર જાણનારા તે અસુર ગુરુઓનો તે બ્રહ્મ રાક્ષસ ભયંકર નાદથી તિરસ્કાર કરતો. તો દુષ્ટ નર્કાગારવાસી ભૂતરાજ વજ્રપાત કરતા પણ અતિ ભયંકર વચન બોલ્યો, ''હે કહેવાતા ધર્મગુરુઓ તમે તમારા માર્ગથી ભ્રષ્ટ થયા છો. પછી ખડખડાટ હસતાં કહે છે - તમે તમારા માર્ગથી ભ્રષ્ટ થયા છો. નિંદિંત કર્મો કર્યા છે. તમે ગમે તેટલા પ્રયત્ન કરશો તો પણ હું આ... આ... બ્રાહ્મણનાં શિશુનાં દેહનો ત્યાગ નહીં કરુ.'' પછી તો તે બ્રાહ્મણ રાક્ષસથી પિડીત પોતાનાં શિશુને લઈને જુદી જુદી તીર્થયાત્રા કરવા નીકળી પડ્યો. તેની સાથે તેનાં કુટુંબીજનો પણ નીકળ્યા. તો પણ આ બ્રહ્મ રાક્ષસ કિશોરનાં દેહમાંથી નીકળ્યો નહીં. આ પ્રમાણે ત્રીસ વર્ષ સુધી એ બ્રહ્મદેવે અતિશય કષ્ટદાયક પીડા સહન કરી.

એ બ્રહ્મબાળ હવે તો યુવાની પણ વટાવી ચૂક્યો હતો. તેનું નામ ઈશ્વર હતું. ઈશ્વરને પણ આ ક્રૂર બ્રહ્મરાક્ષસ છોડતો નથી. અંતે ઈશ્વરનાં પિતાને નગરજનોએ અને અન્ય સંત્સગી બ્રહ્મજનોએ સાચી શિખ આપતાં કહ્યું - કે હજારો સાધુઓ તથા લાખો ગૃહસ્થો જેમની સેવા કરે છે તે સ્વામિનારાયણ ભગવાન છે. તેઓ ત્રિવિધ તાપનો નાશ કરનારા છે. જેમનું બીજું નામ શ્રીહરિકૃષ્ણ છે. એવાં દયાળુ પ્રભુ હાલ ભક્તો સાથે જેતલપુર ગામે વિરાજે છે. તો તમે તેમનાં શરણે જાઓ. પરમેશ્વર શ્રી સ્વામિનારાયણ તમારી સમગ્ર પીડા તત્કાળ નિશ્ચયથી નાશ કરશે.

પછી તે ઈશ્વર તેમજ તેનાં પિતાશ્રી અન્ય કુટુંબીજનો સૌ જેતલપુર ગામે આવ્યા. અને ઘડીભર સ્વસ્થ ચિત્તે ઊભા રહી અખંડ શ્રદ્ધાનો દીપ હૈયામાં પેટાવી મનોમન સહાય કરવા માટે પોતાનાં આશ્રિત ભક્તોથી વિંટળાયેલા વિઘ્નહર્તા મંગલમય શ્રીહરિનાં દર્શન કર્યા.

સ્ત્રીઓમાં રહેવા બ્રહ્મરાક્ષસનીમરજી :

બ્રાહ્મણ કુટુંબ સભા મંડપની બહાર આવીને ઊભું રહ્યું. સફેદ વસ્ત્રોમાં વિરાજમાન શ્રીહરિની પ્રભાવશાળી દિવ્ય મૂર્તિ નિહાળી દૂરથી વંદન કરતા ખચકાઈને ઊભા રહી ગયા. સભામાં પ્રવેશ કરવો કે નહીં તેની અવઢવમાં પડી ગયા. ઈશ્વર તથા તેનાં પિતા થોડાક આગળ આવ્યા. વિપ્રનાં દેહમાં રહેલા બળવાન રાક્ષસ ભગવાન સ્વામિનારાયણની અલૌકિક મૂર્તિ જોતાં જ મોટેથી બૂમો પાડવા લાગ્યો : બળું છું, સળગું છું. મને અહીંથી દૂર લઈ જાઓ. મોટા સાદે રડવા માંડ્યો. પછી કાળી ચીસો પાડવા લાગ્યો. ત્યારે સભામાં સિંહાસને વિરાજેલ ભગવાને સભાજનોને પ્રશ્ન કર્યો. આ કોણ કાળી ચીસો પાડી પોક મૂકીને રડી રહ્યું છે ?

એ સમયે દીકરાને આગળ કરી પિતા વિનંતી કરતાં બોલ્યો

"હે ! ઈશ્વરોનાં ઈશ્વર, ભગવાન સ્વામિનારાયણ ! આ મારા પુત્રની અંદર વર્ષોથી ભાઈ બની બેઠેલ એક બ્રહ્મરાક્ષસ છે, જે આપને નિહાળીને બચાવો- બચાવો કરી રહ્યો છે. અમે આપને શરણે આવેલ છીએ. આ ભયાનક બ્રહ્મરાક્ષસ મારા પુત્રને અતિશય પીડા આપે છે. આપ અમારું આ દુઃખ દૂર કરો. પ્રભુ."

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'મંડપમાં આવો. પીડા પામેલા એ બ્રાહ્મણ યુવકને પણ લાવો. સભાજનોએ બ્રાહ્મણને તથા તેનાં પુત્રને લઈને તત્કાળ પ્રભુ સમીપે લાવ્યા.' બંને હાથ જોડી ઈશ્વરનાં પિતાએ વિનંતી કરતાં ચોધાર આંસુએ રડતાં વિતક કથા સંભળાવતાં કહ્યું : પ્રેતથી પીડાતા મારા આ પુત્રની રક્ષા કરો. આ રાક્ષસનો ઉપદ્રવ ટાળવા માટે ઘણા ઉપાયો કર્યા તો પણ અત્યંત દુષ્ટ એવા બ્રહ્મરાક્ષસે મારા દિકરાનો કેડો મૂક્યો નહીં.

ચરણે પડી રડતાં રડતાં તેણે વિશેષમાં કહ્યું, 'બાળપણમાંથી જ આ રાક્ષસે મારા દિકરામાં પ્રવેશ કર્યો હતો. ત્રીસ ત્રીસ વર્ષ થઈ ગયા એ વાતને. છતાં એ - આપ આ દુસ્તર પાપ રૂપી સમુદ્રથી એનો તથા અમારો ઉદ્ધાર કરો. કૃપા નિધાન.'

પ્રાર્થના સાંભળી શ્રીહરિએ બ્રાહ્મણને સહજ સરળતાથી મંદ હાસ્ય સહિત આશ્વાસન આપ્યું. તેમને ઊભા કર્યા. શ્રીહરિ બોલ્યા, 'હે વિપ્રવર્ય ! ત્રાસ પામશો નહીં તમારું સર્વ દુઃખ દૂર કરીશ.'



મોંઢામાંથી ફીણનાં ઉસેટા ઉડાડતો, મસ્તક ધૂણાવતો, ચીસો પાડતો પ્રેત ઘડીભર સહજાનંદ સ્વામીને જોઈ રહ્યો. પછી એકાએક ઘોર નિનાદ કરી ઊભો થઈ પગ પછાડી ધૂવાફૂવા થવા લાગ્યો. સભા મંડપમાં તો સન્નાટો છવાઈ ગયો. બધાનાં મનમાં હવે શું થશે ? એવી આશંકા જાગવા માંડી.

એજ પળે પ્રભુએ ભૂત વેશવાળા બ્રાહ્મણ ઈશ્વરનાં લલાટમાં સોટી અડકાવી.

ક્ષણભર ધરણી ધ્રૂજી ઊઠી.

ગગનમંડલ ડોલી ઊઠ્યું.

શ્રીહરિએ બ્રહ્મરાક્ષસને સંબોધી કહ્યું, 'મારી સન્મુખ જો.'

તેણે જોયું નહીં. એટલે પુનઃ સોટીથી પ્રહાર કર્યો. ત્યારે બ્રહ્મરાક્ષસ ઉશ્કેરાઈ ગયો. બોલ્યો, 'કોણ છો તમે ?' તમારા સૂર્ય સમાન તેજની જ્વાળાઓથી મારું રોમ રોમ ભડકે બળી રહ્યું છે.

ત્યારે શ્રીહરિ અંતર્યામી હોવાં છતાં પિશાચને પ્રશ્ન કર્યો. તમે આવા નિંદનીય ધૃણાસ્પદ યોનિમાં કેવી રીતે જન્મ પામ્યા ?

પછી તે બ્રહ્મરાક્ષસ ભગવાનનાં પ્રશ્નથી ભારે ગદ્ગદીત થઈ કહેવા લાગ્યો, 'હે અક્ષરધામનાં ધામી ! હું પાપી, વ્યસની, દુરાચારી હતો. અને પાછો વિદ્વાન હતો. દુર્જનનોનાં સંગથી હું પરદારાસંગ, હિંસા, સુરાપાનમાં ખોવાઈ ગયો હતો. બીજા ત્રણ મારા કરતાંય વિશેષ દુષ્ટ બ્રાહ્મણ મિત્રો હતા. જેનાં કુસંગીપણાની કોઈ સીમા ન હતી.

સભામાં થોડો ગણગણાટ થયો. દુષ્ટને તો સજા થવી જ જોઈએ. એમ બધા વિચારતા થઈ ગયા.'

એક વાર અમે ચારેય તોફાની મિત્રો રમતે ચઢ્યા. આમલી પીપળી કુદવાની રમત રમતા હતા. ત્યારે તીવ્ર વાયુથી વૃક્ષની એક ડાળી ભાંગી અને કડાકા સાથે પૃથ્વી પર પડી.

આમ વૃક્ષ દેવતાનો અનાદાર કરતાં અમે ચારેય મૃત્યુ પામ્યા. અને પ્રેતયોનિમાં આવ્યા.

પરંતુ તું આ બ્રાહ્મણ દેવતાને શા માટે વળગ્યો છે ?

શ્રીહરિનું આ વચન સાંભળીને બ્રહ્મરાક્ષસ કહેવા લાગ્યો કે હે હરે !

બાલ્યાવસ્થામાં આ બ્રાહ્મણે વૃક્ષની બખોલમાં જ્યાં રહેતો હતો ત્યાં કુહાડી મારી મારું માથું કાપી નાંખ્યું હતું. માટે ક્રોધને વશ થઈ હું તેનાં દેહમાં વસ્યો છું.

શ્રીહરિએ એક ક્ષણ બાદ કરડી નજરે તેનાં તરફ જોયું અને બોલ્યા : 'આ બ્રાહ્મણ મારા શરણે આવ્યો છે. માટે એનાં શરીરમાંથી તત્કાળ નીકળ.'

બ્રહ્મરાક્ષસ અવળાઈથી બોલ્યો, હે હરે, આ બ્રાહ્મણ ઉપર મને ભારે ક્રોધ રહ્યો છે. એણે મારું મસ્તક ધડથી અલગ કીધું છે. માટે જીવન પર્યંત હું તેનાં દેહમાં રહીશ.

ત્યારે કરુણાનિધાન ભગવાન સ્વામિનારાયણે બ્રહ્મરાક્ષસ પર પુનઃ સોટીનો ભયંકર પ્રહાર કર્યો. અત્યંત પીડા પામેલો બ્રહ્મરાક્ષસ ધ્રૂજવા માંડ્યો. તે બોલ્યો, 'હે દયાળુ પ્રભુ ! તો પછી હું ક્યાં જાઉં ? - તો પછી તું આ મુક્તાનંદ જેવાં સાધુઓમાં તારો વાસ કર.'

-'ના એ શક્ય નથી. એમને જોઈને પણ હું ભડભડતો રહું છું. રૂંવાડે રૂંવાડે અગનઝાળ ઉઠે છે.તપનાં જેવાં સંતોમાં રહેવા હું શક્તિમાન નથી. આપની આજ્ઞા હોય તો આ નગરની સમીપે હું રહું.'

બ્રહ્મરાક્ષસનાં આવા બોલ સાંભળી નગરજનોએ તરત ભગવાનને વિનવ્યા અને રાક્ષસને દૂર રાખવા કહ્યું. પુરજનો કહેવા લાગ્યા, આ બ્રહ્મરાક્ષસને નગરની સમીપે રહેવા દેશો નહીં. એ તો સર્વને માટે ભારે ઉપાધિરૂપ થશે.

શ્રીહરિ મુખે રૂમાલ, રાખી મંદ મધુર હાસ્ય કરતાં બોલ્યા, 'તો પછી હવે શું કરીશું ?' તો બ્રહ્મરાક્ષસે સ્ત્રીવૃંદ તરફ દૂરથી નજર કરી કહ્યું, 'એમ હોય તો હું આપની આજ્ઞામાં જે શિથિલ હોય તેવી સ્ત્રીઓમાં આપ કહો તો નિવાસ કરું ?'

ત્યારે સમગ્ર સ્ત્રીવૃંદે શ્રીહરિને આ ક્રૂર રાક્ષસની વાતને ધ્યાન પર ન લેવા આગ્રહ કર્યો.

સ્ત્રીવૃંદનું આવું વચન સાંભળી શ્રીહરિ પ્રસન્નચિત્તે કહેવા લાગ્યા, 'તમે ચિંતા ના કરો. આ બ્રહ્મરાક્ષસ તમારી પાસે નહીં આવે. તમે તો શક્તિનાં સ્વરૂપ છો. ભગવાને અંતે રાક્ષસને કહ્યું તું કાળ, માયા વગેરેનો જેને ત્રાસ નથી એવા અમારા એકપણ આશ્રિત જનમાં રહી શકીશ નહીં.'



'હવે મારું માન' તારી તત્કાળ ગતિ-મુક્તિ કરવા માટે હું સમર્થ છું. પણ જો હું તને યોગ્ય સજા ન કરું તો તારા જેવાં અનેકાનેક પિશાચ વારંવાર તારી જેમ નિઃસહાય લોકોને પીડતા રહે. તેં અસંખ્ય પાપો કર્યો છે. તે તમામ પાપને તું બદરિકાશ્રમમાં તપ કરીને બાળી નાંખ. અને મારી પ્રસન્નતા પામી તું મુક્ત થઈ જા.'

આવા મધુર પ્રેરણાત્મક વચનો સાંભળતાં બ્રહ્મરાક્ષસ રાજી થયો. બોલ્યો, 'હે ભગવન્, આપે મારા ઉદ્ધારનો માર્ગ ચીંધી મને આ નીચ યોનિમાંથી બચાવી લીધો. આપનાં પ્રતાપથી મારો ગુણાનુરાગી વિદુષી આત્મા જાગી ઊઠ્યો છે. હવે હું આ બ્રાહ્મણ ઈશ્વરનાં દેહનો ત્યાગ કરું છું.'

એ શબ્દો સમગ્ર ગ્રામજનોએ સાંભળ્યા અને સૌ કોઈ હરખાઈ ઊઠ્યા.

આકાશમાં પ્રચંડ ધડાકા થયા. તેજ તેજનાં લબકારા ધરતી પરથી નીકળી વાદળોમાં વીજળીની જેમ ખોવાઈ ગયા.

ઈશ્વર નામનાં બ્રહ્મદેવમાં ચિરશાંતિ છવાઈ. એ રડતાં રડતાં હરિચરણ પકડી સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યો. અન્ય સૌ પણ એ રીતે ચરણવંદના કરવા લાગ્યા.

શ્રીહરિની આ લીલા સામાન્ય માનવી માટે તો અસામાન્ય બની રહી.

પછી તો મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડી હરિને પ્રાર્થના કરી.

આરતીનો સમય થયો.

ધૂન શરૂ થઈ. સૌ લોકો 'સ્વામિનારાયણ'ની અલૌકિક ધૂનમાં જોડાઈને આ પાર અને પેલે પારનો એકાકર કરી રહ્યા.

'પછી શ્રીહરિ જેતલપુરથી નીકળી ધોળકા, કુંડળ વિ. ગામોમાં વિચરણ કરતાં દુર્ગપુરને પામ્યા.'

## ૧૧. ખુશાલ ભટ્ટ

શ્રીહરિએ ખુશાલ ભટ્ટને તેડવા ટોરડા ગામે રામદાસજી ભાઈ આદિ સંતોને ત્રણ ચાર વખત મોકલ્યા હતા. ત્યારે ખુશાલ ભટ્ટ કેટલાક બ્રાહ્મણોની સાથે ડભાણ આવી ને શ્રીહરિનાં દર્શન કરી પાછા ઘરે ગયા હતા.

જ્યારે શ્રીહરિએ જેતલપુરમાં બીજો યજ્ઞ કર્યો તે વખતે શ્રીહરિનાં કહેવાથી

રામાનંદસ્વામી બ્રાહ્મણવેશે ખુશાલ ભટ્ટને દેવ નદીનાં કિનારે અચલેશ્વર મહાદેવમાં બોલાવી પોતાની સાથે જેતલપુર તેડી લાવ્યા. ગામની ભાગોળેથી રામાનંદ સ્વામી અદૃશ્ય થઈ ગયા.

શ્રીહરિ અક્ષર ફુલવાડીમાં સભા કરી બેઠા હતા. હજારો ભક્તજનો કથા સાંભળતા હતા. અપાર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા કોટની પેઠે ઠઠ્ઠ ભરાઈને ઉભા રહ્યા હતા. તેની સાથે સભામાં બેસવા માટે જગ્યાનાં અભાવથી ખુશાલ ભટ્ટ ઉભા રહી દર્શન કરતા હતા. ખુશાલ ભટ્ટની સામું જોઈ શ્રીહરિએ તર્જની આંગળીનાં ઈશારાથી પાસે બોલાવવા સાન કરી કે તુરત રામચંદ્રજીને સમુદ્રે જગ્યા આપી તેમ સભામાં વચ્ચે માર્ગ બની ગયો. શ્રીહરિ ભટ્ટજીને બાથમાં ઘાલીને મળ્યા. ભટ્ટજી શ્રીહરિને ચંદ્રચકોરની જેમ જોઈ રહ્યા છે. ભટ્ટજીએ માથે ધોળી પાઘડી તેમાં ટીપણું ખોસ્યું હતું. જાડાં કપડાં, ધોતીયું અને બંડી, લલાટમાં સુખડ ચંદનનુ તિલક, હાથમાં ત્રાંબાનો લોટો લીધો હતો. ભટ્ટજી સભામાં બેસી ગયા.

મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને થાળ જમવા બોલાવવા આવ્યા. શ્રીહરિ ખુશાલ ભટ્ટને સાથે લઈને ગામમાં થાળ જમવા ચાલ્યા. રસ્તામાં તળાવને કિનારે એક મોટો અને ઊંડો બાદશાહી ઝંડીયો કૂવો છે. તેમાંથી હજારો માણસો બોલતા હોય તેમ ભયંકર અવાજ આવવા લાગ્યો. તે કૂવામાં અસંખ્ય પ્રેતો ઘણા વર્ષોથી રહેતા હતા. અમારો મોક્ષ કરો ! આ પ્રમાણે શબ્દો પોકારતાં હતાં. પરમ કૃપાળુ પ્રભુએ ધ્યાનથી વિચાર કર્યો કે આવા ઉત્તમ તીર્થ સમાન જેતલપુરમાં જ્યાં અમારું આગમન અને નિવાસ સ્થાન હોય ત્યાં ભૂતનો વાસ હોય, ત્યાં જીવોનો ઉધ્ધાર થયા વગરનો રહી જાય તો અમારાં ભગવાનપણામાં ખામી જણાય. શ્રીહરિની આજ્ઞાથી ખુશાલ ભટ્ટે પ્રસાદીનો રૂમાલ કૂવામાં દેખાડી સ્પર્શ કરાવી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ ચાલુ કર્યો ત્યાં તો અસંખ્ય ભૂતો ભૂતયોનિમાંથી મુક્ત થઈ દિવ્ય દેહે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા અને કૂવામાં લટકતા આંબલીનાં વૃક્ષોમાં ઊંધા માથે વાગોલ્યો લટકતી હતી, તે પણ પક્ષી દેહમાંથી મુક્ત થઈ દિવ્ય દેહે શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.

શ્રીહરિએ વાગોલ્યોનાં આત્માને પોતાનાં ધામમાં મોકલી આપી અને પ્રેતનાં વાસનિક જીવોને બદરિકાશ્રમમાં જવા આજ્ઞા આપી. આવો અદ્ભુત પ્રતાપ



શ્રીહરિએ ખુશાલ ભટ્ટ સત્સંગમાં આવ્યા તેના પ્રથમ દિવસે તેમનાં દ્વારા દેખાડ્યો. ભટ્ટજીને ખ્યાલ કરાવ્યો કે તમારામાં પણ કેવી શક્તિ છે.

શ્રીહરિ ભટ્ટજીનાં સાથે ગામમાં ગંગામાનાં ઘરે જમવા પધાર્યા. પાટલા ઉપર શ્રીહરિ બેઠાં પોતાનાં પાસે બીજો પાટલો મૂક્યો તેનાં પર ભટ્ટજીને સાથે જમવા બેસાડ્યા. આ દ્રશ્ય જોઈ અન્ય હરિભક્તો બાઈ ભાઈ વિગેરે વિચાર કરવા લાગ્યા કે મયારામ ભટ્ટ જેવા બે હાથ જોડીને નીચે બેઠા છે અને આ જે નવો આવ્યો છે તે વિવેક વગરનો છે અને પ્રભુની સાથે બેસી ગયો છે. ગંગામાથી રહેવાયું નહીં. શ્રીહરિને કહ્યું કે તમારો મહિમા જાણ્યા સિવાયનો મૂઢની પેઠે તમારી સાથે પાટલે બેઠો છે તે તો જડ જેવો લાગે છે ?

શ્રીહરિ ખડખડાટ હસીને બોલ્યા કે મા ! એ જડ નથી તેઓ તો જડને ચૈતન્ય કરે એવા મહાચૈતન્યમૂર્તિ છે. મૂઢ જેવા અનંત જીવને મુક્ત કરે એવા અતિ સમર્થ છે. શ્રીહરિની વાણી સાંભળી ગંગામા વિગેરે ભટ્ટજી પ્રત્યેનો મન અને વાણીથી લાગેલા અભાવ વિષે પશ્ચાતાપ કરવા લાગ્યા. શ્રીહરિએ ખુશાલ ભટ્ટને હંમેશ માટે સાથે રાખ્યા. અને તેમને દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામ પાડ્યું. જેઓને બે દેશનાં મધ્યસ્થી બનાવ્યા હતાં.

## ૧૨. શતાનંદ મુનિનું આગમન

આપણા સંપ્રદાયનાં ધર્મશાસ્ત્ર સત્સંગિ જીવનનાં રચયિતા શતાનંદ મુનિ બદ્રિકાશ્રમમાંથી નરનારાયણ દેવનાં દર્શન કરી આજ્ઞા લઈ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન માટે ડભાણ તરફ આવી રહ્યા હતાં. વચ્ચે જેતલપુરમાં પેશવાઈ કિલ્લાનાં દરવાજામાં રાત રહ્યા. વહેલી સવારે ગામમાં રામાનંદ સ્વામીનાં મંદિરમાંથી તેમજ દેવસરોવરનાં કિનારે સ્નાન કરતાં સંતોનાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવાં શબ્દો શતાનંદસ્વામીનાં સાંભળવામાં આવ્યા. સૂર્યોદય સમયે ગાયોને ચારવા જતાં બાળકોને પૂછ્યું કે વહેલી સવારે સ્વામિનારયાણ... સ્વામિનારાયણ કોણ બોલતું હતું ? છોકરાઓએ કહ્યું કે અહીં રહેતા સ્વામિનારાયણનાં સાધુઓ રાત દિવસ બોલે છે. શતાનંદ મુનિ પૂછતા પૂછતા રામાનંદ સ્વામીનું પ્રાચીન મંદિર હતું ત્યાં આવ્યાં.

ગંગામા, આશજીભાઈ અને સંતો હાજર હતા. શતાનંદ મુનિની સ્થિતિ શુકદેવજી સમાન હતી. અહોનિશ બ્રહ્મસ્થિતિમાં રહેતા તેથી દિગમ્બર (વસ્ત્રહીન) હતા. આશજીભાઈએ પૂછ્યું, આવા વસ્ત્રહીન તમે કોણ છો ? તમારે મોક્ષની ઈચ્છા છે ! ત્યારે શતાનંદ મુનિએ હા પાડી. વ્રજાનંદ સ્વામીએ કહ્યું : તમે વસ્ત્રો પહેરો અને સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ આ સંત્સંગમાં રહો તો તમારું કલ્યાણ થશે. આમ કહી વ્રજાનંદ મુનિએ વસ્ત્રો આપ્યાં અને શતાનંદ મુનિએ વસ્ત્રો પહેર્યા. વ્રજાનંદ સ્વામીએ પરિચય માંગ્યો. શતાનંદ સ્વામીએ અથ થી ઈતિ સુધી પોતાનો પરિચય આપ્યો, આ સાંભળી બધા ખૂબ રાજી થયા. બે દિવસ જેતલપુર રોકાયા પછી ડભાણ તરફ ગયા. ત્યાં શ્રીહરિની આજ્ઞાથી બોલાવેલ દોઢસો સંતો રામદાસભાઈ પાસે આવ્યા. આઠમે દિવસે શ્રીહરિનાં દર્શનની ઉત્સુક્તાવાળા તે જવા તૈયાર થયા ત્યારે રામદાસભાઈએ કહ્યુ ગોવિંદભાઈ નામનાં બ્રાહ્મણ સહિત તપોમૂર્તિ સ્વરુપાનંદ સ્વામી આદિ સંતો તમારી સાથે આવશે. તેમાં તમે સ્વરૂપાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. આ પ્રમાણે વાત થયા પછી ત્યાંથી નિકળ્યા. ફરતાં ફરતાં કારીયાણી આવ્યા ને શ્રીહરિને મળ્યા હતાં.

## ૧૩. શ્રીહરિ રિસાયા

પરમાત્મા પોતાની જુદી જુદી દિવ્ય લીલાઓ દ્વારા માનવીને મુગ્ધ કરે છે ને એ લીલાઓનાં સ્મરણ - શ્રવણ માત્રથી જ સામાન્ય માનવીને અક્ષરધામ હાથવગું બની જાય છે. શ્રીહરિએ પણ બાળલીલાઓ ભક્તોને દિવ્યાનંદ મળે માટે આચરેલી.

એક વાર શ્રીહરિ ગઢડેથી રિસાઈને જેતલપુર આવતા રહ્યા. ગંગામાને ઘરે ઉતારો રાખ્યો. આવીને તરત જ ગંગામાને ચેતવી દીધા, 'હું અહીં આવ્યો છું તેની જાણ કોઈનેય થવા દેશો નહીં. બરાબર ધ્યાન રાખજો કે એક પણ હરિભક્ત જાણે નહીં.' ગંગામાને ઉત્સાહ તો માતો નથી. પોતાનાં ઘરે સાક્ષાત્ પરબ્રહ્મ પધાર્યા પછી તો પૂછવું જ શું ? એમનાં દૈનિક કાર્યોમાં વધુને વધુ પ્રાણ પુરાયાં. બધા જ કાર્યો અત્યંત ઉત્સાહમાં અને મનમાં અનેરા થનગનાટથી થવા લાગ્યા ! ગામ લોકોને આશ્ચર્ય એ વાતનું થયું કે હમણાંથી ગંગામા દોડી દોડીને કામ કરતાં



થાકતાં જ નથી ! એ ભલાં ને એમનું કામ ભલું ! કેમ સહજેય નવરાં નહી પડતાં હોય !

ગઢડામાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીની સલાહની આવશકયતા ઉભી થઈ. બ્રહ્માંનંદ સ્વામી શ્રીહરિની શોધ કરવા લાગ્યા. હરિ હોય તો મળેને ? ઉપાધી આવી. અત્યંત દુઃખ થયું. ભગવાન ગયા ક્યાં ?

બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિનો વિરહ થયો. વિરહમાંથી શોક જન્મ્યો. પ્રારંભમાં શ્રીહરિ વગર વિચારી જ ન શક્યા. છેવટે ધીરજ ધરીને વિચારવા લાગ્યા. એમની વિચારણાને પ્રકાશ લાધ્યો............ એમને જેતલપુર દેખાયું. જેતલપુરમાં વાત્સલ્ય વરસાવતા અજોડ જનની જેવા ગંગામા દેખાયાં..... તરત જ તેમનાં મનને શાંતિ વળી ''હાશ ! મારા ભગવાન બીજે કશે નહીં હોય, એ તો માતૃપ્રેમ માણવા માટે જેતલપુર ગંગામા પાસે જ ગયા હશે .''

વહેલી સવારે ગઢડેથી સુરાખાચારને લઈને બ્રહ્માનંદ સ્વામી જેતલપુરનાં પંથે વળ્યા.

જેતલપુરની ભાગોળે બાળગોપાળ રમી રહ્યા છે. બ્રહ્માનંદ સ્વામીએ છોકરાઓને ભેગા કર્યા. છોકરાઓને મીઠી મીઠી બંટા-ગોળી વહેંચી. છોકરાઓ લહેરમાં આવી ગયા. ચતુર સ્વામીએ બાળકો પાસેથી જાણી લીધું કે, ''હમણાં ગંગામા બધું જ કામ દોડી દોડીને કરે છે.'' તેજી ને ટકોરા. સ્વામી કળી ગયા. સીધા જ આવ્યા ગંગામાને ઘેર. ગંગામાએ એમનો ઓશરીમાં સત્કાર કર્યો. હેતથી સત્કાર કર્યો પણ ભગવાન વિશે પોતે કશું જ જાણતાં નથી એમ સ્પષ્ટ કરવા લાગ્યા.

''ગંગામા શ્રીહરિ જેતલપુરમાં આવ્યાં છે.''

''યાદ કરો ગંગામા શ્રીહરિ ઘરમાં તો નથી ને ?''

''શ્રીહરિ ઘરમાં હોય તો તમને કહેવામાં શો વાંધો છે ?'' ગંગામાને શ્રીજીએ કરેલી શરત યાદ આવતી હોવાથી સાચી વાત કહી શકતાં નથી. તેનો રંજ પણ ના થયો. આ સમય દરમ્યાન શ્રીહરિ કોઠીમાં સંતાઈ ગયા.

બ્રહ્માનંદ સ્વામીને થયું કે આ પાણીએ ચોખા ચડશે નહીં. તેમણે ઓશરીમાં ઉભા ઉભા જ હૃદયની ઊર્મિઓને થનગનાવતું, હૈયાની આરત ઠાલવતું પદ રચ્યું. સતારનાં ઝંકાર સાથે મીઠા રાગે, ઠાવકી હલકથી ગાવું શરૂં કર્યું.

માતા જશોદા રે, મેલો ઘર માહરે રે,
કહાનજીને મહીડું વલોવવા કાજ.

ઘરનાં તે માણસ રે કોઈ મારે ઘેર નથી રે,
એકલી હું મંદિરિયામાં છું આજ... માતા... (૧)

મોરી ગોળી મહીની રે, હું કંઈક નાનકડી રે,
ઝાઝું મારા હાથમાં નહીં જોર,
તે માટે વલોવા રે, સામું નેત્રુ તાણવા રે,
કહોને આવે ઘડી એક નંદકિશોર... માતા.... (૨)

અમારે તમારે રે, ભેળી સારો આદનો રે,
અમને નાવે બીજાનો ઈતબાર,

તે સારું તમારાં રે, લાલને મોકલો રે,
વલોણામાં ઝાઝી નથી કંઈ વાર.. માતા... (૩)

ઝાઝું મહી માખણ રે , આપીશ હું તો જમવા રે,
ભાવે તેવા ભોજન દૂધ ને ભાત,

બ્રહ્માનંદનાં વહાલાની રે, ફજેત ન કરજો રે,
રાજી થઈને રહેશે તો રાખશું રાત રે ... માતા... (૪)

ભક્તના હૃદયની આર્ત સાંભળીને શ્રીહરિથી વધુ વાર સંતાઈ શકાયું નહીં. સ્વયં ચાલીને પોતાનાં પ્રિય ભક્ત પાસે આવ્યા. પરસ્પર ભેટ્યા ! ભગવાન , ભક્ત તથા વહાલસોઈ માતાનો સ્નેહ ત્રિકોણ રચાઈ ગયો !

## ૧૪. ગંગામા

ભગવાન સ્વામિનારાયણ ગંગામાને ''મા'' કહીને બોલાવતા. તેઓ વિસનગરી નાગર બ્રાહ્મણ જેતલપુરનાં વતની હતાં. ગંગામા કડક નિયમવાળા અને તપસ્વી વિધવા બાઈ હતાં. તેમનું પિયર નારદીપુર હતું. યજ્ઞમાં નારદીપુરનાં



નાના ભાઈને યજમાન બનાવેલા તેથી એમ મનાય છે કે તેઓ ગંગામાનાં ભાઈ હશે, ગંગામાને એક દીકરી હતા. તેઓ રામાનંદ સ્વામીનાં અનન્ય શિષ્ય હતાં. પોતાનાં વિશાળ ઘરનો એક ભાગ જુદો કાઢી તેમાં રામાનંદ સ્વામીનું મંદિર બનાવી રાધાકૃષ્ણની મૂર્તિઓ જે અત્યારે હાલ શ્રી ઘનશ્યામ મહારાજની બાજુમાં પધરાવેલ છે તેની પૂજા કરતા હતાં. રાધાકૃષ્ણદેવ ગંગામાની સેવાને વશ થઈ તમામ સેવાઓ પ્રત્યક્ષ સ્વીકારતા હતા. શ્રીજી મહારાજ જ્યારે નીલકંઠવર્ણી રૂપે આવ્યા હતા ત્યારે ત્રણ દિવસનાં ઉપવાસનાં અંતે નીલકંઠવર્ણીને જમાડ્યા હતાં. ગંગામાને અતિથિ ને જમાડીને જમવાનું હમેંશા નિયમ હતું. શ્રીહરિ હંમેશાં એવો આગ્રહ રાખતા કે ગંગામા જ્યારે એમ કહે કે ''બેટા જમ'' ત્યારે પ્રભુ જમતા. શ્રીહરિ હંમેશા 'મા' કહીને બોલાવતા. શ્રીહરિ માટે રસોઈ ખૂબ સરસ સ્વાદિષ્ટ બનાવતાં. પ્રભુ જ્યારે જમવાનું માંગે ત્યારે તુરત બનાવી આપતાં. શ્રીહરિ જ્યાં જ્યાં જાય ત્યાં કહેતા કે ગંગામા જેવી રસોઈ બનાવતાં તમને કોઈને આવડતી નથી. શ્રીહરિને ગંગામા પ્રત્યે માતૃપ્રેમ અજોડ હતો.

રામાનંદ સ્વામીનાં અન્તર્ધાન થયા પછી તેમનાં એક શિષ્યોની જેમ ગંગામાને શ્રી સહજાનંદ સ્વામીમાં બહુ પ્રતીતિ આવી નહોતી... સ્વામી.. તે.. સ્વામી.. સ્વામીની ગાદી ઉપર બેઠેલા આ ઉછરતા યુવાન સાધુનો શો પ્રભાવ પડશે ! તેવી મનમાં છાપ હતી.

શ્રીહરિ ગાદી ઉપર બેઠા પછી પ્રથમવાર આવે છે. ગંગામાને સમાચાર મળ્યા પણ ઉત્સાહ ન થયો. કેવળ ઔપચારિક રીતે સ્વાગત કર્યું; ભગવાન અંતર્યામી જાણી ગયા. પ્રભુની ઈચ્છાથી મુક્તાનંદ સ્વામીની જેમ રામાનંદ સ્વામીએ ગંગામાને દર્શન આપી કહ્યું. સહજાનંદ સ્વામી તો સર્વ અવતારનાં અવતારી છે. અક્ષરધામનાં અધિપતિ છે.. .હું... ઉદ્ધવ છું. તેમની આજ્ઞાથી અગાઉ આવ્યો હતો... દિવ્યરૂપે રામાનંદ સ્વામીની વાણી સાંભળી ગંગામાને ખૂબ પસ્તાવો થયો. સહજાનંદ સ્વામી પ્રત્યે ભગવત ભાવનો જન્મ થયો.... ઘરમાં આવી રામાનંદ સ્વામીને બેસવાનો ગાદી તકીયો કાઢી, શ્રીહરિને બેસાડ્યા. પછી શ્રીહરિ પ્રત્યે પ્રેમ વિશે શું કહેવું ? પોતાનાં પુત્ર જેમ રાજા બને અને માતા હર્ષઘેલી બને તેમ ગંગામાનાં જીવનમાં હર્ષ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો ગયો. શ્રીહરિ ને જેતલપુર

આવ્યા એને મહિનો વિતે તો મૂર્છા આવી જતી, પ્રેમને વશ થઈ શ્રીહરિ જેતલપુર અવાર નવાર પધારતા હતા.

જેતલપુરમાં મોટું મંદિર કરવાની ઈચ્છાથી નાના સંતો દ્વારા ગંગામાનું ઘર પાડી નાખ્યું. આ દૃશ્ય જોઈ ગંગામા, શ્રીહરિ અને સંતોને ગાળો દેવા લાગ્યાં. માણસો ભેગા થઈ ગયા. ગામમાં શ્રીહરિનો દ્વેષી બાવો હતો. તે ગંગામાને કહેવા લાગ્યો चलो मैया सरकार से अरज करे और स्वामिनारायण को केद करा दें આ સાભંળી ગંગામા હાથમાં મોટી ઈંટ લઈ બાવાને મારવા દોડ્યાં. મારા પિટ્યા મારા સાધુ અને ભગવાનને હું ગમે તેમ વઢું તેમાં તું શા માટે વચ્ચે ડહાપણ કરવા આવે છે ?

બાવો જીવ લઈ નાઠો. આ પ્રસંગ પરથી જાણવા મળે છે કે ગંગામાને શ્રીહરિ અને સંતો પ્રત્યે કેટલો પ્રેમ હશે ! કવિઓ, લેખકો, કથાકારો એ જ્યારે ગંગામાનાં પ્રેમને માપવા પોતાનાં ગજ લગાવ્યા ત્યારે બધાનાં ગજ ટૂંકા પડ્યા છે. જેતલપુરમાં સંત્સંગ કરાવવામાં ગંગામાનો મોટો ફાળો હતો. લોકોનાં મનમાંથી વહેમ-વમળ શંકાઓ દૂર કરી ભગવાનનો નિશ્ચય કરાવવા માટે તેઓ હંમેશા તત્પર રહેતાં. શ્રીજી મહારાજ જ્યારે જ્યારે યજ્ઞ કરતા ત્યારે યજ્ઞનાં રસોડાનું સુકાન ગંગામા સંભાળતાં હતાં. હાલ પણ ગંગામાનું ઘર ગામમાં મૌજુદ છે. જે હંમેશા ગંગામાનો ભગવાન અને સંતોના પ્રેમનું પ્રતિકતણાની યાદ અપાવે છે.

## ૧૫. નરસૈયાની દિકરીના છઠ્ઠાવંશજ ગંગામા

જુનાગઢનો નાગર નરસિંહ મહેતાની દિકરી કુંવરબાઈને ઉના પરણાવી તેની દીકરી શર્મીષ્ઠાના વડનગર લગ્ન કર્યા. ભક્તરાજ નરસિંહમહેતા પાછળની ઉંમરે દિકરીની દિકરીને ત્યાં આવીને અંતિમ જીવન વિતાવ્યું.

શમીષ્ઠાને તાના, રીરી નામે બે દિકરીઓ જેઓને નરસિંહમહેતાએ સંગીત શિખવાડ્યુ અને કવિ સમ્રાટ તાનસેનને મલ્હાર રાગનું ગાન કરી દિપક રાગની ઉલ્ણતા શાની કરી હતી તથા ભીમ મહેતા નામે એકપુત્ર હતો. તેને નવ પુત્રો થયાં તેઓ ૧ ઉનાવા, ૨ ઉંઝા, ૩ નારદીપુર, ૪ માણસા, ૫ કોઠા, ૬ પેથાપુર, ૭ મહેતાપુરા, ૮ પલિયડ, ૯ વેડામાં જઈને વસ્યા.



નવ પૈકીના શ્યામજી મહેતા નારદિપુર આવીને વસ્યા તેમના ભુદર મહેતા નામે પુત્ર થયા. તેમના ઘરે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ જેઓને ‘‘મા’’ કહીને બોલાવતા એવા જેતલપુરના તથા સંપ્રદાયના ઈતિહાસને ઉજાગર કરનાર તેમજ દશક્રોશી સહિત ઉત્તર ગુજરાતના ઉધ્ધવ સંપ્રદાયના પ્રણેતા. એવા સત્સંગ સેરોમણી ‘‘ગંગામા’’ નો વિક્રમ સંવત ૧૮૦૭ જેઠસુદ સાતમ ગંગા સપ્તમીના પવિત્ર દિવસે માતા પ્રેમકુંવર બા ના કુખે થકી પ્રથમ સંતાન રૂપે પ્રાદુર્ભાવ થયો.
ભુદર મહેતાને ત્રણ પુત્રીઓ અને બે પુત્ર થયા.
૧ (ગંગામા) ગંગાકુવર, રળીયાત કુવર, કશળીકુવર પુત્રીઓ અને નાનાલાલ અને જોઈતારામ પુત્રો થયા.

ભુંદર મહેતાએ પુત્રી ગંગાકુંવર (ગંગામા) ને નારદીપુરમાં વલ્લભદાસના પુત્ર વિશ્વનાથને રાવલને ઘેર પરણાવી તથા રળીયાત કુંવર દિકરીને ઉનાવા (બાલવા) પરણાવી, કુશળકુવરીએ સ્વેચ્છાએ નાગર ઈતર જ્ઞાતીમાં મહેસાણામાં દવે જ્ઞાતીમાં લગ્ન કર્યા. તે સમયે તેનો વિવાદ થવાથી તેઓને નાત બહાર મુક્યા. જે કશળી કુંવરના ઘેર શ્રીહરિએ ખીચડીના દાતણ કર્યા હતાં. તથા રળીયાતકુંવર ઉનાવામાં શ્રીહરિ સાતવાર ઘેર પધારી થાળ જમ્યા હતા.

પુત્ર નાનાલાલ કરજીસણ રહેવા જતા રહ્યા. અને કડવા પટેલ ૪ર સમાજના ગોર પદુ કરતા. બીજા પુત્ર જોઈતારામ નારદીપુર રહ્યા.

ગંગામાના માતા પિતાના લગ્ન સમયે લગ્ન માંગુ લઈને દરબાર પિપળજ ઠાકોર રાજા સાહેબ પોતે વાણીયા વેડા ગામે ગયેલા હતા તેની પુત્રી ગંગામાને ઠાકોર સાહેબ ભાણી કહીને બોલાવતા નારદીપુર અને વેડાનો વાંટો (રાજ્ય) પિપળજના ઠાકોર સાહેબનો હતો. ગંગામાના પિતા ભુદરજીને બળદેવજી બીજાનામે ઓળખાતા જેઓએ રામાનંદ સ્વામીના સચિવ તરીકે સેવા આપીલી પિપળજ ઠાકોર સાહેબના અંગત સન્માનનીય ભુદરજીએ રામાનંદ સ્વામીની સાથે વિચરણ કરીને ઉધ્ધવ સંપ્રદાયના વિસનગરસહિત નાગરોના નવ ગામ ગોળમાં પાચા નાખ્યા. તે વખતે વામપંથી એનો ખૂબજ પ્રચાર પ્રભાવ હતો. પરંતુ ઠાકોર સાહેબના સહયોગથી ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતો વધવા લાગ્યા.

એકવાર ગંગામાના દાદા શ્યામજી મહેતાને સ્વપ્નું આવ્યું કે નારદીપુરમાં

રબારીવાસના ટેકરા નીચે ભગવાનની મૂર્તિયો મુગલ શાસનના સમયથી દબાયેલી છે. અને લક્ષ્મણજીના જમણા ગાલે મોટા તલની નિશાની છે. આ વાત જમીન માલિક રબારીને કરી તો તેને પણ સાક્ષી પુરીકે અમારી ગાયો પણ ટેકરાપર અનેકવાર શિંગડાથી જમીન ખોદવાનો પ્રયત્ન કરે છે.

પીપળજ ઠાકોરની મદદથી ટેકરાનું ખોદકામ કર્યું તેમાંથી બળયાદેવ, શ્રીકૃષ્ણ, રાધાજી, બળદેવજી, રેવતીજી, પાંચ પાંડવ, કુંતાજી, અલ્દપટરાણી આદિ મૂર્તિયો નિકળી. તે મૂર્તિયો બળિયાદેવને નારદીપુરના નાયક લોકો લાંભ્ભા ગામના તળાવના કિનારે સ્થાપના કરીને મંદિર કર્યું જે આજે લાંભ્ભા બળીયાકાકાદેવ મંદિર ખૂબજ પ્રસિધ્ધ છે. તથા પાંડવો કુંતાજીની મૂર્તિઓને એક નાયક બહુચરાજી પાસે આસજોલ ગામે લાવીને મંદિર કરીને સ્થાપના કરી.

નારદીપુરના નાયક સમાજના લોકો લાંભ્ભામાં રહેવા આવતાં નાયકના ગોર પદ વલ્લભદાસ રાવલ લાંભ્ભા રહેવા આવ્યા. તેઓ ખૂબજ વિદ્વાન અને જ્ઞાની હોવાથી લાંભ્ભા-અસલાલી. જેતલપુરના ગોર પદે ગ્રામ વાસીઓએ નિયુક્ત કરતા. વલ્લભદાસ જેતલપુર સ્થાયી થયા.

વલ્લભદાસ રાવલને વિશ્વનાથ નામે પુત્ર હતા. તેમના લગ્ન નારદીપુરના ભુદરજી મહેતાની પુત્રી ગંગાકુંવર (ગંગાબા) સાથે થયાં હતાં. એટલે ગંગાબા જેતલપુર રેહવા આવ્યાં.

વલ્લભદાસ રાવલને ઘણાગામોનું ગોરપદ્દુ હતું તથા સાત્વીક સંયમી અને સંતોષી સ્વભાવના હોવાથી યજમાન વૃત્તિથી આર્થિક રીતે સુખી સમ્પન્ન હતા. તેઓ અવારનવાર યજ્ઞાદિ કર્મ કરતા.

નારદીપુરમાં રબારીવાસના ટેકરામાંથી નિકળેલી મૂર્તિઓમાંની રાધાકૃષ્ણની મૂર્તિની ઘરમાં સ્થાપના કરી પૂર્ણ પૂજા અર્ચના નૈવેધ કરતા. તથા બળદેવજી રેવતીજી અને લક્ષ્મણજીની મૂર્તિને નારદીપુરમાં ગંગામાના પિતા ભુદરજી મહેતાએ ઘરમાં રાખી પૂજા કરતાં (સમયાન્તરે શ્રીહરિએ જેતલપુરમાં આનંદાનંદ સ્વામી પાસે મંદિર કરાવીને મધ્યમંદિરમાં સ્વ હસ્તે બળદેવજી રેવતીજી સાથે લક્ષ્મણજીની મૂર્તિને હરિકૃષ્ણ નામાનિધાન કરીને સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ ના રોજ પ્રાણપ્રતિષ્ઠા કરી.



એકવાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ઉધ્ધવ પધાર્યા ત્યારે વિશ્વનાથ રાવલ પત્ની ગંગાકુંવર આદિ ઉધ્ધવસંપ્રદાયના આશ્રિત થયા અને સ્વામીની આજ્ઞાથી અન્નક્ષેત્ર શરૂ કર્યું તેમાં ગંગાકુવરે. અતિથિને જમાડ્યા વિના જમવું નહિ એવું આકરુ નિયમ રાખ્યું.

એકવાર સંવત ૧૮૩૭ ના ચૈત્રમાસમાં વડનગરના નાગરોના અધિષ્ઠાતા દેવ હાટકેશ્વર જયંતીના પર્વમાં જેતલપુરથી વિશ્વનાથ રાવલ વડનગર. શિવપૂજન કરવા રોકાયા. ત્યાં લુણેશ્વર મહાદેવ મંદિરમાં જનમેદનીની ભયંકર ભીડામાં કરુણ ઘટના બની કે ગંગામાના પતિનું વિશ્વનાથ માત્ર ૩૨ વર્ષની ઉમરે નિધન થયું.

તે સમયે પીપળજના ઠાકોર સાહેબે વિશ્વનાથના પાર્થિવ શરીને જેતલપુર પહોચતુ કરાવ્યું.

નાની ઉમરે વિધવા બનતાં ગંગાબા પતિને દેવ સરોવરના કિનારે પશ્ચિમની પાળે ચિતા ગોઠવીને સતી થવાનો સંકલ્પ કર્યો અને ચિત્તામાં બેસવા જતાં સાક્ષાત્ ભગવાન શ્રી કૃષ્ણે પ્રગટ દર્શન આપીને હાથ પકડીને ચિતામાં બેસવાની ના પાડી અને દિવ્ય રૂપે પ્રભુ બોલ્યા કે ગંગા હજી તારા હાથે અમારી બહું જ સેવા લેવાની બાકી છે. ગંગા કરે મારે કોઈ પુત્ર નથી તો હવે જીવીને શું કરવું. ? શ્રીકૃષ્ણ બોલ્યા કે ગંગા હું તારો પુત્ર બનીને રહીશ તમને મા કહીને બોલાવીશ અને મારા બધા આશ્રિતો તને મા કહીને બોલાવશે.

આવુ પરમાત્માનું વચન સાંભળી પતિના વિયોગનો શોક ટળી ગયો. પછી પતિના પિતા વલ્લભદાસ રાવલની અનૃવૃતિમાં રહી રાધાકૃષ્ણની સેવા પ્રગટ ભાવે કરતાં. એકવાર રામાનંદ સ્વામીના આર્શીવાદથી રાધાકૃષ્ણની મૂર્તિઓ પ્રત્યક્ષ થાળ-દૂધ જળ આરોગતા.

તે દિવસથી પુત્ર રૂપે પરબ્રહ્મની પ્રતિક્ષા કરતાં ગંગામાંને દેવ સરોવરના કાંઠે નિલકંઠવર્ણીને ઘરે લાવ્યા થાળ જમવાના ટાણે દિકરો કહો માં એવું વચન માંગતાં પતિના અંતિમ સંસ્કાર વખતે આપેલા દિકરાનું વચન યાદ આવ્યું. અને સ્તનમાં દૂધ ઉભરાઈ આવ્યું. સંપ્રદાયમાં ઉત્તમ ભક્તિની કોટીના અસંખ્ય સ્ત્રીભક્તો થયાં પરંતુ ''મા'' શબ્દ માત્ર ગંગામાને માટે જ કહ્યો.

ગંગામા રામાનંદ સ્વામી અને શ્રીહરિએ શ્યામમૂર્તિ રાધાકૃષ્ણદેવ તથા મહાપ્રતાપી બળદેવજી રેવતીજી દક્ષિણ પડખે લક્ષ્મણની મૂર્તિ (હરિકૃષ્ણમહારાજ) ની અનેકવાર થાળ પૂજન આરતી કરેલી છે.

સંપ્રદાયના સુપ્રતિધ્ધ નારદીપુરના ભક્ત તીતાભક્ત મેવાડ ચિતોડગઢના વતની હતા. ગંગામા તેમને ભાઈ કહેતા. ગંગામાના સાસુનું નામ ભવાનીકુંવર હતું તેઓનું પિયર લુણાવાડા પાસે મોટા સોનેલા ગામ હતું.

ગંગામાનું પિયર ભુદર મહેતાનુ ઘર હાલમાં નારદીપુર ''કિયારી''પાસે આવેલું છે. અને જેતલપુર મંદિરના ચોકમાં આવેલી છત્રીની જગ્યાએ તેમનું જુનુ ઘર હતું. મંદિર બનાવ્યા પછી મંદિરની પૂર્વ દરવાજાની સામે આવેલા ઘરમાં જીવન પર્યની રહ્યાં. અને વિ.સં. ૧૮૯૮ની સાલમાં પોષ સુદી-પૂનમના સંધ્યા સમયે અક્ષરવાસી થયાં. જ્યાં પોતાના પતિ વિશ્વનાથનો અગ્નિસંસ્કાર કર્યો તે જ જગ્યાએ દેવ સરોવરના કાંઠે પ્રસાદીની અક્ષર ફૂલવાડીમાં અંતિમ સંસ્કાર કર્યો. (૩૦) ત્રીસ વર્ષની ઉંમરે વિધવા થયાં. અને દેહ ત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર ૯૧ વર્ષની હતી. શ્રીહરિ સ્વધામ પધાર્યા બાદ ગંગામા એ અલુણાવ્રત આજીવન રાખ્યુ.

## ૧૬. ગંગામા ભાગ્યવંત થયા

વિ.સં. ૧૮૫૫ની સાલમાં અનંત કરોડો બ્રહ્માંડોના ધણી, સર્વ અવતારના અવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યાથી વનવિચરણનીવાટે ચાલ્યા ત્યારે તેમના યોગમાં આવેલા ઘણા મુમુક્ષુઓ, ઋષિમુનિઓ, તથા પવિત્ર પુરાણા તીર્થોને પોતાના પદરજથી પાવન કરીને પવિત્ર ગુજરાતની ભૂમિમાં વિચરતા વિચરતા જેતલપુરમાં ગામથી પશ્ચિમે દેવ સરોવરની કાંઠે મતવાલા પર વહેલી સવારે બિરાજમાન થયા.

તે સમયમાં ગંગામાં અચાનક ત્યાં આવ્યાને તેમને આ મનોહર મૂર્તિ એવા શ્રી નિલકંઠવર્ણીને જોતા જ ચિત્તવૃત્તિ તેમનામાં ચોટી ગઈને વિચાર કર્યો કે આવી નાની ઉંમરમાં કેમ ઘરનો ત્યાગ કર્યો હશે ? એવા અનેક વિચારે ચડી ગયા. ને પાસે જઈને કહ્યું જે બાવા જમવા ચાલો. ત્યારે મહારાજે ચરિત્ર કર્યું જે અમે તો



ચાલીને ક્યાંય જતા નથી. ત્યારે ગંગામાએ કહ્યું જે અહીં શી રીતે આવ્યા ? ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સેવક લાવ્યા, ત્યારે તેમણે કહ્યું જે સેવક ક્યાં છે ? તમે એકલા છોને ? ત્યારે મહારાજ કહે જે અમારા સેવકો અદશ્ય છે, તે તમે દેખી શકો નહિ.

ત્યારે ગંગામા એ જાણ્યું જે આ નાનું બાળક છે તે હઠ કરે છે, પણ ભૂખે મરશે એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયાં. પછી ઓસરીમાં ઉતારીને શોળે થઈને જમવાનું કાઢી લાવ્યાં ને કહ્યું જે બાવા જમો, ત્યારે મહારાજ બોલ્યા જે હું તો દિશાએ ગયો નથી ને દાતણે કર્યું નથી ને નાહ્યો પણ નથી. ત્યારે ગંગામાએ કહ્યું જે જાઓ દિશાએ જઈને તળાવમાં નાહી આવો. ત્યારે મહારાજે કહ્યું જે, જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ. પણ તે વિના જવું પડતું નથી. ત્યારે ગંગામા કહે જે, રોજ કોણ લઈ જાય છે ? પછી મહારાજ બોલ્યા જે જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય. પછી ગંગામાએ જાણ્યું જે આ તો ગાંડા છે, તે એનાં માબાપે કાઢી મેલ્યા છે પણ હવે ક્યાં જશે ? એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા અને હાથે પાણી લેવાનું કહ્યું, ત્યારે કહ્યું જે તમારે ગરજ હોય તો ધૂઓ. પછી ગંગામા એ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું. ને પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે જમો. ત્યારે મહારાજે કહ્યું જે અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડ્યા. એવી સેવા કરી તો લાભ બહુ મળ્યો. કેમ જે સાક્ષાત ભગવાનની સેવા થઈ. એમ પંદર દિવસ સેવા કરી.

એવામાં રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોકસીને ઘેર આવ્યા હતા, તેમણે ખબર મોકલી જે અમે અહીં આવ્યા છીએ ને બે દિવસ રહેવું છે માટે દર્શન આવવું હોય તો આવી જજો. પછી ગંગામાંએ જાણ્યું જે હું દર્શન જઈશ ત્યારે આ બ્રહ્મચારી ક્યાંઈક જતા રહેશે, એમ જાણી ઘરમાં પૂરી તાળું દઈને અમદાવાદ ગયાં. ત્યાં શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન કરીને કહ્યું જે, મારે ઘેર એક બ્રહ્મચારી આવ્યા છે, તેમને ઘરમાં પૂરીને આવી છું, તે જો રાત રહુ તો મુંઝાય, માટે મેં આપના દર્શન કર્યા ને હવે રજા માગું છું. ત્યારે શ્રી રામાનંદ સ્વામી એ કહ્યું જે જાઓ એ બ્રહ્મચારીની સેવા કરજો, બહુ મોટા છે. ગંગામાં જેતલપુર

આવ્યાં ને તાળું ઉઘાડીને ઘરમાં જુએ તો મહારાજ ન મળે. પછી ગામમાં ફરીને સર્વે ને પૂછી જોયું જે બ્રહ્મચારી દેખ્યા ? ત્યારે લોકોએ કહ્યું જે કોઈએ દેખ્યા નથી. પછી જ્યારે રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારે ગઢડે ગયાં, ત્યારે મહારાજ ઊઠીને ગંગામાને કોટે વળગી પડ્યાને કહ્યું જે આ અમારી મા આવ્યાં. જેમ મા સેવા કરે તેમ અમારી સેવા જેતલપુરમાં એમણે કરી હતી. માટે આ અમારાં મા છે, એમને સર્વે મા કહીને બોલાવજો, એટલો બધો લાભ ગંગામાને મળ્યો.

## ૧૭. જેતલપુરના ભક્તજનો શ્રીહરિ પધારે ત્યારે ગોપીઓની પેઠે ગાંડા બનતા

વિ.સં. ૧૮૫૯ની સાલમાં એટલે શ્રીહરિ રાજાધિરાજ થયા પછી પ્રથમવાર અમદાવાદ થી જેતલપુર પધાર્યા હતા. તે વખતે ગામ જેતલપુરની નરનારીઓ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને પોતાના જન્મને ધન્ય ધન્ય માનતાં હતાં. તેમની દર્શન કરવાની રીત જુદી હતી. ગંગામાં આદિક બાઈઓ અને આરાજીભાઈ આદિક ભાઈઓ સર્વ પોતાનાં નેત્રોને પૂતળીની માફક સ્થિર રાખીને સતત હરિનાં દર્શન કર્યા કરતાં ને સુખ પામતા હતા. પ્રભુ દિવસે ભોજન કરવા પુરમાં પધારતા અને મહેલમાં નિવાસ કરતા હતા. ગામના પ્રેમી બાઈઓ ક્યારેક ભોજનના થાળ બનાવીને મહેલમાં પ્રભુને જમાડીને ખૂબ સેવાનો લ્હાવો લેતા.

(શ્રી હરિલીલીસિંધુ રત્ન ૭ તરંગ ૧૧)

વિ.સં. ૧૮૬૧ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો-ભક્તોની સાથે જેતલપુરમાં પધારીને મહેલમાં ઉતારો કર્યો.

શ્રીહરિ જેતલપુરમાં ક્યારેક મહેલમાં જમવાનો થાળ મંગાવીને જમતા તો ક્યારેક રાજાધિરાજ ગામમાં જમવા પધારતા. જેતલપુર ધામમાં બ્રાહ્મણ વર્ણમાં ઊંચા કુળનાં ગંગામા હતાં. તે પ્રભુ માટે થાળ બનાવતાં. એમનો બનાવેલ થાળ પ્રભુ કાયમ જમતા હતા. એ ગંગામા રામાનંદ સ્વામીના શિષ્ય હતાં. એથી શ્રીહરિના મહિમાને ખૂબજ જાણતાં હતાં અને મહિમા સહિત ભગવાનની ખૂબ જ પરિચર્યા કરતાં હતાં.



શ્રીહરિ જ્યારે જ્યારે જેતલપુર ગામમાં પધારતા ત્યારે તે ગામનાં લોકો હરિનાં દર્શન કરવા માટે આકળાં થઈને દોડતાં હતાં. ત્યારે ઘરનાં કામકાજને પડતાં મેલીને જતાં હતાં. કેટલાક ગાયોને દોહતાં દોહતાં પડ્યું મૂકીને જતા હતાં. કેટલાક બાળકનું પાલન કરતાં હતાં. સ્તન પાન કરાવતાં હતાં તે પડતું મૂકીને જતા હતાં. ક્યારેક પાણી ભરીને આવતાં હોય ત્યારે પાણીનાં ઘડા રહી જાય. આવી રીતે હરિમાં એકાગ્ર થઈને સ્થિર મનવાળાં થઈ જતાં હતાં.

(શ્રીહરિલીલા સિંધુ રત્ન ૭ તરંગ ૧૯)

## ૧૮. શ્રી હરિએ જેતલપુરમાં ફૂલદોલોત્સવનો મોટોઉત્સવ કર્યો

વિ.સં. ૧૮૬૨ની સાલમાં જેતલપુરમાં પધાર્યા. જેતલપુરના પ્રેમીભક્તોને અતિસુખ આપવા માટે શ્રીહરિ વારંવાર જેતલપુર પધારતા. આ વખતે ફાગણ માસમાં મોટો ફૂલ દોલોત્સવનો ઉત્સવ કરવાનો હોઈ તેથી પ્રભુ વહેલા પધાર્યા, અને ગામોગામ ઉત્સવની પત્રિકાઓ લખી મોકલાવી. ને ભક્તજનો પણ ઘણા જ ઉમંગથી પ્રભુના અને ઉત્સવનાં દર્શન કરવા માટે જેતલપુરમાં આવવા લાગ્યા. ને પ્રભુના ચરણસ્પર્શ કરી દંડવત્ પ્રમાણ કર્યા. શ્રીહરિએ ફાગણ સુદ પૂર્ણિમા ઉપર હજારોની સંખ્યામાં પધારેલા ભક્તજનો અને સંતો તથા રાજાઓ સાથે ખૂબ રંગે રમીને એક યાદગાર દર્શનીય અને સ્મૃતિમય મહોત્સવ ઉજવીને ભક્તજનોને ખૂબ જ રંગમાં રસ બસ કરીને ખૂબ જ સુખો આપ્યા. અને દર્શન પ્રસાદનું સુખ આપીને પછી પ્રભુ સર્વે ભક્તજનોને પોત પોતાના ગામે જવા આજ્ઞા આપીને પોતે વહેલાલ પધાર્યા. (શ્રીહરિ લીલીસિંધુ રત્ન ૮ તરંગ ૮ - ૯)

## ૧૯. ભક્ત મનોરથ પૂરક

વિ.સં. ૧૮૬૫ની સાલમાં શ્રીહરિ, સંતો- પાર્ષદો સાથે જેતલપુર પધાર્યા. ને ભક્તજનો ખૂબ રાજી થયા. જેતલપુરના ભકતજનોની ભાવના (મનોરથ) હતો કે પ્રભુ પધારે ત્યારે સર્વે ઘેર ભાવથી ભોજન જમીને દર્શનનું સુખ આપે આવો

સર્વેનો સંકલ્પ હતો. અંતર્યામી પ્રભુએ તેમનો સંકલ્પ જાણીને જેતલપુર પધાર્યા. અને સર્વે ભક્તજનોના ભાવને પૂર્ણ કરવા માટે ત્યાં રોકાઈને ઘેર ઘેર ભોજન કરવા જતાને ભાવથી પ્રભુ જમીને ભક્તજનોને ખૂબ રાજી કર્યાને પછી ત્યાંથી અમદાવાદ થઈ કારિયાણી પધાર્યા.

( શ્રી હરિલીલાસિંધુ રત્ન ૮ તરંગ ૧૯)

## ૨૦. શ્રીહરિ દેવ સરોવરે રાત્રિ રહ્યા.

વિ.સં. ૧૮૬૬ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે જેતલપુર પધાર્યા. પ્રભુ પધાર્યા જાણીને ભક્તજનોને ત્રાંસા, તબલા,ઝાંઝ વગેરે જોરથી વગાડીને પ્રભુ સામા આવ્યા ને પ્રભુને પગે લાગી ચરણમાં ભેટ ધરી ચરણમાં વંદન કરી, સ્તુતિ કરીને પ્રભુને ગામમાં પોતાનામંદિરમાં પધાર્યા ત્યાં. ગંગા બાએ ભાવ પ્રેમથી શ્રીહરિની ઈચ્છા મુજબ થાળ કર્યો તે શ્રીહરિ પ્રેમથી જમ્યા. ને સર્વે સંત-પાર્ષદોને પણ જમાડ્યા. પછી શ્રીહરિ સરોવરની પાળે રોકાણ કર્યું ને બધાની સભા કરીને હરિએ ત્યાં સુંદર વાતો કરી ત્યાર પછી ત્યાં શયન કર્યું. ને ભક્તજનોએ પ્રભુની પગચંપી કરીને સેવાનો લાભ લીધો. સવારે વહેલા સ્નાન-પૂજા કરીને ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે ડભાણ માં યજ્ઞ કરવા પધાર્યા.

( શ્રી હરિ લીલાસિંધુ રત્ન ૯ તરંગ ૧૦)

## ૨૧. જેતલપુરમાં શ્રીહરિ ૧ માસ રોકાયા

વિ. સં ૧૮૬૬ની સાલમાં શ્રીહરિ, સંતો- પાર્ષદો સાથે સોરઠના ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ફરતા ફરતા સારંગપુર, ધોળકા થઈને જેતલપુર પધાર્યા. ગામના ભક્તજનો શ્રીહરિને ભાવથી મહોલમાં પધરાવતા હતા. ભાવિક ભક્તો નિત્ય પ્રભુને તથા સંતોને સારી રસોઈઓ બનાવીને જમાડતા ને શ્રી હરિ નિત્ય કથા વાર્તાનું સુખ આપતા. મહોલ પાસે આસોપાલવના ઝાડ નીચે. તથા ફૂલવાડીમાં સભાઓ કરીને બહુ સુખ આપીને ભક્તોને રાજી કરતા. નિત્ય શ્રીહરિ દેવસરોવરમાં ઘણીવાર જળક્રિડા કરતા ને ભક્તજનો ચંદન ચર્ચી ને ફૂલના



હાર ધરાવતા. એમ નિત્ય એક માસ સુધી શ્રીહરિએ ખૂબ સુખો આપીને ત્યાંથી ખેડા થઈ ડભાણ પધાર્યા. ( શ્રી હરિ લીલાસિંધુ રત્ન ૯ તરંગ ૨૦)

## ૨૨. અન્ય તીર્થમાં સોવાર અને જેતલપુરમાં એકવાર

વિ.સં. ૧૮૬૮ની સાલમાં શ્રીહરિ જેતલપુર પધાર્યા. શ્રીહરિને જેતલપુર બહુ પ્રિય હતું. તેથી અવાર નવાર વાયા જેતલપુર આવતા અને સંતો તથા પાર્ષદો સાથે ભક્તજનોના ભાવ પૂરા કરવા તેમની રસોઈઓ જમતા.

શ્રી હરિ જેતલપુર ભૂમિના ખૂબ જ વખાણ સ્વમુખે કહેતાં બધાંજ તીર્થોમાં જેતલપુર તીર્થ શિરોમણી મોટામાં મોટું ધામ છે. એમ જાણવું આ તીર્થ મને અતિ પ્રિય છે. આ જેતલપુરની ભૂમી ખૂબ જ રમ્ય છે. આ ગામમાં અમે ઘરો ઘર ફર્યા છીએ તથા ભોજન કર્યા છે. અને ગામના સિમાડાના ઝાડવે ઝાડવે અનેકવાર ફરેલા છીએ એવું આ પવિત્ર છે. બધાજ તીર્થોમાં જેતલપુર મહાતીર્થ છે. સર્વગુણથી પર તીર્થ છે. બીજા બધા તીર્થોમાં સ્ત્રી પુરુષો સૌ એક વાર જાય છે પણ જેતલપુર ધામમાં તો ગમે તેટલો સમય રોકાય તોય ખબર પડતી નથી કે કેટલો સમય ગયો તે સ્થળ છોડવાનું મન જન થાય એવું સુખરૂપ છે. જેવું ફળ જગતનાં તીર્થમાં જવાથી મળે છે, કાશી આદિ તીર્થોમાં જાય તેનાથી મોક્ષ નથી થતો અને જેતલપુર તીર્થમાં જે જન મહિમાથી જાય છે તેને ત્યાં મૃત્યુ પછી અક્ષરધામ સ્થાન મળે છે એવું આમ દાન તીર્થ છે.

(શ્રીહરિ લીલાસિંધુ રત્ન ૧૦ તરંગ ૧૩-૨૮)

## ૨૩. શ્રીહરિએ જેતલપુરમાં ચાર સંતોને સદ્‌ગુરુ પદવી આપીને સંતોનો મહિમા કહ્યો.

વિ.સં. ૧૮૭૬ ની સાલમાં સંતો- હરિભક્તો સાથે શ્રીહરિ જેતલપુરમાં પધાર્યા. ભક્તજનોએ વાજતે ગાજતે શ્રીહરિનું સામૈયું કર્યું ને દર્શન કરી ભેટ અર્પણ કરી. પછી પુરમાં પધરાવ્યાને હરિભક્તોના ઘેર પધારીને થાળ જમ્યા ને સંતોને જમાડ્યા. પછી રસ્તામાં જતા આંબલીનું મોટું ઝાડ હતું. તેની નીચે સુંદર મંચ

બનાવેલો તેથી ઉપર ગાદી તકિયા બિછાયેલા હતા તે પર બિરાજમાન થયા ને ત્યાં સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે શ્રીહરિએ ત્યાં આનંદાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી તથા ભગવદાનંદસ્વામી આદિકને સદ્ગુરુ પદવી આપી. સર્વ સંતોને આજ્ઞા કરી કે આમનું માન સન્માન કરવું. આમનું વચન કોઈએ લોખવું નહિ. અમારી જેવું જ એમનું સન્માન કરવું. સહેજે પણ ભેદ ન રાખશો. તમે લોકો જેવી રીતે અમારી પૂજા કરો છો તે જ રીતે આપણા સંત પુરુષોની સેવા પૂજા કરજો. હરિ ભક્તોએ અમારા કહેલા વચનોને પ્રમાણિકપણે માનવું. તમે સૌ જનોને અમારી ખાસ આજ્ઞા છે તેને ખાસ ધ્યાનમાં લેવી.

( શ્રી હરિલીલા સિંધુ રત્ન ૧૧ તરંગ ૪૫)

## ૨૪. દેવદિવાળીનો ઉત્સવ

શ્રીજી મહારાજે ગઢપુરમાં દાદાખાચરનાં દરબારમાં સભામાં સંતો અને હરિભક્તોને કહ્યું કે, દેવદિવાળીનો ઉત્સવ અમે જેતલપુરમાં કરીશું માટે સર્વેએ જેતલપુરમાં આવવું. શ્રીહરિ સંતો અને હરિભક્તોની સાથે ગઢપુરથી નીકળ્યા. રસ્તામાં ગામો આવ્યાં ત્યાંના ભક્તજનોને સાથે લેતા અમદાવાદ થઈ જેતલપુર પધાર્યા. ગ્રામજનોએ ધામધૂમથી અને પ્રેમભર્યું શ્રીહરિનું સ્વાગત કર્યું. બે હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા : ‘‘પ્રભુ ! અમારા ઉપર બહુ જ કૃપા કરી છે. હે અક્ષરનાં વાસી કૃપાસિંધુ ! અમારા પર અઢળક ઢળ્યા છો.’’ પૂજા કરી પુષ્પોનાં હાર પહેરાવ્યા. શ્રીહરિ ભક્તોનો પ્રેમ જોઈ હર્ષિત થયા. અને કહ્યું : ‘વેદ અને પુરાણનું રહસ્ય એટલું છે કે ‘હરિ સે નહીં અધિક કોઈ ’ જે ભક્તજન પરમાત્માથી અધિક સાંસારિક વસ્તુને માને છે, એટલો ભક્ત કાચો છે.’ પૂર્વે કરેલા ચરિત્રો, યજ્ઞો, જેતલપુરની ભૂમિ જોઈ અંતર્યામીને યાદ આવ્યા. ભક્તજનોની ભાવના જોઈ શ્રીહરિ જેતલપુર રોકાય છે. મુક્તાનંદ સ્વામી અમદાવાદ હતા. તેમને શ્રીહરિનાં સમાચાર મળ્યા. ત્યાંથી તેઓ જેતલપુર આવ્યા. કોઈ સંત વૃદ્ધ થાય, કોઈ માંદા થાય, કોઈ રોગી થાય ત્યારે શ્રીજી મહારાજ તેઓને જેતલપુર મોકલતા અને અહીં એવા ઘણા સંતો રહેતા કે જે આ પાવન ભૂમિનાં દર્શન કરી પોતાનાં



દેહનું દરદ ભૂલી જતા. શ્રી હરિ તેમને મળવા આવ્યા. શ્રીહરિ કહેવા લાગ્યા પ્રારબ્ધને વશ થઈ જેટલું દુઃખ આવે છે, તે ઉત્સાહપૂર્વક સહન કરે તે સંત કહેવાય છે. શરીરમાં જેટલું દુઃખ થાય તેને સંતો ઉપદેશ માને છે. દેહનાં દુઃખના કારણે દેહમાં રહેલી આસક્તિ વાસનાનો નાશ થાય છે. દુઃખ વગર કારણ દેહનો નાશ ક્યારેય પણ થતો નથી. સંત હરિભક્તને દુઃખ આવે છે, તે અંતર શુદ્ધિ માટે આવે છે. વાસનાને નિર્મૂળ કરવાનું ઉપર બતાવ્યું તે એક જ કારણ છે, અને તે પણ ભગવાનનો ભક્ત હોઈ - ભગવાનનાં માહાત્મ્યને જાણતો હોય તેને લાગુ પડે છે. જે ભગવાનનો ભક્ત હોય નહિ તેને ગમે તેટલું દુઃખ પડે છતાં દેહાસક્તિ નિર્મૂળ બનતી નથી. સત્સંગનાં જોર વગર ગોળી વગરની બંદુકનાં અવાજ સમાન છે. શ્રીહરિએ જણાવ્યું કે નિઃસ્વાર્થ ભાવનાથી જે સંતની સેવા કરે છે, તેનાં ઉપર અમે બધી જ રીતે પ્રસન્ન છીએ. પોતાનાં પુત્ર પરિવારની જેમ સેવા કરે તેમ સંતની સેવા કરે તેનું ભગવાનની સેવા કરતા પણ અધિક ફળ મળે છે. ગ્રામ્યજનો શ્રીહરિને કહેવા લાગ્યા કે તમે અમારા ઉપર અધિક કૃપા કરીને સંતની સેવા આપી છે. ત્યાર પછી શ્રીહરિ ફુલવાડીમાં પધાર્યા. બોરસડી નીચે બેઠા. સંતો આરતી, ધૂન અને કીર્તનો બોલવા લાગ્યા. કારતક સુદ નવમીનાં દિવસે મુક્તાનંદ સ્વામી સંતો અને હરિભક્તો સાથે આવ્યા હતા. તે સમયે નરનારીઓ શ્રીહરિનાં દર્શન કરે છે. કેટલાકને સમાધિ થઈ જતી ! કેટલાકને અતિ ચંચળ મન હોવા છતાં સંકલ્પો વિકલ્પો શાંત થઈ જતા ! કેટલાકને અખંડ અંતરમાં મૂર્તિનાં દર્શન થતા ત્યાંથી શ્રીહરિ મહોલમાં પધાર્યા. દેવદિવાળીનાં દિવસે સવારે મહારુદ્રયાગનો વડ છે, ત્યાં વિશાળ જગ્યામાં સભા કરી હજારો હરિભક્તો તેનાં દર્શન કરવા માટે આવેલ છે, વડની ડાળે હિંડોળો બાંધ્યો છે. શ્રીહરિ તેમાં ઝુલે છે. સુગંધિત પુષ્પોનાં હાર, તોરા, ગુચ્છ, બાજુબંધ, માથે મોળીયું મનને શાંત કરનાર વસ્ત્રોમાં શ્રીહરિ શોભી રહ્યા છે. શ્રીહરિએ સભામાં જણાવ્યું કે, ‘‘માનવ જન્મ મળ્યા પછી પરમાત્મા માટે કે સંત માટે કાંઈ કરતો નથી તેનો જન્મ નિરર્થક છે. માટે અમારા ભક્તોએ અમારી આજ્ઞાને લક્ષમાં રાખી જીવન જીવવું જેથી જન્મ મરણનાં ફેરા ટળી જાય. ભક્તજનો શ્રીહરિનાં મુખેથી ઔષધરુપી વાણી સાંભળી આનંદિત બન્યા. મનુષ્ય જન્મને સાર્થક માનવા લાગ્યા.’’

## ૨૫. મઠનો રોટલો

શ્રીજી મહારાજે પોતાનાં ભાવિક ભક્તોનાં ભાવને વશ થઈ એક વખત એકાદશીનાં બીજા દિવસે આખા ગામનાં થાળ જમવાની જાહેરાત કરી. ભક્ત સમુદાય હર્ષઘેલો થઈ પોત-પોતાનાં ઘરે અવનવી વાનગીઓ બનાવવા લાગ્યો. જેવી શક્તિ તેવી ભક્તિ. બાઈઓ એકબીજાને ઘેરથી ઉછીની ચીજો લાવીને પણ વાનગીઓ બનાવે છે. આખા ગામની અંદર આનંદ છવાઈ ગયો છે, બહાર ગામથી આવી એક માણસે પ્રશ્ન કર્યો અરે ભાઈ ! કંઈ આઘા પાછા કેમ થાવ છો ? કંઈ નવાજુની છે કે શું ? ના રે ભાઈ બીજું તો કાંઈ નથી પણ આવતી કાલે બારસનાં પારણા છે. શ્રીહરિને જમાડવા માટે થાળ બનાવવાની સામગ્રીઓ એકત્ર કરીએ છીએ. અરે - આવો અવસર તો ક્યારે મળે ? પ્રભુ આજકાલ આપણા ગામમાં બિરાજે છે, આવી ચર્ચાઓ આખા ગામની અંદર ગલીએ ગલીએ ઘરોઘર ચાલે છે, દરેકનાં મુખે ઉપરોક્ત વાત ચર્ચાઈ રહી છે. જીવનનો સર્વાધિક આનંદ દેખાય છે; આવા વાતાવરણમાં પટેલ જીવણભાઈને સુખનાં મોજા ઉપર દુઃખનું મોજું આવ્યું. પોતાનાં ઘર તરફ દૃષ્ટિ કરી તો પ્રભુને જમાડવા માટે કંઈક મળ્યું નહીં. ! સુદામા જેવી દરિદ્રતા જીવણભાઈને હતી ! ઘરમાં બેસી ઉદાસી બન્યા. પ્રભુ ! તેં મને જો આપ્યું હોત તો તારા માટે સુંદર થાળ બનાવી જમાડત, પણ શું કરું ?... આવા વિચારોની ઘટમાળમાં પટલાણી ઘરે આવ્યા. મુખાકૃતિ પરથી પતિદેવનું દુઃખ જાણી લીધું અને કહ્યું. તમો ચિંતા કરશો નહીં. આવતીકાલે થાળ બનાવી શ્રીહરિને જમાડીશું. પટેલ કહે તું વિચાર કર આપણા ઘરમાં છે શું ? બાળકો પણ ભૂખે ટળવળે છે એક ટંક જમવાનું પુરું થતું નથી તો થાળ માટે યોગ્ય વસ્તુ આપણા ઘરમાં ક્યાંથી લાવીશું ? પટલાણીએ જવાબ આપ્યો... અહો... હો.. હો તમે ચિંતા શા માટે કરો છો ? ઘરમાં શેર મઠ પડ્યા છે, તેને હમણાં દળી લોટ બનાવું છું અને તેનાં રોટલાં કાલે સવારે બનાવીશ અને તમે વગડામાં જઈ ડોડીની ભાજી લઈ આવો તેની ભાજી બનાવીને પ્રભુને જમાડીશું. પટેલે કહ્યું, મોટા શ્રીમંતો સારા સારા પકવાનો સોનાચાંદીની થાળીઓમાં જમાડતા હશે ત્યારે તારા રોટલાની શી ગણત્રી ? પટલાણીએ કહ્યું, મેં પ્રભુનાં શ્રીમુખેથી અને આપણી ભારતીય



સંસ્કૃતિનાં શાસ્ત્રોમાંથી સાંભળ્યું છે કે ભગવાન તો ભાવના ભૂખ્યા હોય છે. પ્રભુ રસાસ્વાદનું પોષણ કરતા નથી પરંતુ ભક્તની જેવી ભાવના તેને અંગીકાર કરે છે. પ્રભુ જમવાનાં ભૂખ્યા ન હોય ! ભાવનાનાં ભૂખ્યા હોય ! આપણે પ્રેમ અને હૃદયની સાચી ભાવનાથી પ્રભુને રોટલો જમાડીશું. મને આશા છે પ્રભુ જરૂર આપણા ભાવને સ્વીકારશે. ઉદાસી થયેલા પતિદેવને પત્નીએ ઉત્સાહીત બનાવ્યા. જીવણભક્ત પ્રભુનું સ્મરણ કરતા વગડામાંથી ડોડી વીણી લાવ્યા. પટલાણીએ ભગવાનની મૂર્તિ સંભારી શેર મઠ ઘરમાં હતા તે દળી નાંખ્યા. સવારનાં વહેલા ઉઠી પટલાણીએ ઘરમાં બે રોટલા ભગવાનને જમાડવાની ભાવનાથી બનાવ્યા. તેથી સુંદર રોટલા બન્યા. ડોડીને પાણીમાં બાફી ઘરમાં તેલ મરચું વગેરે મસાલાનો અભાવ હતો તેથી મીઠું નાંખી ભાજી બનાવી. ભગવાન સ્વામિનારાયણ બારસની વહેલી સવારે નિત્ય કર્મમાંથી પરવારી ભક્તસમુદાયનાં થાળ જમવા દેવસરોવરને કિનારે પ્રાચીન મહોલ પર છત્રીમાં બિરાજમાન થયા. પરમહંસો અને ભક્તોથી વીંટળાયેલા પ્રભુ શોભવા લાગ્યા. સૂર્ય ઉદયે આખું ગામ હિલોળે ચડ્યું. કોઈનાં હાથમાં સોનાની થાળી ! કોઈનાં હાથ રૂપાની, કોઈને ચાંદીની ! કોઈને પિત્તળની ! વિગેરે શક્તિ પ્રમાણે પકવાનો લઈ મહોલની વાટે ચાલ્યા. લોકોનાં મનની અંદર આનંદ સમાતો નથી. મહોલની આગળ પ્રભુને જમાડવાની લાંબી લાઈનો લાગી છે. જીવણભક્ત પોતાની ટુટલફાટલ થાળીમાં મઠનાં બે રોટલા અને ડોડીની ભાજી મૂકી કપડાનાં ટુકડાનું ગરણું ઢાંકી ક્ષોભ પામતા લાઈનમાં છેલ્લે ઉભા રહી થાળી સંતાડી ઉભા છે. સૂર્યનારાયણ આ પૃથ્વી પર પોતાનાં પ્રતાપને પ્રથમબીજ મોકલે છે. પ્રભુને પોતાનાં લાલ કિરણોથી સેવવા ઉતાવળી ગતિએ આગળ વધી રહ્યા છે. ઉનાળાની ઋતુને કારણે પોતાની ઉષ્ણ કિરણોથી પ્રભુને મધ્યાહ્ને સેવી શકાય નહી અને આજે વહેલી સવારે પ્રભુ આસન પર બેઠા છે. સૂર્યનારાયણનાં મનમાં આનંદની કોઈ સીમા નથી. સંતોએ તેમજ ભક્તોએ આનંદ વિભોર બની અક્ષત્ કંકુથી પ્રભુની પૂજા કરી છે. અંતર્યામી ભગવાન જીવણ ભક્તની ભાવનાની પરાકાષ્ઠા જોઈ લાઈનમાં ઉભેલા જીવણભાઈને પાસે આવવા બોલાવ્યા. બધાની વચ્ચે જીવણભક્ત સંકોચાતા સંકોચાતા ધીમા ધીમા શ્રીહરિ પાસે આવે છે. હજારો હરિભક્તોનાં દેખતાં પ્રભુએ નીચે ઉતરી સામેથી જીવણ ભક્તનાં હાથમાંથી થાળી

લઈ લીધી. ખોળામાં થાળી રાખી મઠનો રોટલો તથા ડોડીની ભાજી પ્રભુ જમવા લાગ્યા. તેમાં રહેલી મીઠાશ અને પ્રેમની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીમંતો અવાક બની ગયા. જલેબી, મેસુબ, ઘેબર, મોહનથાળ વિગેરે પકવાનો પાછળ રહી ગયા. લોકો વિચાર કરવા લાગ્યા. ઓહો... હો... હો અમને ખબર નહતી કે શ્રીહરિને મઠનાં રોટલા બહુ ભાવે છે.વ્યર્થ પકવાનો બનાવવાનો પરિશ્રમ કર્યો. રોટલો જમતા જમતા ચોથો ભાગ બાકી રહેલો ત્યારે શ્રીહરિએ સોમલા ખાચર અને સુરાખાચરને કહ્યું, આજે તમને આમાંથી પ્રસાદીનો એક કટકો પણ મળશે નહીં. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, સ્વાદને તો જે જમતા હોય તે જાણે. અમને આપ્યા સિવાય રોટલાનો સ્વાદ શું જાણીએ ? આ સાંભળી શ્રીહરિએ બાકીનો રોટલો સંતો અને ભક્તોને પ્રસાદી તરીકે આપ્યો. પ્રભુ બીજો રોટલો હાથમાં લઈ જમવાની તૈયાર કરે છે ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ વિચાર્યું કે પ્રભુ મઠનો રોટલો બહુ જમશે તો પેટમાં દુખશે. આનંદાનંદ સ્વામીએ કહ્યું, 'હમારે જેતલપુર મેં તુમ અકેલે હી શ્રીજી પ્રસાદી ખાઓંગે ક્યા ? હમેં પ્રસાદી ભી નહીં દેંગે ? હમારા હક્ક હૈ.' ત્યાં તો બીજા સંતોએ ઉંચા અવાજે માંગણી કરી. રોટલાની પ્રસાદી લેવા અકળાઈ ગયા હોયને શું ? મુકુંદવર્ણી તો જાણે શ્રીજીની પ્રસાદીની વ્યવસ્થા કરવાનો પોતાનો આગવો અધિકાર હોય તેમ બ્રહ્મમુનિ સામે હસીને કહેવા લાગ્યા : 'અરે ! કવિરાજ ! તમારે તો કાવ્યો બનાવવાનાં હોય પ્રસાદીની વ્યવસ્થા અમારે હોય !! પણ બ્રહ્મમુનિ ગભરાય એવાં ક્યાં હતાં ? સ્પષ્ટતા કરતા જવાબ આપ્યો તમારો પોતાનો જ આગવો અધિકાર છે. ? પ્રસાદી તો જેના હાથમાં આવી તેની ગણાય. આવા વાતાવરણમાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું, તમે બધા ઉતાવળા થશો નહીં. બ્રહ્માનંદ સ્વામી સત્સંગની મા છે. તે કાંઈ એકલા નહીં જમે. બધાને પ્રસાદી જરૂર આપશે. બ્રહ્માનંદ સ્વામીએ આપેલો મઠનો રોટલાનો પ્રસાદ સૌ જમી આંનદ પામ્યા. જે શ્રીહરિની તૃપ્તિ માટે યજ્ઞો સમર્થ નથી, તે પ્રભુ પ્રેમભાવથી અર્પણ કરેલા રોટલાથી તૃપ્ત થાય અને બ્રહ્માનંદસ્વામીનાં શ્રીમુખમાંથી નીચેનો શ્લોક સરી પડ્યો.'

स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पस्त्रजालंकृतं
प्रातः सूर्यमयूखसेवितमुखं श्रीचंन्द्रशालोपरि



धृत्वारोटकमेकपाणितलके भुङ् क्त्वान्यहस्तेन तं
भुंज्जानं प्रविलोक्य सेवकगणान् वंदे सदा स्वामिनम् ॥

પરમાત્મા નિષ્ટકપટ ભક્તોનાં સાચા પ્રેમને પારખી તેની ભાવનાને તૃપ્ત કરે છે. પ્રેમ રૂપી દોરીથી ખેંચાયેલા શ્રીકૃષ્ણ વિદુરની ભાજી જમ્યા હતા અને શ્રી રામ શબરીનાં બોર જમ્યા હતા. તેવી રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં આશ્રિત જીવણ ભક્તનું નામ સંપ્રદાયનાં ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે.

## ૨૯. કહ્યાગરા કપિરાજો

જેતલપુરનાં મહોલમાં આમલી નીચે સંતોની સભા ભરીને શ્રીહરિ બેઠા છે. તત્ત્વજ્ઞાન, જગત, બ્રહ્મ વગેરેની વાતો શ્રી હરિ અત્યંત સરળ ભાષામાં સમજાવી રહ્યાં છે. આજુબાજુ સાત્ત્વિકતાનો મહાસાગર હિલ્લોળા લેવા લાગ્યો છે. સહુ સંતો અને ભક્તો, શ્રીહરિની નિશ્રામાં શાંતિનો સુખદ અનુભવ લઈ રહ્યા છે. છેવટે તાત્ત્વિક ચર્ચા બંધ થઈ.

સુરા ખાચરનો સ્વભાવ રમૂજી હતો. તે શ્રીહરિનાં સખાભક્ત હતા. તેમણે શ્રીહરિને સવાલ પૂછ્યો, ''હે પરમાત્મા આપે રામાવતારમાં અણઘડ એવા વાનરો પાસેથી, કુશળતાથી કામ લીધું હતું. તો હવે આપ વાનરો પાસેથી કામ લઈ શકો ખરા ? જો કે આપ તો સર્વશક્તિમાન છો. હું - અમે તો અજ્ઞાનીઓ છીએ એટલે જ આવો પ્રશ્ન પૂછીએ છીએ. ''

સવાલ સાંભળીને શ્રીહરિએ જવાબ આપ્યો, ''અમારું અવતરણ લડાઈ માટે નથી, જીવોનાં કલ્યાણ માટે છે. અમે લોકોને પ્રભુ સ્મરણ કરાવીએ છીએ.''

ત્યારબાદ શ્રી અવિનાશીએ થોડો સમય ચક્ષુઓ બંધ કર્યા. પછી કરુણાવત્સલે આંખો ઉઘાડી. મસ્તક પર ઝંળુબી રહેલી આમલી તરફ જોયું. જમણો હાથ ઊંચો કર્યો, અને ચપટી વગાડી. આમલી પરનાં સઘળાં વાનર શ્રીહરિ તરફ જોવા લાગ્યા.

આ બાજુ હરિભક્તો તથા સંતોમાં પણ આશ્ચર્યનું મોજું ફેલાઈ ગયું. શ્રીહરિએ જમણા હાથની પહેલી આંગળી ઊંચી કરી. સહુ વાનરો સ્તબ્ધ થઈને શ્રીહરિને નિરખવા લાગ્યા, જાણે ચાવી દીધેલ રમકડાંની ચાવી પૂરી થઈ ! શ્રીહરિએ

ઊંચી કરેલી આંગળી નીચે નમાવી. આજ્ઞાંક્તિ શિષ્યોની જેમ સર્વ વાનરો આમલી પરથી નીચે ઉતરી ગયા અને શ્રીહરિ સામે પ્રણામ કરતા એક હારમાં ઊભા રહ્યાં.

શ્રીહરિ બોલ્યા, ''સંતો તથા સત્સંગીઓ આપ સહુ આપની જપમાળાઓ અહીં મૂકો'' સહુએ જપમાળાઓ મૂકી. શ્રીહરિએ વાનરોને એ લઈ લેવાની અને ફેરવવાની સુચના આપી. સાચા આસ્થાવાળા ભક્તની જેમ વાનર આંખો બંધ કરીને માળા વિધિસર ફેરવવા લાગ્યા, ઠાવકાઈથી, ધીમે ધીમે માળા ફેરવવા લાગ્યા. શ્રીહરિ સિવાય સહુ કોઈ આશ્ચર્યમાં ગરકાવ થયા !!

એક કાઠીએ પ્રણામ કરતા શ્રીહરિને કહ્યું, ''હે પરં પરમાત્મા આપ તો સર્વશક્તિમાન છો. આપને માટે કશું જ અશક્ય નથી. આપે વાનરને વશ કરી લંકાદહન કર્યું તો આ અવતારમાં તેમને માળા ફેરવરાવી. હવે આપ અમને પટ્ટાબાજીનાં ખેલ કરતા વાનરો બતાવો.''

શ્રીહરિએ કાઠીઓ પાસેથી તલવારો એકઠી કરાવી અને ઢગલો કર્યો. વાનરોને ઈશારો કર્યો. સહુ એક પછી એક તલવાર ઉઠાવવા લાગ્યા. ત્યારબાદ અંદરોઅંદર તલવારથી પટ્ટાબાજી ખેલવા લાગ્યા. જેવી રીતે કુશળ રજપૂત યુદ્ધમાં આક્રમણ અને સ્વબચાવનાં દાવ કુશળતાથી ખેલે એમ સર્વ વાનરો પટાબાજી ખેલવા લાગ્યા. સાથે સાથે હોંકારા પણ પાડવા લાગ્યા. થોડીવાર પહેલાં માળા ફેરવતા કપિરાજો કેસરિયા કરીને યુદ્ધ કરવા લાગ્યા. આજે જ વેરની વસૂલાત કરવાની હોય એમ જીવ પર આવીને લડવા લાગ્યા. મનની એકાગ્રતા સાથે કુશળતાથી લડવા લાગ્યા. જેતલપુરની ધરતી પર અભૂતપૂર્વ એવું દૃશ્ય સર્જાયું. સ્તબ્ધ થઈને સહુ નિરખવા લાગ્યા. શ્રીહરિએ શાંત મુદ્રામાં જમણો હાથ ઊંચો કર્યો એટલે સહુ વાનરોએ તલવારો જમીન પર મૂકી દીધી. શ્રીહરિએ આમલી તરફ આંગળી કરી એટલે પાછા તેમનાં સ્થાને જતા રહ્યા.

હરિભક્તો અને સંતો એટલા બધા આશ્ચર્યચકિત હતા કે વાનરો ક્યારે આમલી પર જતા રહ્યા એ પણ ખબર ન પડી !

શ્રીહરિની ગતિને કોણ પિછાની શકે ?



## ૨૭. ગંગામાનું મકાન તોડ્યું

જેતલપુર નિવાસી ગંગામા સાત્ત્વિક પ્રકૃતિનાં પ્રભુપરાયણ સંતપ્રેમી બાઈ હતાં. ગામમાં આવેલ યોગ્ય અતિથિ તેમનાં ઘરે જમ્યા વગર જઈ શક્તો ન હતો. તેમની વૃત્તિ ચંદન જેવી હતી. પરોપકાર માટે ઘસાવામાં એમને આનંદ આવતો.

રામાનંદ-સ્વામી જ્યારે જેતલપુર આવતા ત્યારે ગંગામાને ઓરડે જ ઉતરતા. ગંગામા તેમની ખૂબ જ ભક્તિભાવથી ચાકરી કરતા. રામાનંદ સ્વામીએ એ ઘરમાં મંદિર પણ બનાવ્યું હતુ. રામાનંદ સ્વામીની સઘળી સાર સંભાળ ગંગામા પ્રેમથી સંભાળતાં . એ જ એમની ભક્તિ હતી. રામાનંદ સ્વામી પ્રત્યે ગંગામાને વાત્સલ્યનાં પૂર ઉમટતાં. શ્રીજી મહારાજ પર પણ આમ સ્નેહમયી માતા પોતાના હેતનું સિંચન કરતી. શ્રીહરિ બીજે ક્યાંય ન ઉતરતા ગંગામાનાં હૂંફાળા સાનિધ્યમાં જ રહેતા.

શ્રીજી મહારાજને જીતબાનાં લોકીકે ચલોડા જવાનું થયું. સાથે ગંગામા પણ ગયાં. જતા જતા ચકોર શ્રીહરિ પાછળ રહેલા સંતોને ઈશારો કરતા ગયા કે ''આ મકાન આવીએ એ પહેલાં તોડીને પાડી દેજો''

થોડા દિવસ રહીને સર્વ પાછા આવ્યા. ગંગામાં આવીને જુએ તો પોતાના મકાનનાં સ્થાને મેદાન જોયું ! સહજમાં જ એમનો પ્રણય પ્રજવલિ ઉઠ્યો. સંતોને ગાળો દેવા લાગ્યા.

ગામ લોકો બધાં જોવા માટે એકઠાં થયા. બધાંને લાગ્યું કે શ્રીજી મહારાજ રામાનંદ સ્વામીનું નામ મિટાવી દેવા લાગ્યા છે. પરંતુ તે તો અજ્ઞાની લોકોનો લવારો જ હતો.

ખોખરાનો એક લોલંગર બાવો જેતલપુરમાં આવ્યો હતો. તેનાથી ગંગામાનો તથા શ્રીજી મહારાજનો પુનિત પ્રેમ જોયો જતો ન હતો. તેનાં મનમાં ઈર્ષાનું વૃક્ષ ઘણાં સમયથી સિંચાતું જતું હતું. જે આજે તો ફૂલી ફાલીને મોટું વૃક્ષ થયું હતું. તેણે લાગ સાધ્યો અને આવ્યો ગંગામા પાસે. તે બોલ્યો ''તમે મારી સાથે પેશ્વા પાસે આવો, એ બાવાને હું સીધોદોર કરી દઉં. એનાં સાધુ સાથે સ્વામિનારાયણને કેદ કરાવીને તેનું અભિમાન ઉતરાવી દઊં.''

આ સાંભળતા ન સાંભળતા તો ગંગામાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. આવેશમાં ને આવેશમાં તેણે ઊંચા અવાજે તે બાવાને સંભળાવી દીધું. ‘‘મારા પિટ્યા ! મારા રોયા ! હું મારા ભગવાન અને સાધુને ગાળો દઉં કે લાડું જમાડું તેમાં તારે શું ? હેંડતો થા નહીંતર જોયા જેવી થશે.’’ ગંગામાની લાલ આંખ જોતા જ લોલંગર પોબારા ગણી ગયો.

ગંગામા શ્રીજી મહારાજ પાસે આવ્યા. માતાને છાજે તેવો મીઠો ઠપકો આપવા લાગ્યા. શ્રીહરિ પણ પુત્રની જેમ જ વિનયથી ઠપકો સાંભળવા લાગ્યા. જ્યારે ગંગામા અટક્યા ત્યારે મંદમંદ મધુર સ્મિત કરીને શ્રીહરિ મીઠી મનહરવાણીમાં બોલવા લાગ્યા અમારે તો અહીં વિશાળ અને ભવ્ય મંદિર રચવું છે ને તેમાં તમારું નામ અમર કરવું છે. અંતે ગંગામા બાળકસમ શ્રીહરિની વિનવણીથી હસી પડ્યા.

એ બનાવ પછી એ જ જગ્યાએ મંદિર બાંધવા માટે શ્રીજી મહારાજે સ.ગુ. આનંદસ્વામીને આજ્ઞા કરી. આ આજ્ઞાનુસાર મંદિર બાંધવા માટે શુભમુહૂર્ત જોઈને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું અને મંદિરનું કામ ધમધોકાર શરૂ કરવામાં આવ્યું.

## ૨૮. મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા

રામાનંદ સ્વામીનું જ્યાં મંદિર હતું. તે શ્રીહરિએ સંતો પાસે પડાવી નાંખ્યું. તે જ જગ્યાએ મંદિર બાંધવાનું ખાતમુહૂર્ત કરી, આનંદાનંદ સ્વામીને મંદિર બાંધવા આજ્ઞા આપી. સ્વામીનાં હાથમાં પદ્મનું ચિહ્ન હતું. તેથી કોઈ કામ અટકી પડતું નહતું. ગામનાં તેમજ આજુબાજુ ગામનાં હરિભક્તોનાં તન, મન અને ધનનાં સહકારથી મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. એક દિવસ એક નાના સાધુને પથ્થર પગ ઉપર વાગ્યો. સંત બેભાન બની ગયા. લોહી નીકળવા લાગ્યું ત્યારે ત્યાં ગામનાં એક પટેલ પણ સેવા આપતા હતા. તેઓ સંતને વાગવાથી તેમની પાટાપીંડીનાં કાર્યમાં લાગી ગયાં. એવામાં એ પટેલનાં ઘેરથી સમાચાર આવ્યા તમારો દીકરો બહુ જ માંદો છે જલ્દી આવો. અડધો કલાક પછી ફરીથી એ સમાચાર આવ્યા. જલ્દી આવો છોકરો મૃત્યુ પામ્યો છે. આવા સમાચાર સાંભળ્યા છતાં



મનમાં જરા પણ દુઃખ લાગ્યા વગર કહ્યું , તેની નનામી તૈયાર કરી સ્મશાને લઈ જાવો હું બારોબાર આવું છું. સંતને વાગવાથી મનમાં એટલું બધું દુઃખ હતું કે પોતાનાં પુત્રનાં મૃત્યુ કરતા પણ અધિક માન્યું અને સંતની સેવામાં દવામાં મગ્ન રહ્યા. આ પ્રમાણે અમાપ પ્રેમથી મંદિર તૈયાર થયું. મુહૂર્ત નક્કી કરાવ્યું. શ્રીહરિને તેડાવ્યા. સંવત ૧૮૮૨ ફાગણ વદ આઠમનાં રોજ શ્રીહરિ અમદાવાદ થી અસલાલી થઈ જેતલપુર પધાર્યા. ફાગણ વદ આઠમનાં રોજ શ્રીહરિએ શાસ્ત્રોક્ત વિધિ પુરઃસર વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી વૈદિક વિધિ પૂર્વક બ્રાહ્મણો પાસે યજ્ઞ કરાવી શ્રી રેવતી બળદેવજી અને શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્વહસ્તે સ્થાપના કરી જય જયકાર કર્યો. અનેક બ્રાહ્મણોને જમાડ્યા. મહાદક્ષિણાઓ આપી તૃપ્ત કર્યા. આનંદાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ભરતપુરનાં મહારાજા હોઈ ત્યાં બળદેવજીની ઉપાસના છે, તેથી અહીં જેતલપુરમાં બળદેવજીને પ્રસન્ન કર્યા. અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ત્યારે જેવી ધામધૂમ અને મહોત્સવ કર્યો હતો તે પ્રમાણે તેવા રૂપમાં અહીં પ્રતિષ્ઠા મહોત્સવ શ્રીહરિનાં સાનિધ્યમાં ઉજવાયો હતો. શ્રીહરિએ સ્વહસ્તે બંધાવેલ નવધામ પૈકીનું જેતલપુર ધામ છે.

સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણના અધ્યાય - ૮૦ માં સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજા ને કહે છે, હે પ્રતાપસિંહ રાજન ! ફાગણ વદી પાંચમના રોજ ભોજન પછી આનંદમુનિ શ્રીહરિ મહાપ્રભુને કહેવા લાગ્યા. ‘‘હે પ્રભો ! જેતલપુરમાં કૃષ્ણમંદિર તૈયાર થઈ ગયું છે. તે નિશ્ચય વાત છે’’ હે રાજન્ ! આ પ્રમાણે શ્રી આનંદમુનિએ કહેલા શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા અને છઠ્ઠના દિવસે પ્રાતઃ કાળે સંગવકાળમાં જ જેતલપુર પહોંચ્યા ત્યારે પુરવાસીજનો શ્રીહરિનું સ્વાગત કરવા વાજિંત્રો સહિત સન્મુખ ગયા, પ્રભુ પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો. બીજાં બધાં મંદિરો કરતાં ઘણી શોભાવાળું વિલક્ષણ મંદિર જોઈ શ્રીહરિ સંતુષ્ટ થયા અને આનંદમુનિનાં ખૂબ જ વખાણ કરવા લાગ્યા. પછી શ્રીહરિ મહાપ્રભુએ તે મંદિરમાં સંવત ૧૮૮૨ ફાગણ વદ આઠમ તા. ૩૧-૦૩-૧૮૨૬ને ગુરુવારના દિવસે બ્રાહ્મણોએ કહેલા શુભ મુહુર્તમાં રેવતી સહિત બળરામ અને હરિકૃષ્ણની પોતે જ પ્રતિષ્ઠા કરી. જેમ અગાઉ શ્રીનગરમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા સમયે શ્રીહરિએ જેવો ઉત્સવ કર્યો હતો તેવો જ ઉત્સવ જેતલપુરમાં પણ કર્યો. શ્રીહરિ મહાપ્રભુજીએ ખુબ ઘી,

સાકરવાળા લાડુ વગેરે ભોજનો વડે હજારો બ્રાહ્મણો,સાધુઓ, અન્ય સર્વ ભિક્ષુકોને જમાડ્યા.

સત્સંગિભુષણ ચતુર્થ અંશના અધ્યાય- ૪૨ માં પણ સ.ગુ. બ્ર. શ્રી વાસુદેવાનંદ વર્ણીએ પણ પ્રતિષ્ઠાની આ પ્રકારની જ વાત લખી છે.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ -૧૦૪માં પણ પ્રતિષ્ઠાનું વર્ણન કર્યુ છે. મંદિર જોઈને મહારાજ રાજી થયા. પછી ગંગામાં તથા ગામના માણસો કહે ; મહારાજ સામાન તૈયાર છે તે મૂર્તિ પધરાયો. પછી મહારાજ કહેઃ વેદિયા બ્રાહ્મણ જોઈએ તે આવશે અને ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને બોલાવો. પછી તે બન્ને આવ્યા ને પછી મહારાજ કહે : બાકીનું મંદિર ધીરે ધીરે પુરું થાશે. અને હાલ મૂર્તિ પધરાવી દઈએ. પછી વેદિકા કરાવીને આડાવાંસ બાંધ્યા. તે સમયે ચાર વેદો બ્રાહ્મણોનું રૂપ લઈને આવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીને પણ પગે લાગ્યા પદે તેમને કામે વળગાડ્યા. મહારાજે આશારામ અને મૂળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે ગામ પરગામના કોઈ અન્નાર્થી જમ્યા વિનાનો રહે નહી.

સંવત ૧૮૮૨ ફાગણ વદ ના રોજ સ્વયં શ્રીજી મહારાજે રેવતી, બળદેવ અને હરિકૃષ્ણની મૂર્તિ પધરાવીને આરતી ઉતારી પ્રતિષ્ઠા કરી. પછી મહારાજે આજ્ઞા કરી તમો સર્વે દરેક પૂનમે આ દેવનાં દર્શન કરશો તો તમારા મનોરથ સિધ્ધ થશે.

## ૨૯. બળદેવજી મહારાજની મૂર્તિયોનો ઈતિહાસ

ગંગામાના દાદા શ્યામજી મહેતા નારદીપુરમાં રહેતા હતા ત્યારે તેઓને એકવાર રાત્રે સ્વપ્નું આવ્યું કે, રબારીવાસના ટેકરાની જમીનમાં ચાર હાથ ઉંડે ભગવાનની મૂર્તિયો વર્ષો પહેલાં મોગલોથી બચાવવા મૂર્તિઓ દબાવવામાં આવી છે. આવા બે ત્રણવાર સ્વપ્નો આવવાથી પીપળજના ઠાકોર સાહેબને વાત કરી.

ઠાકોર સાહેબે પંચના દેખરેખનીચે ખોદકામ કરતાં રેવતી બળદેવજી, લક્ષ્મણજી, રાધાજી કૃષ્ણજી તથા બળીયાકાકાદેવ, તેમજ કુંતાજી સહિત પાંચ પાંડવોની અખંડ નયન રમ્ય મૂર્તિયો નિકળી.



તે સમયે બળીયાકાકા નાયકોને આપ્યા. પાંડવો બીજા નાયકોને આપ્યા. તથા રાધાકૃષ્ણદેવ અને રેવતી બળદેવજી લક્ષ્મણજી શ્યામજી મહેતા ઘરમાં રાખ્યા.

ગંગામાના લગ્ન થયાં ત્યારે શ્યામજીએ રાધાકૃષ્ણની મૂર્તિયો કરીયાવરમાં ભેટ આપી. જેની ગંગામાં ઘરમાં રાખી મીરાની જેમ પૂજતા.

જ્યારે જેતલપુરમાં રહેવા આવ્યા ત્યારે આ મૂર્તિયોને લઈને આવ્યા અને ઘરમાં રાખી પૂજતા હાલ આ મૂર્તિયો શ્યામસુંદર સ્વરૂપ પ્રસાદીના રાધાકૃષ્ણદેવ જેતલપુર મંદિરમાં (હવેલીમાં) પધરાવ્યા છે.

જેતલપુરમાં આનંદાનંદ સ્વામીએ સર્વપ્રથમ એક શિખરનું મંદિર તૈયાર કર્યું ત્યારે શ્રીજી મહારાજ ખૂબ જ રાજી થયા. અને ગંગામાને કહે મૂર્તિયો હોય તો હમણાં પ્રતિષ્ઠા કરી દઈએ ત્યારે ગંગામાં કહે મારા પિયરમાં રેવતીબળદેવજી લક્ષ્મણજીની મૂર્તિયો મારા પિતાના ઘેર છે તો આપ આજ્ઞા કરો તો તે મંગાવીએ.

શ્રીહરિ કહે સારું મંગાવો તો નયન રમ્ય દિવ્ય અમોસ્વરૂપ હળમૂશળ ધારી બલભદ્ર રેવતીદેવી સહિત મૂર્તિયો ગંગામાના પ્રેમને આધિન પિતા ભુંદર શ્યામજી મહેતા મૂર્તિયો જેતલપુર લાવ્યા.

સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ ના દિવસે શ્રીહરિએ સ્વ હસ્તે પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી અને મોટો ભવ્ય ઉત્સવ કર્યો લક્ષ્મણની મૂર્તિનું નામ કરણ હરિકૃષ્ણ રાખવામાં આવ્યું . રેવતી બળદેવજી, હરિકૃષ્ણ પધરાવ્યાં.

## ૩૦. ઢેબરાં જમ્યા ન જમ્યા

શ્રીજી મહારાજ એક વખત મહોલ પાસે ઓટલા પર બિરાજમાન હતા. પરિત ભક્તજનો પ્રભુનાં દર્શન કરી રહ્યા હતા અને શ્રીહરિનાં મુખેથી અમૃતવાણીનો આસ્વાદ માણી રહ્યા હતા. તે વખતે ગામ વહેલાલનાં જેશીંગભાઈની બહેન શ્રીહરિને છેટેથી પગે લાગ્યા. શ્રીહરિએ ખબર અંતર પૂછ્યા. બાઈએ કહ્યું અમે ગામમાં લોકિક વ્યવહારે આવ્યા હતાં. આપનાં સમાચાર સાંભળ્યા તેથી દર્શન અર્થે આવ્યા છીએ. જમવાનો સમય હતો તેથી શ્રીહરિએ પૂછ્યું, તમે જમવાનો પ્રોગ્રામ ક્યાં રાખ્યો છે ? બાઈએ કહ્યું અમે મસાલાવાળાં ઢેબરાં બનાવીને સાથે લાવ્યા છીએ તે હમણાં જમી લઈશું. ભક્તવત્સલ પરમાત્મા એકદમ બોલ્યા :

અત્યારે અમને બહુ જ ભૂખ લાગી છે. અમને ઢેબરાં જમવા આપો. શ્રીહરિનાં મુખથી વાક્ય પુરુ થયું ન થયું, એકદમ નિઃસંકોચ સપ્રેમ થેલીમાંથી ઢેબરા શ્રીહરિ પાસે બાઈએ મૂકી દીધાં ! શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પોતાની ભૂખની જરાપણ પરવા કર્યા વગર આપ્યા. ભાવનાથી શ્રીહરિ એક ઢેબરૂ જમ્યા બાકીનાં પાછાં આપી દીધાં. જેશીંગભાઈની બહેનની સાથે બીજા એક બિનસંપ્રદાયનાં બેન હતાં. તે પણ ઢેબરાં લઈને આવ્યા હતા, તેણે કહ્યું. તમારા સ્વામિનારાયણ મારાં ઢેબરાં ખાશે ? જેશીંગભાઈની બહેને કહ્યું, તમારી સાચી ભાવના- પ્રેમ હશે તો અમારા ભગવાન જરૂર જમશે, નહીંતર નહીં જમે. બાઈનાં મનમાં શંકાનાં વિચારોનું મોજું આવ્યું. મનોમન ઝડપી નિર્ણય કર્યો. જો હું બધા ઢેબરાં આપીશ અને જો જમશે નહીં તો મારાં બધા જ ઢેબરાં અભડાઈ જશે અને પછી મારા કામમાં આવશે નહીં. નિર્ણય મજબૂત કરી જેમ તિજોરીમાંથી સોનામહોર કાઢતાં હોય તેમ થેલીમાંથી એક ઢેબરું બહાર કાઢી શ્રીહરિ પાસે... જાણે મેં ઘણું જ આપી દીધું છે, તેવી ભાવના યુક્ત મૂક્યું. અંતર્યામી ભાવનાનાં ભૂખ્યા શ્રીહરિએ તે ઢેબરાં તરફ દ્રષ્ટિ પણ ન કરી અને કહ્યું આ તમારું ઢેબરું તળાવમાં નાંખી દો... આ પરમાત્મા ભાવનાથી ભરપૂર જીવણ ભક્તનો રોટલો જમ્યા હતા. વિદુરની ભાજી જમ્યા હતા. શબરીનાં બોર જમ્યા હતા. શ્રીહરિ જમવાનાં ભૂખ્યા નથી, ભાવનાનાં ભૂખ્યા છે. બાઈ શ્રીહરિનું વાક્ય સાંભળી દુઃખનાં દરિયામાં ડૂબી ગઈ. પોતાની ભૂલ પોતાને સમજાઈ ગઈ. ભક્ત સમૂહ વચ્ચે નીચું મુખ કરી લાઈનમાં પાછળ આવી બેઠાં. પ્રભુને જમાડવાની આપણી ભાવના મજબૂત હશે તો પ્રભુ આપણી પાસે માંગીને, ઝઘડીને, ખોટું લગાડીને, પણ તે જરૂર જમશે.

## ૩૧. સંત ઉપયોગી વચનો

શ્રીહરિ એક વખત જેતલપુર મહોલમાં સભા ભરીને બિરાજમાન હતા. ગવૈયા સંતો ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા. હરિભક્તો મૂર્તિનાં કીર્તનો શ્રવણ કરતા શ્રીહરિ સામું જોઈને તલ્લીન બની ગયા હતા.

શ્રીહરિની મુખમુદ્રા જાણે વિચારમાં ઉંડા ઉતરી ગયા હોય તેમ જણાતું હતું. મર્યાદિત સમયે કીર્તનો બંધ રખાવી, શ્રીહરિ બોલ્યા, અમારા સંતો માટે



હિતનો ઉપદેશ આપું છું. વર્તમાન સમયમાં સત્સંગ પ્રચારનાં ભગીરથ કાર્યમાં અન્ય વિધર્મી લોકો પ્રવૃત્તિ દબાવવા માટે બનતા પ્રયત્નો કરે છે. તેમાં કોઈ માણસ આપણા પર ક્રોધ કરીને માર માર કરતો સામે આવતો હોય ત્યારે તેનું સન્માન કરી હાર પહેરાવી નાળિયેર આગળ મૂકવાથી, તાંબાનાં તારથી ભયંકર વિશાનક વિજળી જેમ જમીનમાં ઉતરી જાય છે. તેમ તેનો ક્રોધ શાંત બની જાય છે. પોતાનાં વિચારોને ફેરવીને થોડો સમય કંઈ પણ બોલ્યા પછી પ્રશંસાનાં રૂપમાં ફેરવાઈ જાય છે.

શ્રીહરિ કહેવા લાગ્યા કે એક વખત અમો પણ ગઢપુરમાં હતા ત્યારે અયોધ્યામાંથી વૈરાગીની જમાત દ્વારકા તરફ આવતી હતી. આખા સૌરાષ્ટ્રમાં અમારી પ્રશંસા સાંભળીને જીવનાં કલ્યાણની આપણી પ્રવૃત્તિમાં વિઘ્ન નાંખી દબાવવા માટેની કોશિશ કરવા અયોધ્યાનાં બધા જ વૈરાગીઓ ભેગા થયા. સૌ એ પોતાનાં મંતવ્યો રજૂ કર્યા. મીટીંગમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો કે તે જીવન મુક્તાનાં પંથમાં મુક્તાનંદ કરીને સાધુ છે, તે બહુ જ શક્તિશાળી છે. પ્રથમ તેને રામશરણ કરીએ. પછી સ્વામિનારાયણનો વારો. એક મદોન્મત વૈરાગીનાં રૂપમાં અસુર સભામાં ઉભો થઈને બોલી ઊઠ્યો કે.... મા... રે... એ.... મુક્તાનંદનાં ગળાનું લોહી પીવું છે. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી દોઢસો વૈરાગીઓની સાથે અયોધ્યાથી ગુજરાત આવવા નીકળ્યો. શ્રીહરિ બોલ્યા કે આ વાત અમે મુક્તાનંદ સ્વામીને કરી અને કહ્યું કે કૂતરું ભસતું ભસતું કરડવા આવે તો આગળ રોટલો નાંખવાથી શાંત બની જાય છે. માટે તમો આવનાર વૈરાગીનું સન્માન કરજો....

વૈરાગી પૂછપરછ કરતો ગઢપુર આવ્યો. જોરજોરથી અપશબ્દો બોલતો મુક્તાનંદ સ્વામી પાસે આવે છે. અમારાં જણાવ્યા મુજબ સ્વામીએ તૈયારી કરી રાખી હતી. મુક્તાનંદ સ્વામી આવેલ વૈરાગીની સામે ચાલી પગે લાગ્યા. હાથ ઝાલી પોતાનાં આસન પર આગ્રહપૂર્વક બેસાડ્યો. ગળામાં હાર પહેરાવ્યો. સ્વામી પ્રશંસા કરવા લાગ્યા. ધન્ય છે ભારતની ભૂમિને જ્યાં આવા સંતો રહે છે. આપ તો સાક્ષાત્ વિષ્ણુનાં પાર્ષદ છો. અમારા સદ્‌ભાગ્ય છે. અમારો બેડો પાર થઈ ગયો. આજે આવા સાચા સંતોનાં દર્શન થયા. મુક્તાનંદ સ્વામી અન્ય સંતોને

કહેવા લાગ્યા કે તમે બધા આ મહાત્માને પગે લાગો. બ્રહ્માંડમાં ક્યાંય આવા સાચા મહાત્મા જોવા મળશે નહીં. અજામિલ આવા સંતનાં સમાગમથી યમદૂતનાં પાશમાંથી મુક્ત થયો હતો. તેઓ કેટલા બધા પરોપકારી છે, આપણી રક્ષા માટે હથિયાર ધારણ કરી વિચરણ કરી રહ્યા છે.

મુક્તાનંદ સ્વામીની અતિ વિનમ્રવાણી સાંભળી વૈરાગી એકદમ શાંત બની ગયો. મનમાં વિચારવા લાગ્યો કે મુક્તાનંદ અન્ય બીજા કોઈ હશે. આ તો મુક્તાનંદ લાગતા નથી. મધુર શબ્દોમાં વૈરાગીએ પૂછ્યું. તમારામાં મુક્તાનંદ કોણ ? સ્વામીએ કહ્યું કે હું મુક્તાનંદ છું. આ સાંભળી વૈરાગી સ્વામીનાં પગમાં પડ્યો. પોતાના ક્રૂર વિચારોનો પશ્ચાતાપ કરતો પોતાનાં શિષ્યોની સાથે અયોધ્યા તરફ ચાલ્યો ગયો. શ્રીહરિ સંતો પ્રત્યે કહેવા લાગ્યા કે મુક્તાનંદ સ્વામીની જેમ સંતોએ ક્રોધને શાંત બનાવવાનો ઉપાય કરવો. આવા સંતો પર અમો બહુ જ રાજી થઈએ છીએ.આ પ્રમાણે ઘણીક વાતો શ્રીહરિએ મહોલમાં કરી. જે સાંભળી ભક્તજનો ખૂબ જ આનંદિત બન્યા. ત્યાર પછી શ્રીહરિ થાળ જમવા પધાર્યા.

## ૩૨. ભૂદેવોનો ભોજન સમારોહ

યજ્ઞનો મહોત્સવ થવાથી ઘણા દિવસો પર્યંત ભૂદેવો જુદાં જુદા ભોજનો જમતા હતા ત્યારે બ્રાહ્મણો જમતી વખતે પરસ્પર વાતો કરતાં અત્યંત આનંદથી કહેતા કે હે બ્રહ્મદેવતાઓ આવા મિષ્ટ મોદકો ઈચ્છાનુસાર આરોગો. ભોજન સમયે દેહ પડી જશે કે વિશેષ ખાવાને લીધે માંદા પડી જશો એવો વિચાર ન કરશો.

એક કહે - દેહ તો માયામય છે. ક્ષણ ભંગુર છે.

બીજો કહે - સાચી વાત છે. ભોજનથી થતી તૃપ્તિ આત્માને આનંદ અને સંતોષ આપે છે.

ત્રીજો કહે - સત્ય વચન છે. દેહ તો નાશવંત છે. દેહ પતનનો વિચાર તો તત્વદર્શીઓએ રાખવો કંઈ સારો નથી. દેહ તો આત્માને આનંદ આપવાનું એક માધ્યમ છે.



એક તો હર્ષસભર બોલી ઉઠ્યો : અરે, વિપ્રો ! પ્રત્યક્ષ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન હંમેશા આપણને ભોજન કરાવનાર છે પછી ચિંતા શાની ? આવા જમાડનાર સર્વોપરિ યજમાન આજ સુધીમાં બીજે ક્યાંય મેં જોયા નથી. બીજો પોતાની લાંબી શીખાને બાંધતાં બોલ્યો : જોયા તો શું તમને સાંભળવા પણ નહી મળ્યા હોય.

- હે બ્રાહ્મણો આત્માને તૃપ્ત કરો. આત્મા એ જ પરમાત્મા. એ અવિનાશીને અત્યંત ભોજન તૃષ્ટિ થાય એટલે જીવન સફળ થઈ જાય.

- હા, હો સાચું કહો છો. આવો ભોજનનો અવસર આવવો દુર્લભ છે.

આ યજ્ઞમાં વપરાતા ઘૃતનાં ગુણનું વર્ણન થઈ શકે તેમ નથી.

- આ ઘૃતનો સ્વાદ તો અમૃત સમાન છે. અમૃતનું ભોજન કરનારા દેવો પણ આ યજ્ઞમાં આ ઘૃતનું અતિ તૃષ્ણાથી અમૃતની માફક પાન કરે છે.

આમ, વિપ્રગણ અતિ પ્રસન્ન ભાવે જમીને પોતાનાં ઉદર ઉપર વારંવાર હાથ ફેરવતા અને વિશેષ ખાવાને લીધે પોતાનાં નિવાસે જતાં પણ મંદગતિએ ચાલતા હતા.

### બ્રાહ્મણોની અવળાઈ

એક વખત યજ્ઞ સમયે કેટલાક અવળાઈ કરનારા, બ્રાહ્મણો ઘઉંનો લોટ જળથી મિશ્રિત કરીને તે લોટનાં મૂઠિયા વાળી ઘીમાં તળી તેનું ચુરમું કરી, તેમાં અંદર ખાંડ ભેળવીને ચૂરમાનો મોટો ઢગલો કર્યો. તે સર્વે રસોયા, બ્રાહ્મણો ચૂરમામાં ઘી ભેળવતા હતા તે સમયે ત્યાં પડેલું ઘી ચૂરમાનાં ચોથા ભાગમાં થાય તેટલું તો હતું જ છતાં આસુરી સંપત્તિવાળા અને દુષ્ટ બ્રાહ્મણનાં સમુદાયો પ્રસન્ન થતા ભેગા થઈને ''ભોજનમાં લાડું માટેનું ઘી ઘણું ઓછું છે'' તેમ કહી તે બન્ને જૂથો ઉશ્કેરાયા. અને અંદરોઅંદર ચર્ચાઓ કરવા લાગ્યા કે હવે આ સ્વામિનારાયણ બ્રાહ્મણોને કેવી રીતે જમાડશે ? કેટલાક તો ટીખળ કરવા માંડ્યા.ઘૃત લાવો. જલ્દીથી જોઈશે. એના વિના લાડું થાશે નહીં. એવો શોરબકોર થયો ત્યારે સર્વે રસોયા બ્રાહ્મણોને સાંત્વના આપતાં ઘી લાવનાર હરિભક્તો કહેવા લાગ્યા : ધીરજ ધરો, મહારાજો, ચિંતા ન કરો.ઘૃતથી ભરેલાં કુંડલાનાં ગાડાં હમણાં જ આવશે.

બે ઘડી વાટ જોયા બાદ પણ ઘીનાં ગાડાં દૂર દૂર મારગ પર નહીં નિહાળતાં ભક્તો પણ આઘા પાછા થવા લાગ્યા.

રસોયાઓ તો લે-મેલ કરવા માંડ્યાં.

દરમ્યાન ઘી આપનારા ભક્તો તે વખતે સભામાં બિરાજેલા જગદ્‌ગુરુ શ્રી સહજાનંદ સ્વામીની નિશ્રામાં જઈને નમસ્કાર કરી વાતનો ફોડ પાડ્યો.

અમોએ તો તમામ કુંડલામાં રહેલું ઘી લાડું બનાવવા માટે રસોઈ સ્થાને આપી દીધું છે. છતાં પણ એટલા ઘીથી મોદકો થાય એમ નથી. તો હે દયાનિધિ ! અટાણે અમે મુંઝવણમાં મૂકાયા છીએ. વળી ઘી લેવા જે ગાડાં અહીંથી મોકલ્યા છે તે હજુ સુધી આવ્યાં નથી. અને અહીં રસોઈ કરનાર ભૂદેવો ઉતાવળ કરી રહ્યા છે.

ભગવાને બે ઘડી આંખ બંધ કરી. પછી મંદ મંદ હસતાં બોલ્યા. ભક્તજનો, એમાં મૂંઝવણ શાની ? બધું સમયસર થઈ જશે. તમે ઘીનાં કુંડલાની બરાબર તપાસ કરો. ઋતુ ઠંડી છે. માટે કુંડલાની નીચે ઘી ચોટેલું પણ હોય. પણ અમે તો ઘી આપીને સર્વે કુંડલા ખાલી કર્યા છે. તેમનો ઉત્તર સાંભળી શ્રીહરિ ભક્તોની સામે જોઈ બોલ્યા : ચાલો, આપણે જોઈ લઈએ. હરિભક્તો તેમની રસોઈ મંડપમાં ગયા. ભગવાને સોનાની છડી ધારણ કરી હતી.

ચાખડીનાં ચટ... ચટ.... ધ્વનિ યુક્ત પગલાં કરતા ઘીનાં કોઠારમાં આવીને ઊભા રહ્યાં ઘીનાં એક ખાલી કુંડલાને સોનાની છડી અડકાડી પૂછ્યું. આ પાત્રો શું ખાલી છે ? એમાં શું ઘી નથી. ?

ભક્તોએ કહ્યું, ના જી. આ પાત્રો તો અમે ખાલીખમ કરેલ છે. એ કોઈપણ પાત્રમાં ઘી નથી.

શ્રીહરિએ ખેસ સંકોર્યો.

ધ્યાન નિષ્ઠ સ્વરૂપાનંદ મુનિને કહ્યું - હે સાધો, ઘી પુરું નહીં થવાથી સર્વે રસોઈયાઓ તથા ભક્તજનો ખૂબ અકળાયા છે. 'ઘી લાવો'ની બૂમો પાડી રહ્યા છે.... હવે ? શું કરશું મુનિવર્ય ? આ તો તમારી લાજ જશે ?

શ્રીહરિનું માહાત્મ્ય જાણતા સ્વરૂપાનંદ સાધુ વંદન કરી માત્ર આછેરૂં હસવા લાગ્યા. જાણે કહેતા ન હોય કે પરબ્રહ્મ ! પરાત્પર ! તમારું સતત ધ્યાન કરનાર, તમારી ઉપાસના કરનાર બ્રહ્મ સ્વરૂપ મારી લાજ કેમ જશે ? જ્યાં હોય શ્રીહરિ



ત્યાં થાય કસોટી ખરી. પછી મોટેથી બોલ્યા : ભગવન્ આ કાર્યમાં લક્ષ્મીદેવીની જરૂરીયાત વિશેષ છે. પદાર્થો જો ઓછા પડે તો મા લક્ષ્મીની જ લાજ જશે.

શ્રીહરિ અને સ્વરૂપાનંદ સ્વામી મલકી ઊઠ્યા. ભક્ત સમુદાય તથા રસોઈયા ભૂદેવોને તો અચરજથી આ દિવ્ય પુરુષોનાં કથનમાં કંઈ સમજણ ના પડી.

ત્યારે શ્રીહરિએ સર્વેની સામે જોઈ એક ખાલી કુંડલા પર સોનાની છડી અડકાડી મોટેથી બોલ્યા : અરે, આ પાત્રમાં તો ઘી ઘણું છે. નાહક....

વિસ્મયથી એકેક જણે નજર નાંખી. કુંડલું ટકરોક ઘીથી ભરેલું હતું.

એક વધુ અકળાયેલ ભૂદેવ તો તદ્દન નજીક આવી જાતે જોયું. ખરેખર એમાં... ને એ માથે હાથ ફેરવતા અસમજંસમાં પડી ગયા. એમનાં મનમાં થયું કે પણ આવું કેવી રીતે બને ?

બધાનાં ચહેરા પર આ સવાલ લીંપાઈ ગયો. ત્યારે સ્વામીશ્રીએ હળવેકથી બીજા, ત્રીજા, ચોથા કુંડલાને છડી અડકાડી. બધાં પાત્રો મધમધતા ઘીની સોડમથી ભરેલાં હતા.

હરિભક્તોએ પછી તરત જ ઘીના ઠામ ભૂદેવોને હવાલે કરી દીધા.

એકે એક કુંડલા ઠલવાતા જાય ને પાછા ભરાતા જાય. બધા લોકો તો વિસ્મયનાં વમળમાં એવાં તો અટવાઈ ગયા કે શું બોલવું એની સૂઝ જ ના પડી.

દરમ્યાન સ્વરૂપાનંદ મુનિએ શ્રીહરિનો ચરણ સ્પર્શ કર્યો. ભગવાને તેમને બાથમાં લીધા. આવું તેજોમય સ્વરૂપ લોકોએ ક્યારેય જોયું ન હતું. બધા સાષ્ટાંગ દંડવત કરવા લાગ્યા.

શ્રીહરિનાં સચ્ચિદાનંદ રૂપનો પ્રભાવ, તેમનું ઐશ્વર્ય, તેમની અદશ્ય શક્તિ અભૂતપૂર્વક ઘટનામાં પરિવર્તિત થયો. એમનાં મહિમાનો દસ્તાવેજ, પછી તો સર્વત્ર આનંદ છવાઈ ગયો. ને એટલામાં તો ત્યાં ઘીનાં ભરેલાં કુંડલાનાં ગાડાં પણ આવી ગયા.

વિપ્રો તો ભગવાનની દિવ્યતા જોતાં જ આંખમાં અશ્રુ સાથે ચરણવંદના કરી બોલ્યા, ''અમે નાહક શોરબકોર.... કીધો. આપનાં આ સમર્થ સ્વરૂપનું ભાન અમને ક્યાંથી હોય. મહારાજ, તમારી આ દિવ્ય મૂર્તિ જોઈ અમે સૌ ધન્ય ધન્ય થઈ ગયા.

પછી તો રસોઈ મંડપમાં મોદકોનો પર્વત સમાન મોટો ઢગલો કર્યો તેમ છતાં ઘીનાં પાત્રો તો પાછા ભરેલાં જ હતા !!

ભગવાન પાછા નરી સહજતા સરળતા સાથે ચાખડીઓનાં ચટપટ અવાજ કરતા સ્વરૂપાનંદ મુનિની સાથે પાછા સભામંડળમાં ચાલ્યા ગયા.

બધા ભૂદેવો, હરિભક્તો, ગ્રામજનો, વિ.સૌ આ વાતો કરતા રહ્યાં જેનો મુખ્ય સૂર એવો નીકળે કે આ મહાપ્રતાપી સ્વામિનારાયણ ભગવાન જેવાં કાર્યો કોઈ મનુષ્યથી થઈ શકે નહિ માટે આ બીજા દેવ, મનુષ્ય સમાન નથી. એ તો દૂર રહે છે. જ્યારે આ અવતારી પુરુષ તો ઈશ્વરોનાં ઈશ્વર છે. એમનું લૌકિક ચરિત્ર બીજા કોઈથી અનુવર્તન થઈ શકે તેમ નથી. જે ભગવાને ઘીનો સમુદ્ર કર્યો તો આપણાં નાનાવિધ કાર્યો કરવામાં તો -

આશ્ચર્યનાં આકાશમાં બધા ખોવાઈ ગયા હતા. આ પ્રમાણે ધર્મપુત્ર પુરુષોત્તમનાં યજ્ઞ મહોત્સવમાં ઉત્કંઠાપૂર્વક દર્શને પધારેલ જન જનનાં મનમાં અત્યંત હર્ષ અને ઉમળકો છલકાતો હતો.

## ૩૩. અઢાર જણાને સાધુ કર્યા

શ્રીજી મહારાજે ભુજનાં રાજાનાં કારભારી સુંદરજી સુથારની પરીક્ષા કરી, અને તેમાં તે પાસ થયા. તેની સાથે સાથે અહંકાર વધ્યો. શ્રીહરિને કહ્યું, તમે મારી પરીક્ષા લીધી તેમ હવે કોઈની લેશો નહી. અભિમાન ઉતારવા માટે શ્રીહરિએ એક પત્ર લખ્યો, તેમાં એવું લખવામાં આવ્યું કે મૂળજી, અલૈયા, સોમલા, અજાજી, જીવાખાચર, સુરાખાચર, માત્રા ધાંધલ, નાઝા જોગીયા વિગેરે... વિગેરે.... તમોએ લક્ષ્મીથી ભરેલા ઘરનો ત્યાગ કરી પત્ર મળે કે તરત જ જ્યાં હોય ત્યાંથી ચાલી નીકળવું, અને જેતલપુર જઈ મુનિવર રામદાસ સ્વામી (ભાઈ સ્વામી) પાસેથી દીક્ષા ગ્રહણ કરી (સાધુ બની) અહીંયા અમારી પાસે આવવું. તમારા હિતનાં માટે આ આજ્ઞા આપું છું. પાર્ષદ પત્ર લઈને લખેલા નામો પ્રમાણે હરિભક્તોને સાથે લેતા મેથામાં અજા પટેલનાં ભાણેજ કલ્યાણદાસ લગ્નનાં માંડવામાંથી હાથમાંથી મીંઢળ તોડી સંઘમાં જોડાઈ જેતલપુર આવવા નીકળ્યા. ત્યાં રામદાસ



સ્વામી (ભાઈ સ્વામી) પાસેથી ભગવા વસ્ત્રો પહેરી પગરખાનો ત્યાગ કરી ત્યાગી બન્યા. જેઓ સત્સંગનાં આગેવાનો હતા, તેઓને રામદાસભાઈએ સાધુ બનાવ્યા. તેઓને કાશીએ જવાનો સંકલ્પ હોવાથી રામદાસ સ્વામીએ જેતલપુરમાં જ કાશીનાં દર્શન કરાવ્યા. સાધુ બની શ્રીહરિની પાસે આજ્ઞા મુજબ જવા નીકળ્યા. શ્રીહરિ આ દરમ્યાન ગામ ભાદરા થઈ ભુજ ગયા. ત્યાં ત્યાગી થયેલા ભક્તો આવ્યા. થોડા દિવસ પાસે રાખ્યા. શ્રીહરિ કલ્યાણદાસ પર બહુ પ્રસન્ન થયા. ''તમે તો અદ્‌ભુત કામ કર્યું. લગ્નનાં માંડવામાં જ મીંઢળ તોડી સાધુ બન્યા છો ! આજથી તમારું નામ 'અદ્‌ભુતાનંદ સ્વામી' રાખવામાં આવે છે. થોડા દિવસ પછી શ્રીહરિએ તેમને કહ્યું તમે જેમ મારું વચન માની ઘર કુટુંબનો ત્યાગ કરી ત્યાગી થયા છો. તેમ બીજું મારું વચન માની સૌ ગૃહસ્થી બની પોતપોતાનાં ઘરે જાવ. તમારું કલ્યાણ થાશે. નવા ત્યાગીઓ કહેવા લાગ્યા, 'પ્રભુ ! અમને હાથી પર બેસાડ્યા ને હવે નીચે ઉતારી ગધેડા પર ન બેસાડો. અમને હવે અંધારા કૂવામાં શા માટે નાંખો છો ?'' ત્યારે શ્રીહરિએ કહ્યું : ''મેં તમને સુંદરજી સુથારનો ગર્વ ઉતારવા માટે ત્યાગી બનાવ્યા હતાં. અમારી આજ્ઞા છે. તમે ઘરે જાવ પછી તેમાંથી કેટલાક સાધુમાં રહી જેતલપુરમાં રામદાસ સ્વામી સાથે રહ્યા, ભક્તો ઘરે ગયા. ગૃહસ્થી વેશ ધારણ કરી રહ્યા. આ વાત સંવત ૧૮૬૪ની છે.''

## ૩૪. પરીક્ષા

પરમાત્મા પોતાની ભક્તોની પરીક્ષા બહુ જ આકરી કરતા હોય છે. તેમાંથી ભક્ત જો પસાર થાય તો તેને એકાંતિક ભક્તની ઉપમા આપવામાં આવે છે. ત્યાર પછી જ પ્રભુ પોતાની ડાયરીમાં એવા ભક્તોનું નામ સરનામું લખતા હોય છે.

જેતલપુરમાં એક દિવસ પ્રાચીન ગઢીમાં સભા ભરીને બિરાજમાન હતા. સંતો અને હરિભક્તો ચકોરની જેમ પરમાત્માનાં મુખેથી અમૃતવાણીનું પાન કરી રહ્યા હતાં.

શ્રીહરિને અચાનક વિચાર આવ્યો. આ ભક્તો મારા સ્વરૂપમાં તલ્લીન બન્યા છે. તો જરા પરીક્ષા કરી જોઉં કે મારા વિશે દઢ શ્રદ્ધા ભક્તિ કેવી છે ?

''ધીરજ ધર્મ મિત્ર અરુ નારી, આપતકાળ પરખીહી ચારી'' એ ન્યાયે આપત્તકાળ જેવા સંયોગ સિવાય ટકાવારીનો ખ્યાલ આવતો નથી. સુવર્ણને તપાવ્યા સિવાય તેની કિંમત આંકી શકાતી નથી. શ્રીહરિએ ભક્તોને કહ્યું, તમે સર્વે એક બીજાની આંગળી પકડી મારી સામે પંક્તિ ક્રમમાં ઉભા રહો.

પ્રભુનાં મુખેથી વાકય પુરું થતાં જ આજ્ઞા મુજબ સર્વે ઊભા રહ્યા. શ્રીહરિ બોલ્યા કે તમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી પરમહંસ બની જાઓ. એવી અમારી આજ્ઞા છે. આ પ્રમાણે શ્રીહરિનાં વચનો સાંભળી ભક્તજનોએ કહ્યું આપની આજ્ઞા મુજબ અમો પરમહંસ બનીશું. અત્યારે જ દીક્ષા આપો. ભક્તોની દ્રઢતા જોઈ શ્રીહરિ ખૂબ જ રાજી થયા. આવા વિચારો - જ્ઞાન છે. તો ગૃહસ્થાશ્રમમાં પણ પરમહંસ જ છો. તમારી દ્રઢતા જોવા માટે પરીક્ષા કરી હતી.

વળી એક દિવસ ગઢીમાં સભા ભરીને બિરાજમાન હતા ત્યારે ગોવર્ધનભાઈ તથા પ્રાંતિજનાં તુલજારામ શ્રીહરિનાં દર્શને આવ્યા. અંતર્યામી પરમાત્મા અજાણ્યા થઈ બન્નેને પૂછવા લાગ્યા. કે તમે કોણ છો ? તુલજારામે જવાબ આપ્યો કે હું કોઈનો પુત્ર નથી. કોઈનો સંબંધી નથી. કોઈનો મિત્ર અને શત્રુ નથી. સચ્ચિદાનંદ સ્વરૂપ છું અને આપનો દાસ છું.

શ્રીહરિએ કહ્યું, તમે કહો છો તે પ્રમાણે આત્મનિષ્ઠા પરિપક્વ તમારામાં નથી. જો હોય તો હું તમારા શરીરનાં તલવારથી કટકા કરી નાંખુ તો શું તમે દુઃખી નહીં થાઓ ? તુલજારામ કહે આપની કૃપાથી મારે દેહાત્મ બુદ્ધિ નથી અને અહંકારથી રહિત છું તેથી મને કાંઈ થશે નહીં. ત્યાં તો શ્રીહરિએ ખડગ કાઢયું. તુલજારામે મસ્તક ધર્યું. મનમાં વિચાર કર્યો કે ધન્ય ભાગ્ય મારાં કે પ્રભુનાં હાથે મારું મૃત્યુ થશે. મારો જન્મ સફળ બની ગયો.

શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પોતાનાં ગળામાંથી પુષ્પનો હાર કાઢી તુલજારામને રાજીપાનાં પ્રતિક રૂપે પહેરાવ્યો. અને સભામાં તુલજારામની શ્રદ્ધા વિશે પ્રશંસા કરવા લાગ્યા. આ પ્રમાણે ઘણા ભક્તોની પરીક્ષા કરતા હતાં.



## ૩૫. કાકડી જમ્યા

શ્રીજી મહારાજ એક સમયે વાડીમાં વડ નીચે હિંડોળામાં બિરાજમાન હતાં. ગંગાદાસ મુખી, આશજીભાઈ વિગેરે ભક્તજનો ચકોરની માફક શ્રીહરિનાં મુખારવિંદ સામું જોઈ રહ્યા છે. આનંદાનંદ મુનિ હાથમાં દોરી ઝાલી શ્રીહરિને ઝુલાવે છે. સંતો દુકડ સરોદા વડે શ્રીહરિને રાજી કરવા કીર્તન ગાય છે. ચારે બાજુ ભક્તજનોની ભીડ જામી છે. પુષ્પમાળા અર્પણ કરવાની લાંબી લાઈન બની ગઈ છે. મહાપ્રભુ બે હાથથી, ચરણોથી, નાનકડી છડીથી પ્રેમનાં પ્રતિક રૂપ પુષ્પમાળા સ્વીકારતા હતાં. પરિત સુગંધી પુષ્પોથી સોનામાં સુગંધ સમાન વાતાવરણ બની રહ્યું છે. શ્રીજી મહારાજ કૃપાદૃષ્ટિ વડે દરેક ભક્તજનોનાં મનોરથ પૂર્ણ કરે છે.

આ સમયે ફાટેલ તૂટેલ વસ્ત્ર યુક્ત હોવા છતાં કાન્તિ યુક્ત એક બ્રાહ્મણ હાથમાં કોમળ બે કાકડીનાં ફળો લઈ શ્રીહરિને જમાડવા માટે અતિ આતુર બનેલો લાંબી લાઈનમાં છેલ્લે ઉભો રહ્યો. ભીડમાં શ્રીહરિ પાસે જવાની શક્તિ ન હતી ! કદાચ પ્રભુની સમીપે પહોંચતા પહોંચાતા ધામમાં પહોંચી જવાય તેવી પરિસ્થિતિ સર્જાયેલી ! એક તો દૂર ગામડેથી આવેલો અને ફેરો નિષ્ફળ જવાનાં દુઃખથી ગદ્ગદ્ કંઠ વાણી અને આંખોમાં સૂક્ષ્મ ''શ્રાવનભાદો'' વરસાવતો નિરાશ બની ઊભો છે.

અંતર્યામી ભગવાન સ્વામિનારાયણ પોતાનાં ભક્તનાં મનોરથ પૂર્ણ કરવા અને દરિદ્ર બ્રાહ્મણનું દ્વારિદ્ર ટાળવા અવતારી હિંડોળેથી તત્કાળ નીચે ઉતરી વિપ્ર તરફ ઉતાવળા ચાલ્યા. સંતો હરિભક્તો વિસ્મિત બન્યા. પ્રભુએ વિપ્રનાં હાથમાંથી કાકડીનાં ફળો લઈ લીધાં અને જમવા લાગ્યા. સેવક દામોદર શેઠને કહ્યું કે આ વિપ્રને રહેવા જમવાનો પ્રબંધ કરો. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને વિનંતી કરી. હે પ્રભુ ! દેવોને પણ દુર્લભ એવી કાકડીની પ્રસાદીની અમો આશા રાખીએ છીએ. શ્રી હરિએ સભામાં કાકડીની પ્રસાદી આપી. ભક્તજનો ખૂબ જ રાજી થયા. પરમાત્મા પોતાનાં ભક્તોનું દુઃખ જોઈ શક્તા નથી તેથી તો ગુરુ રામાનંદ સ્વામી પાસે દુઃખ માંગી લીધું છે. ''કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય દયા આણી રે !! '' આપણે દરરોજ ગાઈએ છીએ. આવી ઘણી ઘણી લીલાઓ શ્રીહરિ જેતલપુરમાં રહીને કરતા હતા.

## ૩૬. પ્રભાવી પથ્થર

અને જેતલપુરમાં આશ્ચર્યનું મોજું ફરી વળ્યું. દરેકનાં મોં પર કૌતુક દેખાવા લાગ્યું. કોઈ દિવસ જોયું ન હોય કે સાંભળ્યું ન હોય તેવું કૌતુકભર્યું બની ગયું. સહુ આશ્ચર્યથી કંઈક જાણવાનાં આશયથી બહેનીબાનાં ઘરે વહેલી સવારે ભેગાં થવા લાગ્યા. બહેનીબાનાં ઘરે તો ઉપાધીનાં પોટલાં પથરાઈ ગયા હતાં. સાંજે ભેંસની સાથે બાંધેલ પાડું વહેલી સવારે મેડી પર હતું ! જોવા આવેલ નગરજનોની સહાય લઈને પાડું નીચે ઉતાર્યું. બીજે દિવસે પણ ફરી પાછી આ જ ઉપાધિ ! આનો કોઈ ઉકેલ મળતો નથી. રોજની માથાકૂટ. રોજ રોજ બીજાની મદદ માંગવી. આ બધું બહેનીબાથી સહન ન થયું.

તમાશો જોનારાએ કહ્યું, 'બેનીબા ! ઘરમાં મેલો આત્મા પેસી ગયો છે. કંઈક બાધા, આખડી, સાધુ કે ફકીર કે ભૂવાને બોલાવો કે જેથી આ હેરાન કરતો અવગતિયો જીવ તમને નિરાંતે જીવવા દે. ત્રણ ચાર જણે ટાપશી પૂરી. પછી તો બેનીબાએ બાધા આખડી માન્યે જ રાખી. જેટલી શક્ય હતી તેટલી સઘળી. કંઈક ભૂવાઓ આવીને ધૂણ્યા ને ભૂખ્યા સિંહ જેવી રાડ્યું નાંખી પણ પેલો હઠીલો અવગતિયો જીવ બેનીબાને નિરાંતે બેસવા દેતો નથી. રોજ રાતે પાડું તો મેડી પર જ હોય ! સૂર્ય ઊગવું અને આથમવું જેટલું નિશ્ચિત છે, જેટલું અફર છે તેવું જ આ પ્રસંગનું થયું. બેનીબાનાં દુઃખને કોઈ ફેડી શક્યું નહીં. એમનું ખાવું, પીવું અને ઊંઘવું એ ત્રણ જીવનધારક પ્રવૃત્તિનો છોડ લગભગ કરમાવા લાગ્યો હતો એમને રોજ રોજ મદદ કરવા કોણ જાય આ તો રોજની રામાયણ. વળી બેનીબા ક્યારેય કોઈ માટે લગીરેય ઘસાયા ન હતા. આંગણે આવેલા અભ્યાગતની ચાકરી કરી હોય એવો એક પણ પ્રસંગ ગામવાસીઓએ જોયો ન હતો, કે સાંભળ્યો ન હતો. એવાને વારેવારે તે કોણ મદદ કરવા જાય ?'

ચમડી તૂટે પણ દમડી ન છૂટે એવી પ્રકૃતિ ધરાવતા બેનીબાને અવગતિયા જીવને વળાવવા માટે ભૂવાઓ પાછળ પાણીની જેમ પૈસા વેર્યા પણ કોઈ ફેર પડતો નથી. બેનીબા તો દુઃખી દુઃખી થઈ ગયા છે.

ત્યાં કોઈ શુભ ચોઘડિયે સંચિતકર્મોની મૂડી કામ આવી ગઈ. એમને



ગંગામાની પવિત્ર સ્મૃતિ તાજી થઈ. એમની યાદથી જ જાણે કે સઘળા સંતાપો શમવા લાગ્યા.

ગંગામા જેતલપુરમાં અને સમસ્ત સ્વામિનારાયણનાં અનુયાયીઓમાં સ્નેહ અને આદરભર્યું સ્થાન ધરાવતા હતાં. એમની આંખોમાં પ્રેમ અને વાત્સલ્ય જ રહેતું. એમનાં જમણા હાથની સુકોમળ પવિત્ર આંગળિયોમાં માળા અહર્નિશ ફર્યા જ કરતી. એમનાં હૃદયમાં માત્ર પ્રભુભક્તિનાં જ ઘોડાપુર ઉમટતાં હતાં. સાત્વિકતા એમનાં જીવનનો એક ભાગ બની ગઈ હતી. વળી જ્યારથી સ્વયં શ્રીજી મહારાજ તેમનાં પુત્ર તરીકે રહ્યા ત્યારથી તેમની પવિત્રતા અનેકગણી પ્રભાવી બની ગઈ હતી.

બેનીબા ગંગામાને ઘરે આવ્યાં. બાને પ્રણામ કરી ખોળો પાથર્યો. આર્જવભર્યા સ્વરે તેમણે સંકટમાંથી મુક્તિ માંગી.

ગંગામાએ ધીર અવાજે ઉપદેશાત્મક વાણીમાં કહ્યું, બેનીબા ! આ જગતમાં જે કંઈ છે તે સહુ માટે છે. આપણી સંપત્તિ માત્ર આપણા પોતાની જ નથી ! ધનને એકઠું કરવાથી તો નાશ પામે છે. તમે થોડું થોડું પરમાર્થે ધનનો વ્યય કરતા હો. બે પૈસા હોય તો એક પૈસો પરોપકાર્થે વાપરો તો તમને એક પણ સંકટ સ્પર્શશે નહીં. ગંગામા થોડી વાર મૌન રહ્યાં. તેમની વાણી વહેતા ઝરણાંની જેમ પુનઃ વહેવા લાગી, ભગવાન જ્યારે અહીં પધારેલા ત્યારે ભાવિક ભક્તોએ તેમને એક પથ્થર પર બેસારીને ખૂબ શ્રદ્ધાથી સ્નાન કરાવ્યું હતું. ભાવવિભોર થયેલા સમગ્ર ગ્રામજનોએ તેનો લાભ લીધેલો. સહુ શ્રીજીમહારાજને સ્નાન કરાવતા રહ્યા. મહારાજ સહુનાં મનનાં મનોરથ પૂર્ણ કરતા હતાં. ગામમાંથી નીકળેલું પાણી છેક દેવસરોવર સુધી પહોંચ્યું હતું. એ પથ્થર ભગવાનનાં મહિમા જેવો જ ચમત્કારિક છે. આ પ્રસાદીનો પથ્થર તમારાં ઘરની દિવાલ પર જડો જેથી તમારાં ઘરમાં એક પણ અશુભ તત્ત્વનું અસ્તિત્વ નહીં રહે. આ પુનિત પથ્થર દુન્યવી સંકટને હરવાને અત્યંત શક્તિશાળી છે. તે શાંતિનો મહાસાગર રેલાવી શકે છે. બેનીબા ! તેને પૂર્ણ શ્રદ્ધાથી લઈ જાઓ.

બેનીબાએ એ પવિત્ર પથ્થરને રાત્રે જ ભીંતમાં જડાવી દીધો. સવારમાં ચમત્કાર થયો. પાડું તો ભેંસની પાસે જ બાંધેલું હતું. બેનીબાને ઘણા વખત પછી શાંતિ વળી.

આજે પણ ભગવાનની યશોગાથા ગાતો પથ્થર એજ ઘરમાં જોવા મળે છે. માનવીનાં જીવનમાં પ્રભુ પર શ્રદ્ધા હોય તો તેને કોઈનો ડર રહેતો નથી. કારણ કે જેને પરમાત્માનો આશરો નથી તેને સંકટોની પરંપરા આવતી જણાય છે. પ્રભુ શરણાગત જીવ આવા સંકટોથી મુક્ત હોય છે.

## ૩૭. મોટાભાઈ રામપ્રતાપજીએ કરેલું પૂજન

મહાવિષ્ણુયાગમાં ઋત્વિક વિપ્રો પૂર્ણાહુતિમાં ઘીની મોટી ધારાઓ કરીને વેદોનો મંત્રોચ્ચાર કરવા લાગ્યા. તે સમયે ઈશ્વરોનાં ઈશ્વર શ્રીહરિ ત્યાં અગ્નિદેવને દર્શન આપવા પધાર્યા. એ જ પળે યજ્ઞકુંડથી મૂર્તિમાન અગ્નિદેવ-જ્વાળાપુરુષ નવોદિત સૂર્યની જેમ પ્રગટ થયા.

મંત્રગાનનાં સંઘીસભર સ્વરો અને ધૂમની લકીરોમાં હોમાઈ રહેલ હૂત દ્રવ્યને ગ્રહણ કરતો હતો.

શ્રીહરિ અગ્નિદેવનાં દર્શન કરતા રહ્યાં.

ત્યાં વિદ્વાન અને મૃદુલ વિનયી રામપ્રતાપભાઈ તથા તેમનાં ગૃહલક્ષ્મી સોળ શણગાર સજી શાસ્ત્રોક્ત અવભૃથ સદ્ય સ્નાન કરી પધાર્યા.

અને પ્રીતિ પૂર્વક બ્રહ્મજ્ઞોને દાન દક્ષિણા આપવા માંડ્યા. વર્ષાઋતુમાં જેમ જળરાશિ વરસે છે અને અંતરમાં તૃપ્તિનો આનંદ છલકાઈ જાય છે એમ રામપ્રતાપભાઈએ દાન દક્ષિણાની વર્ષા કરી.

શમિયાણામાં મહાસભા ભરાઈ હતી. સભામાં મધ્યભાગમાં દિવ્ય ઉચ્ચ આસને પરમ પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણભગવાન બિરાજમાન હતા.

સભામાં વિવાદ થતાં ભગવાને કેટલાંક સૂત્રો દીધાં.

- વ્યભિચાર નરકની પ્રાપ્તિ કરાવે છે.

- જે અપેય તથા અભક્ષ્ય વસ્તુ હોય તેનો હંમેશાં ત્યાગ કરવો.

- આમ અપેયનું પાન તથા અભક્ષ્યનું ભક્ષણ જો બ્રાહ્મણનો ધર્મ હોય તો તે ગુપ્ત રીતે કેમ કરે છે ?

અંતે શ્રીહરિએ વેદ અને શાસ્ત્રનાં ઉદાહરણો ટાંકી અર્થ સભર મિષ્ટ વાણીમાં જીવનનો મર્મ સમજાવ્યો.



વિશેષમાં ધર્મનું રક્ષણ કરનારા એક માત્ર શ્રીહરિ જ છે એમ સમજીને બ્રાહ્મણોએ કહ્યું - હે ભગવન્ ! આપ તો અંતર્યામી છો, સર્વજ્ઞ છો, આપે વેદશાસ્ત્ર પ્રમાણથી જે અર્થગર્ભિત મર્મ સમજાવ્યો તે વાસ્તવિક સત્ય છે. હિંસાનું આચરણ તે ધર્મ નથી. જે જનો તેનું આચરણ કરે છે તે જન સમુદાયને પંડિતોએ નીચ કહ્યા છે.

પરબ્રહ્મ પ્રસન્ન થયા. મધુર અવાજે સમાપન કરતાં બોલ્યા : દૈવી યા આસુરી શક્તિ પંથવાળા વિદ્વાનો હિંસાચારનો વ્યાપક પ્રસાર કરે છે. હિંસાનું આચરણ કરનારનું કર્તવ્ય અતિ નીચ હોય અને એ તમે સૌ સમજ્યા હો તો તમો સમગ્ર વિદ્વાનો ઉભા થઈને જોરથી તાળી વગાડીને સભામાં તે પ્રમાણે ખુલ્લા સ્વરે બોલો.

શ્રીહરિનું આ વચન સાંભળતાં જ વિદ્વાનો તત્કાળ ઉઠીને તાળી વગડાતાં ઉચ્ચર સ્વરે સૌ બોલ્યા - ‘‘જે બ્રાહ્મણો માંસ મદ્યાદિનું ભક્ષણ કરે છે અને આસુરી શક્તિને પોષે છે તે સર્વ નરાધમો છે. લોક જીવનને ખોટા માર્ગે દોરે છે એટલે જ તેઓ ચાંડાળ સમાન છે.’’

શ્રી હરિ અતિશય પ્રસન્ન થયા અને ત્યારબાદ ત્યાગીઓ, ગૃહસ્થો તથા અન્ય સૌ સત્સંગીઓને હર્ષપૂર્વક ભેટ્યા અને પારિતોષિકો આપ્યા. જેમાં જેતલપુરમાં મહાયજ્ઞમાં પધારેલ ડભાણનાં વિષ્ણુદાસ સહિતનાં અન્ય ગૃહસ્થો આવી લીલા જોઈ ખૂબ રાજી થયા. પછી શ્રીહરિને પોતાનાં ડભાણ ગામે આવો યજ્ઞ થાય તેવો સંકલ્પ કરીને મળવા આવ્યા.

પૂર્ણ પુરૂષોત્તમને પ્રાર્થના કરતાં તેમની ઈચ્છા દર્શાવી.

વિષ્ણુદાસે બે હાથ જોડી કહ્યું, ‘‘હે ભક્તવત્સલ આપ કરૂણા કરી અમારા ડભાણ ગામે પધારીને આવો જ મહાવિષ્ણુયજ્ઞ કરાવો, એવી ઈચ્છા છે. ડભાણ ગામમાં ઊંચા વૃક્ષોની છાયા છે. સમુદ્રની ઉપમા આપવા યોગ્ય વિશાળ સરોવર છે. હે હરિ, તે સુંદર નગરમાં સર્વે પ્રકારે સાનુકૂળતા છે. અને તેથી મંગળમય યજ્ઞનાં વિધાનમાં કોઈ ખામી રહેશે નહી. અમે તે યજ્ઞમાં સર્વદા આપની સેવા કરીશું.’’

શ્રીહરિએ ડભાણનાં ગૃહસ્થોની વિનંતીને વધાવી લીધી અને યજ્ઞની પૂર્વ તૈયારીઓ કરવા માટે આજ્ઞા પણ આપી. ડભાણનાં ભક્તો ભગવાનનો રાજીપો

લઈને પ્રસન્ન ચિત્તે ગામ તરફ જવા વિદાય થયા.

બીજી બાજુ શ્રીહરિને ભીલોનો રાજા જાલમસિંહ તેનાં લાવ લશ્કર સાથે ભગવાનને પોતાનાં નગરમાં મહાયજ્ઞ કરવાનું નિમંત્રણ લઈને આવી રહ્યો હતો. એ ઘોડાસરપુરનો ગામધણી હતો.

## ૩૮. સર્વેનો કર્તા હું એક જ છું

એક સમયે રાત્રિનાં કાળા ડિબાંગ અંધકારમાં સભામાં બેઠેલા સર્વે જનોએ આકાશમાંથી એકાએક જમીન તરફ ધસી આવતો તેજપુંજનો ગોળો જોયો. સમગ્ર દિશાઓમાં અનેરો પ્રકાશ છવાઈ ગયો. સર્વે જનો ક્ષણભર તો આશ્ચર્ય અને વિમાસણમાં ડૂબી ગયા. સૌનાં મનમાં એક સવાલ ઉઠ્યો - શું છે ? આ સૂર્યનારાયણ સમાન દાહક પદાર્થ શાનો બનેલો છે ?

ધીમે ધીમે, મંદ ગતિએ તેજ બિંબ, ગગનમંડળમાંથી ત્રણ ગોળાઓ છુટા પડ્યા. તેમાં એક પછી એક એમ ત્રણ વિમાનોનાં સભાજનોને દર્શન થયા.

વિમાનમાં બેઠેલા અમૂલ્ય આભૂષણો અને ઝગમગતા વસ્ત્રોવાળા ત્રણ દેવોએ ધરતી પર પગલાં માંડ્યા.

ધરતી પરનાં નવાંકુરોમાં તો આનંદ છલકાયો. દૈદિપ્યમાન સુવર્ણ મુગટધારી આ દિવ્ય પુરુષો, ગાન ગાતા ભક્તિપૂર્વક શ્રીહરિને વંદન કરવા લાગ્યા. સમગ્ર અલૌકિક આ સત્સંગ સભાને ચંદન તથા પુષ્પોથી વધાવવા લાગ્યા.

આખીયે સભામાં રહસ્યમય છતાં દિવ્ય પરમ શાંતિનો આલ્હાદક પવન સુમધુર શીતળતા પાથરતો હતો. ઘડી બે ઘડી પછી તો તેજ બિંબોમાં ત્રણેય વિમાનો અદ્રશ્ય થઈ ગયા.

પ્રસન્ન અચંબામાંથી થોડીક પળ પછી, જાગી ઊઠેલ સભામાંથી સૌ પ્રથમ અદ્‌ભુતાનંદ મુનીન્દ્રે મૌન તોડ્યું અને પરમકૃપાળુને બે હાથ જોડી વંદન કરતાં વિનંતી ભર્યા સૂરે પૂછ્યું - હે હરે !! તેજો મંડળમાં શોભતા અપૂર્વ વિમાનોમાંથી ઉતરીને અહી પધારી આપને વંદન કરી જતા રહ્યા તે મહા તેજસ્વી ત્રણ પુરુષો કોણ હતા ?



શ્રીહરિ મધુર સ્વરે બોલ્યા, ‘મુનિ અદ્‌ભુતાનંદ, તે ત્રણ દેવો હતા. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. પૃથ્વીનાં સર્જક, પોષક અને સંહારક તેઓ આપણી આ અલૌકિક રમણીય સભાનાં દર્શને આવ્યા હતા.

હે સન્મતે ! બ્રહ્માદિ ઘણા ઈશ્વરો આ સભાનાં દર્શન કરવા માટે અહી હરહંમેશ પધારે છે. પરંતુ આજે તે અમારી ઈચ્છાથી તમારી દ્રષ્ટિગોચર થયા.

બદ્રિકાશ્રમવાસી સંતો, મહંતો, શ્વેતદ્વિપવાસી નિરન્ન મુક્તો તથા વૈકુંઠાદિ ધામમાં રહેલા મુક્તો મનને શાંતિ અને સ્થિરતા આપનાર સભાનાં દર્શન કરવા માટે સર્વજનોને દેખાય તેવી રીતે અત્રે પધારે છે.

મુનિ અદ્‌ભુતાનંદ તથા સભામાં બેઠેલા સર્વે મુનિઓ શ્રીહરિનાં મુખે અમૃત વચનો સાંભળીને ધન્ય ધન્ય થઈ ગયા.

આ પૃથ્વી પર અધર્મનો દાનવ સમગ્ર જીવોને પીડે છે. નર્કની પીડા આપનાર આ પાપરૂપ અધર્મ મારી ઈચ્છાને કારણે તત્કાળ ક્ષય પામે છે.

હે સંતો ! ક્ષર અને અક્ષરનાં નિયંતા પ્રત્યક્ષ અવતારી એવા મારી આજ્ઞાનું ઉલ્લંઘન પાપીઓ કરી શકનાર નથી.

હે પરમ સંતસંગી, સદ્‌ગૃહસ્થો, વાયુદેવ મારા કારણે શીતળ યા ઉષ્ણ પવનો છોડે છે. સૂર્ય ચંદ્ર મારી ઈચ્છાનુસાર ઉદય-અસ્ત પામે છે, તારાઓ તથા ચંદ્રકળાઓ પણ મારી અભિલાષા પૂર્ણ કરે છે.ઈન્દ્રદેવ પણ મેઘ વર્ષાવે, અગ્નિ દહન કરે અને યમદેવ પણ મારા ભયને લીધે જ મૃત્યુદાન આપે છે.

હે મુક્તો ! દેવતાઓમાં સર્વશ્રેષ્ઠ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા વૈરાજ પુરુષ, અક્ષર પુરુષ વગેરે સદાય મારી આજ્ઞામાં વર્તે છે.

પોતાનાં માહાત્મ્યને વિશેષ સ્વરૂપે સમજાવતાં કહે છે : સર્વાવતારી, અસંખ્ય વિશ્વનાં કર્તા, સનાતન નિર્દોષરૂપે મને જે જાણશે તેઓ સંસારમાંથી નિશ્ચે મુક્તિ પામશે.

સામાન્યત : આ લોકમાં દુઃખ તથા સુખ નિત્ય નથી. માટે જ સાંસારિક સુખ દુઃખની પ્રાપ્તિમાં પંડિતો મોહ પામતા નથી.

શાહુકારે લખેલી હુંડી પોતાને ઘરે પહોંચાડે ત્યારે તેમાંથી રૂપિયા જરૂર મળે છે. તેમ જાણી નિશ્ચયથી કદાચ માર્ગ માંહી લોભ લાલચ, વિગેરે ચોરો વસ્ત્રો લૂંટી લે તો પણ તે પુરુષનાં મનમાં કંઈપણ કલેશ થતો નથી.

દેહમાં દુઃખ આવી પડે તો પણ કલેશ ન કરવો. સમય અનુસાર વાદળાં આપણને ઘેરી વળે છે. વીજળીઓનાં ગડગડાટો આપણા જીવને ઘડીભર ગભરાવી મારે છે. પણ એકાદ બે દિવસ પછી.... તોફાન દૂર થઈ જાય છે. આકાશમાં મનોહારી કંકુવરણો સૂરજ રાણો આવીને હસતાં તેજ કિરણોથી નવી ચેતના અને ઉષ્માથી ભરી દે છે.

મારા આશ્રિતોને આપત્કાળમાં પણ હંમેશા ધીરજ રાખી વિટંબણાઓને હલ કરવા યોગ્ય માર્ગ અપનાવવો જોઈએ.

સૌએ ભગવાનનાં આવા બળપ્રેરક શબ્દો સાંભળી અતિશય પ્રસન્ન થઈ ચરણાવિંદ લીધા.

એક સમયે પરમ પૂજનીય શ્રીહરિ સાધુમંડળનાં મધ્ય ભાગમાં સુંદર સિંહાસન પર બેઠા હતા. મઘમઘ મોગરાનો ફૂલ દડૂલો હાથમાં લઈ ખૂશબુનાં પારાવરનો આનંદ માણતા હતા.

સંત સમાગમની મહત્તાનું વિવેચન કરતાં શ્રીહરિ બોલ્યા, 'સત્યપુરુષો પાસેથી ધ્યાન શીખતો કોઈ શ્રદ્ધાવાન પુરુષ પરોક્ષ રીતે પણ પોતાનું લક્ષ્ય તથા ધ્યેય પાર પાડી શકે છે. સજ્જન અનાયાસે લક્ષ્ય ભેદી શકે છે. આ લોકમાં મારા અવતારી સ્વરૂપને અનન્ય ભાવે ધ્યાન ધરતા હોય છે ને સદા એકાંતિક ભાવે મારા શ્રદ્ધાદિપનાં તેજમાં જોડાઈ જાય છે તેને ઘનઘોર અંધારામાં પણ સુખની દિશા દેખાય છે.'

માટે સંતોએ મનુષ્યોને એકાંતિક સદ્ધર્મ, સદ્ભાવનાનો પ્રકાશ પાથરવામાં સહાયરૂપ થવું એ જ આવશ્યક છે.

## ૩૯. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી પ્રત્યે ગંગામાનો પ્રેમ

ધર્મની વૃદ્ધિ અને અધર્મનાં ક્ષય માટે તેમજ સ્વભક્તોનાં મનોરથ પૂર્ણ કરવા માટે અવતરિત ભગવાન સ્વામિનારાયણ એક વખત અમદાવાદનાં ભક્તોનાં આગ્રહથી નગરમાં પધારે છે. સમાજસુધારણાની પ્રશંસનીય પ્રવૃત્તિથી ચારે તરફ



ભગવાન સ્વામિનારાયણનો જય જયકાર થવા લાગ્યો. સૂર્યનો પ્રકાશ તમામ જીવસૃષ્ટિને પોષણ આપે છે. પણ ઘુવડ માટે તો શત્રુ છે તેમ ભગવાન શ્રીહરિનાં પુણ્યપ્રતાપથી દૈવી જીવોને અતિ આનંદ છે પણ ઘુવડ જેવા અસુરો ભગવાનની સદ્વૃત્તિથી દુઃખી-દુખી થઈ ગયા. દ્વેષવૃત્તિવાળા આ લોલંગર બાવાઓ ભગવાન સ્વામિનારાયણને પરાસ્ત કરવા અનેક યુક્તિ-પ્રયુક્તિ કરવા લાગ્યા ત્યારે શ્રીહરિએ પોતાની માયાવી શક્તિથી તમામ અસુરોને જેમ વનમાં વાસનું પરસ્પર ઘર્ષણ થવાથી અગ્નિ ઉત્પન્ન થાય અને આખું જંગલ બળીને ખાખ થઈ જાય, તેમ તમામ અસુરોનો નાશ થઈ ગયો. આ ઉપદ્રવથી ખિન્ન મનવાળા ભક્તોને મહારાજ સાંત્વનાત્મક ઉપદેશ આપી મનનો ઉદ્વેગ ટાળે છે. તે સમયે જેતલપુરનાં ગંગામા ભગવાન શ્રીહરિની સ્તુતિ કરે છે. હે ભગવન્ ! આપ સદા સાકાર દિવ્યમૂર્તિ છો તેમજ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો. પોતાનાં આશ્રિતોનાં ત્રિવિધ તાપનો નાશ કરવા માટે આપ જ સમર્થ છો. બ્રહ્માદિક દેવતાઓ પણ આપની આજ્ઞાનુસાર જ જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને સંહાર કરે છે. હે ભગવન્ આપ અનંત ઐશ્વર્ય અને સામર્થીયુક્ત હોવા છતાં પણ અજ્ઞાની અને પામર જીવોનાં અપમાન સહન કરી પોતાનાં સ્વરૂપનું શાશ્વત સુખ પોતાનાં આશ્રિતોને આપી રહ્યા છો. આપની ભ્રકુટિનાં વિલાસ માત્રથી જ આસુરીવૃત્તિનાં જીવાત્માઓની આસુરીવૃત્તિ ટળી જાય છે.

ગંગામાની અદ્ભુત સ્તુતિ સાંભળી મહારાજ પ્રશંસા કરતાં કહે છે સાધ્વી!આપે કહ્યું તે બિલકુલ સત્ય જ છે. મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવી જે મારું અખંડ ભજન કરે છે તેનું હું પળે-પળે રક્ષણ કરું છું. હે ગંગામા તમોએ અમારા પ્રત્યે માતા કરતા પણ વિશેષ પ્રેમ બતાવ્યો છે. માટે અમો તમારા ઉપર બહુ જ રાજી છીએ. આપની જે ઈચ્છા હોય તે માંગો અમો આપવા તૈયાર છીએ. મહાપ્રભુની આ વાત સાંભળી ગંગામા ભૂતકાળને વાગોળતા કહે છે કે હે મહારાજ આપણા ગુરુ રામાનંદ સ્વામી જ્યાં સુધી હયાત હતા ત્યાં સુધી કાયમ તેમનું ધ્યાન ધર્યા કરતી પરંતુ ગુરુનાં ધામમાં ગયા બાદ મેં અન્ન જળનો ત્યાગ કર્યો. ગુરુના વિયોગને કારણે રાત્રે નિદ્રા પણ આવતી ન હતી. આમ આહાર-નિદ્રા વગર છ

મહિના વ્યતિત થયા. એક દિવસ રાત્રીનાં ગુરુએ દિવ્યદર્શન આપીને કહ્યું કે અત્યાર સુધી જેવા ભાવથી મારી સેવા કરતા હતાં તેવા જ ભાવથી હવે સહજાનંદ સ્વામીની સેવા કરજો તેમાં જ અમારો પૂર્ણ રાજીપો છે. હે ભગવન્ ! ત્યારથી હું આપનું ભજન સ્મરણ કરું છું માટે જગતનાં કોઈપણ પ્રકારનાં સુખ તેમજ સ્વર્ગની પણ ઈચ્છા નથી બસ એક જ ઈચ્છા છે કે આ નાશવંત દેહથી જીવું ત્યાં સુધી સરસ મજાનાં પકવાન્નાદિકનો થાળ બનાવીને આપને પ્રેમથી જમાડ્યા કરું. આપનાં ચરણકમળનું ધ્યાન કરતાં કરતાં તમારા વિશે અને તમારા એકાંતિક ભક્તો વિશે અનન્ય પ્રેમ વધતો રહે અને તમારી અખંડ સેવા થતી રહે એ જ મારી ઈચ્છા છે. આંખથી આપનું દર્શન થાય, હાથ-પગ આપની પરિચર્યામાં લાગેલા રહે એવો વર કૃપા કરીને મને આપો. ગંગામાને ઉપર પ્રમાણેનાં વરદાન આપી મહારાજ ગોવિંદરામ ભક્તને ઘેર પધાર્યા.

## ૪૦. યવન રાજપુરુષને પૈગમ્બરરૂપે દર્શન તથા ચારિત્ર્યભ્રષ્ટ સ્ત્રીને સદ્‌બોધ

દયામૂર્તિ ભગવાન સ્વામિનારાયણે અનેક માનુષી લીલા કરી દૈવી તેમજ આસુરી જીવાત્માઓને સ્વસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવી પોતાનું અભયપદ આપ્યું. એક વખત શ્રીહરિ જેતલપુરમાં પધારેલ. વહેલી સવારે અનેક સંતો અને ભક્તોને સાથે લઈ રમણીય દેવ સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. મુક્તમંડળી સાથે અનેક પ્રકારની જળ ક્રીડા કરી કીર્તનગાન કરતા કરતાં ઉતારે પધાર્યા. સુંદર ઊંચા મંચ ઉપર સભામાં મહારાજ બિરાજમાન થયા. ત્યાં વિકૃતવેશધારી અનેક અસુરો હોકારા પડકારાં કરતાં સભામાં આવ્યા. વિકરાળરૂપ ધારી અસુરોને જોઈ સૌ ભક્તો થોડીવાર માટે તો ભયભીત થઈ ગયા. અસુરો મહારાજની નજીક આવીને કહે છે કે તમે ભગવાન થઈને પૂજાવો છો તે શાસ્ત્ર વિરુધ્ધ છે. અત્યારે કલિયુગમાં ક્યાંય ભગવાનનો અવતાર બતાવેલ નથી માટે તમો લોકોને છેતરી રહ્યા છો. તમો જ પાખંડ ચલાવી રહ્યા છો તે બંધ કરો નહિતર રાજ્યની મદદ લઈ અમો તમને મારી નાખશું. આમ બકવાસ કરતા અસુરોની સામે જ્યાં શ્રીહરિએ વક્રદષ્ટિ



કરી ત્યાં જ બધા અસુરો મૂર્ચ્છિત થઈ જમીન પર ઢળી પડ્યા. મૂર્ચ્છાવસ્થામાં મહારાજ તેમને કાળરૂપે દેખાતા, ભયભીત થઈ રોકકળ કરવા લાગ્યા અને પ્રાર્થના કરતા કહે છે કે આપ જ જગતનાં સ્વામી છો. જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલય આપનાં દ્વારા જ થાય છે. અમો અજ્ઞાની આપના પ્રતાપને ઓળખી ન શક્યા માટે અમોને માફ કરજો હવે અમો ફરીથી આવી ભૂલ નહીં કરીએ. શક્તિશાળી અસુરોની આ પ્રકારની કાકલૂદી સાંભળી સભાસદો કૌતુકભેર હસવા લાગ્યા. ત્યારે અસુરો ક્ષોભયુક્ત થઈને ત્યાંથી ભાગી ગયા. આજ સમયે અંગ્રેજ સરકારનાં બે યવન રાજપુરુષો સભામાં આવીને જ્યા મહારાજના દર્શન કરે છે, ત્યાં જ સમાધિ થઈ જાય છે. સમાધિમાં મહા તેજનાં પુંજમાં પોતાનાં ઈષ્ટદેવ પયંગરનાં દર્શન થતાં તે બંને ભાવવિભોર થઈ ગયા. ઈષ્ટદેવનાં દર્શનથી બંનેનાં નેત્રોમાં હર્ષનાં અશ્રુ આવી ગયા. સમાધિમાંથી જાગૃત થતાં મહારાજની પ્રાર્થના કરે છે હે ભગવન્ આપ જ ઈશ્વરનાં ઈશ્વર છો. આ સમગ્ર જગતનાં માલિક આપ એક જ છો. આપનું આ દિવ્ય દર્શન લાખો વર્ષ સુધી સાધના કરવા છતાં પણ થતું નથી તે જ આપનાં આ સ્વરૂપનાં સહજ દર્શન થતાં અમારો મનુષ્ય જન્મ સફળ થઈ ગયો. આપનાં આ દિવ્યસ્વરૂપનાં દર્શન અહર્નિશ અમોને થતાં રહે એવી અમારા ઉપર દયા કરજો, આમ પ્રાર્થના કરી તે બંને રાજપુરુષો મહારાજનાં દર્શન અને ચરણસ્પર્શ કરી પોતાનાં સ્થાને ગયા.

આ ધર્મસભામાં ઘણી બધી સ્ત્રીઓ પણ બેઠી હતી. તેમાં એક આશ્ચર્યકારક ઘટના બની. સ્ત્રીઓની સભામાં એક સ્ત્રી સત્સંગી ન હોવાં છતાં સત્સંગનો ઢોંગ કરી સભામાં આવીને બેસતી. સત્સંગી બહેનો જે સત્સંગનાં નિયમો પાળે તે જ પ્રમાણે તે પણ આડંબર કરીને નિયમનું પાલન કરે. બાહ્ય દેખાવ સત્સંગીનો પણ માંહલી કોર તો કુંસગ. અંતર્યામી મહાપ્રભુ પોતાની ઐશ્વર્યશક્તિથી પ્રત્યક્ષ આ બધુ જોતાં હોવાથી બાઈને સમાધિમાં યમપુરી બતાવી. શ્રીહરિની આજ્ઞાથી યમરાજા પોતાનાં દૂતો દ્વારા આ બાઈને ખૂબ જ કષ્ટ આપવા લાગ્યા. તપાવેલા લોઢાનાં થાંભલાને આલિંગન કરાવી, દૂતો ગરમ કરેલા પાશથી માર મારતા. આમ અનેક પ્રકારનાં કષ્ટથી બાઈ ચીસો પાડતી કહેવા લાગી કે હે પ્રભો હવે હું ક્યારેય પણ નિષ્કામવ્રતનો ભંગ નહીં કરું. તમારા બધા જ નિયમોનું બરાબર પાલન કરીશ.

આમ યમલોકમાં યમયાતનાથી અતિ પીડા ભોગવી પછી પોતાનાં મનુષ્ય શરીરમાં આવી ગદ્ગદ્ વાણીથી ભગવાનની સ્તુતિ તથા પ્રાર્થના કરવા લાગી. ત્યારબાદ મહારાજે સભાજનોને નિષ્કામવ્રતનો મહિમા અને તેનું યથાર્થ પાલન કરવાની આજ્ઞા કરી.

## ૪૧. જીવરામ વિપ્રને મુક્તિપદ

ઘણી વખત ભગવાન આપણાં જેવાં અજ્ઞાની પામર જીવની બુદ્ધિમાં સંશય થાય તેવી લીલા કરીને પણ પોતાનાં શાશ્વત અક્ષરધામનું સુખ આપતાં હોય છે. જેતલપુરમાં મહારુદ્રયાગની પૂર્વ તૈયારી થઈ રહી હતી તેવામાં એક દિવસ દયારામ વિપ્રને ત્યાં હજારોની સંખ્યામાં સંતો ભક્તોની સાથે મહારાજ જમવા પધાર્યા. જમ્યા બાદ દયારામ તથા તેની માતા રળીયાત તેમજ તેનાં ભાઈ બહેનોએ મહારાજનું પૂજન તથા આરતી કરી. વસ્ત્ર આભૂષણો પહેરાવી મહારાજની આગળ ભેટ મૂકી. પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ તે ભક્તની છાતીમાં ચંદનનાં લેપવાળા ચરણકમળની છાપ આપી. દયારામનાં નાના ભાઈ જીવરામને કહ્યું કે આજથી ચોથા દિવસે તારા ભાઈઓ તથા પરિવારજનો દ્વારા રક્ષણ કરવા છતાં પણ કૂવામાં પડી જવાથી તારું મૃત્યુ થશે. કાળની ગતિ ન્યારી છે તે કોઈ રોકી શકતું નથી છતાં પણ અમો તને દર્શન આપી અમારા ધામમાં તેડી જશું. આ સાંભળી સારોયે પરિવાર શોકમગ્ન થઈ ગયો. કોઈપણ જીવરામને રેઢો મૂકતાં નથી. જીવરામ પણ પોતાનું મૃત્યુ નજીકમાં જાણી ભયભીત થઈ ગયો. ત્રીજા દિવસે અચાનક તાવ આવી ગયો. પોતાની માતા જીવરામની સાર સંભાળ રાખે છે. જીવરામ પોતાની માતાને કહે છે. હે મા ! તુ ક્યાય જઈશ નહીં મારી પાસે જ બેસી રહેજે. આમ ત્રીજો દિવસ પસાર થયો. ચોથા દિવસની સવાર થઈ માતા ઘરમાં કોઈ કામમાં વ્યસ્ત હતી તેવામાં જ કાળ આવી જીવરામને ઉપાડીને ગામની બહાર આવેલ કૂવા પાસે લઈ આવ્યો. પ્રારબ્ધ કર્માનુસાર આયુષ્યનાં શ્વાસ પૂરા થતાં જ જીવરામે કૂવામાં ઝંપલાવ્યું.

તેવા સમયમાં કોલ આપ્યા પ્રમાણે મહારાજ દિવ્યસ્વરૂપે માણકી ઘોડી ઉપર અસવાર થઈ ભક્તને પોતાનાં ધામમાં લઈ ગયા. જોયું ભક્તો અનન્યભાવથી



ભગવાનનું ભજન કરતાં ભક્તનું અકાળે મૃત્યુ છતાં પણ ભગવાને ભક્તને સહાય કરી પોતાનાં દિવ્યધામની પ્રાપ્તિ કરાવી.

## ૪૨. મહારુદ્રયાગમાં શ્રમયજ્ઞ

નિર્માણીપણાનો જો કોઈ માપદંડ હોય તો તે છે સેવા. નમ્રતા વગર સેવા થઈ શકે નહીં. સેવા કરે તે સૌને ગમે. સેવાથી શત્રુને પણ જીતી શકાય છે. સેવાનો મહિમા બતાવવા માટે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ પાંડવોનાં રાજસૂયયજ્ઞમાં આવેલા સાધુ, મહાત્મા, ઋષિમુનિઓ તથા ભગવદ્ભક્તોનાં જુઠા પતરાવાળા ઉઠાવેલા. આવી નીચી ટહેલથી ભગવાન શ્રીહરિ બહુ જ રાજી થાય છે. સ.ગુ. મુક્તાનંદસ્વામી પોતાનાં બહેનને ઉદ્દેશીને કીર્તન લખતા કહે છે. નીચી ટહેલ મળે તો માને મોટા ભાગ્ય જો.

અર્થાત્ ભગવાન અને ભગવાનનાં એકાંતિક સંતો અને ભક્તોની સેવા મળવી દુર્લભ છે. અને અનાયાસે સહેજે જો મળી જાય તો પોતાનાં મહદ્ભાગ્ય સમજવા. આવા જ મહિમાવંત શ્રમયજ્ઞની સરવાણી મહારાજ જેતલપુરનાં મહારુદ્રયાગમાં વહેવડાવે છે. યજ્ઞમાં સૌ સંતો-ભક્તોને અલગ અલગ જવાબદારી સોંપી અને ઘઉં દળાવવાની જવાબદારી સ્વયં મહારાજ લે છે. અમદાવાદથી પાંચ હજાર દ્રોણ ઘઉં મંગાવી જાતે મહારાજ ઘરે-ઘરે દળવા માટે આપવા જાય છે. એક બાઈને ઘઉં દળવા મહારાજ આપે છે ત્યારે બાઈ કહે હું ઘરમાં બાઈ માણસ એકલી જ છું. મારે ઘરનું કામ એકલા જાતે જ કરવું પડે છે. ઘરનું એટલું બધું કામ છે કે આખો દિવસ નવરી જ રહેતી નથી. એમાંય આ છોકરો નાનો હોવાથી નવડાવવો-ખવડાવવો-હીંચાળવામાંથી જ નવરી પડતી નથી. ત્યારે મહાપ્રભુ કહે જો તમે અમારું કામ કરી આપો તો તમારું કામ અમો કરી આપીએ. શ્રીહરિની વાતમાં બાઈ સંમત થતાં મહારાજે આપેલા ઘઉં બાઈ દળવા લાગી. આ બાજુ અનંતકોટિ બ્રહ્માંડનાં અધિપતિ ભગવાન સ્વામિનારાયણ પારણામાં સૂતેલા બાળકને હીંચકાવતા જાય છે અને હાલરડાં ગાતા જાય છે. મહારાજનું આ કૌતુક જોવા આકાશમાં પત્નીઓ સહિત દેવતાઓ વિમાનમાં બેસીને આવી ગયા. એક ઘેરથી

મહારાજ બીજે ઘેર જાય છે તો ત્યાં બાઈ વલોડું કરતી હોય છે. તેને પ્રભુ ઘઉં દળવાનું કહે છે ત્યારે બાઈ કહે કે તમે નવરા છો હું ક્યાં નવરી છું ? હું તમારા ઘઉં દળવા બેસુ તો પછી આ વલોણું કોણ કરે ? ત્યારે પ્રભુ હસતાં હસતાં કહે કે તમે જો ઘઉં દળી દેતા હો તો વલોણું અમે કરી દઈએ. તેને ત્યાં પણ વલોણું કરી ઘઉં દળાવી લીધા. આમ લૌકિક કામ કરીને પણ મહારાજ જીવાત્માને ભક્તિમાર્ગ અને સેવામાર્ગમાં જોડતા હતા. વલોણું કરવાથી ભૂખ લાગતાં શ્રીહરિએ ખાવાનું માંગ્યું આથી બાઈએ પ્રેમથી બાજરાનો રોટલો બનાવી માખણ મહારાજને જમવા આપ્યું. બાઈનો ભાવ પૂર્ણ કરી મહારાજ ત્યાંથી બીજા ઘેર ગયા. અચાનક વિના આમંત્રણે ભગવાન પધારવાથી બાઈ ભાવવિભોર થઈ ગઈ. મહારાજનું સ્વાગત કરી બેસવા ઢોલિયો પાથરી આપ્યો. પ્રાર્થના કરતા કહે છે હે ભગવન્ ! મારે આંગણે પધાર્યા માટે મારું ઘર પાવન થઈ ગયું. જેનાં ચરણરજને ભવબ્રહ્માદિક દેવતાઓ પણ મેળવવા મનમાં ઈચ્છા રાખે છે તેવાં પ્રભુનું મારે ત્યાં અનાયાસે આગમન થતાં હું તો ધન્ય ધન્ય બની ગઈ. મહારાજે આપેલા ઘઉં સહર્ષ સ્વીકારી દળવા લાગી ગઈ. શ્રીહરિ ત્યાંથી બીજા ઘરે જાય છે. બાઈને ઘઉં દળવાનું કહે છે ત્યારે કહે છે હું બહું કામમાં છું મને ઘડીની પણ નવરાશ નથી. આગળ બીજા ઘેર જાવો. આ સાંભળી મહારાજ ઉપદેશામૃત આપતા કહે છે કે તું છો માટે આ ઘર ચાલે છે ? તું મરી જઈશ ત્યારે આ કામ સાથે લેતી જઈશ ? તારા ગયા બાદ શું આ કામ પડ્યું રહેશે ? આવી રીતે આખી જિંદગી સાંસારિક કાર્યોનું કૂટણું કરીશ તો જન્મ મરણનાં લખ ચોર્યાસીનાં ફેરા ક્યારેય મટશે જ નહિં. દેહ અને દેહનાં સગા સંબંધી માટે તો આખી દુનિયા મરતી હોય છે. તેનાથી આત્મકલ્યાણ થતું નથી. જો મોક્ષ જોઈતો હોય તો સેવા ભક્તિ કરી લો. આ દેહ નાશવંત છે, અને દેહનાં સગા સંબંધી પણ સ્વાર્થનાં સગાં છે. જેનાં માટે રાત દહાડો દાખડો કરો છો અંતે કોઈ કામ આવવાનાં નથી માટે બને તેટલી સેવા ભક્તિ કરી આત્મકલ્યાણ કરી લેવું આમ ઉપદેશ આપી દળવા માટે ઘઉં આપતા થકા આગળ વધે છે. ત્યાં એક ઘરની બાઈ બહુ જ વિચિત્ર સ્વભાવની હતી. પોતાનાં ભવા ચઢાવી ને મહારાજને કહેવા લાગી. ખબરદાર જો મારા ઘરમાં ઘઉં દળાવવા માટે પગ મૂક્યો છે તો ? તમારે અમારે કંઈ લેવા-દેવા નથી. બીજે ઘેર જાવ ત્યાં દળી આપશે.



કારણ કે તમને મેળવવા માટે તો લોકલજ્જાનો ત્યાગ કરી સગા વહાલાનાં સંબંધો તોડી નાંખ્યા છતાં પણ તમે કૃતધ્ની થયા. ત્યારે પ્રભુ હસતાં હસતા કહે છે કે અમો ક્યારેય કૃતધ્ની થયા નથી. તું તારા માતાનાં ઉદરમાં હતી ત્યારથી અમો તારું કામ કરતા આવ્યા છીએ. ગર્ભવાસનાની કરુણ યાતનાંમાંથી મુકાવનાર પણ અમે જ છીએ. અત્યારે પણ અંતર્યામીરૂપે તારા હૃદયમાં બેસી તારાં આત્માનું યમન-નિયમન કરનાર અમે જ છીએ. માટે લે આ વીશ શેર ઘઉં અને પ્રેમથી દળી આપ. તારા હાથથી દળેલ ઘઉંનો લોટનો ઉપયોગ ભગવાન, ભગવાનનાં સંતો-ભક્તો અને ભૂદેવોનાં અર્થે થતાં તારું કલ્યાણ થઈ જશે. આ રીતે મહારાજનાં શાસ્ત્રોક્ત અને પ્રેમભર્યા વચનો સાંભળી બાઈ દીનભાવથી ક્ષમાયાચના કરી ઘઉં દળવા લાગી. આમ મહારાજે જેતલપુરમાં મહારુદ્રયાગ પ્રસંગે અનેક મુમુક્ષુ જીવોની સેવા લઈ 'સેવા-ધર્મ'ને અદ્યપર્યતં જીવંત બનાવી દીધો.

## ૪૩. ગંગામાની દાળ અને ગાળ મીઠી લાગે

શ્રી સ્વામિનારાયણ ભગવાન અસલાલીથી જેતલપુર પધાર્યા. સાથે સંતો પાર્ષદો, કાઠી હરિભક્તો હતા. સ.ગુ. આનંદાનંદ સ્વામીએ મહારાજનું સ્વાગત કર્યું. ગંગારામ મુખી, આશજીભાઈ, દાજીભાઈ આદિ હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. શ્રીજી મહારાજ દેવસરોવરનાં કાંઠે વડનાં વૃક્ષ નીચે બિરાજમાન હતા. અને સંતો-હરિભક્તોની સાથે જ્ઞાનવાર્તામાં તલ્લીન હતા. સમય વીતી ગયો મધ્યાન્હ થયો. સૂર્યનારાયણ બરાબર તપ્યા છે. ઉનાળાનો સમય હતો. શ્રીજી મહારાજને જમાડવા માટે ગંગામાએ થાળ તૈયાર કર્યો. મહારાજનાં મનગમતા દાળભાત, લાડુ, શીરો, ભજીયાં, શાક વિગેરે રસોઈ તૈયાર કરીને ગંગામાએ દામોદર ભગતની સાથે સમાચાર મોકલ્યા. અને થાળ જમવા બોલાવા મોકલ્યા દામોદર ભક્તે ''ગંગામા થાળ જમવા બોલાવે છે'' એમ કહ્યું. મહારાજ વાર્તામાં મશગુલ હતા. કહ્યા પછી કલાકનો સમય થયો મહારાજ થાળ જમવા ન પધારતા ગંગામાએ દામોદર ભક્તને બીજીવાર બોલાવા મોકલ્યા. છતાં પણ મહારાજ ન પધાર્યા. બપોરનાં બે વાગવા આવ્યા છે. મહારાજ થાળ જમવા ન પધારે ત્યાં

સુધી સંતો-હરિભક્તોની પંકિત પણ ન થાય. ગરમ ગરમ રસોઈ જમાડવામાં પ્રખ્યાત ગંગામા જેઓ માથે સગડી રાખીને ગરમ ગરમ દાળ ભાત મહારાજને જમાડવા ગામોગામ વિચરણ કરતા, તેઓને રસોઈ ઠંડી થાય તે સહન ન થયું. અને મહારાજ ભૂખ્યા હોય તે તો સહન ન જ થાય. માતા-પુત્રનાં નાતાથી જોડાયેલા ગંગામા દોડતા દોડતા શ્વાસ ગળામાં રૂંધાતા રૂંધાતા ઉંચ સ્વરમાં આવીને સભામાં મહારાજને વાર્તા કરતાં બેઠેલા જોયા અને બોલ્યા.. તમને બે વાર બોલાવા મોકલ્યા તો ય ન આવ્યા. રસોઈ ત્રણવાર ગરમ કરી તોય ઠંડી થઈ જાય છે. તમને કોઈનોય ભાર ન હોય એ તો અમને ખબર છે. તમારી પાસે કલ્યાણનો ખપ છે એટલે કોઈ કંઈ ઉંચા અવાજે કહી શકતું નથી. તમે તમારું જ ધાર્યું કરવાનાં સ્વભાવવાળા છો. તમને છોડીને જવાનાં વિચારો આવે છે પણ ક્યાં જાવું ? કોઈ અમારો મોક્ષ કરે તેવું નથી માટે હરિકૃષ્ણ ! વારંવાર કહીએ છતાં થાળ જમવા કેમ પધારતાં નથી ? ગંગામાની પ્રેમ-કરુણા ભક્તિ સભર ઠપકાનાં રૂપમાં પ્રાર્થના સાંભળીને ગંગામાની ભક્તિને વશ મહાપ્રભુ જ્ઞાનવાર્તા છોડીને ગંગામાનો થાળ જમવા ઘરે પધાર્યા. થાળ જમાડતાં જમાડતાં હાથથી મીઠો પવન ઢોળતાં ગંગામા બોલ્યા મહારાજ તમને મે મીઠી ગાળ દીધી તો નારાજ તો થયા નથી ને ? મંદહાસ્ય કરતાં મહાપ્રભુ બોલ્યા : ગંગામા તમારી દાળ અને ગાળ મને મીઠી લાગે છે. તે જોવા હું મોડો આવ્યો.

## ૪૪. શ્રીહરિને જેતલપુરમાં પધારવા આમંત્રણ

શ્રી હરિની વાતમાં અનેક અર્થ રહ્યા હોય છે. જેવો અધિકારી હોય તે તે પ્રમાણે સમજીને વિચારે છે. શ્રી હરિની વાતનો જેવો અર્થ સમજે છે તેવું તેને ફળ મળે છે. શ્રી હરિનાં વચનોને અને ચરિત્રોને કલ્પતરૂ અને ચિંતામણિનાં જેવા કહ્યા છે. આખા જગતમાં તે વાત પ્રસિધ્ધ છે કે વ્રજની ગોપીઓ અને ગોવાળોએ શ્રી કૃષ્ણમાં જેવો ભાવ રાખ્યો હતો તેવું ફળ તેમને મળ્યું હતુ. પૂતના, તૃણાવર્ત અને કંસ અસુર હતા, રાવણ અને હિરણ્યકશ્યપૂ પણ અસુર હતા. તેમને જેવી ભાવના હતી તેવુ ફળ મળ્યુ હતું. શ્રી હરિએ આટલી વાત કરી તે સમયે ત્યાં જેતલપુરનાં



હરિભક્તો આવ્યા.

બધા પાટીદાર હરિભક્તો હતા. ફુલહાર અને શ્રીફળ લઈને આવ્યા હતા. શ્રીહરિને હાર પહેરાવીને શ્રીફળ ભેટ ધર્યા અને ચરણ કમળને છાતીમાં લીધા. ગંગાદાસ, આશાજી અને જીવણદાસ આદિ ઘણા પાટીદારો, આશારામ, ઉગ્રચંદ આદિક વિપ્રો, વાલાભાઈ આદિ ક્ષત્રિય ભક્તો અને સુતાર હરિભક્તો એ આદિક ઘણા ભક્તો દર્શન કરવા આવ્યા હતા. તેમાં પાટીદારો અને વિપ્રોએ શ્રીહરિની આગળ ઘણી વિનંતી કરીને કહ્યુ, મહારાજ ! અમારી પ્રાર્થના સાંભળો.

આવતી કાલે હુતાશની છે અને પરમદિવસે ફૂલદોલનો ઉત્સવ છે. તે આપ અમારે ગામ જેતલપુર આવીને કરો. અમને સેવાનો એટલો લાભ આપો. બધા સંતો અને હરિભક્તોને સાથે લઈને ઉમંગથી પધારો. અમને સહુને ઘણા દિવસનો ભાવ છે. તો હે નાથ ! તે અમારા ભાવને આપ પૂર્ણ કરો. વારે વારે આવો જોગ આવે નહિ. અમે બધું વિચારીને કહીયે છીએ. ગામનાં બધા પાટીદાર અને જે અમારા મુખી કહેવાય છે, તે સહુએ અમને આપને અહીં બોલાવવા મોકલ્યા છે. અને તેટલા માટે જ અમે આપને આગ્રહ કરીને કહીએ છીએ. ઉત્સવનાં ત્રણ દિવસનો બધો ખર્ચ તે પાટીદારો આપવાનાં છે. અનાજ, ઘાસ અને બળતણ માટેના લાકડાં, તેનો કોઈ પાર નથી. આપ ત્યાં આવશો, તેમ જાણીને બધું તૈયાર રાખ્યુ છે. જેતલપુર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનુ ગામ છે, ત્યાં આપ કેટલીએ વાર આવી ગયા છો. ગામમાં સ્વામીની જગ્યા (મંદિર જેવું સ્થાન) પણ છે. માટે આપ આ સમયે દયા કરો. તળાવને કાંઠે કિલ્લો છે, તેમાં બધા દરબારો આવીને ઉતરશે અને આપ મહોલમાં ઉતરજો.

તળાવ આખું ભર્યુ છે. સહું નાહી શકે તેવુ સારું છે, આપ નિર્ધાર કરીને હા કહો, એટલે અમે અત્યારે જ જેતલપુર જઈએ. ત્યારે શ્રીહરિએ કહ્યુ, જો ભાઈ, રામદાસ સ્વામી કહે તો હું તમારે ગામ આવું. અમારા વૃધ્ધ એ સ્વામી છે. તેઓ કહે તેમ અમારે રહેવાનુ છે. જો વૃધ્ધની આજ્ઞામાં રહીએ તો લોકો આપણી મશ્કરી ન કરે. વૃધ્ધની બધી ક્રિયા પ્રતિષ્ઠિત - આદરણીય હોય છે. અને અમને તે સર્વશ્રેષ્ઠ લાગે છે. આત્માનંદ સ્વામી અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને સ્થાને અમે એમને માનીએ છીએ. જ્યાં સુધી રામદાસ સ્વામી સત્સંગમાં બેઠા છે ત્યાં સુધી

અમને કોઇ બાબતમાં ઉદ્વેગ થતો નથી. વૃધ્ધ કહે તેમ કરીએ તો તેમાં સુખ થાય છે અને ન માનીએ તો દુઃખ આવે છે.

તે સાંભળીને હરિભક્તો હસવા લાગ્યા. આપનાથી કોઇ વધારે વૃધ્ધ હોય તેમ અમે દેખતા નથી. પ્રાચીન વેદો જેને કહે છે તે દ્વિજકુળમાં અત્યારે આપ પ્રકટ્યા છો. આપ સિવાય બીજા કોઇ આદિ વૃધ્ધ હોય તો આ વાતને અમે કોઇ જાણતા નથી. એટલે આપ કહો તેમ કરીએ. પછી હરિભક્તો ભાઇ રામદાસજી સ્વામી પાસે ગયા અને શ્રીહરિનું મંતવ્ય તેમને કહી સંભળાવ્યું. સ્વામી શ્રીહરિની રીત જાણતા અને દેશકાળની નીતિને પણ જાણતા હતા. છતાં તેઓ શ્રીહરિ પાસે આવ્યા. જો કે તે દાસનો ધર્મ પણ છે. શ્રીહરિની ઇચ્છા પૂછી લીધી અને તે શ્રીહરિનાં નેત્રનાં ઈશારામાં જ સમજી ગયા. પછી સ્વામીએ હરિભક્તોને કહ્યુ, તમારી સહુની ભાવના અજોડ છે. તેથી અમે બધા જેતલપુર ચોક્કસ આવીશુ.

તે હરિભક્તો ખૂબ જ ખુશી થયા અને બોલ્યા, આપે અમારા ઉપર મહાન કૃપા કરી છે. હવે અમે અમારે ગામ જઇએ છીએ. ત્યાં જઇને સહુને ખબર આપીએ. શ્રી હરિએ તે હરિભક્તોને ફુલહાર આપ્યા અને બીજાને પ્રસાદીનાં નાળિયેર આપ્યા. એક આશારામ વિપ્ર ત્યાં ગામડી રોકાયા. બીજા બધા હરિભક્તો ગયા. ગામમાં સહુને ખબર આપ્યા. બધા હરિભક્તો ખૂબ જ રાજી થયા. શ્રી હરિએ વિપ્ર આશારામને જોયા એટલે તેમને પૂછ્યું. તમે એકલાં શું વિચારીને રોકાયા છો ? ત્યારે તે વિપ્રે હાથ જોડીને કહ્યુ, પ્રભુ, આપ મારી વિનંતી સાંભળો, અમે આપને બોલાવવા માટે આવ્યા અને આપે અમારે ગામ આવવાનું વચન કહ્યુ. પછી આપને છોડીને અમે બધા જતા રહીએ, તે બોલાવવા આવવાની રીત નથી. હે સ્વામી, બહુનામી અમે તો આપનાં બાળક છીએ, છતાં અમે આવી રીત રાખી છે.

રીતને સમજ્યા વિના રસ-પ્રેમ ન રહે. અમૃતમય વાત પણ નીરસ થઇ જાય. રસમાત્ર અત્યારે આપમાં રહ્યા છે. આપને છોડીને બીજા બધા રસ તો નીરસ કહેવાય છે.આમ વિનોદ કરતા રાત ઘણી થઇ ગઇ, પછી જગદીશ્વર શ્રી હરિ પોઢી ગયા. બીજા બધા સંતો ધ્યાન કરવા લાગ્યા. જ્યારે સવાર થવા આવ્યું ત્યારે તત્કાળ સંતો નારાયણ ધૂન કરવા લાગ્યા પછી સંતો સ્નાન કરવા ગયા. શ્રી



હરિ પહેલા શૌચ (જંગલ) જઇ આવ્યા હતા અને પછી દાતણ કરીને નહાયા. દેવો અને ઋષિઓનાં અધિપતિ શ્રી હરિએ એક અનુપમ પિતાંબર પહેર્યું અને એક ઓઢી લીધુ. ચાખડીઓ પહેરીને પોતાને ઉતારે આવ્યા અને સુખદાયક સ્વયં પાટ ઉપર બેઠા.

વર્ણીએ પૂજાની બધી તૈયારી કરી. શ્રીહરિએ શાલગ્રામ અને બાલમુકુંદ લાલજીની પૂજા કરી. ધૂપ અને દીપ વગેરે કરીને પછી આરતી કરી. સ્વયં કુશળતાથી ભક્તરૂપ બની ગયા. નૈવેદ્ય અર્પણ કરીને તૈયાર થઇ ગયા. તેટલી વારમાં તો બધી સવારી આવી ગઇ. દરબાર સોમલા ખાચર હાથીને શણગારીને લાવ્યા હતા. તેના ઉપર સોનાની અંબાડી મૂકી હતી. શ્રી હરિ તે હાથીનાં ઉપર બેઠા. બધા સોનેરી વસ્ત્ર ધારણ કર્યા. અંગ ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યા અને મોતીનાં હાર ધાર્યા. મસ્તક ઉપરથી તોરા લટકતા મૂક્યા અને પાઘ ઉપર શિરપેચ બાંધ્યા. તેનાં ઉપર કલગી મૂકી. શ્રી હરિની છબી દર્શન કર્યા લાયક થઇ. ભુજાઓ ઉપર જડાઉં બાજું બાંધ્યા અને કાંડામાં જડાઉં કડાં પહેર્યા. લલાટમાં કેસરી તિલક કર્યું, તેથી તે ઝગમગ ઝગમગ ઝળકી રહ્યું હતુ. બીજા જેટલા હાથી હતા તેનાં ઉપર સંતોને બેસાડ્યા અને કેટલાંક સંતોને મ્યાનામાં, (મેનામાં), રથમાં અને સુખપાલમાં બેસાડ્યા.

## ૪૫. શ્રી હરિનું જેતલપુરમાં આગમન

શ્રી હરિ જેતલપુર જવા માટે ગામડીથી ચાલ્યા, વાજિંત્રો વાગતા હતા. ચોપદારો નેકી પોકારતા હતા. અને બંદુકોનાં અવાજ પણ થતા હતા.આકાશ ગાજવા લાગ્યુ. તેના ધ્વનિથી ત્રિલોકમાં બધે ખબર પહોંચ્યા. તેથી ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર આદિ દેવતા પોતાનાં વિમાનોમાં બેસી ત્યા આવ્યા. પાતાળમાં રહેતા શેષજી તેમની સાથે રહેતા બધા દેવો અને દેવીઓ તથા બલિરાજા પોતાના સૈન્યની સાથે સૌ સૌનાં વાહનોમાં બેસીને આવ્યા.આકાશમાં અને ભૂમિ ઉપર ક્યાય દેવતાઓ સમાતા નહિ, એટલા બધા આવ્યા. શ્રી હરિનાં દર્શન કરીને સહુને અથાગ આનંદ થયો.

**અલૌકિકતા :**

ભૂમિથી લઈને આકાશ સુધી દેવતાઓની બધી સવારી ઉપરાઉપર થઈ ગઈ હતી. તેમાં શ્રીહરિનું સ્વરૂપ સહુથી વધારે સોહામણું લાગતું હતુ.

જેટલી સવારી હતી તેટલાં સ્વરૂપ શ્રીહરિએ ધાર્યા હતા. અને તેવાં રૂપમાં જેતલપુર પધાર્યા. જેતલપુર વાસી બધા જ લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુનાં હાથમાં વિવિધ ફુલહાર હતા. તે તે સમયે સહુ શ્રી હરિને પહેરાવવા લાગ્યા. ભૂમિ ઉપર શ્રી હરિની જે મૂર્તિ હતી તેની પૂજા લોકો કરતા હતા. એમ શ્રી હરિની મૂર્તિ ની પૂજા જે ભૂમિ ઉપર થાતી હતી તેનાથી બધીજ મૂર્તિઓની પૂજા પણ થાતી હતી. એવો પ્રતાપ શ્રી હરિએ દેખાડ્યો. તેનાથી બધા જ લોકોને ઘણો જ આનંદ થયો. આવી બાબતમાં શ્રી હરિને કાંઈ આશ્ચર્ય થાતું નહિ, કારણકે આવાં ચરિત્રો તો અનંત કર્યા છે. ગુપચુપ વાતો તો દબાવી રાખતા હતા. છતાં ક્યાંક ભૂલથી દેખાઈ જતી હતી. આવું સ્વરૂપ મનુષ્યોને માટે તો આશ્ચર્યરુપ હતું. શ્રી હરિનું અલૌકિક અને અનુપમ સામર્થ્ય દેખાતું હતું. આસુરી લોકો આવો પ્રતાપ દેખતા હતા છતાં તેમનુ પાપ ટળતું ન હતુ.

આંધળા, બહેરા, પાંગળા અને મુંગા એવાં વિકલાંગોને સત્સંગ થાતો અને શ્રીહરિનાં સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરતા અને તેનાં પ્રતાપથી તેવા બધા અક્ષર ધામને પામ્યા પણ સર્વાંગ સંપૂર્ણ શરીર વાળાને સત્સંગ થાતો નહિ, કારણકે શ્રીહરિની બાબત તો ઘણી ઉંચી (ઉત્તુંગ) અને આશ્ચર્યકારી છે. કેટલાક તો ભાગવત આદિ સચ્છાસ્ત્રોને ભણેલા હતા છતાં તે જડ લોકોને સત્સંગ થયો નહિ. મથુરાનાં યાજ્ઞિક વિપ્રોની (ઋષિઓની) પત્નીને સત્સંગ સમજાયો પણ તે ઋષિઓનો કુસંગ ટળ્યો નહિ. તેઓ વેદોને અને પુરાણોને ભણ્યા હતા, છતાં તે કાંઈ કામ લાગ્યુ નહી. તેઓ તો પગ હોવા છતાં અપંગ રહ્યા.જે સ્ત્રી, પુરુષો અભણ હોય છે તેને અપંગ કહેવાય. પણ તેમને સત્સંગ થયો તે ઘણી આશ્ચર્યભરી બાબત છે. જેને સત્સંગ થાય છે તેમને માટે વેદો અને પુરાણો વગેરે બધુ છે, પણ જેને સત્સંગ થાતો નથી, તેને માટે કોઈ શાસ્ત્ર નથી.

વેદો, પુરાણો અને અનંત શાસ્ત્રો, એ બધા સત્સંગ કરવા માટેનાં ઉપકારક છે. પણ જે લોકો સત્સંગથી વિપરીત ચાલે છે તેમને માટે તે વેદાદિ શાસ્ત્રોનું કાંઈ



જ પ્રયોજન નથી હોતુ. જે વેદાદિશાસ્ત્રોને ભણ્યા હોવા છતાં સત્સંગ નથી કરતા તેને તે બધા શાસ્ત્રો પેટ ભરવાનું સાધનમાત્ર છે. જેને સત્સંગ થયો છે તે લોકો જ ધન્ય ભાગ્યશાળી છે અને એટલાં જ લોકો સાચા અર્થમાં મનુષ્ય છે. જે લોકોને સત્સંગ ઉપર ભાવ નથી, માનો તેને મનુષ્યનું શરીર મળ્યુ જ નથી. ભગવાનનાં ભક્તોનો જે મત છે, તે મેં અહીંયા કહી બતાવ્યો છે.

શ્રી હરિની આવી સુંદર સવારી જોઈને બધા લોકોને ઘણું જ આશ્ચર્ય થયુ. શ્રી હરિ જેતલપુરને ઉગમણે દરવાજે આવ્યા ત્યાં ગામનાં લોકોનો કોઈ પાર ન હતો. અપાર વાજિંત્રો વાગતા હતા અને પુષ્કળ ગુલાલ ઉડાડતા હતા. શ્રી હરિ જ્યારે ગામમાં પધાર્યા ત્યારે બધી બજારોને વિચિત્ર રીતે શણગારી હતી. ફળ સાથેનાં કેળનાં સ્તંભ બજારમાં રોપીને સુંદર શોભા કરી હતી. બજાર કાંઠે મકાનો હતા તેમાં જે દુકાનો હતી તેનાં જેટલા દરવાજા હતા તે બધાને વિચિત્ર રીતે શણગાર્યા હતા. દરવાજામાં પંચરંગી અને વિવિધ પ્રકારનાં મોતીનાં તોરણ બાંધ્યા હતા. વિચિત્ર પ્રકારનાં શણગારેલા સોનાનાં કળશ સ્થાપ્યા હતા. અને તેને અત્યંત સુંગધી પુષ્પોનાં હાર પહેરાવ્યા હતા. દુકાનોમાં બિલોરી કાચનાં ઝાડ બાંધ્યા હતા. અને તે બિલોરી ઝાડ તો દરેક મકાનમાં બાંધ્યા હતા. જેને જેવી ભાવના હતી તે પ્રમાણે તેણે શોભા-સજાવટ કરી હતી. શ્રી હરિ બજારમાં ચાલ્યા આવતા અને દયા કરીને લોકોને દર્શન આપતા હતા. લોકો ફુલહાર લાવીને માનો તેનો વરસાદ કરતા હતા. અને દેવતાઓ પણ ફુલ અને ઘણી ભાતનાં કેસર ચંદનની ઝડી વરસાવતા હતા. તે વખતે ત્યાં કેસર ચંદન અને ગુલાલનો તો કીચડ થઈ ગયો હતો. ધર્મનાં લાલ શ્રીહરિ પધારતા હતા તેથી ગામનાં બધા દેવતા પણ વિચિત્ર થઈ ગયા હતા. અપાર દેવાંગનાઓ આકાશમાં રહીને જ નાચ કરતી હતી. તેણે બધી જાતનાં શણગાર પહેર્યા હતા અને પગનાં ઘૂઘરાં વાગી રહ્યા હતા. ગામની જે સ્ત્રીઓ હતી તે બધી થાળમાં મોતી ભરી ભરીને મકાનનાં માળ ઉપર ચડીને શ્રીહરિને વધાવવા માટે ઉભી હતી. ઘનશ્યામ શ્રીહરિ જ્યારે નજીક આવતા હતા ત્યારે તેમને વધાવીને પૂર્ણ કામ થાતી હતી, જેનાં મનમાં જેવાં મનોરથ હોય તેને શ્રીહરિ પૂર્ણ કરતા હતા.

બહુનામી શ્રીહરિ ભક્તોનાં મનોરથોને પૂર્ણ કરતા કરતા. ગામ બહાર નીકળી ગયા. ગામનાં પશ્ચિમ દરવાજા આગળ સંતોનું મંદિર હતું, ત્યાં બજારથી

થોડે દક્ષિણ તરફનાં ભાગે હાથીને ઉભો રખાવ્યો. તે સ્થળ જોઇને શ્રીહરિ મનમાં ઘણું રાજી થયા. પછી ઘણી સરસ રીતે પોતે બોલ્યા કે ભવિષ્યમાં કોઇ સમયે આ જમીનને જેટલી કરવી હોય તેટલી થઇ શકે છે. આ જગ્યા ઘણી જ પવિત્ર છે અને મને તે તેજોમય દેખાય છે. આટલું બોલીને શ્રીહરિ ચાલતા થયા. આગળનાં ભાગમાં વિશાળ કોટ દેખાયો. તે ઘણો જ આકાશમાં ઉંચો હતો. ચારે બાજુ મજબુત બુરજ હતા. તેમાં ઘણી વિચિત્ર રીતે શોભા કરી હતી. દ્વારમાં પેસતાં જ આગળ એક વાવ હતી. તેનાં ઉપર ચાલતા ખૂબ જ જાળવવું પડતું હતું. તે ચાલી જાણી જોઇને વિકટ કરી હતી. કોઇ દિવસ શત્રુ તેમાં પ્રવેશી શકે નહિ તેવો આશય હતો. કાંગરાઓથી કોટ સુંદર લાગતો હતો. ઉપરનાં તે કાંગરા માનો કોઇ રાજાનું સૈન્ય ઉભુ ન હોય ! તેમ જણાતા હતા.

શ્રીહરિએ તે બધું જોયુ અને પછી મહોલમાં આવ્યા. મહોલ દેખીને રાજી થયા અને તેમાં જ ઉતારો રાખ્યો. મહોલની ત્રણે દિશાઓમાં સંતો ઉતર્યા. ઉત્તરનાં તરફનાં ભાગમાં તો સારું તળાવ હતું. તે સંપૂર્ણ પાણીથી ભરેલુ હતું. શ્રી હરિ મહોલની ઉપર ચઢ્યા. જ્યાં છત્રી હતી ત્યાં સુધી ગયા. દરબારોનો બધો જ સમાજ પણ શ્રી હરિની સાથે જ ચઢ્યો. ત્યાંથી આખું ગામ દેખ્યું. બધુ વન જોયુ. પશ્ચિમ તરફની ફૂલવાડી દેખી જ્યારે દિવસ ચાર ઘડી (૧:૩૬ કલાકે) ચઢ્યો હતો ત્યારે શ્રી હરિ ત્યાં આવ્યા હતા.

## ૪૯. ભવ્ય સામૈયા બાદ સત્સંગ

શ્રી હરિ છત્રી ઉપર સંતોની આગળ સભા ભરીને બેઠા. પછી સંતોએ વાજીંત્રોની સાથે વસંતનાં અને હોરીનાં પદ ગાયા. મહોલની અગાસી ઉપર ચંદની ખેંચીને સરસ છાંયો કર્યો હતો. બિલોરી કાચનાં ઝાડ તેમાં લટકાવ્યા હતા. તેનાથી ઘણી અદ્ભુત શોભા થઇ હતી. પાટીદારોએ બધી સવારીને કોટમાં ઉતારો કરાવ્યો. તેને માટે તંબુ તણાવી દીધા હતા. એટલે તેની શોભા તો વિચિત્ર બની હતી. સંતોને માટેની રસોઇ ગામનાં મંદિરમાં તૈયાર કરાવી હતી. પ્રેમથી ઘણા પકવાન કર્યા હતા. શ્રીહરિને માટેની રસોઇ પણ ત્યાં કરી હતી.

શ્રી હરિ માટેની રસોઇ જ્યારે તૈયાર થઇ ત્યારે બ્રહ્મચારી બોલાવવા આવ્યા. તે બ્રહ્મચારીને જોયા એટલે તુરંત પ્રાણ આધાર શ્રીહરિ ઉઠ્યા. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. બધા સંતોને સાથે બોલાવી લીધા. આગળ વાજિંત્રો વાગતા હતા. ચોપદાર હાથમાં સોનેરી છડી લઇને આગળ આગળ ''જય જય'' ''જય જય''નો ઉચ્ચાર કરતા હતા. રંગભીના શ્રીહરિ રંગમાં રસબસ થઇ ગયા હતા બધા જ વસ્ત્રો રંગાઇ ગયા હતા. તે સમયે ઝાંઝ અને મૃદંગ બજાવીને સંતો ધુમારનાં પદ બોલતા ચાલ્યા આવતા હતા. ધર્મનાં લાલ શ્રીહરિએ ઝોળીમાં ગુલાલ લીધો હતો અને તેને ઉડાડતા ચાલ્યા આવતા હતા. સંતો હોરી હે !!! હોરી હે !!! એવી વાણી બોલતા હતા. પાણીમાં તૈયાર કરેલો કેસરી રંગ ખૂબ જ ઉડાડતા હતા. જેતલપુર ગામથી લઇને મહોલ સુધી રસ્તામાં કેળનાં ઝાડ બંને બાજુ લગાવી દીધા હતા. કેળનાં ઝાડની વચ્ચે વચ્ચે ફળ સાથેની નાળિયેરીઓ પણ રોપેલી હતી. તે ઘણી સુંદર લાગતી હતી. ઝાડ ઉપર બેઠેલા મોર, પોપટ અને કોયલોનાં સમુહો કલરવ કરતા હતા. પંખીઓ શ્રી હરિને દેખીને ખુશખુશાલ થઇ ગયા અને પોતાની જાતિનાં વિવિધ શબ્દોને બોલવા લાગ્યા. તે સાંભળીને ભગવાન શ્રીહરિએ ભાઇ રામદાસજી સ્વામીને કહ્યુ આ બધા પંખીડાઓનું કલ્યાણ થાશે.

**સંત દર્શનનું ફળ :**

કારણ કે બધા ભાવનાથી સંતોનાં દર્શન કરે છે. માનો કે કોઇ ધામનાં મુક્તો આવ્યા ન હોય ! અમે મનમાં એમ જાણીએ છીએ કે અત્યારે અહીયાં મુક્તો સિવાય બીજુ કોઇ આવે જ નહિ. અમે સંતોનાં ઉપર જે ગુલાલ નાંખીએ છીએ તે બીજા કોઇ પશુ, પંખી કે વૃક્ષોનાં અંગ ઉપર પડશે, તેથી તેઓ બીજા જન્મમાં દેવનાં શરીરને પામશે. પછી તેઓ કાળાંતરમાં મનુષ્ય દેહને પામશે અને સત્સંગ કરશે. સંતોનાં દર્શનનો આવો પ્રતાપ છે તે હું જાણું છું.

ત્યારે ભાઇ રામદાસજી સ્વામીએ બે હાથ જોડીને કહ્યુ, મહારાજ ! તે તો આપ આવીને પ્રકટ થયા છો તેનો બધો પ્રતાપ છે. આપ પ્રગટ થયા છો તેથી શું ન થાય ? જેવો સંકલ્પ કરો તેવું બધું થાય. જ્યારથી આપ આવીને અમને મળ્યા છો ત્યારથી તે બધુ હું ચોક્કસ જાણું છું શ્રીહરિ આ પ્રમાણે વિનોદની વાતો પ્રેમથી કરતા કરતા સંતોના મંદિરમાં આવ્યા. ત્યાં જે વિપ્રો રસોઇ બનાવતા હતા તેમને પોતે દર્શન આપ્યા. તે વિપ્રોને બોલાવ્યા અને પ્રત્યેકને એક એક ફુલહાર આપ્યો

અને તેમને રાજી કર્યા. અમારા દર્શનનો લોભ રાખ્યા વિના જ જે તમે બધા સંતો માટે રસોઈ બનાવો છો તે સેવાનું ફળ તો દર્શન કરતા પણ ભારે છે. તેમાં લગારેક પણ ખોટું નથી. દર્શન કરવા માટે તો લોકો કરોડો ભેળા મળે છે, પણ રસોઈ બનાવીને સંતોને જમાડનારા તો બહુ થોડા હોય છે. રસોઈ આપનારા લોકો તો હજારો મળે, પણ રસોઈ બનાવનારા ધાર્યા મળતા નથી. માટે રસોઈ તૈયાર કરીને આવા સંતોને જમાડજો. તેમાં તો કરોડો યજ્ઞ કરવાનું ફળ રહ્યુ છે. જ્યાં આવા સંતો હોય એમને ઓળખવા. ઠેર ઠેર આવા સંતો મળતા નથી. કાયમ ભેળા રહેવાથી મહિમા ઓછો થઈ જાય છે.

**સંપ રાખવા વિશે :**

જ્યાં પરસ્પર એકબીજાને કાંઈ અપેક્ષા રહેતી ન હોય ત્યાં સાથે રહે તો પણ હેત રહે છે. કોઈ એકની પૂજા ઘણા ભાવથી કરે અને બીજાની પૂજા સહજ સ્વભાવે સામાન્ય રૂપમાં કરે, છતાં તેમાં જો પરસ્પર કોઈને દ્વેષ ન થાય , અભાવ ન આવે અને મનથી અત્યંત પ્રસન્ન રહે, તો તેવા સાધુને સંત શિરોમણી જાણવા. જે અપમાન થાય તો પણ પ્રસન્ન રહે, જે આત્માનુભવને લીધે આંતરિક સુખી હોય તેનો રંગ કાયમ એક સરખો રહે છે. જે બહારનાં સુખથી સુખી કહેવાતા હોય તેઓ તો અત્યંત દુઃખિયા હોય છે એમ હું માનું છું.

જે કોઈ મોટા સંત બાહ્ય સુખથી સુખી જણાતા હોય તો પણ તે સુખી નથી. આખા બ્રહ્માંડનું બાહ્ય સુખ મળે તો પણ તે અત્યંત દુઃખી જ રહેવાના. બીજાનું જે સુખ, બહારનું જે સુખ, ચાહતો હોય તેને સુખનો માર્ગ જ મળ્યો નથી. પાયા વિનાનું મકાન કદાચ સોનાનું હોય તો એ શું ? તેમાં ક્ષણે ક્ષણે ભય રહેવાનો જ. પાયા વિનાની મહેલાત કદાચ સ્ફટિક મણિની હોય તો એ શું? જેને જીવવાનો લોભ હોય તે કોઈ તેને ચાહે નહિ. જે સાચા સંત હોય અને તેને આખા બ્રહ્માંડની પ્રતિષ્ઠા, માન મોટાઈ મળે તો પણ તે તેને ન ચાહે. તેના ચિત્તમાં ઉલટું દુઃખ થાય, રુંવાડે રુંવાડે કરોડો વીંછીની વેદના થાય.

શ્રી હરિ આટલી વાત કહીને રસોઈ જમવા માટે પધાર્યા અને સંતોને કહ્યુ મેં જે વાત કહી છે તેનો વિચાર કરજો. કોઈ બાબત કાચી રહેવા દેવી નથી. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં ભક્તોનાં અંતઃકરણને ખેંચનારા પરમ દયાળુ



શ્રીહરિ આવ્યા. જળથી સ્નાન કર્યુ અને કૃપાળુએ અંગને લૂછીને કોરું કર્યુ. શરીરને કોરું કરીને એક પીતાંબર પહેર્યુ. અને બીજું ઓઢ્યુ. ચાખડીઓ પહેરીને આવ્યા. પછી બાજોઠ ઉપર બેઠા ત્યારે બ્રહ્મચારી ભોજન લઈને આવ્યા. થાળ ભરીને પકવાન લાવ્યા હતા. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ જમવા લાગ્યા. ભક્તોને જેવો ભાવ હતો તે પ્રમાણે સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ જમ્યા. તે દિવસે ગંગાદાસની રસોઈ હતી. શ્રીહરિ જે પકવાન જમ્યા હતા, તે પ્રસાદી ગંગાદાસને આપી. બરફી, પેંડા, પતાસા, એ બધા ભોજન શ્રીહરિ જમ્યા. શાકભાજી અને ફરસાણ વગેરે જે કાંઈ કર્યુ હતું તે બધું શ્રીહરિ જમ્યા. જ્યારે બધા ભોજન જમી લીધા ત્યારે શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. હાથ લૂછીને મુખવાસ લીધો.

પછી અતિશય પ્રસન્ન થતાં શ્રીહરિ ઉઠ્યા. રંગોળી પૂરીને સુંદર ચોકને સજાવ્યો હતો. કેળનાં સ્તંભ રોપાવીને બાગ બનાવ્યો. એક એક ચોખંડાં ભાગમાં એક એક મુનિને પાટલા ઉપર બેસાડ્યા. બાજુમાં એક પાટ ઢાળીને તેનાં ઉપર શ્રીહરિને બેસાડ્યા. પછી ભક્તો પૂજાનો બધો ભારે સામાન લઈ આવ્યા. પટેલ ગંગાદાસ અને તેમનો બધો પરિવાર શ્રીહરિની પૂજા કરવા આવ્યો. સહુનાં હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિનાં અંગ ઉપર ઘણા જ પ્રેમભાવથી ચરચ્યુ. પછી જ્યારે ફુલનો હાર પહેરાવ્યો ત્યારે મૂર્તિ ફુલોમાં ગરકાવ થઈ ગઈ હતી. માનો ફુલ(ની મૂર્તિ)થી ભરપૂર મૂર્તિ, માનો ફુલોનાં બાગમાંથી આવી હોય. શ્રીહરિએ તેવાં દર્શન સંતોને વારંવાર કરાવ્યા. સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાં થાળ ભરીને લાવ્યા હતા. પછી તે ભક્તોએ શ્રીહરિને મોતીથી વારંવાર વધાવ્યા.

## ૪૭. ગ્રામજનોનો શ્રીહરિ તથા સંતો પ્રત્યેનો મહિમા

શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુની આરતી કપૂરથી કરી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. અને ''જય''''જય'' નો ધ્વનિ કરતા હતા. પછી ગંગાદાસ ભક્તે બે હાથ જોડી પ્રાર્થના સ્તુતિ કરતા કહ્યુ, દોરડાં ઉપર ચાલતા નટની જેમ મારું મન

આપની મૂર્તિમાં એકાગ્ર રહે અને તે મૂર્તિ સિવાય અન્ય કોઈ સ્થળે ન રહે.

**પ્રાર્થના :**

સારમાં સાર આપની મૂર્તિ છે. તેમાં મારું ચિત્ત લાગ્યુ રહે. આપનાં સ્વરૂપ વિના અન્ય કોઈ વસ્તુમાં મને સાર ન જણાય. આવો વર હું વારંવાર આપની પાસે માંગુ છું. આપણા સત્સંગમાં સંતો અને હરિભક્તો અપાર છે. તે બધા દિવ્ય છે. દુર્વાસાનાં શાપને કારણે બધા મનુષ્ય થયા છે. મને સંતોમાં અને હરિભક્તોમાં મનુષ્યભાવ ન થાય. મનુષ્યનો એક એવો સ્વભાવ છે કે તે મુક્તસ્થિતિમાં વર્તતા હોય તો પણ માનવભાવ આવી જાય છે.

સંતોનો કે હરિભક્તોનો મનુષ્ય સ્વભાવ જોઈને મારા મનમાં ક્યારેય ભ્રાંતિ થાય નહિ. મને હંમેશા દિવ્ય ભાવ જ રહે, એ વરને હું માંગુ છું. આપણાં આ સત્સંગ સિવાય કદાચ કોઈ અન્ય પરમેશ્વર જેવો થઈને આવે, મરેલાને જિવાડે, મનમાની માયા-ધન આપે, તો પણ તે જીવનું નુકશાન કરનારો મનાય પણ પરમેશ્વર ન મનાય. કદાચ તે વધારે વધારે પ્રતાપ દેખાડે તો પણ મને તે કાળનેમિ જેવો અસુર દેખાય. આ સત્સંગથી વિમુખ કરે તેવો કોઈ ઈશ્વર હોય તોય હું તેનું મુખ ન દેખું.

હે પ્રભું, હું આપનાં ભક્તોનો દાસ થઈને રહુ, એવું વરદાન આપો. હરિભક્તોની સાથે ક્યારેય લેણદેણનાં પ્રસંગ આવે, તો પણ મને તેમાં વધારે પ્રેમ રહે. લેણદેણનાં વ્યવહારમાં ક્યારેક અવગુણ અભાવ આવી જાય તો તે પિતા અથવા પુત્રનું માથું કપાવે છે. ધનનાં લોભનું કામ જ એવું છે ને ?

ધનના લોભથી કે પક્ષથી પરમેશ્વરનો પણ અવગુણ અભાવ આવે. જ્યારે મનુષ્ય ધનનાં લોભમાં આવી જાય છે ત્યારે પરમેશ્વરનો પક્ષ પણ રહેતો નથી. આ લોક માયિક છે અને દેહ પણ માયિક છે. જ્યાં સુધી જીવ તેમાં રહે છે ત્યાં સુધી ભલે આ બધું મિથ્યા હોય, તો પણ જીવને તેનો પક્ષ રહે છે અને સહેજે જ તે માયાનાં ઢાળમાં ઢળી જાય છે. પરમેશ્વર, સંતો અને હરિભક્તો જ્યારે મનુષ્ય ભાવે વરતે (નરનાટ્યને ખેલે) ત્યારે જેવા વાજાં વાગતા હોય તેવા તાલ મેળ કરી લે છે. ''આ યોગ્ય છે અને આ અયોગ્ય છે'' પરમેશ્વરમાં એવો કોઈ બાધ નથી. આકાશનાં જેવી નિર્બાધતા પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. જીવમાં તો જે જેટલો શુદ્ધ રહી શકે, તેટલો તે નિર્બાધ છે. અને જેટલો જે અશુદ્ધ થઈ જાય છે



તેટલો તેમાં બાધ આવે છે. વર્ણનાં અને આશ્રમનાં જે ધર્મ છે તે તો યુગને અનુસારે હોય છે. તેનાં મર્મને હું જાણતો નથી. આપની જેવી ઈચ્છા હોય તેમ કરું છું. જે વર્ણાશ્રમનાં ધર્મથી બહાર છે તેઓ તો તેમનાં મતને અનુસારે વર્તે છે. કેટલાએ મત વર્ણાશ્રમથી બહાર છે તેથી તેમનું વર્તન વિપરીત હોય છે.

દરેક પોત પોતાનાં મંતવ્યને શુદ્ધ માનતા હોય છે અને બીજાનાં મંતવ્યને અશુદ્ધ કહેતા હોય છે. પણ મારી બુધ્ધિ એવી ક્યારેય ન થાય. હું બે હાથ જોડીને આપની પાસે તે માંગુ છું. ‘જે શુદ્ધ વર્ણાશ્રમનાં આચાર ધર્મ છે તેમાં હું રહું પણ બીજાનાં સંગથી મારી બુધ્ધિ ચલિત ન થાય . બહાર અને આંતરિક બધી રીતે મને એક સરખો સત્સંગનો રંગ રહે’. તે સમયે શ્રીહરિએ હસીને ગંગાદાસ પટેલને વર આપ્યો અને કહ્યુ, તમે ઘણું માગી લીધું. માંગવામાં ઘણા પ્રવિણ છો. શ્રી હરિ કહે, અત્યારે સત્સંગ સિવાય જગતમાં ધર્મ તો કહેવા માત્રનો રહ્યો છે. કયા વર્ણ અને ક્યાં આશ્રમ ?તે ધર્મો ઉપરથી દેખાવમાત્રનાં રહ્યા છે. અરે, ઉપરથી ધર્મ રહે તો પણ તે સારુ છે. તેનાથી તેનો વ્યવહાર ભ્રષ્ટ થતો નથી. ધર્મની બાબતમાં સ્મૃતિએ કહ્યુ છે કે ઉપરથી ધર્મ પાળતો હોય તો તેમાં અંદરથી ધર્મ આવી શકે છે અને જે લોકો વર્ણાશ્રમની બહાર વર્તનવાળા છે, તેમને તો એક પોતાનાં મતને સ્થાપવાનું જ તાન રહે છે. શુધ્ધ નીતિની વાતને કહી દેખાડે અને તે વાતોને બીજાની બુધ્ધિમાં ઉતારી દે. નીતિ દેખીને લોકો તેનો વિશ્વાસ કરવા લાગે, પછી તેમાં પોતાનાં મતનો પાસ (અસર-સ્પર્શ) બેસાડી દે છે. મનુષ્યનું હૃદય તો સફેદ કપડાં જેવુ છે. જેનાં પાસ-સ્પર્શ સંસર્ગમાં રહે, તેવું થઈ જાય. બીજા બધા તેનાં પાસ-સંસર્ગથી બદલાઈ જાય. સફેદ કપડાંમાં ગળી નાખી હોય તે તરત બદલાઈ નહિ. વર્ણાશ્રમનાં મત સિવાયનાં બીજા મત તો ગળીનાં પાસ જેવાં છે તેને બીજા પાસ લાગતા નથી.

જે સોનાનાં જેવા જીવ હોય છે તેનો રંગ બદલાતો નથી. ભલે ઘાટ બદલાઈ જાય પણ સુવર્ણની જાતિ બદલાતી નથી. કાટ વગરનાં લોઢાને જો પારસમણિનો જોગ થાય તો તે લોઢાનું કાંચન થઈ જાય છે. ચિંતામણિને તેનાં જોગનો મેળ રહેતો નથી. તે તો ચિંતવવા માત્રથી જ ફળની સિધ્ધિ થાય છે. જે વગર ચિંતવ્યે તો કદાચ સફળ ન પણ થાય. જે બાવના ચંદન છે તે મલયાચળમાં થાય છે તેનો પવન આકડાને, ખાખરાને, ચાહે તેને લાગે, તે ચંદનનાં જેવું થઈ જાય છે, પણ તે બાવના

ચંદનની અસર પથ્થરને કાંઇ થાતી નથી. પથ્થર તો જેવો હોય તેવો જ રહે છે.

અસલ જે મલયાગર ચંદન છે તેનો ગુણ તો અતિશય શીતળતા છે. આગનાં જેટલી તપાવેલી તેલની કડાઇ હોય અને તેમાં જો થોડું જ મલયાગર ચંદન પડે તો બધું જ તેલ અત્યંત ઠંડું થઇ જાય.

**શ્રીજી-સંતો ચિંતામણિ તુલ્ય :**

મલયાગર ચંદનનું જ્યાં ઝાડ હોય, તેને જો તીખી ધારવાળો કુહાડો મારીને કાપવાની કોશિશ કરવામાં આવે તો તે કુહાડાની ધાર જ બુઠ્ઠી થઇ જાય છે, પણ ઝાડ કપાતું નથી, એવી તેમાં શીતળતા રહી છે. પારસમણિ અને મલયાગર ચંદનને ઠેકાણે સાચા સંતની રીત કહી છે અને ચિંતામણિ તથા કલ્પવૃક્ષને સમાન તો ભગવાનનાં અવતારની રીત અનેક રીતે જણાવી છે. અવતારોમાં ચમકનો ગુણ રહ્યો છે. લોઢાનાં જેવાં સામાન્ય જનો ભગવાનનાં અવતારોમાં ખેંચાય છે. લોઢું અચેતન હોવા છતાં તેમાં ચમકનો ગુણ તેનાં જોગથી આવે છે. બાવના ચંદન અને ચમકનાં જેવાં ગુણો ભગવાનનાં અવતારોમાં રહ્યા છે. એક નિશ્ચિત સિધ્ધાંત છે કે કાર્ય કરતા તેનાં કારણમાં સામર્થ્ય વધારે રહ્યુ હોય છે.

દ્દષ્ટાંતને સિધ્ધાંતની સાથે મેળ તે રીતે કરવામાં આવે છે કે ભગવાનમાં કલ્યાણકારી ગુણો અને સામર્થ્ય અનંત અને અપાર રહ્યુ છે. તે દ્દષ્ટાંત આપીને સમજાવ્યા સિવાય ''ભગવાનમાં આવું સામર્થ્ય રહ્યુ છે.'' એમ કહી મનમાં બંધ બેસે નહિ. શ્રીહરિએ આટલી વાત કહી પછી ગંગાદાસ પટેલે સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા પછી સહુ સંતોને એક એક વસ્ત્ર ઓઢાડ્યુ.

પૂજા થઇ ગયા પછી શ્રીહરિએ પકવાન લીધા. ભોજનનાં વખાણ કરતા કરતા સંતોની પંગતમાં પીરસવા લાગ્યા. શ્રીહરિ એમ બોલ્યા કે આવા એક સંતને જો કોઇ પૂજ્ય ભાવથી જમાડે છે તો તેને અનેક યજ્ઞોનું ફળ મળે છે એમ અમે સંતોનો મહિમા જાણીએ છીએ. પછી શ્રી હરિ ''વાસુદેવ હરે''!!! એમ બોલ્યા. સંતો, દરબારો અને પાર્ષદો સહુ જમવા લાગ્યા.



## ૪૮. પનિહારીઓનું ગર્વદમન

શ્રીહરિ સંતોને ઘણા હેતથી પીરસતા હતા. ''એક ભગવાન મને મળે''. આવો સંકલ્પ રાખીને કોઇ જપ, તપ અને વ્રતોને કરે છે છતાં ભગવાન મળતા નથી. તીર્થયાત્રા કરે છે તો પણ એને ભગવાન મળતા નથી.

**ભગવાનની દુર્લભતા :**

કરોડો યુગ સુધી જપ, તપ અને તીર્થયાત્રા કરે , સુદઢ બ્રહ્મચર્ય પાળે, તો પણ ભગવાનને મેળવવાનો સંકલ્પ થાતો નથી. પહેલા તો ભગવાનના જે સંતો છે તે કૃપા કરીને ભગવાનને મેળવાવે છે. સંતોમાં જો અત્યંત પૂજ્ય બુધ્ધિ હોય તો પ્રથમ તે સંતો મળે છે. અને તે પછી સ્વયં ભગવાન ભક્તવત્સલતાથી મળે છે. પરમેશ્વર આટલા બધા દુર્લભ છે. તો પણ એ ભગવાન જ્યારે સુલભ થાય છે, પ્રકટ થાય છે, ત્યારે મનાતું નથી. જેને ભગવાન મનાય છે તેનાં પુણ્યનો કોઇ પાર નથી. ભગવાન ઓળખાયા તે પછી તેનાથી કાંઇ વિશેષ જાણવાનું બાકી રહેતું નથી. ભગવાન મળ્યા પછી પણ જેને બીજામાં અધિક ભાવ રહેતો હોય, તો ભગવાન અને સંતો તેને માટે દોડા કરતા નથી.

ચિંતામણી મળ્યા પછી પણ જો કોઇને કાચનાં ટુકડાનો મોહ રહેતો હોય, તો તેને કંઇ સમજણ નથી, એમ જાણવું. ભગવાન મળ્યા એટલે અક્ષરધામ પર્યંત બધુ મળી ગયું જ છે. આવી બધી વાતો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પોતાની સમક્ષ બેઠેલા હરિભક્તોને કરી હતી. હરિભક્તો પણ ઘણા જ ઉલ્લાસથી તે વાતોને સાંભળતા હતા અને અમૃત કરતાં પણ તે વાતોને વિશેષ જાણતા.

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. દરબારોને પણ પીરસીને રાજી રાખતા હતા કારણકે તેઓ ઘર અને દેશ, બધુ છોડીને સાથે આવ્યા હતા. મેવા કે મીઠાઇ જેટલુ આવતુ તે બધુ શ્રીહરિ દરબારોને આપતા. શ્રીહરિ દરબારોનાં ઉપર પોતાનો નિત્ય નવો પ્રેમભાવ દેખાડતા હતા. દરબારો પણ પ્રેમભાવથી શ્રીહરિ સાથે એવાં જોડાઇ (ચોંટી)ગયા હતા કે તેમને પોતાનાં ગામ અને ગરાસ બધુ ખોટું થઇ ગયુ હતુ. શ્રીહરિ તેમને ઘેર જવાનું નિત્ય કહેતા. છતાં તેઓને શ્રીહરિને છોડીને જવાનો ભાવ થાતો નહિ. મહિનો, બે મહિના કે

વરસ સુધી દરબારો શ્રીહરિ પાસે રહેતા છતાં ક્યારેય ઉદાસ થાતા નહિ. જેને જેવા વસ્ત્ર જોઈતા હોય તેને શ્રીહરિ આપતા.

શ્રીહરિ સહુને રાત દિવસ જમાડતા હતા, તે વાતો તો પૂરી કહી શકાતી નથી. કરોડો વાતોમાં એક વાત ચોક્કસ છે કે બધી વાતો માપીને કહી શકાતી નથી. શ્રી હરિની વાતો, ચરિત્રો અમાપ છે. તેને માપમાં લાવવા તે શેષનાં જેવા અનંત, જેટલું પોતાનું બળ હોય તે વાપરી ને કહે, તો પણ બધુ કહેવા સમર્થ થાતા નથી. કરોડો યુગ સુધી કહેતા રહીએ પણ પાર ન આવે એટલા બધા હરિચરિત્રો છે. તો પછી હવે તો ચરિત્રોનો નિર્ધાર કોનાથી થાય ? યુગો સુધી મનનાં વેગથી રાત દિવસ શ્રીહરિનાં ચરિત્રો કહેતા રહીએ તો પણ તે અમાપ ચરિત્રો માપમાં આવતા નથી. વીજળીનાં ઝબકારા જેવું ચંચળ આયુષ્ય છે. તેમાં કહી કહીને કેટલુ કહી શકાય ? કહેવાનું સહુ કહે જ છે પણ તેમાં કાંઇ દમ આવતો નથી.

શ્રીહરિનાં ચરિત્રોને કહેવા માટે તો ઘણા મોટા મોટા કવિઓએ શરુઆત કરી. ભગવાનની ઈચ્છા હતી તેટલુ તેઓ દોડ્યા પણ તે ચરિત્રો કહેવામાં જ લીન (પૂર્ણ) થઇ ગયા. જ્યા સુધી શ્રીહરિ કહેવા દે, ત્યાં સુધી શ્રીહરિનાં ચરિત્રો કહેશુ. તેમાં આપણી કોઈ ઈચ્છા કામ લાગતી નથી. આટલું સમજીને હું લખું છું. તેમની ઈચ્છા હોય તેટલું લખાવે.

લીંબડીની નીચે ચોતરો હતો અને તેનાં ઉપર પાટ મૂકેલી હતી, એટલે જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પાટ ઉપર બેઠા. સંતો હાથ મુખ ધોઈને જ્યારે શ્રીહરિ પાસે બેઠા ત્યારે શ્રીહરિ આનંદોલ્લાસથી ચાલતા થયા.

વિવિધ પ્રકારનાં વાંજિત્રો વાગતા હતા. શ્રીહરિને અને સંતોને ચંદન ચરચ્યું હતું. બધા ફુલનાં હારથી ઢંકાઇ ગયા હતા. તેમાં શ્રીહરિની શોભા તો વિશેષ હતી. શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ અને નૂપુર પહેર્યા હતા. શ્રીહરિ જેનાં તરફ નજર નાખીને દેખતા હતા, તેનાં નાડી અને પ્રાણ ખેંચાઈ જતા હતા.

શ્રીહરિ ચાલતા ચાલતાં જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે માથા ઉપર પાણી ભરેલા બબ્બે ઠામ મૂકીને દસ વીશ પાણિયારી સ્ત્રીઓ સામે મળી. તેમને દેખીને શ્રીહરિ બોલ્યા, તમે બધા માથા ઉપરનાં પાણી ભરેલા ઠામને હાથ લગાડ્યા સિવાય ચાલી આવો છો. આવી કળા તમે કઇ રીતે શીખી છોએ ? તે જેમ હોય તેમ



વાત અમને કહો. ત્યારે તે સ્ત્રીઓ બોલી. સીતાજીનાં હુકમથી મહાવીર હનુમાનજી અમારા ઠામને અધ્ધર રાખે છે. તે સાંભળીને શ્રીહરિ હસ્યા અને કહ્યુ. અધ્ધરની વાત બતાવો છો પણ જ્યારે હનુમાનજી ક્યારેક ખેલ કરે ત્યારે તમારી ગતિ કેવી થાય ?

આવું બોલીને શ્રીહરિ તો આગળ ચાલતા થયા. થોડેક દૂર ગયા હશે તેવા સમયમાં તે સ્ત્રીઓનાં માથા ઉપરનાં પાણી ભરેલા ઠામ પડ્યા અને બધા ફૂટી ગયા. બધા વસ્ત્ર પલળી ગયા અને તે સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઇ. હોળીનો તે દિવસ હતો. તેથી ગામનાં લોકો બોલ્યા. બરાબર થઇ ગયુ છે. સ્ત્રીઓનાં માથા ઉપર રહેલા ઠામ આ રીતે ક્યારેય ફૂટે નહિ, તે દિવસે જ એ ફૂટ્યા. કાંઇ ભૂલ થઈ હોય તો એકનાં ઠામ ફૂટે, બધાનાં ઠામ આ રીતે એક સામટા ન ફૂટે. તે સ્ત્રીઓએ શ્રીહરિની અને સંતોની મર્યાદા ન રાખી. એક પછી એક એમ બધી સ્ત્રીઓ સામે ચાલી આવી. પછી તો કોઈ એક મર્યાદા પુરુષ છે. તેણે બધી સ્ત્રીઓનાં ઠામ ફોડી નાંખ્યા. ગામનાં લોકો જયારે આવી વાતો કરતા હતા ત્યારે સ્ત્રીઓનાં મનમાં પણ ઘણો શોક થયો. પણ તે પછીનાં દિવસોમાં ગામની સ્ત્રીઓ જયારે પાણી ભરીને આવતી હોય અને સામેથી શ્રીહરિ અથવા સંતો આવતા દેખાય ત્યારે તે સ્ત્રીઓ બજારમાં એક કોરે ઉભી થઈ રહેતી હતી.

પછી શ્રીહરિ મહોલમાં આવ્યા અને થોડીવાર પોઢી ગયા. મહોલની વચ્ચેનાં જે બે ખંડ છે તેમાં દક્ષિણ તરફનાં ખંડમાં શ્રીહરિ પોઢતા હતા. ઉત્તર તરફનાં ખંડમાં પાર્ષદો રહેતા. જે કાયમ શ્રીહરિની સેવા કરતા. ત્યાં જે નવરંગ મોહક પલંગ બિછાવ્યો હતો તેનાં ઉપર શ્રીહરિ પોઢતા હતા. ત્યાં દક્ષિણ દિશામાં અને પશ્ચિમ દિશામાં બે ગોખ હતા. ક્યારેક આવીને શ્રીહરિ તે ગોખમાં બેસતા હતા. પોતાનાં ગામેથી ભક્તો દર્શન કરવા આવતા ત્યારે ફૂલનાં હાર લઈને આવતા. તે ગોખમાં ક્યારેક બેસીને ફુલનાં હારને વારે વારે લેતા હતા. મધ્યાહન (બપોર) નમી ગયા, બે ઘડી ગઇ ત્યારે શ્રીહરિ નાહવા લાગ્યા. મહોલની નીચલે માળે જે ઉત્તર તરફનો ભાગ કહેવાય છે ત્યાં મહોલમાં અધવચ્ચેનાં ભાગમાં સુંદર કઠેડો છે ત્યાં થોડીવાર બેઠા. તળાવ તો પાણીથી ભર્યું હતું.

વિપ્ર આશારામને શ્રીહરિએ બોલાવીને પૂછ્યુ, અહીંયા પાણી કેટલુ ઊંડું

છે ? અમારે તળાવમાં નહાવા જાવુ છે ત્યારે તે વિપ્રે હાથ જોડીને કહ્યુ, પહેલા હું જઇને જોઇ આવુ પછી આપ નહાઓ. એમ કરવું ઠીક છે. પાણી માપવાની દોરી લાવો. અહીયા રહીને જ જોઇ લઇએ. ત્યારે કોઇ ભક્ત તરત જ દોરી લઇ આવ્યા. હરખથી પાણી માપીને જોયુ, પાણી તો બે માથોડા ઉંડુ હતુ. ઉપર કંઇક લીલ છવાઇ ગઇ હતી. શ્રીહરિ ઉભા થયા, કછોટો વાળ્યો, જાણે કાળીયનાગનું દમન કરવાનું ન હોય ? શ્રીહરિ તળાવમાં કૂદી પડ્યા. વિવિધ પ્રકારનાં વાંજિંત્રો વાગતા હતા. જેટલા સંતો ત્યાં હતા તે બધા તળાવમાં ઉતરીને સ્નાન કરવા લાગ્યા.

## ૪૯. દેવસરોવરમાં સ્નાન બાદ સભા

શ્રીહરિ જ્યારે  નદી કે સરોવરમાં ઝાઝું પાણી દેખે ત્યારે સમયને અનુસારે તેમાં સ્નાન અવશ્ય કરતા હતા. શ્રીહરિ તળાવમાં નહાતા ત્યારે બધા હરિભક્તો પણ આનંદથી નહાવા લાગ્યા. ત્યારે શ્રીહરિ સહુને સાવધાન કરવા તાળી પાડીને બોલ્યા, આજ હુતાશનીનો દિવસ છે, સહુ વિચારીને સ્નાન કરજો. અમારી દેખાદેખીએ આવીને કોઇએ નહાવુ નહિ. અસંખ્ય લોકો ભેળા થાય છે તેમાંથી કોઇ ડૂબી જાય તો તેની ખબર પણ નહિ પડે. હું , સંતો અને હરિભક્તોને સહુને કહુ છું. સહુ મારું કહેવુ સાંભળો, બાળકો, વૃધ્ધો, યુવાનો બધા જ નરનારીઓ સહુ વિચારીને અત્યારે તળાવને કાંઠે સ્નાન કરો.

કોઇ ડૂબી જાય તો તે મરી જાય, એવો ભય સહુએ રાખવો. વગર વિચારે કોઇ પગલુ ભરવુ નહિ. અમને નાહવાનો ઉમંગ તો ઘણો છે, પણ કોઇ પાણીમાં ડૂબીને મરી જાય, એવો ડર વારંવાર રહ્યા કરે છે. બધા લોકો જ્યારે હેમખેમ પાણી બહાર નીકળે ત્યારે અમારુ દિલ ખુશ થાય. તમે બધા ઢીંચણ સુધીનાં પાણીમાં નહાઓ. જેમાં કાંઇ વિઘ્ન આવે નહિ. કોઇ વિઘ્ન આવે નહિ એમ કામ કરવુ. અમને વિઘ્નનો ડર ઘણો રહે છે. વિઘ્ન થાય એવુ કાંઇ કામ ભૂલથી કયારેય કરતા નથી. જ્યારે કાંઇપણ વિઘ્ન આવે છે ત્યારે અમારું મન ઉદાસ થઇ જાય છે. જ્યારે કોઇ વિઘ્ન આવે ત્યારે અમારો બધો જ ઉત્સાહ નષ્ટ થઇ જાય છે.

**પરોક્ષની જેમ પ્રગટનો મહિમા રાખવો :-**

જેમાં વિઘ્ન થઇ શક્તુ હોય તેવું કામ અમે ક્યારેય પહેલાથી જ કરતા નથી



અને કદાચ કોઇ કામમાં વિઘ્ન આવે તો સહુએ ધીરજ રાખીને સહન કરવુ જોઇએ.

શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણજી ભગવાન હતા, તેમાં કોઇ સંશય નથી. તેમનાં વચનથી જ અનંત કોટી બ્રહ્માંડની રચના થાય છે. જેમનું નામ એક વાર પણ લીધુ હોય તો તેને દરવાજે જમદૂત આવી શક્તા નથી. આવો પ્રતાપ તે પરમેશ્વરનો છે. તેમને ત્યાં વિઘ્ન કરવા કોઇ આવી શકે ? જેનાં હાથમાં આખા જગતનાં નાડી પ્રાણ છે, એવા તે પ્રભુ સમર્થ હતા, તો પણ તેમને સહન કરવુ પડ્યુ છે. તે પરમાત્મા સમર્થ થઇને પણ બધું સહન કરે છે, આટલા માટે જ તેમને સહુનાં નાથ જગન્નાથ કહેવાય છે.  તે સમયે જેમ શ્રીહરિએ કહ્યુ તેમ સહુ હરિભક્તોએ કર્યુ. તળાવનાં કાંઠે પાણીમાં બેસીને સહુ મુખથી ભજન કરતા હતા. સંતો તળાવને કાંઠે બેસીને વસંતનાં અને ધુમારનાં પદોને ગાતા હતા. શ્રીહરિ તો તળાવની વચ્ચે પાણીમાં જઇને નાહતા હતા.

ભાઇ રામદાસજી સ્વામી અને મુક્તાનંદ સ્વામી એ બંને મોટા મોટા તુંબડાને તરવા માટે આધાર રાખીને શ્રીહરિની પાસે રહ્યા હતા. શ્રીહરિએ આ રીતે તળાવમાં જળક્રીડા ચાર ઘડી(૧:૩૬ કલાક) સુધી કરી. તળાવની ચારે બાજુએ દર્શન કરવા માટે હરિભક્તોની ઘણી જ ભીડ થઇ હતી. કેટલાક ઉભા હતા અને કેટલાક બેઠા હતા. પૂર્વ કિનારા તરફ સ્ત્રીઓ ઉભી હતી. શ્રીહરિએ જ્યારે પાણીમાંથી મુખ બહાર કાઢ્યું ત્યારે ભાઇ રામદાસજી સ્વામી બોલ્યા, હવે તળાવમાંથી બહાર નીકળીએ, થાક લાગી જશે. વિચાર કરીને નહાવુ જોઇએ. હજુ આવતી કાલે ફુલદોલનો ઉત્સવ કરવાનો છે અને મન માન્યો રંગ ઉડાડવાનો છે. થાક લાગશે તો કેમ ઉતરશે ? મને તો બહુ વિચાર રહ્યા કરે છે. આટલા માટે હાથ જોડીને કહું છું આપે આજ થોડીવાર જ નાહવુ જોઇએ.

પછી શ્રીહરિએ પાણીમાંથી બહાર નીકળી શરીર લૂછીને કોરું કર્યુ અને સારા વસ્ત્ર પહેર્યા. શ્યામ સુંદર શ્રીહરિ મહોલથી દક્ષિણ પશ્ચિમ તરફનાં કાંઠે તળાવમાંથી બહાર નીકળ્યા. તળાવને કાંઠે જે લોકો બેઠા હતા તે બધા ‘‘જય જયકાર’’ બોલતા હતા. પછી શ્રીહરિ જ્યારે તળાવથી બહાર આવ્યા ત્યારે સહુ હરિભક્તોએ સ્નાન કર્યુ, શ્રી હરિની અને સંતોની સાથે સ્નાન કરવા જેવુ બીજું કોઇ મોટુ ભાગ્ય ન કહેવાય. શાસ્ત્રોમાં તેનું ઘણું માહાત્મ્ય કહ્યુ છે. પ્રગટ ભગવાન હોય ત્યારે માહાત્મ્ય ભલે ન રહેલુ હોય. છતાં પણ જેણે શાસ્ત્ર

સાંભળ્યા હોય તેમને કાંઈક તો સમજાયુ હોય જ ને ? પરોક્ષનું માહાત્મ્ય મનાય છે તેટલુ પ્રત્યક્ષનું માહાત્મ્ય સમજાતુ હોય, તો તેને સાધન માત્ર તત્કાળ જ પૂરા થઈ ગયા કહેવાય. અને જેને ધર્મનાં લાલ શ્રીહરિ મળી ગયા હોય તેને તો બીજું કરવાનું બાકી રહેતું જ નથી.

ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તેઓ કહે તેમ કરવું એ ખરી રહસ્ય વાત છે. અને જે મનુષ્ય એટલુ પણ કરી શક્તો નથી તેને સત્સંગ રહ્યો નથી, એમ કહી શકાય છે. ગંગાદાસ, ભિખારીદાસ અને કાકુભાઈ તેમણે શ્રીહરિને ફુલવાડીમાં પધરાવ્યા. બોરસલીનાં ઝાડ નીચે છાયામાં શ્રીહરિ બેઠા. તે પાટીદારોએ ફુલવાડી શ્રીહરિને કૃષ્ણાર્પણ કરી દીધી. તેનું લખાણ (દસ્તાવેજ) કરીને શ્રીહરિનાં હાથમાં આપ્યુ. અને ચરણકમળમાં તે સહુએ અમને અહીયાં સહુ પહેલા જમીનદાર કરી દીધા છે. આ વાડીમાં જે વસ્તુ ઉત્પન્ન થાય તે સંતોનાં ઉપયોગમાં આવશે. હવે સંત સાજા માંદા થશે તો તેમને અમે અહીયાં રાખીશું.

ફળ ફુલ અને શાકભાજી, આમા ઘણા થાશે, માંદા સાધુઓને નિર્વાહ આનાથી થશે. રાત દિવસની આની દેખભાળ રાખે, ખેતીમાં કાંઈ કસર ન રાખે એવા કોઈ ખેડૂત હોવો જોઈએ. જેને સંતોની ઉપર હેત હોય અને વાડીને જે બગડવા ન દે, એવા ખેડૂતને ખેતી કરવા આ વાડી આપવી. આટલી વાત ત્યાં કરીને શ્રીહરિ તત્કાળ ઉભા થયા અને મહોલની જગ્યામાં આવ્યા. ત્યાં આસોપાલવ નીચે બેઠક કરાવી હતી, ચોતરાની ઉપર પલંગ બિછાવ્યો હતો, ત્યાં આવીને પલંગ ઉપર શ્રીહરિ હરખથી બેઠા. બધા સંતો આવીને બેઠા અને વસંત અને હોળીનાં પદ ગાવા લાગ્યા. શ્રીહરિએ અંગ ઉપર વસંતી વસ્ત્રો પહેર્યા. મનમોહન અને પ્રિયતમ શ્રીહરિ કેસરીયા બની ગયા. જે જે હરિભક્તો કહેવાતા હતા તે બધા થાળ ભરીને ગુલાલ લાવ્યા હતા. જે જે હરિભક્તો ગુલાલનો થાળ લઈને આવતા શ્રીહરિ તરત જ તેમને પોતાનાં હાથમાં લઈને ઉડાડી નાંખતા હતા. તે સમયની બધી સભા લાલ થઈ ગઈ અને લાલ થઈ ગયેલી ભૂમિ પણ શોભવા લાગી હતી. આખો મહોલ લાલ થઈ ગયો. એટલો ગુલાલ ઉડાડ્યો કે બધા વૃક્ષો અને પંખીઓ પણ લાલ થઈ ગયા. લાલ કમળનાં ઉપર કેસર જે રીતે શોભે તે રીતે શ્રીહરિ, સંતો અને સભા શોભતી હતી. અને તેને દેખીને પ્રેમભાવ ઉત્પન્ન થયો હતો. કોઈ લૌકિક



સભા ન હતી. શ્રીહરિ જ્યાં જ્યાં વિચરતા હતા ત્યાં અહોનિશ આવી દિવ્ય સભા થાતી હતી. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો વારંવાર કહે છે કે જેને આ સભામાં બેસવાનું મળે છે, તેનાં પુણ્યનો તો કોઈ પાર જ નથી.

## ૫૦. શ્રીહરિએ કહેલો ધૂનનો મહિમા

શ્રીહરિ જ્યારે પલંગ ઉપર બેઠા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. અપાર મશાલો થઈ અને વિશાળ સભા ભરાણી. જે કોઈ લોકો સભાને દેખે તેમને અપાર આશ્ચર્ય થાતુ હતુ. શ્રીહરિનાં સિવાય બીજી કોઈ વાત જ ત્યાં બોલાતી ન હતી. મંડપને વિચિત્ર રીતે શણગાર્યો હતો. બિલોરી કાચનાં વિચિત્ર ઝાડ અપાર પ્રક્ટાવ્યા હતા. મહોલમાં પણ તેવાં ઝાડ પ્રકટાવ્યા હતા.

શ્રીહરિ ઉભા થઈને ધૂન બોલાવવા લાગ્યા. ત્યારે બધી સભા પણ ઉભી થઈ ગઈ અને સૌ ધૂન બોલવા લાગ્યા. શ્રીહરિ ધૂનમાં હાથથી તાળી પાડતા ત્યારે બધા હરિભક્તો અને સંતો પણ તાળી પાડવા લાગ્યા. તેની અદ્‌ભુત શોભા બની હતી. શ્રીહરિ ‘‘રામકૃષ્ણ ગોવિંદ, જય જય હરિ’’ એમ બોલતા. ‘‘નારાયણ હરે હરે’’ એમ પણ સુમધુર સ્વરે ગાતા હતા. ‘‘માધવ મુકુંદ’’, ‘‘વૃંદાવન ચંદ’’ સ્વામિનારાયણ સર્વસુખકંદ ‘‘નારાયણ નવલહરિ’’ ગોલોકમાં દિવ્ય સ્વરૂપે રહેતા ‘‘ગોકુળ વૃંદાવન ધામમાં રહેનારા, નંદજીને પૂર્ણકામ કરનારા ‘‘ગોવાળો, ગોપીઓ અને ગાયોનાં અનંત ધણને નિત્ય આનંદ આપનારા. જે વખતે જે જે વિઘ્ન આવ્યા તેમાં સ્વયં રક્ષક થયા હતા. પાંડવોને સહાયતા બહુ કરી, અનંત વિઘ્નોથી તેમને બચાવ્યા.

યાદવોનો ઉદ્ધાર કર્યો, કૌરવોનો સંહાર કર્યો, ભગવાને જે જે અવતારમાં જે જે ચરિત્રો કર્યા હતા તેને દિવ્ય સમજીને જે ગાય છે તેને ભગવાન જમપુરીથી બચાવી લે છે. જમપુરીથી ઉદ્ધાર કરવા માટે તો અનંત અવતારોનાં ચરિત્ર કહ્યા હોય છે. આટલા માટે જ શ્રીહરિ વિવિધ ઐશ્વર્ય પ્રતાપ પૂર્ણ ચરિત્રોને અને નામોને ધૂનમાં બોલતા હતા.

એક જાતનાં ભોજનથી યે ભૂખ તો ટળી શકે છે. તેમાં કાંઈ કસર રહેતી નથી છતાં જુદા જુદા સ્વાદવાળા ભોજન બનાવાય છે અને લેવાય છે. તેનાં ગુણ

પણ ઘણા અલગ પ્રકારનાં હોય છે. જેવું ભોજન તેવાં તેવાં સ્વાદ અને તેવો તેમાં ગુણ. એટલા માટે જ ભોજન વિવિધ ભાતનાં બનાવાય છે.તાજા અને તરત બનાવેલા ભોજનમાં જેવો સ્વાદ આવે છે તેવો બીજામાં આવતો નથી. તેમજ અવતારોમાં પ્રકટ શ્રીહરિનુ મહત્વ સમજવુ. અવતારોમાં કંઇ ભેદ નથી પણ ચરિત્રોમાં બહુ ભેદ રહ્યો છે, તેવુ પુરાણોમાં છે. એટલા માટે જ વેદો‘‘નેતિ નેતિ’’ કહે છે.

જેને જે અવતારોનો જોગ થયો હોય તેને માટે તે સર્વોપરિ છે. પતિવ્રતાની ભક્તિ બાબતે તે ચોક્કસ સિધ્ધાંત છે. એકની એક વાતને દેખવામાં અને સાંભળવામાં ઘણા જ ભેદ દેખાય છે. સત્યનો વિચાર કરીને પરીક્ષા કરવી. ખરા પરીક્ષક વિના પારખી શકાતા નથી. જે સહુનાં પરીક્ષક અને સાક્ષી છે, તેને ઓળખનારા તો બહુ થોડા હોય છે. હીરો હીરાથી જ વિંધાય છે. બીજા કરોડ ઉપાય કરે તો પણ કામ થાય નહિ.

**પ્રગટ મહિમા :-**

જ્યારે શ્રીહરિ પ્રત્યક્ષ પ્રમાણ પ્રકટ્યા હોય ત્યારે તેઓ પોતાનાં સ્વરૂપનું સનાતન જ્ઞાન આપે છે અને જે બીજા જ્ઞાન આપે છે તેમાં તો તેઓ પોતાનાં ગુણ ભેળવી દે છે. દર્પણનાં જેવી જ સ્પષ્ટ વાત કહેતા હોય તે તેનાં વર્તનમાં દેખાય છે. પોતે ભગવાનનો મહિમા જે રીતે સમજતા હોય તે રીતે તે સર્વોપરિ ગણાવે છે.

બીજા જે ભગવાનનાં સ્વરૂપનો મહિમા કહેતા હોય તેમાં ખામી દેખાડે. તેઓ તે પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધીમાં સહુમાં ખામી બતાવતા રહે છે. ભગવાન શ્રીહરિનાં મુખે કહેવાયેલી તેવી વાતો શોભે. કારણ કે પોતે સર્વ અવતારોનાં કારણ છે અને અવતારોનાં ચોર ગણાય. તે નાથ માલિક પ્રકટ ભૂમિ ઉપર વિચરે છે. જેનાં હાથમાં આપણો મોક્ષ છે, તેનાં ચરિત્રો અંગે કહેવાનો અધિકાર નથી છતાં મને ચરિત્રો કહેવાની હોંશ ઘણી છે. પ્રકટ ભગવાનથી તત્કાળ મોક્ષ થતો નથી એવી વાત કહેવી તે જેવી સરસ લાગે છે. પણ આ પ્રકટ શ્રીહરિનાં પ્રાક્ટ્ય પહેલા બીજા પણ અપાર અવતાર થઈ ગયા છે. જે તે સમયનાં અવતારને પ્રકટ કહીએ ત્યારે લોકો આપણી વાતને માને તે એક કહેવાનો વિવેક છે. વિવેક વિનાની વાત વગોવાય છે. જેને જે વખતે જે અવતારનો જોગ થયો હોય, તેનાં ચરિત્રોને સમજવા અને તે બધા ગાન કરવા યોગ્ય છે. તેમજ પ્રકટની ભાવનાથી



પૂરી લગની લાગવી જોઈએ.

જે ભક્તને ભગવાનનાં જે અવતારની ઉપાસના હોય તેનું પણ આપણે પ્રતિપાદન કરવુ અને તે પછી જે તે ભક્ત પ્રકટ શ્રીહરિનાં સ્વરૂપમાં ઉત્તમ ભાવના કરે. બીજાને અસત્ય ગણશો તો તેઓ પણ તમને તથ્યહીન કહેશે. કોઈ બીજાને પૂજ્ય રૂપમાં પોતાની વાણીથી કહે તો તે પોતાની વાણી જ પોતાને પૂજાવે છે. તે વિવેકથી તપાસે નહિ, તો દેખાય નહિ.

પોતાની વાણીમાં જે દોષ જેટલો હોય તેને તે જો ઓળખે તો તે તેટલો ઉત્તમ ભક્ત કહેવાય. ભગવાનનાં અવતારોનાં ચરિત્રોનું જે ખંડન કરે છે તે પાકા અસુર છે. જેને ભગવાનનાં પ્રકટ અવતાર મળ્યા હોય એવાં ભક્તો તો અનંત અને અપાર થયા છે તેની રીતે જોઈને ચાલવુ. તેનાં ઉપર પગ દઈને-ઉલ્લંઘન કરીને ચાલવુ નહિં. જે અવતારનો જોગ જેને થયો હોય, તેનાં ચરિત્રો જોવા જાણવા. કારણકે જેણે લખ્યો હોય છે તેને જે અવતારનો જેટલો પ્રતાપ દેખાયો, તેટલો તે પ્રતાપ પ્રેમથી લખ્યો હોય છે. ભગવાનનાં સ્વરૂપનો પ્રતાપ દેખાયો, જોયો, જાણ્યો હોય તેને જો ગુપચુપ છુપાવી રાખે અને લખીને પ્રસિદ્ધ ન કરે તો તેને કરોડો બ્રહ્માંડનાં વિનાશનુ અમાપ પાપ દિન પ્રતિદિન લાગે છે. જેને લખતા આવડતુ ન હોય તે જો લખે, શાસ્ત્રનાં વચનોનો બાધ આવે તેની ખબર ન પડે અને લખે, નિર્બાધ રીતને ન જાણતા હોય છતાં જે લખે તેને માથે પણ તેટલુ જ કરોડો બ્રહ્માંડોનાં વિનાશનું પાપ લાગે છે. એટલે જેને લખતા આવડતુ ન હોય તેણે મુખથી જ ગુણ ગાવા.

જે મુખથી ચરિત્રોને ગાય છે તેનાં ઉપર ભગવાન રાજી થાય છે. પ્રકટ ભગવાનનાં ચરિત્રોનુ ગાન જે કરે છે તેનો મોક્ષ સત્વરે થાય છે. બધા અવતારોનાં ભક્તને પણ એક જ તાન હોય છે. મનુષ્ય માત્રને પોતપોતાનાં ઘર તરફ જ એક તાન રહેતુ હોય છે. તેને બુધ્ધિશાળી ભક્ત જાણવો કે જેને પોતાનાં ઘર-ઉપાસ્ય-ઈષ્ટદેવ તરફ તાન રહેતુ હોય. જેને પોતાનાં ઘર તરફ તાન ન હોય તે તો અંતે હેરાન થાય છે. ત્રિશંકુએ પોતાનાં મૂળ ગુરુને છોડી દીધા અને બીજા ગુરુ કર્યા તો તે હજી સુધી અધ્ધર અધવચ્ચે લટકે છે. તેને આખુ જગત જાણે છે. શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે ઉપર કરી તેવી વાત કરી. કારણ કે સભામાં જાતજાતનાં અને

ભાતભાતનાં લોકો બેઠા હતા. તેનાં સામે નજર રાખીને તે વાત કહી હતી. સભામાં જે સંતો અને હરિભક્તો બેઠા હતા, તેઓ બધા આવી વાતને સાંભળીને ખૂબ જ રાજી થયા અને પોતાની સમજણમાં જે કાંઇ કસર હતી તે બધી ટળી ગઇ.

## ૫૧. મુક્તમુનિની પ્રશંસા તથા વન વિચરણની વાત

જ્યારે અરધી રાત થઇ ત્યારે શ્રી હરિ મહોલમાં પોઢી ગયા. બધા સંતો ધ્યાનમાં બેસી ગયા. સવાર થયુ ત્યારે ઉઠ્યા. સંતો ગુલતાન થઇને નારાયણ ધૂન કરવા લાગ્યા. ભગવાન શ્રીહરિ ઉઠીને ગોખમાં બેઠા અને ધૂન સાંભળવા લાગ્યા. જે ધૂન બોલાતી હતી તેમાં જે સંત ધૂન બોલતા નહિ તેને શ્રીહરિએ ઓળખી લીધા હતા. જ્યારે ધૂન પુરી થઈ ગઈ ત્યારે શ્રીહરિએ ભાઈ રામદાસજી સ્વામીને કહ્યુ, હું અત્યારે તમને જે પ્રશ્ન કહું છું, તે બધા જ સંતોને પૂછું છું એમ જાણવું. તેનો ઉત્તર તમારે સહુએ વિચાર કરીને આપવાનો છે.

**મંત્ર મહિમા :-**

ભગવાનનાં જે પ્રસિધ્ધ નામ છે, તેને અમે ધૂનમાં બરાબર ગૂંથી લીધા છે, વ્યવસ્થિત ગૂંથ્યા વિના તે ગાતા ફાવે નહિ. ગાવાથી તેમાં પ્રેમ ઉપજે છે. ભગવાનનાં નામમાં ભગવાનનું સ્થાન મૂર્તિમાન આવતુ હોય તેમ દેખાય છે. નામ વિના ભગવાનની મૂર્તિ, તેતે સ્થાન અને ચરિત્ર કઇ રીતે દેખી શકાય ? નામ બોલ્યા સિવાય મૂર્તિમાન ભગવાનનું ધ્યાન કેમ થઇ શકે ? નામ બોલવાથી નુકશાન શુ થાય છે ? તમે સહુ પોતપોતાનાં જે મંતવ્ય હોય તે કહેજો. નહિ કહો તો મને ચેન નહિ પડે. વધારે લાભ લેવા માટે તો તમે સુખ સગવડ ભર્યું ઘર છોડીને આવ્યા છો જેને નામ લેવાનો ખપ નથી અથવા જે લોકલાજથી નામ લે છે તેને અંતે ઘણુ નુકસાન થવાનું છે. જે નિર્ભય થઈ ને સુખે સૂતા રહે તો તેને ફરી સંસારમાં રાગ ઉત્પન્ન થશે. જે લાભ માનતા હોય તેને સવારે ભજન કરવા વહેલો ઉઠાડાય. સંતો પ્રેમથી લાભ માનનારાને ઉઠાડે છે. જે ભગવાનનું ભજન કરવા તો આવ્યા હોય અને પછી તેને ભજન કરવામાં નુકશાન મનાય છે.



સત્સંગમાં આગળ વધીએ આવા આશયથી આવ્યા હોય અને પછી તેણે ઘટવાનો આરંભ કર્યો હોય તેવુ જણાય છે. તે કઇ રીત સમજે છે ? અને તેને શુ કહેવું ? સત્સંગની લાજ-મર્યાદા તો તજી દીધી હોય છે. જ્યારે મોટા સંતમાં દોષ સૂઝે, અવગુણ આવે, ત્યારે તેની બુધ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. પછી તેને કોઇ સંતનો સ્વભાવ ગમતો નથી. રાત દિવસ અભાવની જ વાત કરતો રહે છે. તે એવા અપરાધી (ગુનેગાર) થઈ જાય છે કે સંતોનો અવગુણ ગાય છતાં તેનાં મનમાં શાંતિ થાતી નથી. સંતો તેનું રક્ષણ કરતા હોય છે તો તેને પાપનો વ્યાધિ (રોગ)) વધતો જ જાય છે. છેલ્લે તે ફજેત થઇને વિમુખ થઇ જાય છે. બીજે ક્યાંય તેનો આદર થતો નથી. તેથી તે મનમાં દુઃખી થઈને મરે છે. જો કે તેણે થોડા દિવસ સત્સંગ તો કર્યો હતો પણ છેલ્લે તેની ગતિ શુ થાય ? આ મારા પ્રશ્નનો ઉત્તર પોતાનુ ખોટુ ડહાપણ છોડી દઈને શુધ્ધ બુધ્ધિથી કરો.

જ્યારે મન બદલાઇ જાય ત્યારે તમારું પણ ઠેકાણુ રહે નહિ. પોતાને અને બીજાને એક સમાન ગણીને મારા પ્રશ્નનો ઉત્તર કરો. પૂર્વે મોટા મોટા ઋષિઓ થઇ ગયા છે. સ્મૃતિગ્રંથ લખનારા પણ એવા જ હતા. જ્યારે મન બદલાઇ ગયુ ત્યારે એકદમ જુદા જ થઇ ગયા હતા. કોઇની સ્થિતિનું ઠેકાણુ રહ્યુ ન હતુ. ભગવાનની આજ્ઞાનો લોપ થાય એટલે પછી અંગ બદલાઇ જાય છે. પછી તે સંતોનો અભાવ અવગુણ લેવા માંડે છે. અને તેથી ફરીને સત્સંગમાં તે ટકી શકતો નથી.

**મુક્તાનંદ સ્વામીની સાધુતા :-**

જેને પાપ હોય છે તે પોતાની ભૂલનો વિચાર કરે છે અને તે યોગ્ય સમયે સંતો આગળ નમી જાય છે. હૃદયમાં લગારેક પણ પાપ હોય તો તે સંતો આગળ વારંવાર નમે છે. રાત દિવસ સંતોની સાથે રહી, પણ જે નમે નહિ, તે જાતવાન ન કહેવાય. મુક્તાનંદ સ્વામીની સમાન કોઇ સંત નથી, હું તેમને સર્વશ્રેષ્ઠ સાધુ જાણું છું.

તેમનું અંગ માહાત્મ્ય (મહિમા)નું છે. દિન-પ્રતિદિન તેમને મહિમાનું અંગ વધતું જ જાય છે. આપણા સત્સંગમાં જે સંતો અને હરિભક્તો છે તેમને તેઓ પોતાનાં પરમાત્મા માને છે.

કોઇનામાં તેમને ન્યુન અધિક ભાવ હોતો નથી. સહેજે જ એવો તેમને બળવાન સ્વભાવ છે. પોતાનાં ઉપર કોઇ ખાર રાખે તો પણ તેઓ સહુનું હિત કરે, તેવો

તેમનાં ઉપર પ્રેમ રાખે છે. જેને દોષોનું ફળ મળતુ હોય તે ભલે તેની પાસે રહે, સ્વામી પોતે તે નિરંતર એવો ખ્યાલ રાખતા રહે છે. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ તેમનું અંગ બાંધ્યુ છે તે અંગનો રંગ નવો ને નવો રાખે છે. અમે જે નિયમ તેમને આપ્યા છે તેને અમારુ સ્વરૂપ માનીને તેવાને તેવા નિયમો પાળતા રહે છે. તે અંગે મનમાં કોઈ માન મોટાઇ નથી. માનો તેઓ સત્સંગમાં હમણાં જ ન આવ્યા હોય ? તેમ વર્તે છે.

અમને સંતોનાં સમાગમમાં બહુ પ્રેમ હતો. અમે જ્યારે અયોધ્યામાં હતા ત્યારે સંતોને જ સારરૂપ માનતા હતા. યોગાભ્યાસ કર્યા વિના વૈરાગ્ય ટકતો નથી. આવી વાત અમે જ્યારે સાંભળી ત્યારે સવારનાં પહોરમાં જ ઘરનો ત્યાગ કરી દીધો. વિશાળ સરયુ નદીનાં પ્રવાહને ઉતરીને અમે ઉત્તર દિશામાં ચાલ્યા. ફરીને ક્યારેય ઘેર આવવું નથી આવો નક્કી નિર્ધાર કર્યો હતો. માતા અને પિતા, તે બંનેએ તો પહેલા જ દેહ ત્યાગ કરી દીધો હતો. રામપ્રતાપજી અને ઈચ્છારામજી, એ બે ભાઈ જ હતા. રામ પ્રતાપજી મોટાભાઈ હતા. તેઓ અમને ઘણો લાડ લડાવતા. તેઓ સગા અને સંબંધીઓને જ્યાં જતા ત્યાં અમને સાથે લઈ જતા હતા.ઘણીવાર અમને દેશ પ્રદેશમાં લઈ ગયા હતા. તેઓ અમારી સંભાળ ખૂબ જ રાખતા અને અમારા વિના ક્યારેય જમવા બેસતા નહિ. તેમને એટલો બધો પ્રેમભાવ હતો.

તેઓ જો અમને એક દિવસ પણ ન દેખે, તો એક પલક જેટલા સમયને પણ કલ્પ જેટલો માનતા. અમારા નાનાભાઈ ઈચ્છારામ મહાન શાંત સ્વભાવનાં અને સુખ સ્વરૂપ હતા. અમે જ્યારથી બંને ભાઈઓને છોડી દીધા છે ત્યારથી ફરીને ક્યારેય સંભાર્યા નથી. પ્રથમ અમે હરિદ્વાર ગયા. ત્યા શિવજીનાં દર્શન કર્યા. ત્યાં ગંગા સ્નાન કરીને ચાલ્યા. નારદનાં તપોવનમાં આવ્યા. જ્યાં કોઈ મનુષ્ય રહેતા જ નહિ એવા ધ્રુવજીનાં તપોવનમાં તેમને જોયા. નૈમિષારણ્યનાં સરોવરમાં સ્નાન કર્યુ, વળી ત્યાંથી ફરીને ચાલ્યા. લક્ષ્મણજીનાં મંદિરે આવ્યા. તેના દર્શન કરીને ઘણા રાજી થયા. લક્ષ્મણ ઝુલામાં ગંગા પાર કરી. પછી હરખભેર વનમા ચાલવા માંડ્યા. વન જોઈને મનમાં અત્યંત આનંદ રહેતો. જો શહેર જોઈએ તો તે અમને અતિશય ગંદુ લાગતુ હતુ. ઉત્તર દિશામાં ચાલતા-ચાલતા અમે હિમાલય



પર્વતને દેખ્યો. જ્યાં કેદારનાથનું મંદિર છે ત્યાં અમે આવ્યા. ત્યાંથી પછી અમે તત્કાળ બદરીનાથ આવ્યા. અન્નકોટનાં દર્શન ત્યાં કર્યા અને થાળનો પ્રસાદ અમે જમ્યા. અન્નકોટ કરીને તે મંદિરનાં પટ (કપડાનો પડદો ) બંધ કરી દીધા. પછી તે પૂજારી વર્ણીની સાથે અમે મઠમાં કેટલોક સમય રહ્યા.મંદિરથી બાર કોશ જેટલે દૂર તે વર્ણી પૂજારીનો મઠ હતો,ઐ ત્યાં અમે મનમાં વિચાર કરી અને બરફથી ઢંકાયેલા હિમાલય તરફ ચાલવા લાગ્યા. સૂર્ય અને હિમાલય, બંને મૂર્તિમાન થઈને કોઈને ખબર ન પડે તેમ અમારી સેવા કરતા રહ્યા હતા.

## ૫૨. બદરિકાશ્રમમાં સ્વવાસનું વર્ણન કરતાં શ્રીહરિ

શ્રીહરિ ફરી આગળની વાત કહેવા લાગ્યા. ભક્તો તે વાતને સાંભળતા હતા. તે વાત એવી કલ્યાણકારી છે કે જેણે સાંભળી હોય તેને ક્યારેય જમપુરીમાં જવાનું થાય નહિ. હિમાલયે જઈને નારાયણ દેવને અમારા આવવાનાં સમાચાર કહીયા. તેથી કેટલાક મુક્તોને સાથે લઈને નર ઋષિ હરખભેર અમારી સન્મુખ આવ્યા. તેઓ એકદમ અમારી પાસે આવીને અમને હેતથી ભેટ્યા. બીજા જે અપાર મુક્તો હતા, તેઓ આવીને અમારા ચરણોમાં પડ્યા. અમે પણ તેમને સિધ્ધ અને મુક્તો સમજીને હેતથી મળ્યા. જ્યારે અમે નારાયણ ઋષિની પાસે આવ્યા ત્યારે તેઓ અમારી સન્મુખ આવ્યા.

તત્કાળ જ અમે તેમનાં ચરણકમળોમાં પડ્યા. દયાળુ પ્રભુએ અમારા હાથ પકડ્યા અને ઉભા કરીને ભેટ્યા. ભગવાન નર અને નારાયણે અમારો એકેક હાથ પકડ્યો અને હેત કરીને બંનેની વચ્ચે રાખ્યા. અમારો જમણો હાથ નારાયણ ઋષિએ પકડ્યો હતો અને નરઋષિએ ડાબો હાથ પકડયો હતો. એવી શોભા ભૂમિ ઉપર ક્યાંય નથી. પછી તેમણે ઘણા હેતથી અમારા હાથને મુખથી ચુંબન કર્યુ. તે બદરીવન અત્યંત સોહામણુ હતુ. પશુ, પંખી અને વૃક્ષો માનો બધા દિવ્ય દેહધારી હોય એવાં લાગતા હતા. માયિક પંચ વિષયનો એકપણ સંકલ્પ બદરિકાશ્રમમાં થતો નહિ. કારણ કે ભગવાન નારાયણ ઋષિનો એવો સંકલ્પ હતો ત્યાં સહુએ ભગવાનની પૂજા સેવા જ કરવી.જેનાં અંતઃકરણમાં જેવો ભાવ હોય તેવાં ભગવાન નારાયણને સહુ હૃદયમાં

ધારતા અને વિવિધ પ્રકારે ભાત ભાતની તેમની પૂજા સહુ રાત દિવસ તેવી રીતે કરતા હતા. અમે ત્યાં હતા ત્યારે ફૂલદોળનાં ઉત્સવનો સમય આવ્યો. દેવતાઓ વિમાન લઈને આવ્યા હતા. જેનો કોઈ પાર ન હતો. તેઓ વિવિધ પ્રકારનાં રંગ લાવ્યા હતા. અમે નારાયણ ભગવાનની સાથે રંગે રમ્યા.

ભગવાન નરનારાયણને અમે રંગી દીધા. કેસરી ચંદન જેવાં કરી દીધા. નરઋષિએ યોગકળાથી વિવિધ પ્રકારનો રંગ બનાવ્યો. તેને નારાયણ ઋષિની પાસે લાવ્યા. રંગ દેખીને તેઓ ઘણા ખુશી થયા. તેમણે અમને કહ્યુ, જુઓ તો ખરા આ રંગ કેવો થયો છે ? આમ કહીને નરનારાયણ ઋષિએ અમારા ઉપર રંગ નાંખ્યો અને બીજા બધા ઋષિઓએ પણ આવીને અમારા ઉપર રંગ નાંખ્યો. પછી અમે પણ તે રંગ લીધો. અમે પણ નરવીર નારાયણની મરજી જોઈને એક એક રંગ ભરેલો કળશ ઉમંગભેર નરનારાયણ ભગવાનનાં મસ્તક ઉપર રેડી દીધો. તેમણે અમારા ઉપર ગુલાલ નાંખ્યો અને અમે તેમનાં ઉપર નાંખ્યો. સંભાર્યો જેવો એક અલૌકિક ખેલ મચી ગયો મુનિઓ પણ પરસ્પર રંગ નાંખતા હતા.

વિવિધ પ્રકારનાં વાદ્ય વાગતા હતા. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવતાઓ રંગનાં કુંભ ભરીને બધા મુનિઓનાં ઉપર નાંખતા હતા. નરનારાયણ ઋષિને અમારા ઉપર રંગ નાંખવાનુ ખાસ તાન રહેતુ હતુ અને તેથી જ મુનિઓને દેવતાઓને પણ અમારા ઉપર રંગ નાંખવાનુ અધિક તાન રહેતુ હતુ. અમે તેમની મરજી જાણી ગયા હતા. અમે સવારથી જ ભારે રંગે રમ્યા અને રંગભર્યુ પાણી પણ ઘણું ઉડાડ્યુ. જ્યારે બપોર નમી જવા આવ્યા ત્યારે રંગની રમત બંધ કરી દઈને માનસરોવરમાં નાહ્યા. બધુ સરોવર રંગરંગ કરી દીધુ. દેવાંગનાઓ અને બધા દેવો જે હતા, તે બધા પણ ત્યાં નાહ્યા. તેનાથી બધુ સરોવર રંગાઈ ગયુ.

અમે બદરિકાશ્રમમાં છ માસ રહ્યા.ધ્યાન કરવાનો અભ્યાસ ત્યાં શીખ્યા, '' યોગનાં આઠે અંગ તમને આવડશે, અમે આવુ વચન કહીએ છીએ.'' નારાયણ ઋષિએ હરખાઈને આવુ કહ્યુ, પછી વિશેષ બોલ્યા કે અમે આપની મોટાઈ જાણીએ છીએ હરેક કલ્પમાં અમે અહીયાં આવીને સુખદ તપ કરીએ છીએ. તપને અમે આપનું સ્વરૂપ માનીએ છીએ. તેનાથી અમને અપાર આનંદ રહે છે. તપ સિવાય અમારે માટે બીજુ કાંઈ આનંદરૂપ નથી. આપનો સર્વોપરિ મત જોઈને કોઈ તપથી



આનંદ માનતું નથી. આપ અમને દર્શન દેવા માટે પધાર્યા છો. બધા તીર્થો પણ મનમાં પ્રસન્ન થઈને આપનાં દર્શન ઈચ્છે છે. પૂર્વ અને દક્ષિણ ભારતમાં યોગ, યજ્ઞ, તપ અને વ્રત કરનારા બધા મુમુક્ષુઓ તથા કેટલાક વન અને વૃક્ષો પણ આપનાં દર્શનની રાહ જુએ છે. રૈવતાચળ (ગિરનાર) દર્શન ચાહે છે. અને ઉદ્ધવજી પણ રાત દિવસ આપનું ધ્યાન કરતા રાહ જોઈ રહ્યા છે. પશ્ચિમ ભારતનાં બધા મુમુક્ષુ લોકો આપનાં આશ્રિત થઈને આપ અક્ષરપતિનાં ધામમાં જશે.

ગિરનારનાં વાયવ્ય કોણથી એક બુધ્ધિશાળી રાજા આવશે. પરમેશ્વરની ઈચ્છાથી તે સારુ રાજ્ય સ્થાપશે. સારા રાજ્ય સિવાય ભૂમિ ઉપર કોઈ હરિભક્ત થઈ શકે નહિ. આપ ત્યાં જશો ત્યારે તે રાજા આપની ઈચ્છાને અનુસરશે. સિંહ અને બકરી બધાને સાથે રાખશે. એક બીજાનું કોઈ નામ નહિ લે. જે ન્યાયથી ચાલશે, તેનો તે દાસ થઈ જશે અને જે અન્યાય કરશે તેને માટે તો તે જમદૂતની ફાંસી જેવો હશે.

જે મનુષ્ય જેટલો અન્યાય કરશે તેને તેટલો તે દંડ કરશે. જે માણસ જેવો ગુનો કરશે તેને માટે તેવો દંડ લખી રાખશે. જેણે અપરાધ કર્યો હોય તે પોતાનાં મુખે તે અપરાધને કબુલ કરે. પછી તેને માથે દંડ ઠેરાવવામાં આવે. આ વખતે જેવો અવતાર થયો છે તેવો જ તે ઘણો બુધ્ધિશાળી રાજા આવશે. જ્યોતિષ શાસ્ત્રમાં વરસનો જેવો રાજા હોય તેવો બધો સમાજ આવતો હોય છે અને વરસનું ફળ પણ તેવું જ આપતો હોય છે. અવતારમાં પણ તેવું જ કારણ હોય છે. નારાયણ ઋષિએ જેમ કહ્યુ હતુ તેમ અમે બધુ કરતા રહ્યા છીએ. તે ઋષિએ જેવા વચન કહ્યા હતા. તેવું જ બધુ પરિણામ અમે દેખતા આવીએ છીએ. શ્રી હરિ આટલી વાત કહીને પછી સરોવરમાં સ્નાન કરી આવ્યા.

જે ભિખારી દાસ પટેલ હતા તેમણે અહીયા સારી રસોઈ કરાવી. વર્ણીએ અપાર પકવાન બનાવ્યા. શ્રીહરિ પ્રેમભાવથી ત્યાં જમવા પધાર્યા. શ્રી હરિ ખૂબ જ ભાવથી જમ્યા કારણ કે તે હરિભક્ત પણ એવા એકાંતિક ભક્ત હતા. જેતલપુર ગામનાં બીજા હરિભક્તોએ અનેક પ્રકારે રંગ કર્યો હતો. અને તે રંગનાં હોજ ભર્યા હતા. રંગે રમવાનો મનમાં ઘણો જ ઉમંગ હતો. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવીને ત્યાં ચોકમાં રંગોળી પુરાવી હતી અને કેળનાં

સ્તંભ રોપ્યા હતા.દરબારો અને પાર્ષદો જમવા આવ્યા તે ઘટે તેમ યોગ્ય રીતે બેઠા. પછી શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા જે પકવાન બનાવ્યા હતા તેને શ્રીહરિએ પંગતમાં ફરીને પીરસી દીધા. સંતોએ ધૂનની ધૂમ મચાવી હતી. ત્યારે શ્રીહરિએ ''વાસુદેવ હરે !!!'' એમ સહુની પાસે બોલાવ્યુ.

## ૫૩. દેવો દ્વારા સંતોનાં ભાગ્યની તથા રંગક્રીડાની પ્રશંસા

જ્યારે શ્રીહરિ પંગતમાં પીરસી રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા કરી. તે વેળાએ બધા સંતો તત્પર થઈને જમવા લાગ્યા. શ્રીહરિએ કહ્યુ, સંતો ખૂબ જ જમજો. રંગે રમવાનું છે. ભૂખ્યા રહીએ તો રમાય નહિ. રમતની રંગરેલ કરવી છે. આવુ બોલીને શ્રીહરિએ રાજી થઈને સંતોને જમાડ્યા. શ્રીહરિનાં અમૃત જેવાં વચન અનંત આનંદ વધારે છે. સંતો ભોજન જમી રહ્યા ત્યારે ભાત પીરસવા લાગ્યા. પછી શ્રીહરિ એકધારાથી દૂધ અને સાકર પીરસવા લાગ્યા. દહી અને દૂધની તો રંગરેલ મચાવી દીધી. પાત્ર ભરાઈને છલકાઈ ગયા. શ્રીહરિ પ્રસન્ન થઈને પંગતમાં એટલુ ફર્યા કે તે સમયે દર્શન કરવા માટે આકાશમાંથી દેવતાઓ આવીને વ્યાપી ગયા.

દેવો એવુ બોલતા, મુનિઓ ધન્ય ભાગ્યશાળી છે, તેમનાં ઉપર શ્રીહરિ ઘણીવાર રીઝયા છે. આ વખતે મુનિઓએ બહુ લાભ લીધો છે. પહેલા ક્યારેય આટલો લાભ લીધો હોય તેવુ અમે દેખ્યુ-સાંભળ્યુ નથી. તે દુર્વાસાનો શાપ અમને પણ વારે વારે થાય કે જેનાથી રાત દિવસ શ્રીહરિ સાથે રહેવાનુ મળે. આવા પુણ્યનો યોગ અમારે ક્યાંથી થાય ? દેવતાઓ તો ધ્રુવનાં અને બ્રહ્માનાં લોક સુધી રહેનારા હતા. જેને સારા સારા ખાન પાન અને વિમાન વગેરે ભોગ મળતા હતા. તેમને ત્યાં શ્રીહરિનો જોગ ન થાય ને ? નીરસ ભોજન કેવુ હોય ? અનંત પ્રકારનાં ભોગ અમને નીરસ લાગે છે. આ સંતોનાં જેવા દિવસ અમે ક્યારે પામીશુ ? અમે તો '' સંતોના જેવાં દિવસ અમને મળે ''એમ રાત દિવસ વર માગ્યા કરીએ છીએ. દેવોએ સંતોનાં ભાગ્ય વખાણ્યા.



હા તે દષ્ટિ એ અમારા ભાગ્ય છે કે ' અમે વારેવારે શ્રીહરિનાં દર્શન કરી શકીએ છીએ.' અને તે પ્રતાપ પણ મુનિવરોનો જ છે કે જેને માટે શ્રીહરિ આ માનવલોકમાં પધાર્યા છે.

અમારુ પુણ્ય નથી કે અમને શ્રીહરિ ભેટે અને જમાડે. મુનિઓને તો શ્રીહરિ જમાડીને વારંવાર ભેટે છે. નાને મોઢે એવી મોટી વાતો અમે શુ કહીએ? આ સંતોએ માયિક પંચ વિષયોને હરામ કર્યા છે. અને ત્યારે જ શ્યામ સુંદર શ્રીહરિ એમને આવુ સુખ આપે છે. જ્યા સુધી પંચ વિષયનાં સુખની ઈચ્છા રહ્યા કરે ત્યાં સુધી શ્રીહરિનો આવો જોગ ન રહે. પંચ વિષયોને તજી દઈને ગોપીઓ ભગવાનમાં લેલીન થઈ ગઈ હતી અને ભગવાન ગોપીઓની સાથે જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી દિન પ્રતિદિન તેમને સુખ આપતા રહ્યા હતા, તે ગોપીઓને ઘરરૂપી મોટો ઝુંડ જ્યારે વળગ્યો ત્યારે ભગવાન કંસને મારવાને નિમિત્તે અક્રૂરની સાથે ચાલ્યા ગયા. ભગવાનમાં અપાર કળાઓ રહી છે. તેને કોઈ કળી શકતુ નથી. તેઓ અનંત કલાઓનાં એવા ભંડાર છે કે તેમને દેવતાઓ પણ કળી શક્તા નથી.

ભગવાન કૃપા કરીને જેટલો પ્રતાપ દેખાડવા ચાહે છે, તેટલો જ પ્રતાપ માયા, ઈશ્વર અને અક્ષર સુધી દેખી શકે છે. દેવતાઓ જ્યારે આટલુ બોલી રહ્યા ત્યારે બધા સંતો અને દરબારો વગેરે જમી રહ્યા. જ્યારે બધા જ હરિભક્તો જમીને આવ્યા ત્યારે શ્રીહરિએ પોતાની કમરે ભેટ કસીને બાંધી. અત્યંત છેલછબીલા અને નટવર બનેલા શ્રીહરિએ હાથમાં પિચકારી લીધી. અને રંગીલા બની ગયા. બધા મુનિઓએ પણ પિચકારી લીધી ત્યારે હરખ વધારે એવા વાંજિંત્રો વાગવા લાગ્યા. દેશે દેશનાં હરિભક્તો કેટલાક પગપાળા આવ્યા હતા. અને કેટલાક વાહન લઈને આવ્યા હતા. તેમને અરધો અરધો કોશ જેટલે દૂર મુકામ કરાવ્યો હતો. તોપણ તેઓ વનમાં ક્યાંય સમાતા ન હતા. પાતાળથી પ્રકૃતિનાં લોક સુધીનાં મોટા મોટા અનંત દેવો આવ્યા હતા. તેઓને ધીરજ ન હતી તેથી સહુએ મનુષ્યનું રૂપ લીધુ હતુ.

શ્રીહરિએ રંગની પિચકારી ભરી અને સહુને રંગે રમવાની આજ્ઞા કરી. પિચકારીઓની અત્યંત ઝડી શરૂ થઈ ગઈ . હોજનો રંગ ખૂટવા લાગ્યો. રામદાસજી સ્વામીએ જોગકળા અજમાવી. દેવ સરોવરનું પાણી તેમાં ખેચીં લીધુ.

એટલે દેવસરોવર સમુદ્રની જેમ ભર્યું. દેવ સરોવરનું પાણી ખૂટે તેમ ન હતુ. શ્રીહરિએ એક પહોર સુધી પિચકારીથી રંગ છાંટ્યો જેમ ગોકુળ ઉપર ઈન્દ્ર તૂટી પડ્યો હોય તેમ શ્રીહરિએ રંગ વરસાવ્યો. બધી ભૂમિ અને આકાશ રંગમય થઈ ગયા હતા. પશુ પંખી વન અને વૃક્ષો જે હતા તે બધા રંગમાં માનો ડૂબી ગયા હતા. પછી ગુલાલ લઈને ઉડાડવાને માટે શ્રીહરિએ પ્રેમથી ઝોળી બનાવી દીધી. સંતો, દરબારો, હરિભક્તો અને દેવતાઓ જે આવ્યા હતા તે બધાએ ઝોળી બનાવીને તેમાં ગુલાલ ભરી લીધો.

પરસ્પર ગુલાલ ઉડાડવા લાગ્યા. કોઈને શરીરનું ભાન રહ્યુ નહિ. રંગ ખેલ ઘણો મહાન થયો. સહુ હો... હો... એમ પોકાર કરતા હતા. અપાર ગુલાલ ઉડતો હતો. તે બ્રહ્માનાં લોક સુધી ઉંચે ચઢી ગયો. તે એટલો અપરમપાર ઉડતો હતો કે કોઈને કોઈની ગમ પડતી ન હતી. જમીન ઉપર ગુલાલ એટલો બધો પથરાય ગયો કે તેનુ વર્ણન થઈ શકતુ ન હતુ. કૃપાળુ પ્રભુએ ગુલાલ એટલો બધો ઉડાડયો કે બધા આકાર ગુલાલ જેવા થઈ ગયા.

**હરિ મહિમા :-**

શ્રીહરિ જ્યારે હોળી રમવા લાગ્યા ત્યારે તેમણે અનંત રૂપ ધારણ કર્યા હતા. જેનો જેવો ભાવ હતો તેને તે રીતે શ્રીહરિએ રંગે રમાડ્યા. જેને તે દિવ્ય રંગખેલ દેખાડ્યો તેને તો તરત જ સમાધિ થઈ ગઈ હતી. તેમને શ્રીહરિની મૂર્તિ અલૌકિક (દિવ્ય) દેખાણી. તે રીતે જ રંગ, સંતો, શ્રીહરિની સાથે જે હતા તે દરબારો, ભાઈ, બાઈ બધા હરિભક્તો દિવ્ય અલૌકિક દેખાયા. હાથી, ઘોડા, વન, પંખી અરે આકાશ સુધી બધુ જ અલૌકિક દેખાયુ. બધે તેજ તેજ તેજ છવાઈ ગયું હતું. સૂર્યની આગળ જેમ ચંદ્રમા ઝાંખો પડી જાય છે, તેમ શ્રીહરિનાં ભક્તો આગળ તે બધા અપાર દેવો ઝાંખા પડી ગયા હતા. ચંદ્રમાની આગળ જેવાં તારાઓ દેખાય તેવાં ભક્તોની આગળ કેટલાક દેવો દેખાતા હતા. જ્યારે શ્રીહરિ હોળી રમી રહયા ત્યારે દેવસરોવરમાં નહાવા ચાલ્યા. શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તો તે સરોવરમાં નાહ્યા. સ્વર્ગ અને પાતાળનાં દેવો પણ સ્નાન કરવા લાગ્યા. સરોવરનું પાણી રંગરંગ થઈ ગયુ હતુ. શ્રીહરિ નાહી રહ્યા એટલે તરત જ પાણીમાંથી બહાર આવ્યા. શરીર કોરુ કરીને વસ્ત્ર પહેર્યા. પછી પ્યારા શ્રીહરિ આસોપાલવની નીચે



આવીને બેઠા.

તે સમયે વિમાનમાં બેસીને દેવો આવ્યા. તેમણે કેસરી ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી. તે દેવોએ સરોવરનાં પાણીથી કુંભ ભરી લીધા. કેટલાક તો ત્યાં રહીને જ પાણી પીવા લાગ્યા. જમીન ઉપર રંગ અને ગુલાલનો કીચડ થઈ ગયો. કરોડો ઉપાય કરે તો એ પણ તે શ્રીહરિ અને સંતોનાં ચરણોની રજ ક્યાંથી મળે ? રંગનો કીચડ જેને હાથ આવ્યો તેટલો તે બધા દેવો વિમાનમાં પોતાની સાથે લઈ ગયા. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા પ્રસાદીનો રંગ અત્યંત આદર ભાવથી લઈ ગયા તે રંગ પાતાલ લોક સુધી પહોચ્યો. જેનાં શરીર પર તે પ્રસાદીનો રંગ છાંટ્યો તે તત્કાળ જ જન્મ, મરણ અને લખચોરાશીથી છૂટી ગયા અને બધી જ પીડાઓ શમી ગઈ એમ જાણવુ.

## ૫૪. ભક્તોએ શ્રીહરિની પૂજા કરી, નિયમની વાત

જ્યાં આસોપાલવનું ઝાડ હતુ ત્યાં વિચિત્ર રીતે ફુલોથી ફુલદોલ હિંડોળો બનાવ્યો હતો. તેનાં ઉપર શ્રીહરિ બેઠા હતા. જેતલપુરમાં જે મોટા જમીનદારો, પાટીદારો હતા તે બધા સત્સંગી થયા તે સહુને શ્રીહરિનાં ઉપર ખૂબ જ હેત હતું. તેમણે કેસરયુક્ત ચંદન, ફુલનાં અપાર હાર અને બીજા પૂજાપાથી ભરેલા થાળ હાથમાં રાખ્યા. આગળ આવીને તેઓ હાથ જોડીને ઉભા રહ્યા. શ્રીહરિએ કહ્યુ, તમે તો બહુ સેવા કરી. તમારા ગુણોને શુ કહેવા ?બધા સંતોને અને હરિભક્તોને તમે બહુ રાજી કર્યા છે.

ભિખારી દાસ આદિ હરિભક્તો પૂજા કરવા લાગ્યા. પૂજા વિધિપૂર્વક કરી, અંગો ઉપર ચંદન ચરચીને ઘણો જ લહાવો દીધો. ફૂલનાં હાર, બાજુબંધ, ટોપી, બધુ પહેરાવ્યું. તેનાથી મૂર્તિ સરસ ઓપવા લાગી. કપૂરની આરતી ઉતારી અને મૂર્તિને હૃદયમાં ઉતારી લીધી. સહુએ સ્તુતિ કરી અને વર માગી લીધા અને બોલ્યા કે ‘ હે હરિ આપે અમને મહાન ભાગ્યશાળી કરી દીધા છે. અમને પોતાનાં દાસ જાણીને દર વર્ષે એકવાર અહીયા આવો અને ઉત્સવ કરો. હે સુખદાયક અમે આપનાં શિષ્ય ભક્તો છીએ એમ માનીને અમને એક ઉત્સવ કરવાનુ વરદાન આપો. અમારા જે

બાળબચ્ચા છે તે બધા આપનાં જ સેવક છે એમ જાણો. અમારી બુધ્ધિભાવના હંમેશા આપમાં રહે, હે સુખકારી, ઘનશ્યામ, અમને એવો વર આપો. આપ મનમાન્યુ એક સારું મંદિર અહિયાં કરો. અમે બધા સેવામાં હાજર રહીશુ. આપની સેવામાં અમને પ્રેમ છે. એટલા માટે આપ આટલુ વરદાન આપો.'' પછી શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યુ અને તે હરિભક્તોને પોતાનાં કરી લીધા.

પછી તે બધા હરિભક્તોએ સંતોની પણ પૂજા કરી. તેમને એકેક વસ્ત્ર ઓઢાડ્યુ જે બધો જ સોનેરી પોશાક હતો તે તો શ્રીહરિને પહેલા જ અર્પણ કરી દીધો હતો. બધા જ દેશોમાંથી હરિભક્તો આવ્યા હતા. એમણે વિચિત્ર સોનાનાં આભૂષણો ધરાવ્યા હતા. લોકો ''જય જય '' જય જય નો ઉચ્ચાર કરતા હતા. એમ સહુએ પોતાનો જન્મ સફળ કરી લીધો. તે બધા ભક્તોએ પણ સર્વ સંતોની પૂજા કરી. કેસર યુક્ત ચંદન ચરચીને ફુલહાર પહેરાવ્યા અને એકેએક વસ્ત્ર ઓઢાડ્યુ હતુ. તે બધા દેશદેશનાં હરિભક્તો શ્રીહરિને હાથ જોડીને કહેતા હતા કે ''ધર્મકિશોર અમારે ગામે ચોક્કસ પધારો. આપ એકવાર તો પધારો. રાતદિવસ અમારા મનમાં તે ઈચ્છા રહ્યા કરે છે. આપની ચરણ રજથી અમારા ઘરબાર અને બધુ પવિત્ર થાય ને ?

કેટલાક દુર્બુધ્ધિવાળા લોકો પણ એમ બોલે છે કે ''તમારા સ્વામિનારાયણ ભગવાનને તમે લઈ આવો. અમે પણ એમની પધરામણી કરીને તેમની સેવા કરીશું. તમે બધા તેમને ભગવાન કહો છો. જો અમે તેમને ઓળખીએ તો અમે પણ ભગવાન માનીએ. તમે જેવા માણસ છો એવા અમે પણ માણસ છીએ. તમને જે સ્વામિનારાયણ ભગવાનપણાનો નિશ્ચય થયો છે, તે અમને માન્યામાં આવતુ નથી. તેનુ શુ કારણ છે ? અમને એક સંશય થાય છે કે જેટલા વિષય છે તે બધાને તમે મહાન પાપ રૂપ કહો છો. પણ તે વિષય વિના તો તમારે ચાલતુ નથી. તો તમે ત્યાગ શુ કર્યો છે ? તે અમને કહો. અમારા કરતા તમે કઇ વાતે ત્યાગ વધારે રાખ્યો છે ? અમને સમજવામાં આવતુ નથી. તમે વાત કરીને અમને સમજાવો કે જે રીતે તમને સ્વામિનારાયણમાં ભગવાનપણાનો નિશ્ચય થયો હોય.

સારી રીતે વિચારીને વાત કરશો તો તે અમને ગમશે. વાત ગમ્યા વિના પ્રેમ ન થાય. વાત સાચી હોય તો પણ તેમાં ચિત્ત લાગતુ નથી. જો વિવેકથી વાત કરતા આવડે તો જેને ખપ ન હોય તેને પણ ખપ ઉપજે. બધી જ વાતોનાં મૂળમાં



વિવેક રહ્યો છે. વિવેક વિના એકપણ વાત મનાતી નથી. બધી જ વાતની રીત જાણવી જોઈએ. રીત હોય તો પ્રીત કોને ન થાય ? સિંહનાં સમાન કોઈ પ્રાણી ક્રૂર ન કહેવાય. માણસને દેખતાની સાથે જ તે ખાવા દોડે. પણ દિનરાત જે સિંહની સેવા કરે છે તેને સિંહ બચાવે છે. ભગવાન અને સંતોની આગળ તો જીવ અતિશય અજ્ઞાની જ છે. જ્ઞાની પુરુષની આગળ અજ્ઞાનીનું જોર કેટલુ ચાલે ? દેખતા માણસની આગળથી ભાગીને આંધળો કેટલેક જઈ શકે ?

સાચા સોનાની આગળ ખોટા સોનાનું એક વાલ જેટલુ એ ન ચાલે. (છ ચોખા ભારની એક રતી, ત્રણ રતીનો એક વાલ, સોળ વાલનો ગદિયાણો, બે ગદિયાણનો ૧ તોલો, )જ્યારે અગ્નિમાં તપાવીને પરીક્ષા કરવામાં આવે ત્યારે ખોટાનાં ભૂંડા હાલ થાય છે. આકડાને આંબો માનીને કોઈ માણસ તેને પ્રેમથી સાચવે, પાણી પાય, પણ ત્યા મુદ્દાની વાત એ છે કે તેને ક્યારેય કેરીનો રસ ખાવા મળે નહિ.

ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યુ, તમારે ગામ સંતો આવશે. તેઓ તેમની સાથે વાત કરશે અને સમજાવશે. જો સાચી વાતને તેઓ નહિ માને તો તેનુ ફળ તેમને મળશે. જે કુસંગી લોકો છે, તેમને કોઈ એક નિયમ પાળવો નથી અને સત્સંગીને તથા સંતોને નિયમો પાળવા છે. તેમને નિયમ બહાર ક્યાંય પગ મૂકવાનો નથી. નિયમમાં રહે તે મહાન છે.

આપણા સત્સંગનાં જે નિયમો છે તે બધા પાપોથી ઉદ્ધાર કરનારા છે. અને જે નિયમ પાળવા, તે જ ખરો નારદ શુક સનકાદિક સંતોનો સમાગમ છે. પાતાળથી અક્ષરપર્યંત અમે નિયમોની સીડી બનાવી છે. જે લોકો નિયમોમાં ચાલે છે તેને કાળ કર્મ અને માયાનો કોઈ ડર રહેતો નથી. નિયમોમાં રહે તો તે કોઈને પણ કોઈ પ્રકારનો ભય રહેતો નથી. અને બધા પાપો અને જમદૂતો પણ તેનાથી દૂર રહે છે. નિયમને પાળવાનો એવો પ્રતાપ છે. જે તે પ્રતાપને જાણતા નથી તેને મહાપાપ લાગે છે. જે મનુષ્ય સંતો અને હરિભક્તોને નમતો રહે છે તેને શુભ બુધ્ધિવાળો જાણવો જે સંતોમાં અને સત્સંગીમાં ગુણ બુદ્ધિવાળો હોય છે તેને પરમેશ્વર તથા સંતો સહાયતા કરે છે. ગુણ બુધ્ધિવાળો જે મનુષ્ય હોય છે તેને દેખીને તો અમને પણ તેનાં ઉપર પ્રેમ થાય છે ગુણવાનનાં ગુણોને જોઈ રાખવા તેનામાં જે ગુણ હોય

તેને પારખવા.

શ્રીહરિ જયારે આટલી વાત કરી રહ્યા ત્યારે શ્રીહરિની પૂજા કરવા માટે સંતો ત્યાં આવ્યા. કેસર યુક્ત ચંદનનો કટોરો ભર્યો હતો. અને ફુલહારનો તો કોઇ પાર જ ન હતો. સહુ પહેલા ભાઇ રામદાસજી સ્વામી આવ્યા તેમણે શ્રીહરિને કેસરી ચંદનની અર્ચના કરી. લલાટમાં કુમકુમનો ચાંદલો કર્યો અને તત્કાળ ફુલહાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ફુલની ટોપી પહેરાવી. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા અને ચરણોમાં નૂપુર બાંધ્યા. ને તે પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી એ આદી અનંત સંતો એ શ્રીહરિની પૂજા કરી. બધાંએ ફુલનાં શણગારો પહેરાવ્યા.

## ૫૫. શ્રીહરિએ સ્વમુખે કહેલો સંત મહિમા

સંતો શ્રી હરિની પૂજા કરી રહ્યા ત્યારે શ્રી હરિએ કહ્યુ, હવે મારે તમારી સંતોની પૂજા કરવી છે. તમને અમારી પૂજા કરવાનો જેવો ભાવ છે તેવો અમારે પણ પૂજા કરવાનો ભાવ છે. અમારા મનમાં મોટાઇનું લેશમાત્ર પણ માન નથી. જેનાથી નુકશાન થાય એવી મોટપને અમે રાખતા નથી. અમારા જે વિચારો છે તેને કોઇ કળી શક્યુ નથી. લોકો પોતાની સમજણ પ્રમાણે આપમેળે અમને ધારી લે છે. પછી તે લોકો અમને જેવા ધારે છે તેવુ તેમને ફળ મળે છે.

શ્રી રામચંદ્રજી અને શ્રી કૃષ્ણજી જે પ્રકટ થયા હતા તેમનાં જેવો બીજો કોઇ અવતાર કહેવાય નહિ. તે અવતારો સર્વોપરિ હતા. તેમાં મુનિવરોએ ઠેર ઠેર કહ્યુ છે. તે બંને અવતાર અનંત બ્રહ્માંડોમાં પૂજ્ય છે. તેમ વેદો અને પુરાણો કહે છે. તેમણે મુનિઓને વારંવાર પૂજ્યા હતા. શાસ્ત્રોમાં ઘણું જ સંભળાય છે.

● સંતને પૂજે તે જ સાચા પ્રભુ છે.

પરમેશ્વરે સંતોને ન પૂજ્યા હોય તેવુ અમે આજ સુધી શાસ્ત્રોમાં ક્યાંય સાંભળ્યુ નથી. પરમેશ્વર કોઇને પૂજે નહિ, એવુ વચન કોઇ શાસ્ત્રોમાં હોય તો એક તો બતાવો ? પરમેશ્વર જો સંતને ન માને-પૂજે તો અમે તેને પરમેશ્વર કહેતા જ



નથી જે સંતોને પૂજે તે જ પરમેશ્વર સાચા છે. અને જે ન પૂજે તે કાચા-ખોટા છે. કાચો ઘડો કોઇ કામમાં ઉપયોગી ન થાય, જે સંતોને માને-પૂજે નહિ, તે પણ કાચા ઘડા જેવાં જ કહેવાય સંતોને માને - પૂજે નહિ એવાં પરમેશ્વર અમે નથી. આ બાબતને ચોક્કસ માનજો. જીવનાં વિચારો તો ટૂંકા હોય છે. જેનાથી મોટપ મળે છે, તેવી વાત ને તે સમજતો નથી. પરમેશ્વરનાં જેવાં ગુણોને મેળવવા માટે સંતોને અમે પ્રાણોનાં પાત્ર-આધાર માનીએ છીએ.

સંતોને પૂજવાની જેને ભાવના (બુધ્ધિ)ન હોય તેને અમે ક્યારેય પરમેશ્વર કહીએ નહિ. અમારા હૃદયનો એવો સિધ્ધાંત છે કે સંતોની પૂજા કરવી તે જ પૂજનારાની ખરી મોટપ છે. શ્રીહરિનો એવો ઉત્તમ સિધ્ધાતં છે. તેને સાંભળીને સૌ સંતો ચૂપ રહ્યા. જયારે બધા જ સંતો શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે શ્રી હરિ સંતોની પૂજા કરવા લાગ્યા. કેસર યુક્ત ચંદનનો કટોરો હાથમાં લીધો. પછી સહુ પહેલા સ્વામી રામજીદાસ સંતની પૂજા કરી. બધા અંગો ઉપર ચંદન ચરચ્યું. ફુલોનાં હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફુલની ટોપી પહેરાવી અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. પછી તે રીતે જ મુક્તાનંદ સ્વામીની પૂજા કરી. આ રીતે શ્રીહરિએ મનમાં પ્રસન્ન થઇને બધા સંતોની પૂજા કરી.

શ્રીહરિ હરખભેર સંતોને મળ્યા-ભેટ્યા. સંતોને ચરચેલુ ચંદન પોતાનાં અંગ ઉપર ચોપડ્યું. તેનાથી ઘણા ખુશ થયા અને બોલ્યા. ઉત્સવ ઘણો સારો થયો. આવો ઉત્સવ પહેલા ક્યારેય થયો નથી. આનાથી અમે ખૂબ જ ખુશ થયા છીએ. ઉત્સવ નિર્વિઘ્ન પૂરો થયો છે. આજ સુધી આવો નિર્વિઘ્ન ઉત્સવ કોઇ થયો નથી. બીજા ઘણા લોકો પણ દેખાદેખીથી ઉત્સવ કરે છે પણ તેમાં વિઘ્ન બહુ થતા હોય છે. તેમાં ધર્મનિયમનો લેશ પણ રહેતો નથી અને ભવાઇથી પણ વધારે પ્રપંચ કરતા હોય છે. જેટલા ફેલી, અધર્મી વ્યસની અને વ્યભિચારી કહેવાય છે તે બધા પુરુષો અને સ્ત્રીઓ ભેળા મળે છે. અને તેને ઉત્સવ કહે છે. તેવાં ઉત્સવો તો દેશે દેશમાં થતા હોય છે. અને તેવા લોકો તીર્થમાં ખાસ કરીને ફરે છે. પુરુષો અને સ્ત્રીઓ તીર્થોને મિષે ઘરથી બહાર નીકળી જાય છે.

તીર્થનુ નિમિત્ત કહે પણ અંદરનો હેતુ કંઇક જુદો જ હોય છે. તીર્થ યાત્રામાં ઘણો જોરદાર પ્રેમભાવ જણાવે છે. તેમનાં ભાવથી આગળ તો સાચા નિર્દોષ

હરિભક્તોનો ભાવ પણ સોહાતો નથી. તીર્થોનું અને ઉત્સવનું ફળ એટલુ જ છે કે તેનાથી આત્મા શુધ્ધ થાય છે. જીવ દેહનાં સંગથી દેહરૂપ થઈ ગયો છે. દેહાસક્તિથી દેહ દ્વારા જે પાપ કરવામાં આવે છે, તે દેહનાં દુઃખ તેની સાથે આત્માને પણ ભોગવવા પડે છે. પાપ કરીને જીવ જેટલુ સુખ ભોગવે છે, તેને તે સુખ કરતા કરોડગણુ વધારે દુઃખ ભોગવવું પડે છે. દેહનાં મદથી જે કુમાર્ગે ચાલે છે તે જાણીને સન્માર્ગને ત્યજી દે છે તેને દુઃખનો કોઈ પાર આવતો નથી. કારણ કે હજી પણ તે પ્રિય બનીને વધારે પાપ કરતો જ રહે છે. જેને પાપ માર્ગમાં ચાલવાનો ઘણો ઉત્સાહ હોય, તેવાં માણસોનાં સંગનો ત્યાગ ભગવાનનાં ભક્તે કરવો. અને તેવાને કોઈ પણ પ્રકારનો ઉપદેશ પણ કરવો નહિ. જે શાસ્ત્રની આજ્ઞા ન માને, સંતો અને હરિભક્તોની મર્યાદામાં ન રહે, તેને માણસ માનવો જ નહિ. તેનું અનિયંત્રિત જીવન કૂતરા, ગધેડાનાં જેવુ કહેવાય. તે તીર્થો ગધેડાં કે કૂતરાં જેવાને માટે નથી કર્યા. પાપી લોકોથી તીર્થમાં કરેલુ પાપ વજ્ર લેપ થઈ જાય છે. શાસ્ત્રોનો તો એ મત છે. જે દઢ બ્રહ્મચર્યવ્રત રાખીને તીર્થોની યાત્રા કરે છે તેને જ તીર્થ ફળીભુત થાય છે.

**સંત મહિમા :**

જપ, તપ, વ્રત, યજ્ઞ, અપાર દાન અને વારંવાર કરેલો સત્સંગ, એ બધા સાધન બ્રહ્મચર્યનાં નિયમ રાખ્યા સિવાય કરવામાં આવે તો તે ક્યારેય ફળીભુત થાતા નથી. જો એક સંતને જમાડવામાં આવે તો કરોડ યજ્ઞનુ ફળ તેને મળે, તેમ કહ્યું છે અને સંતોનાં દર્શન કરવા કોઈ ચાલીને જાય છે, તો તેને પગલે પગલે કરોડ યજ્ઞનું ફળ કહ્યુ છે.

બ્રહ્મચર્ય રાખ્યા વિના શાસ્ત્રોક્ત ફળ મળતુ નથી. જે શુભ કર્મ કરે છે તેનાથી જગતમાં તેની કીર્તિ વધે છે અને શુભકીર્તિનો લાભ તો એટલો જ છે કે જેટલા પાપ કર્યા હોય તેને ભોગવવા પડતા નથી. જે જે ધર્મ કાર્યનું જે જે ફળ કહ્યુ છે તે બ્રહ્મચર્યાદિ નિયમોને પાળ્યા વગર તે ફળ તેને મળતું નથી. વાડ કર્યા વિનાની ખેતરની ખેતીમાં નુકશાન થયા વિના રહે જ નહિ. ખેતીનું ધ્યાન રાખ્યા વિના કાંઈ જ બચે નહિ. ખેતીને ગધેડાં આવીને ભેળવી દે. વાડ વિનાનાં જે ખેતર હોય તો તેને ગધેડાનાં મુખ્ય સ્થાન ગણવા. તે સિવાયનાં બીજા જે હરાયા પશુઓ હોય તે પણ વાડ વિનાનાં ખેતરને ખાધા વિના રહે નહિ. મજબુત વાડ કરી હોય તો પણ પાકને



પંખી ખાઈ જાય. એટલા માટે પાક વાળા ખેતરમાં તો સાચવનારો એક માણસ જોઈએ અને તો જ તે ખેતરમાં પંખી આવે નહિ. ઇંદ્રિયો અને મન, તે પંખીઓનું ટોળુ છે એમ જાણવું.

જો હરિભક્તોનો અથવા સંતોનો સમાગમ રહેતો હોય અને શ્રીહરિનાં ચરિત્રો જો અખંડ સંભળાતા હોય તો સત્સંગરૂપ ખેતર સચવાય. નિયમોનાં વિના તો તે અનંત દુઃખ આપે છે. અમે જે દિવસથી સત્સંગમાં આવ્યા તે દિવસથી મોક્ષનો અધિકાર અમારામાં ઠેરાયો છે. કૃપાળુ રામાનંદ સ્વામીએ અમને દેખીને તુરંત ધર્મની ધુરામાં અમને જોડી દીધા છે. અમે ઉંમરમાં નાના હતાં છતાં સત્સંગનાં વિશાળ વ્યવહારને અમારે શિરે મૂકી દીધો. અમે સ્વામીનાં આજ્ઞાવચનરૂપી બંધનથી બંધાઈ ગયા છીએ. સ્વામી ઉદ્ધવનો અવતાર હતા. આ વખતે તેમનાં વચનથી અમે ધર્મ અને ભક્તિને ઘેર પ્રકટ થયા છીએ. અમે તેમનાં વચનથી જ સત્સંગમાં રહ્યા છીએ.

## ૫૬. છપૈયા-અયોધ્યા લીલા વર્ણન બાદ યજ્ઞનો સંકલ્પ

શ્રી હરિએ વળી આગળ વાત કહી, અમે અયોધ્યાપુરીમાં પાંચ વરસ રહ્યા ત્યારે રામાયણ સાંભળ્યુ. અયોધ્યાપુરીમાં અપાર મંદિર છે. ઠેકઠેકાણે વૈરાગી સાધુઓ રામાયણની કથા કરતા હોય છે. જ્યારે આરતી થાય ત્યારે અદ્‌ભુત શોભા થાતી હોય છે. બધા જ મંદિરોમાં હનુમાનગઢીનું મંદિર વધારે સારુ અને મોટું કહેવાતુ હતુ. દરેક મંદિરે દર્શન કરવા જવાનો અમારે નિત્ય નિયમ હતો. મંદિરમાં જે વૈરાગી સાધુ રહેતા તે અમારી વૃત્તિને દેખીને અમારા ઉપર વારંવાર હેત દેખાડતા હતા. બધા સાધુ ઘણા નિષ્કામી હતા.

દરેક મંદિરમાં અમને પાંચ પાંચ પતાસા પ્રસાદીનાં નિત્ય ઉમંગથી આપતા. અમે ક્યારેય માગતા નહિ. અમારો ઘરથી જ એવો સ્વભાવ હતો. સીતાનાં વિયોગવાળી રામની કથા હું જ્યારે સાંભળતો ત્યારે ઘરમાંથી ઉદાસ થઈ જતો હતો. ઘર છોડી દઉ તો માતા અને પિતાને દુઃખ થાશે, આવું વિચારીને હું ઘરમાં

રહ્યો હતો. આવો વિચાર કરતાં કરતાં માતા અને પિતાનો દેહાંત થઈ ગયો. મોટાભાઈ રામપ્રતાપજી અમારા ઉપર બહુ જ હેત રાખવા લાગ્યા. અમને એક પળવાર પણ છૂટા પાડતા નહિ. ઘણા પ્યારથી અમને સાથે સાથે જ રાખતા. તેઓ એવુ મનમાં માનતા કે કોઈ વૈરાગી સાધુ અમને ભરમાવીને પોતાની પાસે રાખી લેશે. વૈરાગીની બીક રહેતી હતી તેથી તેઓ અમને છોડીને ક્યારેય દૂર જાતા નહિ. અમને પણ પૂર, ગામ અને ઘર કરતા વન વધારે પ્રિય લાગવા માંડયુ.

રામ, લક્ષ્મણ અને સીતાજી વનમાં બાર (ચૌદ) વરસ રહ્યા. પાંડવો પણ કુંતાજી અને દ્રૌપદી સાથે વનમાં રહ્યા હતા. નારદ, ધ્રુવ અને પ્રિયવ્રત જે રીતે વનમાં રહ્યા હતા, તેમ 'આપણે પણ વનમાં જઈને રહેવુ ' એવા મનોરથો અમે કરતા રહેતા. આમ મનમાં મનોરથ કરતાં કરતાં એક દિવસ અમે ઘરેથી ચાલી નીકળ્યા. યોગીરાજનાં જેવો વેષ ધારી લીધો અને ઘણા ભયંકર પર્વતો તથા વનોમાં અમે ફર્યા. જેટલા સંસારનાં સુખ છે, ધન, નારી અને ખાન-પાન એ બધાનો મનમાં ક્યારેય ઘાટ પણ થાતો નથી. કેવળ તપ કરવાનું જ ધ્યાન રહેતુ હતુ. અમને તપ કરવામાં અને ધ્યાન કરવામાં અપાર રૂચિ રહેતી. યોગ સાધવાનું નક્કી કર્યુ. કથા તથા કીર્તનમાં અમે રુચિ કરી.

તપ, ધ્યાન, અષ્ટાંગ યોગ, કીર્તન અને કથા એ જે પાંચ કહ્યા તેના જ વિચાર મનમાં રાખ્યા હતા. તે સિવાયનાં બીજા બધા જ સાધન આ પાંચમાં આવી ગયા છે, એવું માન્યુ. સત્સંગનું સંપૂર્ણ માહાત્મ્ય તો ઉદ્ધવજી જાણતા હતા અને અમે તો તેનાં કરતા કરોડ ગણુ વધારે સમજીએ છીએ. આટલી વાત કરીને શ્રીહરિ કૌકા ગામથી ચાલ્યા અને જેતલપુરમાં આવ્યા ત્યાં જે પોતાની જગ્યા (રહેવાનું સ્થાન) હતી ત્યાં આવીને ઉતર્યા અને મનમાં ઘણો જ હરખ છવાઈ ગયો. ગામમાં જે મોટા મોટા પાટીદારો હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા. નાગર વૈદ્યને સાથે લઈને વિપ્ર આશારામ પણ આવ્યા. શ્રી હરિએ તે વિપ્રને કહ્યુ, હવે ઉત્તરાયણને વચ્ચે એક જ રાત રહી છે, આ ગામનાં વિપ્રોને જમાડીએ તો ઘી કેટલુ જોઈએ ?

વળી કહેતા કહેતા બોલ્યા, ફરતા બધા ગામનાં બ્રાહ્મણોને જમાડીએ તો કેટલુ જોઈએ ?સરખેજ સુધીનાને ? આવું બોલતા બોલતા ત્યાં તો યજ્ઞ શરુ કરાવી દીધો. વિદ્વાન વિપ્રોને બોલાવી લીધા. દેવ સરોવર પાસે જે મહેલ છે ત્યાં



જગ્યા પણ સુંદર અને વિશાળ છે. તેમાં યજ્ઞનાં કુંડ કરાવ્યા, હોમવા માટેનાં પરનાળા પણ સોનાનાં કરાવ્યા. કેટલાક સ્તંભ તો સોનાનાં અને વિચિત્ર ભાતીગળ કરાવ્યા જેનું વર્ણન થઈ શક્તુ નથી. સુવર્ણનાં કળશ કર્યા અને સોનેરી પતાકા ફરકાવી, તેથી શોભા અથાગ થઈ. યજ્ઞ થાય છે તે જાણીને ચાર વેદનાં ચાર ઋષિઓ આવ્યા. તેમાં જે ઋષિ સામવેદી વિદ્વાન હતા તેને મુખ્ય આચાર્ય કર્યા. યજ્ઞમાં કુંડ પણ સામવેદને અનુસારે કર્યા.

વિપ્રે મનમાં ઘણા જ પ્રેમથી સામવેદમાં યજ્ઞ જે રીતે કરવાનો કહ્યો છે તે જ રીતે બધા વિધિ-વિધાનોને અનુસરીને યજ્ઞ શરૂ કર્યો. આ વિષ્ણુયાગ શાસ્ત્રમાં કહેલી સર્વોત્તમ રીત પ્રમાણે આરંભ્યો હતો. તેને દેખીને જાણકાર વિપ્રો પણ વિસ્મિત થતા હતા.ઈન્દ્ર અને વરુણ આદિ જે દેવો લોક પાળ કહેવાય છે તે બધા વિપ્રનાં રૂપમાં મૂર્તિમાન થઈને તત્કાળ ત્યાં હાજર રહ્યા હતા. ભવ અને બ્રહ્મા આદિ જે દેવો છે, તેઓ બધા બ્રાહ્મણનાં રૂપમાં મૂર્તિમાન થઈને ત્યાં આવ્યા હતા. જે ચાર વેદ કહેવાય છે તે પણ ઋષિનું રૂપ ધરીને ત્યાં હાજર રહ્યા હતા. કુબેરની જે સમૃધ્ધિ કહેવાય છે, તે બધી પણ આ યજ્ઞમાં લાવીને હાજર રાખી હતી. મોટા દેવોની જે પત્નીઓ હતી તે પણ બધી પ્રેમાતુર ભાવથી આવી. તેમણે પોતાની બધી સમૃધ્ધિ લાવીને ભેટનાં રૂપમાં શ્રીહરિને સમર્પણ કરી. છતાં પણ લોકરંજન માટે ઘંઉનાં ગાડા ભરાવ્યા. શ્રીહરિ પોતે તે ગાડા ઉપર બેસીને ઘેર ઘેર ગયા. ગામની ચારેય વર્ણની સ્ત્રીઓ જે હતી તે બધીને ત્યાં બોલાવી અને શ્રીહરિએ તેમને કહ્યું, આજ તમારા જેવુ કામ આવી પડ્યુ છે. એટલે અમે અવશ્ય આગ્રહ કરીને તમને સહુને કહીએ છીએ. હવે આ કામ કર્યા વિના ચાલે તેમ નથી. બધી વાતોનો આધાર તમારા ઉપર જ હ્યો છે. જેનું જે કામ હોય, તે તેને હાથે જ થાય. અમને તે બાબતનો તમારો વિશ્વાસ છે. શ્રીહરિનાં આવા પ્રેમરસનીતરતા, વચન સાંભળીને બધી સ્ત્રીઓ ત્યાં ક્ષણવારમાં તત્કાળ આવી.

જેને જેટલી શ્રધ્ધા હતી તેણે તે પ્રમાણે દળવાને માટે ઘંઉ લીધા, મુખથી ભગવાનનાં ગુણકીર્તન ગાતા ગાતા આખી રાત તે સ્ત્રીઓએ ઘંઉ દળ્યા. આમ, ઘેર ઘેર આનંદ વ્યાપી ગયો. મંગળમય ગીતો ગવાતા હતા. બધા સમાજમાં વિવાહ કરતા પણ કરોડ ગણો વધારે આનંદ ઉત્સાહ છવાઈ ગયો હતો. માગશર વદી પથી યજ્ઞનો આરંભ

કર્યો. તેમાં અઢાર દિવસ સુધી બધા વિપ્રો તાજે તાજા લાડુ સતત જમ્યા હતા. શ્રીહરિએ પત્ર લખીને તેડાવ્યા હતા. તેથી દેશ દેશમાંથી સંતો આવ્યા અને દેશદેશનાં અનંત હરિભક્તો પણ આવ્યા હતા. કેટલાક હરિભક્તો વાહનમાં બેસીને આવ્યા અને કેટલાક તો ચાલીને આવ્યા. હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા.

## ૫૭. વિષ્ણુયાગનો પ્રારંભ

શ્રીનગર (અમદાવાદ)નાં કોટની બાજુમાં ફુલોનાં બગીચાઓ હતા તેનાં ફુલોનાં હાર બનાવીને માળી લાવતા હતા. હરિભક્તો તેની પાસેથી વેચાતા હાર લઈ આવીને શ્રીહરિને તે પહેરાવતા. તોરા, ગુચ્છ, બાજુબંધ અને ટોપી કરીને તેઓ લાવતા. જ્યારે યજ્ઞ ચાલુ હોય ત્યારે શ્રીહરિ તેની પાસે જઈને બેસતા. વિપ્રો વેદ મંત્રોનો ઉચ્ચાર કરતા હતા. તે સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થતા હતા. વિપ્રો અને દેવો સાથે મળીને વેદમંત્રોનું ગાન કરતા હતા. દશ હજારથી લઈને વીસ હજાર સુધીનાં ફુલહાર હરિભક્તો એકતાર-નિરંતર લાવતા હતા. તે લાવીને શ્રીહરિને ધરાવતા. નિત્ય નવા નવા ઉત્સવ છવાઈ જતા હતા.

શ્રીહરિ કેટલાક હાર વિપ્રોને આપતા. ત્યારે તેઓ ઘણા ભાવથી ફુલહાર લઈ લેતા. કેટલાક હાર સંતોને અને હરિભક્તોને પણ આપતા હતા. કેટલાક હારને લઈને મંડપમાં લટકાવી દેતા હતા. તેથી મંડપ પણ પ્રફુલ્લિત ફુલ બાગ જેવો લાગતો. એક પહોર (ત્રણ કલાક) સવારે અને એક પહોર સંધ્યા પછી રાતે સભા થાતી. તે રીતે બેસતા હતા. તે સિવાયનાં સમયમાં યજ્ઞશાળામાં જઈને વિપ્રોને દર્શન આપતા. સરોવર પાસેનાં કોટમાં અપાર વિપ્રો ચુરમું તળીને તેનાં લાડુ ઘણા સારા બનાવતા હતા. શિયાળો હતો એટલે લાડુમાં જેટલુ સમાય તેટલું ઘી નાંખતા હતા. ફરતા ગામ વહેલાલ અને કણભાનાં જે હરિભક્તો હતા, તેઓ કાષ્ઠનાં ગાડા ભરીને લાવતા અને ઘાસનાં પણ ગાડા ભરીને લાવતા જેનો કોઈ પાર ન હતો.

ચોખા અને લોટનાં મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે જ ગોળ, ઘી અને તુવેરની દાળનાં પણ પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે માટીનાં નવા



વાસણ પણ ઢગલાબંધ લાવ્યા હતા. જે સામાન લાવતા તેનાં અલગ અલગ ઢગલા કરાવતા હતા. બધા સામાનની દેખરેખ રાખનારા જે જે સંતો અને હરિભક્તો હતા ત્યાં જઈને શ્રીહરિ તેમને પણ દર્શન દેતા હતા. વારેવારે તેમને પૂછતા સામાન કેટલો છે ? કોઈ સામાન ખૂટે તેમ હોય તો કહેજો. વાત છાની રાખવી નહિ. જે વિપ્ર હરિભક્ત હતા તેમને રસોઈ બનાવવામાં આગેવાન કર્યા હતા. સત્સંગ સિવાયનાં વિપ્રો પત્રાવળી અને પડિયા ફેરવતા હતા.

ક્ષત્રિય હરિભક્તોને શ્રીહરિએ કહ્યુ હતુ કે તમારે હથિયાર બંધ રહીને સંઘની ચોકી કરવા સતત ફરતા રહેવુ. ચોકી કરવા માટે વારાફરતી ત્રણ ત્રણ કલાકનાં અનુક્રમે રાતે અને દિવસે વારા ગોઠવી દીધા હતા. એક ધારા ચોકી કરતા. હોશિયાર વણિક હરિભક્તોને ખર્ચ લખવા માટે ગોઠવી રાખ્યા હતા. જે સામાન ઉપર જે રહેતા તેઓ તેનો ખર્ચ લખી રાખતા અને જે મયારામ ભટ્ટ હતા તેને જ સહુનાં મુખ્ય ધણી કર્યા હતા. તેમને માલિક કરીને શ્રીહરિએ સોનેરી છેડાની પાઘ બંધાવી સોના ચાંદીની દોત (શાહીનો ખડિયો) માલિકને અપાવી. રેશમી કોરની બે ધોતી પહેરવા માટે આપી. અને બુટ્ટાદાર શ્વેત જામો ધર્મકુમારે તેમને પહેરાવી દીધો.

ભટ્ટજી નાતે વડનગરા નાગર હતા. ધન અને નારી બાબતે તો તેઓ શુધ્ધ હતા. મહાન નૈષ્ઠિક મયારામ ભટ્ટની પાસે ચાર પાર્ષદ કામકાજમાં મદદ માટે રાખ્યા હતા. જરૂર પડે તો તેઓ દોડીને જાતા અને હરખથી તે કામ કરી આવતા. જેતલપુરનાં હરિભક્ત જે અમીન પાટીદાર હતા તેઓ તો નિર્બંધ રીતે સર્વ પ્રકારે સત્તાને ભોગવનાર હતા. કોઈ તોફાની તોફાન કરવા આવે, તો તેનું તરત જ અપમાન કરીને તેનો જવાબ લઈ લેતા હતા. કેટલાકને પાણી ભરવા માટે રાખ્યા હતા. તેઓ જલદી જલદી પાણી ભરી લાવતા હતા, જે સુતાર હરિભક્તો હતા તેઓ લાકડાને ચીરતા-ફાડતા હતા અને કેટલાક તો તંબુમાં કામ લાગે તેવી મેખો બનાવતા હતા. તે બધા રસોડે જમતા હતા. બધી સત્સંગી બાઈઓ અનાજને સાફ કરતી. કેટલીક ઘંટી ચલાવીને અનાજ દળતી. સહુ સેવામાં લાગી ગયા હતા. જે બાઈઓને રુકિમણી વિવાહ આદિ નાં ધોળ ગાતા આવડતા હતા તેઓ દસ વીસ મળીને ગાતી હતી. અને કામકાજ કરતા કરતા પણ ઠેકઠેકાણે તેમની ગર્જના સંભળાતી

હતી. કેટલીક હરિભક્ત બાઈઓ લોટ ચાલળતી હતી. જે વિપ્ર બાઈઓ હતી તે બધી મળીને પાપડ વણતી હતી. સત્સંગી બધી બાઈઓમાં ગંગાબાઈ અને રેવાબાઈ મુખ્ય ગણાતી હતી તેઓ બાઈઓમાં પરસ્પર કલહ થવા દેતી નહિ.

તેઓ વિરજા અને રાધિકાનાં કલહની વાતો કહીને સત્સંગી બાઈઓનાં કલહને તરત જ ટાળી નાંખતી હતી. અને તેમને દ્રૌપદી અને સીતાજીનાં જેવા સ્વભાવ રાખવાનું શીખવાડતી. વળી પ્રતિદિન રુક્મિણીનાં જેવો સ્વભાવ રાખવાનું પણ શીખવતી હતી. જેવો સ્વભાવ જેને શીખવતી તેવો પાસ તેનાં જીવમાં ઉતરી જતો હતો. જેનાથી અપકીર્તિ થાય અને પોતાનો સ્વભાવ પણ બગડે તે જોતી, વિચારતી. તેવા સ્વભાવની સ્ત્રીનો સંપર્ક છોડી દઈને સત્સંગનાં માર્ગમાં બધી બાઈઓને પ્રેમ રાખવાનું કહેતી હતી. અને સત્સંગી બાઈઓને તે વાતો પ્રિય લાગતી હતી. જે વિપ્ર જ્ઞાતિની બાઈઓ હતી તેમનું જમવાનું પુરુષોથી અલગ હતુ. એટલે બાઈઓ ભેળી બાઈઓ જમતી હતી. તેમજ વિપ્ર પુરુષો પણ પુરુષોની પંગતમાં બેસીને જમતા હતા.

તૈયાર વાળેલા મોટા મોટા લાડુને જોઈને તે જમનારા વિપ્રોને તો આશ્ચર્ય થાતુ હતુ. વિપ્રો જમવા બેસે ત્યારે તેમને પીરસનારા પાંચ હજાર વિપ્રો પંગતમાં વારંવાર પીરસવા ફરતા રહેતા હતા. જ્યારે લાડુ પીરસાઈ રહે ત્યારે તે લાડું ભાંગીને તેમાં ફરીવાર ઘી પીરસાતુ હતુ. જમનારા તે વિપ્રો જમતા જમતા પણ વધારે જમનારાની કીર્તિ ભરી વાતોને પરસ્પર મુખથી કહેતા રહેતા. તે વિપ્રો એવું પણ બોલતા કે આ ભૂમિ ઉપર અપરમપાર મોટા મોટા રાજાઓ છે. અનેક કરોડોનું ધન તેમણે ભેગુ કર્યુ હોય છે, પણ તે ધન પુણ્યકાર્યમાં લગારેય વાપરતા નથી. દાન ભેગુ કરી કરીને તે અનંત રાજાઓ મરી ગયા છે. તેઓ ક્યારેય એવો વિચાર કરતા નથી કે મર્યા પછી તે ધન મરનારાને માટે શા ઉપયોગમાં આવશે ? આ સ્વામિનારાયણ સ્ત્રી ધનનાં ત્યાગી છે. તેમને ગામ કે ગરાસ કાંઈ જ નથી, છતાં તેઓ આવા અદ્‌ભુત યજ્ઞ કરે છે.

## ૫૮. વિદ્વાન વિપ્રો દ્વારા યજ્ઞની પ્રશંસા

કેટલાક વિપ્રો એવું બોલતા કે સિધ્ધિ વિના આવું થઈ શકે નહિ. સ્વામિનારાયણ મનમાં જે જે ધારે છે, તેવું તે તરત જ કરે છે. જે રાજા ગુરુ અને



વિપ્રો અધર્મરત હતા, અર્થાત ધર્મ પાળતા નહિ અને અધર્મ કરતા, તે બધાને શ્રીહરિનો સુયશ કે પ્રતાપ ગમતો નહિ. જે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સનાતન છે. જે ગ્રંથ બધા સનાતન છે તેને અનુસરીને જે ચાલતા હોય, તે આધુનિક અધર્મી લોકોને ન ગમે, તેનાથી તે મિથ્યા કેમ કહી શકાય ? જે ચાર વર્ણનાં અને ચાર આશ્રમનાં લોકો અનાદિ કાળથી ચાલી આવતી સનાતન રીતનો ત્યાગ કરી દે તો તેઓ સનાતન માર્ગથી વિરુધ્ધ છે.

જેમાં કપટ ભર્યુ હોય અને અધર્મ ભરપૂર હોય એવા તે ચાર વર્ણનાં અને ચાર આશ્રમનાં લોકો સુજ્ઞ મનુષ્યોથી છુપાઈને લોકોને ખૂણિયુ જ્ઞાન આપતા હોય અને છાની રીતે મદ્ય અને માંસને ખાતા પીતા હોય, તેમજ જે ચોરી અને વ્યભિચારને પણ કરતા હોય તે બધા લોકો વર્ણ અને આશ્રમથી બહાર છે. જે લોકો, વર્ણનાં અને આશ્રમનાં ગણાતા હોય અને જાહેર રીતે કુમાર્ગે ચાલતા હોય, તેનાં ગુરુ તો જે રાજા હોય તે છે કે જે રાજા સનાતન માર્ગ ઉપર ચાલતા હોય, જે સ્વયં રાજા થઈને પણ સનાતન માર્ગ ઉપર ચાલતા નથી તે તો નામ માત્રનાં જ રાજા છે. તેવાં નામ માત્રનાં કહેવાતા રાજા અને નામ માત્રનાં કહેવાતા ગુરુ તેમને લીધે તો નિત્ય અધર્મ વધતો જાય છે. જેટલા અધર્મી ગુરુ અને અધર્મી રાજાઓ છે તે બધા સનાતન ધર્મને જ અધર્મ કહે છે. જે સ્વચ્છ જીવન પધ્ધતિને છોડાવીને કુત્સિત જીવનને પ્રવર્તાવે છે. એવા જેટલા રાજાઓ હોય કે ગુરુઓ હોય ભલે તે વર્ણાશ્રમી હોય તેવાને વેદોથી - વૈદિક પરંપરાથી બહાર કહ્યા છે.

સ્વામિનારાયણ તો એક સુરીતનાં રાજા છે. પૂત ચરિતથી તેની અનુપમ વૃધ્ધિ થાતી જ રહેશે. જે રાજા અને ગુરુ સુરીત વિનાનાં છે કપૂતચરિત છે, તેમનો રોજબરોજ વિનાશ થાતો જ રહેશે. યજ્ઞમાં, દેવમાં અને શુધ્ધ વિપ્રમાં એવુ પરિણત ફળ તો દેખાય જ છે. સાચા ગુરુ તો ઈશ્વરનાં પણ ઈશ્વર છે. તેઓ તો બ્રહ્માનાં રાજ્યને-પદને તુચ્છ ગણે છે. સમર્થ ગુરુની દૃષ્ટિમાં ઈન્દ્રનું રાજ્ય તુચ્છ છે અને ચક્રવર્તી રાજ્યની તો કાંઈ ગણતરી જ નથી. તેવાં ગુરુનું જ્ઞાન તો મોક્ષ પરાયણ જ હોય છે. તે સમર્થ ગુરુને ક્યાંય પાછા પડતા દેખ્યા નથી. સમર્થ ગુરુને ઓળખ્યા વિના દુનિયામાં લોકો તો પોતપોતાની સમજણ પ્રમાણે બોલ્યા કરે છે. વેદ પુરાણો અને બધા ધર્મશાસ્ત્રને ભણ્યા હોવાં છતાં તે જ્યારે ભગવાન પ્રકટ થાય છે ત્યારે

તેનું જ્ઞાન તે શાસ્ત્રોથી થાતુ નથી. જે ખપ વાળા છે તેને માટે જ ભગવાન પ્રકટે છે. જેને ખપ નથી તેની દૃષ્ટિ આગળ ભગવાન ફરતા દેખાય તો પણ તે ઓળખતો નથી. નારદ, શુકદેવ અને સનકાદિકોનાં જેવાં સંતો અત્યારે પ્રકટ્યા છે. તેમનાં કરતાં પણ અધિક ધર્મવાળા છે. છતાં જેને ખપ નથી તેને ક્યારેય ઓળખાશે નહિ. જે અવતારોનાં સમયમાં ભક્ત થયા હતા, ખપ વગરનાં લોકોએ તો તે વખતે પણ ભગવાનને ઓળખ્યા નથી. જે કોઈપણ તે અવતારોને મળ્યા છે, તે આજે ધન્ય ભાગ્ય કહેવાય છે. તે અવતારોથી અત્યારે આપણે શુ પ્રયોજન છે ? એવું કોઈ મનુષ્ય વિચારે નહિ. વિદ્વાન અવિદ્વાન ખપ વિનાનાં હોય તો તે બંને એક સરખા જ છે. વાનર મનુષ્ય જાતિ નથી. જે વાનર રામચંદ્રજીને મળ્યા હતા તેઓ કોઈ વેદ ને કે પુરાણોને ભણ્યા ન હતા. આજનાં જેવાં વાનર છે તેવાં જ તે પણ હતા.

જે વાનરોએ રામચંદ્રજીને પોતાનું શરીર અર્પણ કરી દીધુ હતુ તેથી તેઓ ઘણા ચતુર અને રાજાથી પણ શ્રેષ્ઠ કહેવાયા. બીજી બાજુ રાવણનાં જેવો કોઈ વિપ્ર કહેવાય નહિ. તે પુલસ્ત્ય ઋષિનો તો પૌત્ર હતો. ચાર ધામ સુધીનાં ભારતવર્ષમાં રાવણનાં જેવો અન્ય કોઈ વિદ્વાન ન હતો. તેણે એકમાત્ર રામચંદ્રજીને ન માન્યા, તેથી તે બધે ધિક્કારને પાત્ર થયો.તે એટલો બધો ભયંકર અધર્મી થયો, જે કહી શકાતુ નથી. ભગવાન રામચંદ્રજીએ તેને બળજબરીથી માર્યો. જે જે લોકો તે રાવણનો પક્ષ લઈને આવ્યા તે બધાની ગતિ પણ રાવણનાં જેવી જ થઈ હતી. રાવણનાં સગાભાઈ વિભીષણ હતા, તે વખતે મહાન ભક્ત કહેવાયા. વળી જે વખતે શ્રીકૃષ્ણાવતાર થયો ત્યારે તેમને ગોપીઓ અને ગોવાળોએ તત્કાળ ઓળખ્યા હતા. ઋષિ પત્નીઓ, પાંડવો, ઉદ્ધવજી, અક્રૂર અને સાત્યકિ આદિ યાદવો, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને ઓળખ્યા હતા.

ઓળખનારા કોઈ વેદ કે પુરાણોને ભણ્યા ન હતા. અને જે ભણ્યા હતા તે કોઈએ શ્રીકૃષ્ણને માન્યા- ઓળખ્યા નહિ. કંસ ઘણો સમર્થ રાજા હતો પણ તેણે શ્રીકૃષ્ણનો અત્યંત દ્રોહ કર્યો હતો.જેને સત્સંગ નથી થયો અને મોક્ષનો ખપ નથી થયો ત્યાં સુધી વિદ્વાન અને અવિદ્વાન તે બંને એક સમાન છે. મનુષ્ય શરીરને પામીને શાસ્ત્ર ભણવા, તીર્થ અને વ્રત વગેરે વિવિધ પ્રકારનાં સાધન કરવા, અને સદ્ભાવ રાખીને સત્સંગ કરવો, તે બધુ શુભ બુધ્ધિનું જ ફળ છે.



વિવિધ પ્રકારનાં યજ્ઞ કરવા, વારંવાર વિપ્રોને જમાડવા, તે બધાનું શુભ ફળ સત્સંગ કરવો તે છે. જો સત્સંગ ન કરે, તો તે યજ્ઞાદિ બધા સાધન નિષ્ફળ છે. માહાત્મ્ય જ્ઞાને યુક્ત જે સત્સંગનું ગૌરવ સમજવુ તે જ ખરી સમજણ છે. એવો અમારો અનુભવ છે.

અનુભવ વિના કાંઈ સૂઝતુ નથી. લાડુ ખાઈને ખુશી થવાનુ છે. દાન દક્ષિણા મળી એ જ તેનુ ફળ મનાય છે. ખપ વિનાની બધી વાતો તો આવી છે. વેદ અને પુરાણો વગેરેને જેટલુ ભણે છે, તીર્થ અને યજ્ઞ વગેરેને જે કરે છે તે બધાનું ફળ તો નારી અને ધનને મેળવવુ તે જ કહે છે. મોક્ષની વાતને તો તે લોકો તુચ્છ કહે છે. એકને સત્સંગ દ્વારા મોક્ષ મેળવવો છે. અને બીજાને ભોગ-સુખ મેળવવુ છે. ખપ વગરનાં નરનારીને આવુ કાંઈ સૂઝતુ નથી. તે બધા પોતપોતાની સમજણ પ્રમાણે અપાર ધનનો ખર્ચ કરે છે. મુમુક્ષુને તો અપાર ફળ મળે છે. જેનો કહેવાથી છેડો આવે તેમ નથી. મુમુક્ષુ જન નિષ્પાપ યજ્ઞ કરે છે અને તેને તેનું અમાપ ફળ મળે છે. સકામ મનુષ્ય યજ્ઞમાં પાપ કરે છે. તેનું ફળ બધુ કપાઈ જાય છે. પછી તો જે પાપનું ફળ શેષ બચે છે તે તેને તલતલ જેટલુ એ ભોગવવું પડે છે. ઈન્દ્રનાં શરીરમાં હજાર ભગ થયા, પાપનું ફળ તો એવુ હોય છે. બ્રહ્માનો દેહ પાપરૂપ થયો, તે પણ અજોડ પાપનું જ ફળ હતું તેમ જાણવું. જેને સદ્વિચાર રૂપી નેત્ર ન હોય તેવા દેવ હોય કે મનુષ્ય તેઓ તો રાક્ષસ અને પિશાચનાં જેવાં દેખાય છે. રજોગુણ અને તમોગુણની અસર અંતઃકરણમાં પ્રકટ થાય છે. એટલે રાક્ષસ અને પિશાચની જેમ અંતઃકરણમાં સંકલ્પ વિકલ્પ ઉઠતા રહે છે. અનંત જન્મનાં પાપનો પાસ (અસર) જે રહ્યો હોય છે તેનો તરત નાશ તો સત્સંગે કરીને થાય છે એમ દેખાય છે. મોક્ષ વિનાનાં બીજા જે સંકલ્પ છે તે જ્યારે શત્રુ જેવાં દેખાય ત્યારે સત્સંગ દૃઢ થયો જાણવો. અને બધા જ યજ્ઞ પણ પૂરા થયા જાણવા.

## ૫૯. યજ્ઞયાગાદિકકાર્યમાં કોઈનો પણ દ્રોહ ન થાય તેનું અનુસંધાન રાખવું

અઢાર દિવસ સુધી ઘી, જવ, ડાંગર, તલ, યજ્ઞીય કાષ્ઠ અને ઔષધિઓનો હોમ કર્યો અને દેવતાઓએ હોમની આહુતિઓને આરોગી-સ્વીકારી. જ્યારે

પૂર્ણાહુતિ કરવાની હતી તે દિવસે અત્યંત મહાન ઉત્સવ કર્યો, ત્યારે અનંત બ્રહ્માંડોનાં દેવો આવ્યા, પ્રકટ શ્રીહરિએ તે સમયે યજ્ઞનારાયણનું રૂપ ધારણ કર્યુ. જે ભાગ્યશાળી હતા તેમને તે દર્શન થયા અને અભાગિયા દર્શન વિના રહી ગયા. જે દેવો આવ્યા હતા તે બધાએ ભાવ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી અને શ્રી હરિએ તેમનાં સહુનાં ભાવ પૂરા કર્યા. બધા દેવો અનંત પ્રકારનાં વાંજિંત્રોને વગાડતા હતા. તેમજ અનંત બ્રહ્માંડોનાં ગાંધર્વો ગાન કરવા લાગ્યા.

જેટલા ગાંધર્વો હતા તેટલી જ અપ્સરાઓ પણ આવી હતી, તેમણે પોતાનાં બધા અંગોને વિચિત્ર રીતે સમજાવ્યા હતા. તે ઘણા જ અદ્‌ભુત ભાવથી નૃત્ય કરતી હતી. અને તેનાં ઝાંઝરનાં ઘૂઘરા ઘમ ઘમ અવાજ કરીને ઘમકતા હતા. બધાને શ્રીહરિને રાજી કરવાનું જ એક તાન હતુ. તેથી તેઓ અદ્‌ભુત રીતે ગાતા હતા. તેમનામાં ગીત નૃત્યાદિનું જે ચાતુર્ય હતુ તે બધુ દેખાડવા લાગ્યા. બધા દેવોએ પુષ્પોની અને કેસરી ચંદનની વૃષ્ટિ કરી, તેઓ બધા મુખથી 'જય જય' 'જય જય' એમ બોલતા હતા આમ શ્રીહરિની કીર્તિ બ્રહ્માંડમાં અપાર છવાઈ ગઈ. જેટલા બ્રહ્માડોનાં દેવો આવ્યા હતા તે સહુએ અલગ-અલગ રીતે શ્રીહરિની સ્તુતિ કરી અને જેટલા બ્રહ્માડોનાં દેવો હતા, શ્રીહરિએ પણ તેટલા જ રૂપ ધારણ કર્યા હતા. સમાધિવાળા મોટા સંતો બધા આ આશ્ચર્યને દેખતા હતા. એક જ દિવસની તે વાતને અનંત જન્મોથી પણ લખી શકાય તેમ નથી.

અનંત વાતો હોય છે તેમાંથી વિવેક રાખીને એકાદ વાત લખાય છે. ઓછી બુધ્ધિવાળાને દૃષ્ટિમાં રાખીને તેને સમજાય તેમ તેની રુચિ પ્રમાણે શ્રીહરિનાં ચરિત્ર લખાય છે. નાની વાતોને અલ્પ બુધ્ધિવાળા આગળ કહેવા લાગીએ તો તેનો પાર આવે તેમ નથી. જે સાંભળે નહિ, તેની આગળ શુ પડકારા કરવા ? એવુ વિચારીને, તેનાથી ડરીને થોડી વાત લખી છે. વરસાદનાં એક એક બિંદુથી અનંત સરોવર ભરાઇ જાય છે. સરોવર, નાની તલાવડી અને નાની નદીઓ વરસાદથી છલકાઇ જાય છે. પણ ગંગા જેવી નદી અને સાગર ક્યારેય છલકાતા નથી. જેવાં હોય તેવાં જ દેખાય છે. શ્રીહરિ ચરિત્રમાં રસ માણનારા શ્રધ્ધાળુ શ્રોતાઓ ગંગા અને સાગરનાં સમાન છે. અનંત વાતોને સાંભળે છે છતાં તેઓ તૃપ્ત થતા નથી.

મંદ બુધ્ધિનાં લોકો તો ગ્રામ્ય વાતોને વારંવાર સાંભળે છે, તો પણ તેને



ક્યારેય ન સાંભળી હોય તેવી નવીન લાગે છે. શ્રીહરિ ચરિત્રની વાતો તો સાકર, ઘી અને દુધનાં જેવી છે. તે વાતો રસિક ભક્તોને માટે અમૃતનાં સમાન છે. અને વિષયી જીવને માટે તો ઝેરનાં જેવી છે. શ્રીહરિ ચરિત્રોને સાંભળવામાં લેશમાત્ર પણ જ્યારે આળસ કે પ્રમાદ ન રહે ત્યારે તેને ખરો રસિક શ્રોતા જાણવો. ભગવાનની વાતને કોઇ શત્રુ મુખથી કહેતો હોય તો પણ તે વાત સાક્ષાત્ અમૃત સમાન લાગે. જે ભગવાનની વાત કહેતો હોય તેનાં ઉપર ક્યારેય વૈરભાવ થાય જ નહિ. ને ત્યારે જ તે ખરો રસિક શ્રોતા છે. અને જો વૈરભાવ રાખે, તો તે કપટી કહેવાય. કોઇ ભગવાનનાં ચરિત્રોને કહેતો હોય અને તેનાં ઉપર બીજો કોઇ ઈર્ષ્યા લગારેક પણ કરે, તો કરોડો ગોહત્યા કર્યાનાં પાપ કરતા પણ તેનું પાપ વધારે જાણવું અને તેને રાવણ, હિરણ્યકશિપૂ અને કંસ જેવો જાણવો.

**ભગવાનનાં ચરિત્રનો મહિમા :**

અનંત કોટી બ્રહ્માંડોમાં જે રસ રહ્યો છે તેનાં કરતા અનંત કોટિ ગણો અધિક રસ શ્રીહરિનાં ચરિત્રોમાં રહ્યો છે. આવા શ્રીહરિ ચરિત્ર રસને પીવામાં જેને નિદ્રા આવે, આળસ ચઢે અને અરુચિ રહે તો તેને કાળનેમિની જાતિનો જાણવો. પછી ભલે તે દિન રાત ધ્યાનમાં બેસી રહેતો હોય. તેઓ એમ વાત કરે કે શુકદેવજી, સનકાદિકો અને નારદમુનિનાં જેવા ધ્યાની અને સિધ્ધ કોઇ નથી, જે એકરૂપ હોવાં છતાં અનંત રૂપ દેખાડે અને બીજા લોકોનાં ખ્યાલમાં ન આવે, લોકોને દેખાડવા તેઓ એમ બોલે કે 'અમને કોઇ માને કે ન માને, ભગવાન સિવાય બીજો કોઇ સંકલ્પ પણ થતો નથી. એક ભગવાનમાં જ અમને પ્રીતિ છે.'.

દુનિયામાં મનાવા-પૂજાવા માટે અનેક સાધન કરે, વાયુ ભક્ષણ કરે, અર્થાત નિરાહાર રહે, પણ ખરેખર તે કપટી હોય છે અને લબાડ હોય છે. પોતે પૂજવાને ખાતર ધ્યાન કરવા માટે પંચાગ્નિ તાપે, તેને ભગવાન ઉપર જે પ્રીતિ નથી હોતી તે ઝાઝા દિવસ છુપાવી તલ ભાર પણ છુપાતી નથી. જેને ભગવાનમાં પ્રીતિ હોય તેને સંતોનાં ઉપર પણ પ્રીતિ હોય જ છે તે તરત જ દેખાઈ આવે છે. તે વાત બધાને દેખાતી નથી. અર્થાત બધા પરીક્ષા કરી શકતા નથી. પરખ કરવી તે ઘણી અટપટી વાત છે. પુરુ સમજ્યા વિના ભક્તને પણ ક્યારેક મનમાં કપટી સમજી બેસાય છે. પછી તો તે નિષ્કપટ ભક્તને કપટી ઠેરાવી દે છે. અને કપટીને નિષ્કપટ બતાવે

છે. પોતે પ્રતિષ્ઠિત થઈને જેવી વાત કરે તેવી વાત બીજા બધાનાં મનમાં દેખાડી દે છે.

આ સંસારમાં જે પ્રતિષ્ઠિત હોય છે, તેનો સહુ વિશ્વાસ કરે છે. બધા જ પ્રતિષ્ઠિતની રીત એક સમાન હોય છે. તેથી ઘણો વિવેક રાખવો જોઈએ. વિવેક વગરની જે વાત બોલાય છે તેમાં વારંવાર દ્રોહ થઈ જતો હોય છે. એટલા માટે અત્યારે સત્સંગ કરનારા સંતો અને સહુ હરિભક્તોએ પરસ્પર કોઈનો દ્રોહ ન થઈ જાય એવી બીક રાખવી. જો બીક (ભય)રાખવામાં ન આવે તો તેનુ પરિણામ સારુ આવતુ નથી. દક્ષે અને ભૃગુએ શિવની બીક ન રાખી તો તેમણે શિવજીનો અત્યંત દ્રોહ કર્યો. છતાં શિવજીએ ઘણી ક્ષમા રાખી. તેમણે દક્ષને અને ભૃગુને કાંઇ પણ કહ્યુ નહિ. શિવજી અપાર ખીજાયા હતા પણ તે સમયે તેઓ લગાર પણ બોલ્યા નહિ. જ્યારે જે જે યજ્ઞ કરવામાં આવે છે ત્યારે તેનાં ઉપર ખૂબ જ ધ્યાન દેવુ જોઈએ. જો ધ્યાન દેવામાં ન આવે તો કોઇ મોટા પુરુષનો અપરાધ થવાની ચોક્કસ સંભાવના રહે છે.

શ્રી હરિએ જે વાત કહી તેમાં જરાયે ફેરફાર નથી. મોટા વિદ્વાન ઋષિઓએ યજ્ઞ કરવાનો આરંભ કર્યો. પછી ''મથુરામાં મોટો યજ્ઞ થાય છે.'' એવી વાત શ્રીકૃષ્ણ ભગવાને સાંભળી તે સાક્ષાત ભગવાન પુરુષોત્તમ તેના ઉપર પ્રસન્ન થયા. તેમની પાસે ભોજન માંગવાને માટે ગોવાળ બાળકોને મોકલ્યા. પણ તે યજ્ઞ કરનારા વિપ્રોએ ભોજન આપ્યુ નહિ. અને તેમનો તિરસ્કાર કર્યો. પછી તો તે વિપ્રોને પશ્ચાતાપ થયો. પોતાને મુખે જ પોતાને ધિક્કાર્યા. મનમાં ઘણું દુ:ખ થયું. પણ ગયો અવસર ફરી વાર આવતો નથી. શ્રીહરિ કહે છે કે અમે તે બધી વાતોને જોઈ વિચારીને મનમાં ડરીએ છીએ. જે યજ્ઞમાં સાક્ષાત પૂજવા યોગ્ય હોય તેનો અપરાધ-તિરસ્કાર કયારેય થઈ જાય નહિ.

## ૬૦. યજ્ઞ પ્રશંસા સહન ન થતા ક્રોધિત કીચક જેતલપુરમાં

જેતલપુરમાં યજ્ઞ અત્યંત અનુપમ થયો. શ્રીહરિએ તેની સમાપ્તિ કરી. વિપ્રોને વિવિધ પ્રકારનાં દાન અને દક્ષિણાઓ આપી. જેને જેમ ઘટે તે રીતે સોનુ, રૂપુ અને વસ્ત્ર વગેરેનાં દાન દીધા. વિપ્રોએ તેનાં ખૂબ જ વખાણ કર્યા. તે દિવસોમાં



શ્રીહરિએ પ્રસન્ન મનથી જમાડ્યા. ફરતા ગામનાં માણસો પણ ભાણા જમ્યા. ત્યાનાં સરોવરમાં જેટલુ પાણી હતુ તેટલુ તો ઘી શ્રીહરિએ સૌને જમાડવામાં વાપર્યુ. બીજાને તો કાંઇ ધીરજ રહે નહિં પણ ભગવાન શ્રીહરિનાં મનમાં તેનુ કાંઇ આશ્ચર્ય ન હતુ. જ્યારે યજ્ઞની સમાપ્તિ થઈ રહી, વિપ્રોને દાન દઇ દીધા ત્યારે વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા અને વારંવાર જય જયકારનો જયઘોષ કરવા લાગ્યા.

વિપ્રો બોલતા, આજે આપે જે રીતે વિપ્રોને જમાડ્યા છે તે રીતે બીજો કોઇ જમાડે નહિ. ધનવાન તો મોટા મોટા રાજાઓ પણ છે. પણ આવા યજ્ઞ અત્યારે કોઇ કરાવતા નથી. વલ્લભકુળ અર્થાત પુષ્ટિ માર્ગીય વલ્લભાચાર્યનાં વંશજો, ઘણા ધનવાન છે. તેમને ઘેર હાથી રથ અને મ્યાના હોય છે. તેમજ કરોડપતિ શાહુકારો તેમને માને છે. મોટા મોટા રાજાઓએ તેમને સારા ગામ ગરાસ પણ આપ્યા હોય છે. અને પોતે તો ઘણા અમૂલ્ય ભોજન જમતા હોય છે. તેમની બરોબરી કોઇ કરી શકે નહિ. તેઓ એકમાત્ર લાલજીની સેવા કરે છે. અને વિવિધ પ્રકારનાં મેવા લાલજીને ધરે છે. બારે મહિનાનાં દિવસોને સેવા માટે અનુક્રમે સેવકોએ ગોઠવી રાખ્યા હોય છે. કોઇ મહિનો કે ઋતુ ઉત્સવ વિના ખાલી ન હોય. લોકો તેમની રીતને દેખીને જ મોહાઇ જાય છે. જેનાથી લોકોને મોહ થાય એવી બધી તેમની રીત દેખાતી હોય છે.

તેઓ એમ બોલે છે કે ''જે માણસ વલ્લભકુળનો આશ્રિત થાય તેને કોઇપણ પાપ અડે નહિ.'' પોતાનાં કુળમાં એવા સંકેતો બાંધી રાખ્યા હોય છે કે તેમાં એક રતીભાર પણ નિયમ ધર્મ રહે નહિ. યજ્ઞ-યાગ બધુ વલ્લભકુળની સેવામાં માને. બીજા વિપ્રોનુ તેમાં ઠામ-ઠેકાણુ રાખે નહિ. શૈવમાં પણ શિવનાં મતનાં હોય તેમને જ અધિક પ્રેમથી જમાડે છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, યથાર્થ રૂપમાં તો અહીં સહજાનંદ સ્વામીનાં મતમાં જ રહ્યા છે. વિપ્રોએ શ્રીહરિને કહ્યુ, ''વિપ્રોને અને સંતોને યથાર્થરૂપમાં આપ જ ઘણું માનો છો. આપનાં વિના અત્યારે કોઇ મતમાં આવા મોક્ષનાં દ્વારરૂપ સત્કર્મ ક્યાંય દેખાતા નથી.'' આવી સમજણવાળા જે વિપ્રો હતા તેમણે શ્રીહરિનાં ચરણોમાં મોક્ષની સુંદર રીત દેખી, તેથી તેઓ સત્સંગી થયા.

યજ્ઞમાં આવેલા બધા હરિભક્તો અને વિપ્રો સહુ સહુને ગામ ગયા. ઘનશ્યામ

શ્રીહરિ હજી જેતલપુરમાં હતા, તેમાં કીચક નામે એક શક્તિપંથી ત્યાં આવ્યો. તે વખતે શ્રીહરિ, સંતો અને હરિભક્તોની સભા કરીને બેઠા હતા. તેમાં તે સહુની આગળ આવીને બેઠો. તેની સાથે તેનાં ચાર શિષ્યો પણ હતા. માંસ અને દારૂ , ખાઈ પીને આવેલા તેણે કાલભૈરવનો વેષ બનાવ્યો હતો. માથાનાં વાળ છૂટા હતા. કપાળમાં સિંદૂરનો ચાંદલો કર્યો હતો. હાથનાં કાંડાંમાં કંકણ અને મૂઠીમાં ત્રિશૂળ લીધુ હતુ. મુખથી કાળી,કાળી એમ જપતો હતો. ચુંદડીનો એક કટકો માથે બાંધ્યો હતો. તે કૌલાર્ણવ નામે ગ્રંથને ભણેલો અને મંત્ર જંત્રમાં પૂરો હતો. તે મૂઠચોટ અને કામણ ટૂમણ જેનાં ઉપર ચલાવે તે ખોટા પડતા નહિ.

મોટા મોટા સરદારો પણ તેને ગુરુ કરીને માનતા. તે ભગવાનનો પાકો દ્રોહી હતો અને બીજા લોકો ઉપર તેનો ઘણો ભાર હતો. જેટલા વર્ણાશ્રમીઓ હતા તેઓ બધા તેનાથી ડરતા હતા. જેણે અનંત બ્રહ્માંડોની રચના કરી છે તે ભગવાનથી એટલા ન ડરતા કે જેટલા તે કીચકથી ડરતા. જે પરમેશ્વર વારંવાર જળની વૃષ્ટિ કરે છે ત્યારે તો જગતને જીવવાની ધીરજ રહે છે. જેનાં જિવાડ્યા બધા જીવે છે અને માર્યા મરે છે. પ્રાણી માત્રની જીવનદોરી જેનાં હાથમાં છે એવાં સમર્થ પરમેશ્વર સૌનાં નાથ છે. પૃથ્વી આદિ પાંચ ભૂતોની રચના પણ પરમેશ્વરે જીવસૃષ્ટિને માટે જ કરી છે. જે જે કાંઇ આશ્ચર્યકારી બાબત છે, તે એક ભગવાનમાં જ રહી છે. ભવ બ્રહ્માદિક બધા દેવો પણ તેમનાં જીવાડ્યા જ જીવે છે.

જગતમાં રાજા ભગવાને કર્યા છે. સંપત્તિ પણ તેમણે જ આપી છે. તે ભગવાનને જ જીવ ભૂલી જાય છે. જીવ આવો બુધ્ધિમાન છે. સાચા અમૃતરૂપ તો ભગવાન છે તેને જગત ભૂલી ગયુ છે. અને જે દંભી રૂપ ઝેર છે, તેને અમૃત માનીને સહુ લઈ બેઠા છે. મનુષ્યની અનંત ભૂલો હોય છે, તે તેને દેખાતી નથી. ભૂલ ઓળખાવનારુ દ્વાર તો સત્સંગ છે, પણ માણસ સત્સંગની સાથે વેર બાંધી બેઠો છે.

કીચકે શ્રીહરિને સામાન્ય મનુષ્ય જેવાં માન્યા હતા. તેથી તે અભિમાની આપ મેળે બોલ્યો-દેવીને તજી દઈને જે બીજા યજ્ઞ કરે છે, તેનાં ઉપર દેવી કોપે છે. જ્યારે તે દેવી કોપે છે ત્યારે મોટા સિધ્ધોનું પણ ધાર્યુ થાતુ નથી. શ્રીહરિ તો મુખ



આગળ નાનો રૂમાલ રાખીને કીચકની વાત સાંભળતા હતા. જ્યારે શ્રીહરિ ધીમુ ધીમુ હસવા લાગ્યા ત્યારે તેણે લાજ-મર્યાદા છોડી દીધી અને બોલ્યો, જે કોઈ પણ દેવો કહેવાય છે તે બધા દેવીને આધીન છે.શ્રીકૃષ્ણનાં જેવા કોઈ સમર્થ નથી છતાં તેણે પણ દેવીની પ્રાર્થના કરી હતી. જ્યારે તેણે દેવીને પ્રસન્ન કરી ત્યારે જ તે અનંત દૈત્યોને જીત્યા હતા. જ્યારે મહામાયા પ્રસન્ન થઈ ત્યારે જ તે જાંબવાનને જીતી શક્યા હતા. પછી તેણે મહામાયાને હરખથી યાદવોની કુળદેવી માનીને ગિરનાર પર્વત ઉપર તેની સ્થાપના કરી હતી. શ્રીકૃષ્ણે તે દેવીનાં ઘણા જ નામ પાડ્યા. ત્યારે તે દેવી અત્યારે કળિયુગમાં ગામેગામ પૂજાય છે.

ત્યારે શ્રીહરિએ કીચકને કહ્યું દેવી તો અમારાથી ડરતી રહે છે. જે દેવીનુ નામ ‘કમલા (લક્ષ્મી)’ છે તે અમારા ઉપર બહુ જ રાજી રહે છે. એટલે તે કમલા અમારી કુળદેવી કહેવાય છે. અને તે અમારા સત્સંગની રક્ષા કરનારી છે. અમે દિવાળીને દિવસે અનંત દીવાઓ કરીને કમલા (લક્ષ્મી) દેવીનું પૂજન કરીએ છીએ. જે જે સર્વોત્તમ ભોજન કહેવાય છે, તે બધા બનાવીને અન્નકોટનાં રૂપમાં તે દેવીને ધરીએ છીએ. તે કમલાદેવી પણ શ્રીકૃષ્ણને જમાડીને પછી પોતે જમે છે. અને તેમનાં પોતાનામાં જે પ્રતાપ છે તે પણ શ્રીકૃષ્ણનો જ છે એમ તેઓ સમજે છે. જે જે લોકો દેવી આગળ દારુ અને માંસનું નિવેદ ધરાવે છે તેનાં ઉપર તો સાક્ષાત દેવી ઘણો જ કોપ કરે છે. આઠ પ્રકારની હીન જાતિની સ્ત્રીને દેવી માનીને પૂજીને તેની સાથે ભ્રષ્ટ થનારા પુરુષ કે તે સ્ત્રી ઉપર દેવી અપાર કોપ કરે છે. તે સ્ત્રીને દેવી કરીને જે આઠ પ્રકારનું માંસ તેને ધરાવે છે તેની સદ્‌બુધ્ધિનો નાશ થાય છે. અને દેવીનો તેનાં ઉપર એટલો કોપ થાય છે, તેનાથી વધારે કોપ કોઈનાં ઉપર દેવી કરતી નથી.

## ૬૧. શ્રી હરિની શાસ્ત્રીય વાત આગળ કીચક પરાસ્ત થતા પલાયન

શ્રીહરિ ફરીને બોલ્યા, જુઓ કીચક તમે વાત સાંભળો. તમે બ્રહ્મબીજ થઈને ચંડાળની સાથે ખાઓ છો, આનાથી કયો મોટો દેવીનો કોપ હોઈ શકે ?

અમને તો તે તમારા ઉપર દેવીનો કોપ જ દેખાય છે. વર્ણાશ્રમનાં ધર્મથી ભ્રષ્ટ થઈ જવામાં તમને લાજ શરમ કેમ નથી આવતી ? જ્યારે દેવી કોપ કરે છે ત્યારે તેનો સુંદર બ્રાહ્મણનો વેશ નાશ કરી દે છે. અને પછી તેને વિરૂપ તથા ભયંકર વેષધારી કરી દે છે. જે મતમાં બધી જાતનાં અત્યંત પાપને ધર્મ માનવામાં આવે છે, તેમાં પાપ તો સ્થિર અને કાયમનું થઈ જાય છે. અને ધર્મનો તેમાંથી વિનાશ થઈ જાય છે. દેવનાં સમાન કોઈ ઉત્તમ નથી. તેમને જે ઉત્તમ વસ્તુ હોય તે જ ખપે. સર્વોત્તમ પદાર્થથી દેવીની થોડી પણ પૂજા કરનારા નરનારીઓને અત્યંત ઉત્તમ કરી દે છે. તે દેવી જ્યાં સુધી તેનાં ઉપર પ્રસન્ન રહે છે ત્યાં સુધી તો તે ઉત્તમ રહે છે.

ઉત્તમ ગ્રંથમાં જે વાત હોય છે તે તેને અત્યંત પ્રિય લાગે છે. સૂંપડાનો સ્વભાવ જ એવો સારો હોય છે કે તે સારી સારી વસ્તુને લઈ લે છે. અને જે અસાર વસ્તુ હોય તેને ફેકીં દે છે જ્યારે ચાળણીનો એવો મલિન સ્વભાવ છે તે સારી વસ્તુનો ત્યાગ કરી દે છે, અને મલિન વસ્તુનો સંઘરો કરી રાખે છે. વેદ અને ભાગવત તથા તેને અનુસરતા જે ગ્રંથ તેમાં જે સર્વોત્તમ અને મોક્ષપરક વચનો છે તેમને ઉત્તમ પ્રકારનાં સાચા મુમુક્ષો છે તે ગ્રહણ કરી લે છે. જે ઉત્તમ પ્રકારનાં મુમુક્ષુ મનુષ્ય છે, તે બધાને સૂપડાનાં જેવાં સાર ગ્રહણ કરનારા કહ્યા છે. તેવાં મનુષ્યો દુર્લભમાં પણ અતિ દુર્લભ છે. અને તે અત્યારે આ સત્સંગમાં દેખાય છે.

જગતમાં જેટલા ઉત્તમ પ્રકારનાં મનુષ્યો છે તે બધા અત્યારે આ સત્સંગમાં આવી રહ્યા છે. હંસનાં જેવાં જે ગુણગ્રાહી છે તે સત્સંગમાં આવ્યા વિના રહેતા નથી. માન સરોવર જેવા સરોવરમાં બધા ભેળા મળે છે. કારણકે માન સરોવર એકમાં જ સાચા મોતી થાય છે. તે રીતે જ માન સરોવર જેવાં સત્સંગમાં અપાર હરિભકતો એકત્ર થાય છે. બીજા સર જેવા મતમાં તો લગારેય હરિભક્તો હોતા નથી. બીજા બધા જે મત છે તે તો ચાળણીનાં જેવાં છે, તેમાં તો કૂચા જેવા મનુષ્યને જ, જોઈને ભેળા કરે છે. તેમાં વિવિધ પ્રકારનાં વ્યસન અને કૂફેલરૂપી કૂચા ભર્યા હોય છે. નિયમરૂપી બારણા વિનાનાં સ્થાનમાં કેવા ભેળા થાય ? ભેળાઈ ગયેલા ખેતરમાં અનાજ ક્યાંથી થાય ? બીજા બધા મતોમાં તો જેને જેમ રૂચે તેમ ઢોંગ કરીને બધા ચાલે છે. ઢોંગી ચેલા ઢોંગી ગુરુને માને છે. ઢોંગ વિનાનું પ્રમાણ થતુ નથી. આજે મોટા મોટા રાજાઓ પણ બધા ઢોંગીઓને જ માને છે. ઢોંગીઓએ



સાચા મતને પાખંડ ઠેરાવી દીધો છે અને રાજાઓને પણ તે વાત મનાવી દીધી છે. જ્યાં સાચી વાતને-સાચા સંતોને પાખંડ બનાવી દેવામાં આવતાં હોય ત્યાં એવાં ગુરુ અને રાજાનો નિભાવ કઈ રીતે થઈ શકે ? અમે એવો સંકલ્પ કરતા જ રહીએ છીએ. સત્ય વિનાનું જે એકલુ અસત્ય કહેવાય છે તે તો અમને ઘોર અંધારા જેવુ દેખાય છે. તેવાં ઘાટા ઘોર અંધારામાં કોઈને સુખ થાય નહિ. અને સત્ય સારા રાજા સિવાય આ અંધેર મટે નહિ. અમારા મનમાં વારંવાર એવા સંકલ્પ થયા કરે છે કે પરમેશ્વર જેમ કરે તેમ થાય. પરમેશ્વર ધારે તો શું ન થાય ? બધી વાત તેમનાં જ હાથમાં છે.

સાગરનાં બેટ જેવાં પ્રદેશમાં રહેનારો, સત્યનો આશ્રય કરનારો, સારો અનુપમ જે રાજા છે તે સત્ય નિયમોનો અમલ કરવા આવી રહ્યો છે અને મોટાનો સંકલ્પ તે સત્ય કરશે. સત્યરૂપ ધર્મનાં ઉપર રુચિવાળા જે જે છે તે બધા આવનારા રાજા ઉપર ઘણા જ પ્રસન્ન છે. તેને અહી આવવામાં ગાયકવાડ દ્વાર રૂપ થયા છે. અને ભગવાન તેનાં અંતરમાં વસ્યા છે. જેઓ ખોટા છે, અધર્મી છે, મલિન વિદ્યાવાળા છે, તેમના મનમાં ઘણો જ ત્રાસ થઈ રહ્યો છે. તેઓ તો વારંવાર વાત સાંભળીને ધ્રૂજી ઊઠે છે.

શ્રીહરિએ કીચકને કહ્યુ જે જે ખોટા મનુષ્યો છે તે બધાને શુધ્ધ કરનારો-સુધારનારો રાજા હવે આવી રહ્યો છે. જે લોકો કમલાને અને સીતાને ખોટા ગણે છે. તેનાં ઉપર તો આ વખતે તેઓ એકદમ કોપ્યા છે. એ તમે ચોક્કસ માની લો. તમારામાં જે કાંઈ જોર હોય અને તમારાં જેવા બીજા હોય તે બધા મળીને સામનો કરો. સાચું શું છે ? ખોટું શું છે ? તે હવે ખબર પડશે. જો અસત્ય વાત તમારા દેવીને ગમતી હોય તો તે સત્ય વાતને હઠાવી દેશે. હવે આ બાબતને દેખતા રહો શું થાય છે ?

શ્રીહરિની ઉપર કહી તેવી વાત સાંભળીને તે વખતે તો કીચક ખડખડાટ હસવા લાગ્યો. પછી બોલ્યો, અત્યારે સત્યનું રાજ્ય નથી અને હવે પછી પણ ક્યારેય સત્યનું રાજ્ય નહિ થાય. અમારા જેવાં જ્યા સુધી આ જગતમાં છે ત્યાં સુધી સત્યનું ક્યારેય ચાલવાનું નથી. કળિયુગમાં હવે પછી પણ જો સત્યનું ચલણ થાય, તો અમારા જેવાનું મોત તો તરત જ થાય. આવુ બોલતો તે તરત જ ઉઠ્યો.

લાલ આંખોને ઘુમાવતો તે ફરીને બોલ્યો હજી પણ જે ક્યાંક સત્યનું વર્તન કરનારો મત જેટલો બચ્યો છે, તેનો અમારે પ્રથમ જ વિનાશ કરવો છે. અમારા જેવાં જેટલા વિપ્રો છે અને ભેખધારીઓ છે, તે બધા સત્ય ધર્મનાં ઉપર કોપ્યા છે જ્યાં સુધી તમે આ પ્રદેશમાં આવ્યા ન હતા ત્યા સુધી બધા લોકો અમને ભગવાન ગણીને પૂજતા હતા.

હવે જેટલા નરનારીઓ તમને માનતા થયા છે, અરે તમારા સત્સંગીઓના છોકરા છે, તે પણ કોઈ અમારાથી ડરતા નથી. તો પછી મોટાની તો વાત જ શી કહેવી ? તેઓ તો અમારો રતીભાર પણ વજન માનતા નથી. અમારા મંત્રનો તો ભાર નથી તેમજ મૂઠ ચોટથી પણ તેમને લગારેય ડર લાગતો નથી. જેટલી મલિન દેવીઓ છે, ભૈરવ ભૂત અને ડાકણો કહેવાય છે, અપાર બળવાન વીર અને જદ (જીન) છે તેનાથી પણ કોઈ ડરતા નથી. મેં અત્યારે પણ તે બધાને અહીયાં બોલાવ્યા હતા પણ તેમાંથી એક પણ અહી નજીક આવ્યા નહિ. આ સભાને દેખીને તે બધા અત્યંત થરથર ધ્રૂજવા લાગ્યા છે.

હવે અમારી પાસે એક હથિયાર છે તેનો એક વાર અખતરો કરવો છે. જો તેનું કાંઈ ન ચાલે તો પછી અમે હારીને રહેશુ. આટલું બોલીને કીચક ચાલતો થયો પણ તેને રસ્તામાં જ તરત અપશુકન થયા. તે ઘણો મનભંગ થઈ ગયો. અધિકારી સૂબોની પાસે ગયો. તે અધિકારી સૂબો તેનો શિષ્ય હતો જઈને તેને બધુ કહ્યુ, હવે જેનુ જેવુ ભવિષ્ય હશે તેવુ તે તરત થાશે. અધિકારીએ નવી શાલ મગાવીને હરખભેર તેને ઓઢાડી પણ કીચકને તરત જ તાવ ચઢ્યો. તેથી તેને ઘણું જ કષ્ટ થયુ.

## ૬૨. જેતલપુરમાં બીજો યજ્ઞ કરવાની સંતોની સલાહ

શ્રી સહજાનંદ સ્વામી, શ્રીહરિએ જે વાત કહી તેમાંથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તો લેશમાત્ર જ કહે છે. શ્રીહરિની એક લેશમાત્ર વાત પણ ક્યાંય મળતી નથી. તેનાં સિવાયની અન્ય વાતો તો ઠેકઠેકાણે અનેક થાતી હોય છે. ધર્મપુત્ર શ્રીહરિનાં આશ્રિત એવા જે સંતો અને હરિભક્તો છે તેમનાં માટે આ વાત અધિક મહત્ત્વની છે. શ્રીહરિએ કહ્યુ જે વેદ અને પુરાણો છે તે જ વર્ણાશ્રમની વ્યવસ્થાને રાખી રહ્યા છે. તે વેદ અને પુરાણો સિવાય જે છે તે તો અત્યંજ સુધી



બધાને એકરસ કરી રહ્યા છે. આપણું આ શરીર એક છે અને તેમાં બધા અંગો ભિન્ન ભિન્ન છે. સહુની કાર્ય શક્તિ કે પધ્ધતિ જુદી જુદી છે. ક્યાંય એક રીત મળતી નથી.

આંખનું કામ કાન કરી શકે નહિ, અને કાનનું કામ આંખોથી થઈ શકે નહિ. મુખનુ કામ મનથી ક્યારેય થઈ શક્તુ નથી. વિવિધ પ્રકારનાં જે રસ છે તેનુ જ્ઞાન એક જીભ સિવાય અન્ય કોઈ ઈન્દ્રિય જાણી શકે નહિ. અને દાંતનું કામ તો દાંતોથી જ થાય છે. સ્પર્શનું કામ તો ત્વચાથી થાય છે. હાથનું કામ હાથથી થાય છે. એમ જ્ઞાની મનુષ્ય વિવેક દૃષ્ટિથી જુએ છે પણ અજ્ઞાનીને આવી વાત ક્યારેય સમજમાં આવતી નથી. સમજાયા સિવાય વાતમાં રસ પડતો નથી. અને રસ પડ્યા વિના ક્યારેય રુચિ ઉપજતી નથી. પરમેશ્વરે ચેતનાની જે મર્યાદા શક્તિ બાંધી છે તેને કોઈ ઉલટાવી શક્તુ નથી. વિશ્વામિત્ર બહુ ભારે સમર્થ થયા હતા તેણે સૃષ્ટિની જુદી જ રીત કરી ત્યારે બ્રહ્માએ તેમને રોક્યા. વિચક્ષણ વિશ્વામિત્રે તેમનું વચન માન્યું.

ભગવાનનાં આજ્ઞાવચનથી બ્રહ્માએ મરીચિ આદિ પ્રજાપતિઓને જ્યારે જન્મ આપ્યો અને મરીચિ આદિક ઋષિઓએ તે રીતે જ કશ્યપ પ્રજાપતિ આદિને જન્મ આપ્યો. કશ્યપ આદિ પ્રજાપતિએ પણ પૂર્વનાં એક એક જનકની આજ્ઞા પ્રમાણે પ્રજાની ઉત્પત્તિ કરી. પૂર્વ પૂર્વ જનકમાં આજ્ઞા વચન સિવાય જો કોઈ વધારે કે વિરુધ્ધ પ્રજાને ઉપજાવવા પ્રયત્ન કરતા હતા ત્યારે ભગવાનની ઈચ્છા જાણીને બ્રહ્મા તેને રોકી દેતા હતા. સહુ બ્રહ્માએ કહેલા નિયમ પ્રમાણે ચાલવાનો સંબંધ રાખતા હતા. પૂર્વાપર નજર કરીને જુઓ. વિચારો કે પૂર્વ પૂર્વનાં નિયમોને અનુસુર્યા વિના સ્થાવર કે જંગમ સૃષ્ટિ કરતા નહિ. નિયમ ભંગ કરે તેને દુઃખ આવે.

નિયમોનું ઉલ્લંઘન કરીને જે જેટલુ વધારે આગળ ચાલે છે તે તેમાં તેટલુ દુઃખ પામે છે. એ બાબતમાં એક તલભાર પણ ખોટુ નથી. કેટલાક કામ કરતા હોય તેવું દેખાય છે. કેટલાક તરત દેખાતા નથી. આ બાબત ચોક્કસ છે. બુધ્ધિ વિના તે દેખાતુ નથી.

અહિંસામય યજ્ઞોને અમે સર્વોપરિ માનીએ છીએ પણ જેમને હિંસામાં રુચિ હોય તેવાં વિપ્રો અને રાજાઓ પણ છે. તેમને આવાં અહિંસામય યજ્ઞ

રુચતા નથી, એટલે તેઓ હિંસામય યજ્ઞ કરે છે, તેની સાથે દ્વેષ-વેર કરે છે. જે દેવીનાં ઉપાસકો છે તેમણે દેવી ભાગવત બનાવ્યુ છે. સનાતન (આદિ) શ્રીમદ્ ભાગવત વ્યાસે કર્યુ નથી એવુ તેઓ બોલે છે. ઉપબોધ (બોપદેવ) નામે જે બ્રાહ્મણ હતા તેમણે વ્યાસનાં નામથી ભાગવત કર્યુ છે. જે દેવીનાં ભક્તો છે તેઓ આવી વાતને ઉપજાવી કાઢીને કહે છે. જેમને સત્યની ખબર નથી એવાં બધા નરનારીઓ હોય છે એટલે તે પાપી શક્તિપંથીઓ લોકોને કુમાર્ગે ચઢાવી દે છે. અને સન્માર્ગને તોડી નાંખે છે.

ત્યારે બધા હરિભક્તોએ શ્રીહરિને કહ્યુ કોઈ પણ માણસ પરમેશ્વર કરતા વધારે સમર્થ નથી. પરમેશ્વરે ધારેલા માર્ગનો જે લોપ કરે છે તેમનો વિનાશ તો તરત જ થઈ જાય છે. હિરણ્યકશ્યપૂ બહુ મોટો રાજા હતો. તે ઈન્દ્ર કરતા પણ વધારે બળવાન હતો. તેણે ભક્ત પ્રહલાદનો દ્રોહ કર્યો તો તેનાં પરિણામે તેનું મૃત્યુ થયુ. તેનાં ભાઈ હિરણ્યાક્ષે ભૂમિનુ અપહરણ કર્યુ તો તરત જ તેનાં પ્રાણ નીકળી ગયા. રાવણ અને કુંભકર્ણ જેવાં અત્યારે કોઈ રાજા નથી. જો રાવણે સીતાનું અપહરણ કર્યુ તો તેમનો બધાનો વિનાશ થયો. કંઈવાર લાગી નહિ. પૂતના, તૃણાવર્ત, અને શકટાસુર વગેરે અપાર રાક્ષસોએ શ્રીકૃષ્ણ ભગવાનનો દ્રોહ કર્યો તો બધા મરી ગયા.

રાજા કંસ, શિશુપાળ, દંતવક્ર, શાલ્વ, બાણાસુર અને જરાસંઘ વગેરે બધા અસુરોને શ્રીકૃષ્ણે એક લવમાત્રમાં મારી નાંખ્યા હતા. ભગવાન પરશુરામે મહાન બળવાન રાજા સહસ્ત્રાર્જુનને તત્કાળ જ મારી નાંખ્યો હતો. ત્યારે શ્રીહરિએ તે બધા કાઠી દરબારોને કહ્યુ, અમે તો સાધુનો માર્ગ લીધો છે. કોઈ પણ મનુષ્યનો ઉધ્ધાર થાય એવો જ વિચાર અમે કરતા હોઈએ છીએ. શાસ્ત્રમાં તો અપાર શુભ ગુણ લખ્યા હોય છે, તેમાં જેની જેવી રુચિ હોય તે પ્રમાણે તેઓ તેવા ગુણોનું ગ્રહણ પ્રેમથી કરે છે. સાધુતામાં બધા ગુણ દેખાય છે. તેનાથી વધારે અમે ક્યારેય દેખતા નથી.

**સાધુતાને નજરમાં રાખીએ છીએ :**

સાધુતા સિવાયનાં બીજા જે ઘણા ગુણો છે તે બધા અમને તો નઠારા દેખાય છે. અમે જે જે કામ કરીએ છીએ તે બધુ સાધુતાને રાખીને જ કરીએ છીએ.



વિપ્રો અને મોટા મોટા રાજાઓ કહેવાય છે તે બધાને હિંસા પ્રિય છે.તેઓ રાજી થાય કે ન થાય અમે એક યજ્ઞ અવશ્ય કરીશુ. જ્યા આ સંતો કહે ત્યાં યજ્ઞ કરીએ. તમને જ રુચતુ હોય તે ગામ કહો. ત્યારે સંતોએ કહ્યુ, જેતલપુરનાં જેવુ કોઈ ગામ દેખાતુ નથી. મહેલ તો વિશાળ કિલ્લો છે, ત્યાં ક્યારેય ઉદ્વેગ થાય નહિ. આપે પહેલા જે યજ્ઞ કર્યો હતો તે કેટલો નિર્વિઘ્ન પૂરો થયો હતો. ડભાણનાં યજ્ઞમાં થોડો ઉદ્વેગ થયો હતો. પણ આપે તરત જ તે ટાળી દીધો હતો આપે તેમાં અપાર સામર્થ્ય બતાવ્યું હતુ અને તે યજ્ઞ નિર્વિઘ્નપણે પૂરો કર્યો હતો. આખા બ્રહ્માંડનાં જીવોની દોરી આપનાં હાથમાં છે. જે કોઈ આપનું ધાર્યુ ઉત્થાપે, તો તે તેનાં અધિકાર ઉપરથી ફેંકાઈ જાય છે.

બ્રહ્મા, ભવ અને ઈન્દ્રાદિક જેવો પણ આપનાં ધારેલ કામમાં આવીને કાંઈક તર્ક-ડખલ કરે તો તેમને પણ લાંછન લાગે છે. આવી નાના માણસો પણ વાતો કરે છે. આપનાથી વધારે સમર્થ કોણ છે ? અમને એક તો કોઈ બતાવો. આપ તો જાણીને ક્ષમા રાખો છો. અને સાધુભાવ જણાવો છો. આપ જ્યારે સાધુરુપે પ્રકટ થાઓ છો ત્યારે પૃથ્વી આદિ પંચભૂતોનાં ક્ષમા આદિ ગુણોને સ્વીકારો છો તે બાબત પણ ઘણી આશ્ચર્યકારી છે. અપાર સમર્થ થઈને અપાર ક્ષમા રાખવી તે સામાન્ય જીવથી થઈ શકે નહિ. જેમ કીડી સામાન્ય જંતુ છે પણ જો તેને છંછેડવામાં આવે તો તે પણ કરડે જ છે. સ્વયં અંતર્યામી હોવાં છતાં સમાજમાં અજાણ્યા થઈને રહેવુ, આવું બીજુ કોઈ સામર્થ્ય નથી. આ અંગે તો બ્રહ્મા જેવા પણ આંધળા થઈ જાય છે. શું કરવુ તે તેમને પણ સૂઝતુ નથી.

## ૬૩. શ્રીહરિએ જેતલપુરમાં બીજો યજ્ઞ કરવાનું નક્કી કર્યું

શ્રીહરિ કાઠિયાવાડમાં યજ્ઞ કરવો હોય તે ક્યા ગામમાં કરવો ? આવો વિચાર આવવાથી ઘણા સ્નેહ પૂર્ણ ભાવથી તે ગામોને સંભારવા લાગ્યા. ગઢપુર કાઠિયાવાડમાં મુખ્ય છે. તે સિવાય, કરિયાણા, સરધાર, ખંભાળા, સુખપુર, બોટાદ, નાગડકા, સારંગપુર, કુંડળ વગેર એ બધા આસપાસ છે. ગાદી સ્થાનવાળુ કાઠીઓનું ગામ જેતપુર યાદ આવ્યુ. સોરઠ પ્રદેશમાં જુનાગઢ ઘણુ સારુ છે. એવુ

સાંભર્યુ. આખા, પીપલાણા, અગત્રાઇ, માણાવદર એ ગામોને સંભાર્યા પછી હાલાર પ્રદેશનાં ગામોને યાદ કર્યા. જેમકે બંધિયા, ગોંડલ, રાજકોટ, મોડા, અલૈયા, ભાદરા એ પ્રદેશનાં આ મુખ્ય ગામ ગણાય.

કચ્છ પ્રદેશનાં ગામમાં બધાનાં નામ સંભાર્યા, માંડવી, તેરા, અંજાર, માનકુવા, ભુજ, આધોઇ અને ધમડકા, ઘનશ્યામ શ્રીહરિએ બધા ગામોને યાદ કર્યા. તે પછી ઝાલાવાડમાં હળવદ અને વઢવાણ એ બંને સંભાર્યા. નળકાંઠા પ્રદેશમાં મખિયાવ ગામને સંભાર્યુ તે પછી દંઢાવ્ય પ્રદેશમાં સત્સંગીઓનાં ગામોને યાદ કર્યા. તેમાં વીસનગર, વડનગર, ઉનાવા, ઉંઝા વગેરે ગામોને સંભાર્યા. પછી શ્રીહરિ બોલ્યા, બધા દેશોમાં ચરોતરમાં કેટલાક અમીન પાટીદારો ઘણા જ ઉદાર છે. જે રિધ્ધિ સિધ્ધિ કહેવાય છે તે બધી ચરોતર દેશમાં સહેજે જ રહી છે. ફળ, ફુલ બધુ જ ગામમાં હોય ,જયારે જોઇએ ત્યારે તરત જ મળે. જાંબુ, રાયણ, આંબા, સીતાફળ એ બધા ફળાઉ ઝાડ બધે અપાર હોય છે. ગામે ગામમાં ચંદન (શ્રીખંડ) અને આસોપાલવનાં ઝાડ હોય છે.જે જાતિનાં વૃક્ષ હોય તે બધા સઘન-ઘાટા જંગલ જેવા હોય છે. ત્યાં વિવિધ જાતિનાં પંખીઓ હોય છે. તેમજ વાનર તો ઠેકઠેકાણે હોય છે. તે પ્રદેશમાં ક્યાય ઉદાસીનતા દેખાતી નથી. લોકો બધા કિલ્લોલ કરતા હોય છે. જેતલપુર વાળો પ્રદેશ ગુજરાતમાં મુખ્ય કહેવાય છે. ભૂમિ ઘણી રસાળ છે. ફળ ફુલ કાયમ પુષ્કળ રહેતા હોય છે.

તે પ્રદેશમાં જાત જાતની ડાંગર સારી થાય છે. તે પ્રદેશ અનાજનો બાદશાહ કહેવાય છે. મોટા મોટા રાજાઓ પણ આ ભૂમિને ચાહે છે. બીજો કોઇ પ્રદેશ આના જેવો નથી. જે ધોળકા કહેવાય છે તેનાથી પૂર્વમાં અને ઉત્તરમાં પાંચ દસ કોશ જેટલો ભૂમિ ભાગ ઘણો જ રસાળ હોય છે. ત્યાં તો ચોતરફ જાત જાતનાં કેળાનાં બાગ હોય છે. તેમાં વિવિધ પ્રકારનાં બીજા પણ ફળ થાતા હોય છે. સફેદ શેરડીનાં ખેતરનાં ખેતર ભર્યા હોય છે. તે તો એટલા બધા છે કે તે કેટલાક કહેવા. આ પ્રદેશમાં સાબરમતી નદી રહી છે. જેને કિનારે સોહામણુ શ્રીપુર (અમદાવાદ) શહેર છે. યજ્ઞ કરવા માટે તો ગુજરાત અને ચરોતર બંને સારા છે. સારા સુશોભિત દેશ વિના યજ્ઞ સોહામણો લાગે નહિ. કરોડો રૂપિયાનો ખર્ચ કરે પણ જો શોભા ન કરી હોય તો તે ન કર્યા બરાબર છે. શોભામાં જ બધી વાત રહી છે.



આવી વાતો વિચારાતી હતી તે જ વખતે જેતલપુરનાં પાટીદાર આશજીભાઇ અને જીવનદાસ એ બંને દર્શન કરવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તરત જ તેમને પોતાની પાસે બોલાવ્યા. જો તમારા મનમાં ભાવ હોય તો બોલો, અમે જેતલપુરમાં યજ્ઞ કરવાનું નકકી કરીએ. તમારા ગામમાં મોટો કોટ છે. તેમાં બધો સામાન સારી રીતે સચવાય તેમ છે. સરોવરને કિનારે મોટો જે કિલ્લો છે તે માનો સામાન સાચવવા માટે બનાવ્યો હોય તેવો છે. સરોવરને કાંઠે જે મહોલ છે તે સંતોને રહેવા કામ લાગે તેવો છે. ઝાઝા સંતો હોય તેઓ બાગમાં ઉતારો કરીને પણ પાછા ત્યાં આવી શકે છે. અને હરિભક્તોનાં જે સંઘ આવે તે મહોલથી ઉત્તર અને દક્ષિણ તરફ રહી શકે તેમ છે. મહામાસમાં બધા સંતો અને હરિભક્તો આવશે. યજ્ઞની બધી વ્યવસ્થા કરવા માટે અમે થોડા વહેલા આવશું.

આનંદાનંદ સ્વામી સુરત થઇને તત્કાળ જેતલપુર આવશે. તેઓ વિશાળ બુધ્ધિવાળા સંત છે. તેઓ જરુર ત્યાં આવશે. હવે તમે તમારે ગામ જાઓ. તમે જેટલા પાટીદારો છો તેમાં યજ્ઞમાં સતત હાજર રહી શકે તેમ હોય તેમનાં નામ લખજો. ગામમાં જે મારી જગ્યા (મંદિર) છે તેમાં અનાજ દળવા માટેનો એક સારો ઘંટ કરાવજો જે સતત ફરતો રહે. અર્થાત તેનાથી અનાજ દળાય. પછી શ્રી હરિએ વિપ્ર નાનાભાઇ ભટ્ટ મેવાડા અને જયાનંદ વર્ણી, એ બંનેને બોલાવીને આજ્ઞા કરી તમે બંને કાર્ય કુશળ છો માટે અગાઉ જેતલપુર જાઓ. પછી શ્રીહરિએ કહ્યુ ગોવિંદાનંદ સ્વામી પણ તમારી સાથે આવે છે. પછી શ્રીહરિએ ગોવિંદાનંદ સ્વામીને તેમનાં કહ્યા પ્રમાણે સાધુઓ આપ્યા. યજ્ઞમાં જેટલો સામાન જોઇએ તેટલો તમે સુખેથી મંગાવજો. હવે ફરીવાર આવો યજ્ઞ કરવો નથી. આ છેલ્લો યજ્ઞ છે.

અન્નકોટનાં બીજે દિવસે જ શ્રીહરિએ સંતોને ફરવા જવા માટે રજા આપી. બધા હરિભક્તોને પણ ઘેર જવાની રજા આપી અને જેતલપુર આવવાનું નક્કી કર્યુ. બધા સંતોને જુદા જુદા દેશોમાં ફરવા જવાનુ અને તેમને ભલામણ કરી કે હરિભક્તોને જેતલપુરમાં યજ્ઞ થવાનો છે, તેમ વાત કહેજો. વાત કર્યા વિના કોઇને ખબર પડે નહિ. અને સાધુનાં વચનને વધારે માને. વાત એવી રીતે કરવી કે સહુને શ્રધ્ધા અપાર વધે . શ્રધ્ધા વિના કોઇ વાત થાતી નથી. એવુ જગતમાં દેખાય છે.

જ્યારે ઘેર દિકરાનાં વિવાહ હોય ત્યારે શ્રધ્ધા કેવી હોય. બધા હરિભક્તો વિવાહ કરતા યજ્ઞને અધિક માને ત્યારે જ ઘી આદિ વસ્તુઓ આપે અને શ્રધ્ધાથી આપે તે કઠણ ન પડે. ''જેટલા રૂપિયાનું ઘી હરિભક્ત આપશે તેને એક એક રૂપિયે એક એક યજ્ઞનું ફળ મળશે.''આવી વાત કહેવી. હવે ફરી ફરીને યજ્ઞનો પ્રારંભ નહિ કરીએ. જે ધનને અલેખે ખર્ચતા હોય, દુર્વ્યય કરતા હોય તેનો સદ્‌વ્યય કરાવવા કહેવુ તે, કઠિન ક્યા છે ? જે પાકા હરિભક્ત હોય તેને આ ઘીની વાત કહેવી પણ જે કાચા હોય તેમની આગળ ક્યારેય ન કરવી.

શ્રીહરિનાં આવા આજ્ઞાવચનોને માથે ચઢાવીને સંતો દેશવિદેશમાં ફરવા લાગ્યા અને બધા હરિભક્તો મનમાં ખૂબજ પ્રસન્ન થયા હતા તેઓ પોત પોતાને ઘેર ગયા. આ રીતે ગઢપુરમાં અન્નકોટનો ઉત્સવ ઘણો જ અલૌકિક થયો તે આ વાતને જે ભાવથી સાંભળશે તે સંસાર સાગરનાં પારને પામશે.

## ૬૪. યજ્ઞની તૈયારી

**મંગલાચરણ :**

શ્રી હરિકૃષ્ણ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજનાં તેજસ્વી, અનુપમ અને સુખરૂપ ચરણ કમળને હું રાત-દિવસ મારા હૃદયમાં ધારું છું. તેનું ધ્યાન કરું છું. કેસરયુક્ત ચંદન અને અત્તર, સ્વરૂપ ઉપર ચરચ્યુ-લગાવ્યુ છે. ફુલનાં હાર બહુ પહેર્યા છે. અને પાઘમાં તોરા લટકી રહ્યા છે. સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ કાનોમાં ફુલનાં બે ગુચ્છ ધાર્યા છે. અને ફુલનાં બાજુ બંધ ભુજા ઉપર છે. તથા ગજરા પણ ધાર્યા છે. ધર્મકુમારે હાથમાં ફુલની છડી લીધી છે. અને ફુલનાં ફુદડાવાળા ફુલનાં છોગા પાઘમાં ધારણ કર્યા છે. શ્રીહરિની મૂર્તિ કેસર ચંદન અને ફુલની શોભામાં ગરકાવ થઈ રહી છે. જે ભક્તજનો દર્શન કરે છે તેનાં હૃદયમાં ખૂબ પ્રેમ ભાવ વધી જાય છે. સમગ્ર બ્રહ્માંડની શોભા મૂર્તિમાં દેખાઈ રહી છે. તેમનું સામર્થ્ય મુખથી કહી શકાતુ નથી. તેને કહેતા તો શારદા પણ લજ્જાઈ જાય છે.

**સર્વાવતારીપણાનું નિરૂપણ :**

અત્યાર સુધીમાં અવતાર ઘણા થઈ ગયા છે. તેમણે ચરિત્રો પણ અપાર કર્યા છે. હવે પછી પણ અવતાર અપાર થાશે અને તેઓ ચરિત્ર પણ અપાર



કરશે. પણ પૂર્વનાં કે પછીનાં કોઈ અવતારે આવા ચરિત્ર કર્યા નથી. અને હવે પછી કોઈ કરશે પણ નહિ. શ્રીહરિનો આ અવતાર એવો થયો છે કે તેમનાં ચરિત્રોમાં બીજાનાં બધા જ ચરિત્રો લીન થઈ જાય છે. હવે હુ ચૌદમાં પૂરનો આરંભ કરું છું. તે શ્રીહરિ કૃપા કરે તો તે પૂર્ણ થાય કારણ કે મનમાં વિઘ્નોનો ડર રહ્યા કરે છે. આપ સૌ સંતો અને હરિભક્તો પ્રબળ સામર્થ્ય સંપન્ન છો. તો હું આપ સૌની પાસે વારંવાર માંગુ છું કે આપ બધા વિઘ્નોનો તરત જ નાશ કરી દો. હજી લખ્યા વગરનાં શ્રીહરિનાં ચરિત્ર અપરંપાર રહી ગયા છે. જો કોઈ વિઘ્ન આવશે તો એક પણ ચરિત્ર લખાશે નહિ.

શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની પણ વિઘ્નોને શાંત કરવા માટે હું પ્રાર્થના કરું છું. એ બે થી અધિક બળવાન કોઈ અન્ય દેવ નથી. વળી તેમને શ્રીહરિ ચરિત્રોનાં ઉપર ઘણો પ્રેમભાવ છે. સંતો, હરિભક્તો અને દેવોની સહાયતાથી ઘણું બળવાન વિઘ્ન પણ દૂર થઈ જાય છે. આપ સહુની સહાયતા વિના ગ્રંથરચના રૂપ મહાસાગરને હું ક્યારેય પાર પામી શકુ નહિ. આચાર્યો તો મહાન ભારે સમર્થ છે. તેઓ જે ધારે તે તરત જ થાય ,તેઓ ધારે નહિ ત્યાં સુધી વિઘ્નો બળ કરે, હું તો નિર્બળ છું એટલે મારુ બળ ક્યા સુધી ટકશે ? નિર્બળ જેને શરણે જાય છે તે બળવાન તેની સહાયતા કરે જ છે. આ જગતમાં નિર્બળનો બધો વ્યવહાર સબલને આધારે જ ચાલતો હોય છે. સબળ-સમર્થની લેશમાત્ર સહાયતા સિવાય ગ્રંથ થઈ શકતો નથી. તે હું આપને બતાવું છું. ગ્રંથ લખવાનું કામ ઘણું મોટુ છે. તેને કોઈક જ સુજ્ઞ પુરુષો સમજી શકે છે. આવા જે બ્રહ્માંડો કહેવાય છે તેમાં કોઈ નિર્વિઘ્ન નથી. સમુદ્રમાંથી જે મોતી લાવે છે, તેમાં પણ પહેલા વિઘ્ન તો રહ્યા જ છે.

**સત્સંગનો પ્રતાપ :**

સ્થાવર કે જંગમ, જે કોઈ પણ દેવતાઓ સુધીનાં શરીર છે તેમાં કોઈ પણ નિર્વિઘ્ન નથી. એક જીવાત્મા સિવાયનાં જે જેનું નામ કહેવાતુ હોય છે તે બધા કાળનું ચવાણું જ છે. જે ભગવાનનાં ભક્ત હોય છે તેઓ સત્સંગનાં પ્રતાપથી ભાગ્યશાળી થઈને માયિક શરીરનો ત્યાગ કરે છે, અને દિવ્ય ભાગવતી તનુને પામે છે. જે દિવ્ય (અમાયિક)વસ્તુ કહેવાય છે તેમાં વિઘ્ન કોના બળથી આવે ! કાળ અને માયા બળવાન છે, પણ તે તો દિવ્ય વસ્તુથી તો ઘણા ડરે છે.

ભગવાન શ્રીહરિનાં જે ચરિત્ર છે તે બધા અમાયિક-દિવ્ય છે. તેમાં જે કોઇ વિઘ્ન કરવા આવે તો તે તત્કાળ જ ભસ્મ થઇ જાય છે. પ્રહ્લાદજીનાં જેવાં જે ભગવાનનાં દાસ હોય છે તેને ચોક્કસ કોઇ વિઘ્નનો ભય હોતો નથી. કારણ કે પોતાનાં અંતરાત્મામાં ભગવાનની મૂર્તિનો અખંડ નિવાસ રાખે છે. જે ભક્ત સ્વ સ્વરૂપને અવિનાશી માને છે, તેની પાસે કોઇ પણ વિઘ્ન આવતુ નથી. એટલે સંતો અને હરિભક્તોની વિશેષ સહાયતાથી હરખભેર રાતદિવસ શ્રીહરિ ચરિત્રોને લખતો રહું છું. આમ સહુની સહાય રહે છે. તેથી હું લખ્યા કરું છું. તે લખવા છતાં મને તૃપ્તિ થાતી નથી. હંમેશા શ્રધ્ધા નવી ને નવી જ રહે છે. તે ક્યારેય ઝાંખી પડતી નથી. નાના માણસને મદદ ન મળે તો ક્યારેય શ્રધ્ધા રહે નહિ, તે આવી અલૌકિક સમજણથી ભાવના નવી ને નવી રહે છે.

લૌકિક સમજણથી શ્રીહરિનાં અલૌકિક ચરિત્રનો ગ્રંથ થઇ શકે નહિ. એટલા માટે શ્રીહરિનાં ચરિત્રોમાં મને દિન પ્રતિદિન અધિક અધિક ભાવ જે તે રીતે રહે, એવું હું વારંવાર માંગુ છું. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, ઘણાજ સમર્થ છે. તેમની બુધ્ધિમાં મોક્ષ બાબતનું જ્ઞાન ઘણું જ છે. તેમણે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને ઘણા જ શ્રધ્ધાભાવથી શ્રીહરિનાં ચરિત્ર અંગે પૂછ્યુ. શ્રીહરિએ જેતલપુર આવીને મોટો યજ્ઞ કઇ રીતે કર્યો ! શ્રીહરિએ જે રીતે યજ્ઞ કર્યો હતો તે સરસ રીત વર્ણન કરીને મને કહો. જેને આળસ કે પ્રમાદ રહેતા હોય તેને વર્ણન કરતા આવડતુ નથી. શ્રીહરિનાં ચરિત્રોની વાતમાં જેવો રસ હોય છે તેવો બીજી વાતમાં રસ હોતો નથી. શ્રીહરિનાં સંબંધ વિનાની વાતમાં તો હળાહળ ઝેર ભર્યુ હોય છે.

**ચરિત્ર મહિમાં :**

બીજી બધી વાતોમાં તો અપાર કલેશ અને દુઃખ રહ્યા છે. અને શ્રીહરિનાં ચરિત્રોમાં તો ઘણુ અપાર સુખ રહ્યુ છે. શ્રીહરિનાં ચરિત્રો સિવાય જીવનાં અંતઃકરણમાં ક્યારેય શાંતિ થતી નથી. એટલે જે સાચા સંત અને હરિભક્તો છે તેઓ એવી રીતે ચરિત્ર શ્રવણ પરાયણ રહે છે. એવા સંતો અને હરિભક્તો સદા શ્રીહરિની નજીક જ છે. હે મુનિવર આપની આવી રીત બધા જ ભક્તોને પ્રિય લાગે છે. શ્રીહરિનાં આ અવતારનાં ચરિત્ર હોય તે અમને કૃપા કરીને કહો. શ્રીહરિનાં જેટલા ચરિત્ર છે તે બધા અમે દેખ્યા સાંભળ્યા નથી. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને



શ્રીહરિનાં દત્તપુત્ર ઉપર દાદાખાચરનાં કરતાં પણ વધારે પ્રેમ હતો. તેથી તેઓ તેમને શ્રીહરિનાં ચરિત્ર કહેવા લાગ્યા. ગઢપુરમાં સહુ સંતોને શ્રીહરિએ જે વાત કહી તે વાત મુક્તાનંદ સ્વામી કરે છે. હવે હું તમને સાક્ષાત સ્પષ્ટ કહુ છું. વિપ્ર નાનાભાઇ જેતલપુર આવ્યા અને ગોવિંદ સ્વામીને મળ્યા. તેમણે બધી વાત ગોવિંદ સ્વામીને કહી. સ્વામી હવે તમે જલદી દસ હજાર મણ ઘઉં મંગાવો. તે હિસાબે ઘી પણ મગાવો. તે પ્રમાણે જ ગોળ મંગાવો સારા ચોખા અને સરસ દાળ પણ મંગાવી લો. જરૂર પૂરતા વાસણ, બળતણનાં લાકડા અને ઘાસનાં મોટા ઢગલા કરાવી દો.

## ૬૫. યજ્ઞમાં ભૂદેવોનું આગમન

વિપ્ર નાનાભાઇ ભટ્ટની વાત સાંભળીને ગોવિંદાનંદ સ્વામી હસવા લાગ્યા. ધન અને કામ કરનારા માણસનાં વિના યજ્ઞ કેમ કરવો ? અમે જેટલા સત્સંગમાં સંતો છીએ, તેઓ ધનથી અત્યંત દૂર રહીએ છીએ. એટલે યજ્ઞની વાત કેમ થાય ? ત્યારે વિપ્ર નાનાભાઇએ કહ્યુ, અમે જે હરિભક્તો છીએ તે બધા ધન આપવા બંધાયેલા છીએ. યજ્ઞ કરવામાં જેટલો ધનનો ખર્ચ થાશે અમે બધા હરિભક્તો તેટલુ ધન શ્રધ્ધા ભાવથી આપશું. તમે સંતો જ્યાં સુધી ધન નહિ રાખો અને સ્ત્રીથી જ્યા સુધી દૂર રહેશો ત્યાં સુધી અમે ગૃહસ્થ હરિભક્તો બધા આપ સંતોનાં ઉપર અત્યંત ભાવના રાખીએ છીએ.

ત્યાગી સંતોનાં ઉપર જેવો ભાવ રહે છે તેવો બીજા સંત ઉપર રહેતો નથી. પ્રકટ શ્રીહરિનો જેને જોગ ન હોય એવો તો ગમે તે ત્યાગી થઇ જાય છે. તેવાં ત્યાગીનાં ઉપર આપણા સત્સંગનાં હરિભક્તોને ભાવના હોતી નથી. જે સાચા ત્યાગી સંત છે, જેમને શ્રીહરિનાં ઉપર પ્રેમભાવ છે એવા બીજા કોઇ ત્યાગી સમર્થ કહેવાતા નથી.

**સત્સંગમાં શ્રીહરિ પ્રગટ :**

સાચા સંત જેટલો સંકલ્પ કરે છે તેને વિશ્વંભર પરમાત્મા પૂર્ણ કરી દે છે. વિશ્વંભર પરમાત્માને તે પૂરુ કરવામાં પ્રયાસ પડતો નથી. તે પરમાત્માનો સંકલ્પ નાશ પામતો નથી. ભગવાનનાં સંકલ્પનો જે ભંગ કરે છે તે ચાહે તેવો મોટો હોય તો પણ તે ઘટી જાય છે. ભવ અને બ્રહ્મા જેવાં સમર્થ દેવો પણ ભગવાનની આગળ

તો દાસ થઈને રહે છે. ભગવાન શ્રીહરિનાં સમાન અન્ય કોઈ સમર્થ નથી. તે ભગવાન આજે સત્સંગમાં પ્રત્યક્ષ રહ્યા છે તેઓ જેમ કહે તેમ આપણે કરવાનું છે. અને પોતાનું બધુ ડહાપણ છોડી દેવાનું છે.

વિપ્રવર નાનાભાઈની વાત સાંભળીને ગોવિંદાનંદ સ્વામીનાં દિલમાં અત્યંત સુખ શાંતિ થઈ. પછી આસપાસનાં ગામોમાં જે સંતો હતા તેમને તથા અત્યંત શ્રધ્ધાવાળા જે હરિભક્તો હતા તેમને જેતલપુર બોલાવ્યા. બીજી બાજુ શ્રીહરિ સોરઠમાં ફરતા હતા તે ત્યાંથી જેતલપુર આવ્યા અને પોતાની સાથે જે હરિભક્ત કાઠી દરબારો હતા તેમને પણ લેતા આવ્યા. શ્રીહરિનાં ઉપર અતિશય ભક્તિભાવવાળા જેતલપુરનાં જે પાટીદારો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. બે હાથ જોડીને બોલ્યા. કૃપાનાથ, આપ દયા કરીને ભલે પધાર્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા. તમારો સહુનો ભાવ દેખીને અમે અહીયાં યજ્ઞ કરવા આવ્યા છીએ. તે યજ્ઞ ભાવના વિના ક્યારેય થાય નહિ.

ત્યારે બધા પાટીદારો હાથ જોડીને બોલ્યા, અમને બધાને આપનાં ઉપર ખૂબ જ પ્રેમભાવ છે. આવું સહુએ કહ્યુ, તે પછી વિવિધ પ્રકારનાં વાંજિંત્રો વગડાવીને ઘણા જ હેતથી શ્રીહરિને જેતલપુર ગામમાં પધરાવ્યા અને બધા શ્રીહરિની સેવામાં રહ્યા. શ્રીહરિ પોતાનાં મંદિરમાં ઉતર્યા અને બધા સંતોને મહોલમાં અને બગીચામા ઉતાર્યા. જેટલી કોટની જગ્યા હતી તે બધી શ્રીહરિએ સાફ કરાવી. યજ્ઞનો જે સામાન આવતો તે બધો ત્યાં ઉતારતા હતા. સંતો, વર્ણીઓ, પાર્ષદો અને હરિભક્તો જે તે સમયે ત્યાં આવતા હતા તે બધાને જે જે કામ કરવાનું હતુ તે સોંપી દીધુ. અને બધા કામને તત્પરતાથી કરવા લાગ્યા.

શ્રીહરિ સહુને પ્રેમથી બોલાવતા અને પ્રસાદીનાં ફુલહાર આપતા હતા. મયારામ ભટ્ટની પાસે નામુ લખનારા કેટલાક સેવકો રાખ્યા હતા. નામુ લખનારામાં મુળજી શેઠ મુખ્ય હતા. જે વસ્તુમાં જેટલો ધનનો ખર્ચ થયો હોય તે બધુ નામાનાં ચોપડે લખાતુ હતુ. વિક્રમ સંવત અઢારસોને સડસઠ નું વરસ હતુ, પોષ માસ કૃષ્ણ પક્ષ અને પાંચમની તિથિએ યજ્ઞનો આરંભ કરાવ્યો હતો. બાદશાહી મહોલ અને જેતલપુર ગામ એ બેની વચ્ચે વડની છાયાવાળો ચોક હતો. સારી રીતે વિચાર કરીને તે વડની પાસે જ એક સારો અદ્‌ભુત યજ્ઞ મંડપ કરાવ્યો. મંડપમાં અપાર શોભા કરી.



યજ્ઞની ક્રિયામાં જે કુશળ વિપ્રો હતા તે બધાને ગણી ગણીને યજ્ઞમાં રાખ્યા. ઉમરેઠ ગામનાં હરિભાઈ શુક્લ નામે ખેડાવળ વિપ્ર ઘણા સારા સત્સંગી હતા. એક વિષ્ણુદત્ત શુકલ અને બીજા કૃપારામ શુક્લ એ બેને પણ યજ્ઞ કરવા માટે બેસાડ્યા. હળવદ ગામમાં અપાર વિપ્રો હતા. તેમાં કેટલાક સારા હરિભક્તો હતા. તેમનાં નામ હવે કહું છું. શિવા જાની અને શંભુરામ શુક્લ અને શ્રીનગર-અમદાવાદનાં વેદિયા વિપ્ર હિંમતરામ નાગર હતા. બે હરિભાઈ નાગર હતા અને સોમનાથ નામે કાછિયા હતા.

અંબારામ અને મોટા નથુભાઈ અને નાનાભાઈ ભટ્ટ યજમાન થયા હતા. પીપલાણા, આખા, અગત્રાઈ અને માણાવદરનાં વિપ્ર આવ્યા હતા. તેમાં ગોવિંદરામજી નાગર મુખ્ય હતા. તે બધા હરિભક્ત વિપ્ર યજ્ઞને સમયે આવ્યા. વળી આમોદ ગામનાં વિપ્ર લક્ષ્મીનાથ અને દીનાનાથ એ બે ભાઈ સારા હરિભક્ત હતા. તેઓ પણ આવીને યજ્ઞમાં બેઠા. ડભાણ ગામનાં વિપ્ર મયારામ આદિક હતા. વડનગરનાં વિપ્રો અને વિસનગરનાં વિપ્રો યજ્ઞમાં આવ્યા. તે રીતે જ સિધ્ધપુરનાં સારા વિદ્વાન વિપ્રો પણ યજ્ઞમાં આવ્યા. વિરમગામનાં મોટા વિદ્વાન આશારામ શાસ્ત્રી તથા શ્રીનગર (અમદાવાદ)નાં ઘણાં સારા વિદ્વાન નરભેરામ શાસ્ત્રી પણ આવીને બેઠા.

બીજા પણ શાસ્ત્રીઓ પુરુષોત્તમ ભટ્ટ આદિ અને ભુજનાં પ્રાગજી દવે તથા તેમનાં ભાઈ વગેરે યજ્ઞમાં આવ્યા. વઢવાણનાં તુલસી દવે, બહેચરજી, દેવકૃષ્ણભાઈ, લાધારામ ઠક્કર વગેરે વિપ્રો આવ્યા. બીજા પણ ગામોનાં અને શહેરોનાં અનંત વિપ્રો આવ્યા જે બધાનાં નામ ઠામ વગેરે લખી શકાતુ નથી. એટલે કહું છું કે અપાર વિપ્રો આવ્યા હતા. સવા લાખ જેટલા વિપ્રો રોજ લાડુ બનાવીને શ્રીહરિની દૃષ્ટિ આગળ બધા જમતા હતા. શ્રીહરિનાં યજ્ઞની આ વાત અત્યંત આશ્ચર્યકારી હતી. સરોવરમાં જેટલું પાણી હતું તેટલુ તો શ્રીહરિએ ઘી મંગાવ્યુ હતુ. તે દેખી કે સાંભળી મોટા રાજાને પણ ધીરજ રહે તેમ ન હતુ. પણ શ્રીહરિએ ઘણા જ આદરભાવથી બધા વિપ્રોને જમાડ્યા હતા.

## ૬૬. બીજા યજ્ઞનો ભવ્ય પ્રારંભ, વિઘ્ન માટે આસુરીજીવો તપ્પર

યજ્ઞમાં ઘી હોમવા માટે તાંબાનાં પરનાળા કરાવ્યા. તેને ચારે દિશાઓમાં ગોઠવ્યા. તેની અખંડ મતવાલી ધારાઓ ચાલુ રહેતી હતી. યજ્ઞ મંડપની ઉપર સુવર્ણનો કળશ ચઢાવ્યો હતો. યજ્ઞનો વિચિત્ર ધ્વજ પણ ઉંચે આકાશમાં શોભી રહ્યો હતો. ભવ, દેવરાજ ઈન્દ્ર વગેરે દેવોનો જે સમાજ અને વ્યાસમુનિ ઈત્યાદિ ઋષિઓનો સમાજ યજ્ઞમાં આવ્યો હતો. પ્રહ્‌લાદજી અને બલિરાજા આવ્યા. બધા લોકપાલો પણ આવ્યા. આકાશમાં વિમાનો ક્યાય સમાતા નહિ. અનેક પ્રકારનાં વાંજિંત્રો વાગતા હતા. ચારે વર્ણનાં જે હરિભક્તો હતા, તેઓ બાઈ ભાઈ બધા જ રથમાં અને અશ્વ ઉપર બેસીને આવ્યા. તેનો ગણતા ક્યાંય પાર આવતો નહિ.

શ્રીહરિનાં ચરિત્ર અમૃત કરતાએ રસાળ હતા. તે વિશાળ ચરિત્રોને ભક્તજનો રાત-દિવસ ગાતા. સુખરૂપ જે રસ કહેવાય છે તે બધા શ્રીહરિનાં ચરિત્ર ગાનમાં જ સહુ માનતા હતા. હરિભક્તો શ્રીહરિની સેવા કરવામાં જ પરમ લાભ માનતા. જેને સેવાનો જેવો અધિકાર હતો તે પ્રમાણે સહુ ઘણા જ પ્રેમથી સેવા કરતા હતા.

ગૃહસ્થોને વિવાહનાં પ્રસંગોમાં જેવો ઉત્સાહ હોય તેનાં કરતાં પણ શ્રીહરિની સેવામાં ઉત્સાહ વધારે હતો. તે હરિભક્ત એક એકથી અધિક સેવામાં જોડાઈ ગયા હતા. એક એકથી સેવા અધિક કરતા પણ કોઈનો કોઈ વાદ લેતા નહિ. શ્રીહરિ તે હરિભક્તોનાં ભક્તિભાવને જોઈને રોજબરોજ ઘણા પ્રસન્ન રહેતા હતા. જે બાઈ ભાઈ હરિભક્તો સેવામાં જોડાયેલા હતા તેમને શ્રીહરિ નિત્ય પ્રેમથી જમાડતા અને સંભારીને કાંઈ ભોજન પીરસી જતા.

● **શ્રીહરિ પરસ્પર હેત વધારતા :**

શ્રીહરિ ભક્તોની આગળ એવી વાતો કરતા કે હરિભક્તોને પરસ્પર હેત વધે. તે એકે એક ગામનાં હરિભક્તોમાં ક્યાંય અણબનાવ ન થાય અને સહેજે ક્યાંય કોઈ દેખાય તો તરત જ અણબનાવ (વૈર) ના મૂળને ઉખેડી નાંખતા હતા. શ્રીહરિ વરસ દિવસનાં વારંવાર ઉત્સવ કરતા તેમાં હરિભક્તો આવતા



પણ તેમાં ભક્તોને ક્યારેય પરસ્પર કલેશ થાય નહિ તેનું ખાસ ધ્યાન રાખતા. સત્સંગ કરતા કરતા પણ હરિભક્તોમાં પણ કાંઈ અણબનાવ જેવું થઈ જાય તેમાં ભગવાન ત્યાંથી દૂર જ થઈ જાય છે. જો ભગવાન દૂર જતા રહે, તો ત્યાં કુસંગ પેસી જાય અને એવી ભાવનાથી હરિભક્તો ડરતા રહેતા હતા. જેનાથી કાંઈ પણ કલેશ થાય એવું હોય તેને સંતો અને હરિભક્તો પહેલા જ જાણી રાખતા તેથી સહુ બચી જાતા હતા.

સંત અને હરિભક્ત થઈને ક્યાંક અણબનાવ થાય એવી જો વાત કરે તો તેને અતિશય કુસંગ કહેવાય છે. જે અંધ હોય તેને તે દેખાય નહિ. સમાજમાં જેટલા માણસ હોય છે તે બધા નાડી ચિકિત્સક વૈદ્ય નથી હોતા અને ઝવેરી પણ કોઈક જ હોય છે. જેટલા માણસ હોય તે બધા ઝવેરાતને પારખી શકે નહિ. માનવ શરીર પણ પરાધીન છે. તે કાયમ એક સરખુ રહેતુ નથી. તેમાં અનેક પ્રકારનાં વિઘ્ન આવતા હોય છે. શરીર તો દુઃખોનો ભરેલો કૂવો છે. એટલે આવો દેહ હોવાં છતાં જે સત્સંગ રાખે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. મુશ્કેલીમાં પણ જે સત્સંગ રાખે છે, ભગવાન તેની નજીક રહે છે એમ શ્રીહરિ વાતો કરતા હતા.

**શ્રીહરિનું તાન :**

શ્રીહરિનાં યજ્ઞમાં જે કોઈ આવતા તે બધાનો મોક્ષ શ્રીહરિ કરતા હતા. આવો યજ્ઞ કરવામાં એક જ તાન રહેતુ કે ''સહુનો મોક્ષ કરવો'' છે. જે માયાનાં જીવ હોય તે શ્રીહરિની વાતનાં મર્મને સમજતા નહિ. જેની જેવી બુધ્ધિ હોય તેવું તેઓ સમજતા. જે મોટા મોટા રાજા કહેવાતા હતા, જેને રાજાનું રક્ષણ હતુ તેમને આ યજ્ઞમાં બોલાવ્યા ત્યારે તેમણે ઉલટો અર્થ કર્યો અને તેણે સત્સંગનો દ્રોહ કરવાનુ ધાર્યુ. ત્યારે શ્રીહરિએ ઘણી ક્ષમા રાખી. શ્રીહરિએ તે બાબતે વિચાર કર્યો. તેમને દુઃખ વધારે આવવાનું છે. જે દેશનો રાજા નજીકમાં હતો (અમદાવાદમાં જ સૂબો હતા) તેમાં આસુરી ભાવે પ્રવેશ કર્યો. સર્વાન્તર્યામી શ્રીહરિએ તે બાબતે જાણી લીધુ. સુખદાયક પ્રભુએ યજ્ઞ સમાપ્ત કરી દીધો. પોષ વદી પાંચમનો દિવસ હતો. બધા જ વિપ્રોને તે વખતે દાન દેવડાવ્યા. જે વિપ્રો આવ્યા હતા તેમણે જય જયકાર બોલાવ્યો. શ્રીહરિએ અદ્‌ભુત યજ્ઞ કર્યો અને દેવતાઓએ પણ તેની પ્રશંસા કરી.

યજ્ઞનો ઘણો જ જોરદાર જે આરંભ થયો તેને દેખીને અસુરો રોષે ભરાયા અને અવળું (કુંનોર) બોલવા લાવ્યા. તે વખતે ત્યાં 'એક બચ્ચા જમાદાર' નામે મુસલમાન હતો, તેમાં તત્કાળ દૈવી સત્ત્વગુણી વિચારો સ્ફુર્યા. દેશનાં અધિપતિ સૂબાઓમાં જ્યારે આસુરી ભાવે પ્રવેશ કર્યો ત્યારે તે સૂબો બોલ્યા, જાઓ અત્યારે જ યજ્ઞને બંધ કરાવો. આસુરી સૂબોનાં જે સાથીદારો હતા તેઓ સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. સૂબોને કહ્યુ અમે જઈએ છીએ અને યજ્ઞમાં ભંગ પાડીએ છીએ. અમે સ્વામિનારાયણને તમારી પાસે લઇ આવીશુ. બધા તોફાનો બંધ થઇ જશે. તે દારુ, માંસ, ચોરી અને જારી (વ્યભિચાર) ને બંધ કરાવે છે.

કળિયુગમાં ધર્મનું સ્થાપન કરવા લાગ્યા છે, તેના જેવું બીજુ કોઇ પાપ નથી. તે અહીયાં આવે ત્યારે તમે તેને શિક્ષા કરજો. તે કાંઇ ઉદ્ધતાઇ કરે તો ડરશો નહિ. તમને પૂછ્યા વિના જે યજ્ઞ કરે તેને અમે ઉદ્ધતાઇ કહીએ છીએ. તેણે જયારે જયારે યજ્ઞ કર્યા છે ત્યારે મોટાઓનું મૃત્યુ થયુ છે. આ વખતે યજ્ઞ પૂરો થાશે તો તમારું જ મોત છે. તમને જે વાત કહી તેમાં અમારો દોષ જોશો નહિ. ત્યારે ત્યાં ઉભેલા બુધ્ધિમાન બચ્ચા જમાદાર સૂબોની આગળ બોલ્યા. જે સ્વામિનારાયણ કહેવાય છે તેઓ અહીંયા આવ્યા હતા ત્યારે મેં તેમને જોયા છે. હું તેમને સારી રીતે ઓળખું છું. એટલે અત્યારે તમારા આગળ કહું છું. અમે ક્યારેય હિંદુને માનીએ નહિ એવી અમારી બધી જાતિ છે. પણ સ્વામિનારાયણનાં જેવાં પ્રતાપી બીજા કોઇને મેં જોયા નથી.

બીજા મતપંથોમાં આવા કોઇ નથી. અત્યારે આ સ્વામિનારાયણ જ સર્વોપરિ છે. તેમનાં પ્રતાપની જેને ગમ નથી તે બધા અબૂજ લોકો તેમની નિંદા કરે છે. લોકો તેમને જેવા જાણશે તેવુ ફળ તેમને મળશે. તે મૂર્તિ તો કલ્પવૃક્ષ છે. કુબુધ્ધિ લોકો તેને દેખી સમજી શક્તા નથી. જેનાં સદ્‌ભાગ્ય ઉદય પામે તે લોકો તેમનો સત્કાર કરે, અને અભાગિયા લોકો હોય તે તેમનો તિરસ્કાર કરે છે. જેનું જેવું ભાગ્ય હોય તેને તેવું સૂઝે છે. અભાગિયા ક્યારેય કોઇનુ માનતા નથી. કોઇ મિત્ર ભાવે તેને કહેવા જાય, તો તેઓ તેને શત્રુ ગણે છે.બચ્ચા જમાદારે આટલુ સ્પષ્ટ કહ્યુ છતાં તે સૂબો (નૃપ) ને તેની વાત મનાણી નહિ. તેનાં મનનો રોષ શાંત થતો ન હતો. તેણે બધી આસુરી સેના તૈયાર કરી.



## ૬૭.વિઘ્ન સંતોષી આવે તે પહેલા શ્રીહરિ યજ્ઞ સમાપન કરી ચલોડા

જ્યારે તે આસુરી લોકો અશ્વ ઉપર બેઠા, તત્કાળ તેમને ઘણા અપશુકન થયા. જેને ગણ્યે પાર આવતો નથી. તેમનાં ડાબા અંગ ફરકવા લાગ્યા. કૂતરાઓ સામે આવીને રોવા લાગ્યા. ચાલતા થયા ત્યારે પહેલી જ વિધવા સામે મળી છતાં તેઓ વિચારતા નથી. શરીરનો પડછાયો સહુનો માથા વગરનો દેખાયો. તેમનાં અશ્વો પરસ્પર લાતંલાત આવ્યા. હાથમાં ઘણા લાંબા ભાલા લીધા. મતવાલા થઈને તેમણે કવચ પહેર્યા. કેટલાકે તો બંદુકો લીધી હતી. આગળ ડંકા તુરાઇ અને રણશિંગુ વાગતા હતા ત્યારે સન્મુખ શબ આવતા હતા. નગરનાં દરવાજાની બહાર નીકળતા જ સામેથી ભૂંકતા ગધેડાનું ટોળુ આવ્યુ. ઘોડાએ કુદાકુદ કરી ડંકાને પછાડ્યો. થોડા આગળ ચાલ્યા ત્યારે હાથમાં પકડેલું નિશાન સહજ ભાવે નીચે પડી ગયું.

શ્રીહરિ ત્યાં આવ્યા તેને પાંચમી રાત હતી. પોતે સ્વેચ્છાથી બેઠા થયા. અધરાત થઇ હતી પછી એકદમ તૈયાર થઇ ગયા. બાબત આશ્ચર્યજનક હતી. કોઇને કાંઇ ખબર પડી નહિ. ગામનાં મુખી પાટીદારોને બોલાવ્યા. તેમને દર્શન આપ્યા અને કહ્યુ વિપ્રોને જમાડતા સીધુ સામાન ઘણો વધ્યો છે. સહુ હરિભક્તોને જમાડજો અને જેતલપુરની આસપાસનાં ગામનાં લોકોને પણ બોલાવીને જમાડજો. એવી તેમને આજ્ઞા કરી આનંદાનંદ સ્વામી અને ગોવિંદાનંદ સ્વામી એ બંને સંતોને પણ કહ્યુ, સરકારી માણસ સિવાયનાં બીજા લોકો જો જોરાવરીથી સામાન લૂંટવા આવે તો તેને શિક્ષા કરવા માટે સરબંદી બોલાવી રાખ્યા છે. કોઇ સરકારી માણસ આવીને ગાળ દઇને પણ કોઇને બોલાવે તો અમારા વચનથી તમારે તે સહન કરવુ. તેમાં છેવટે તમારો જ વિજય છે. કોઇ મુખમાંથી ક્યારેય કડવુ વેણ બોલશો નહિ. જે સામાન લૂંટે તે લૂંટવા દેજો.

અમારી આજ્ઞા પાળવાનું જેને તાન હોય એટલા જ સરબંદી અહીયા રહો. એવુ કહીને શ્રીહરિ ચાલી નીકળ્યા. ફુલવાડીમાં જે સંતો હતા ત્યાં બોરસલીનું ઝાડ હતુ ત્યાં સંતોને દર્શન દીધા. એકસો જેટલા ઘોડે સવાર કાઠી શ્રીહરિની સાથે

હતા. સહુએ ઢાલ તલવાર સાથે લીધા હતા. બધાનાં ચહેરા ઉપર શૌર્યનો રંગ ચઢેલો હતો. બધા દરવાજે ઉભા રહ્યા. શ્રીહરિએ સંતો સાથે વાત કરી. હવે તો લેશમાત્ર ભય રહ્યો નહિ. તમને જે ડરાવે એવી બાબત હતી તેને અમે તમારી પાસે ત્યાગ કરાવી દીધી છે. જેટલી નિર્ભય વસ્તુ છે એટલી જ તમારી પાસે રખાવી છે. આવા સંત મેં ક્યાંય સાંભળ્યા નથી.

**શ્રીહરિ અને સંતો દિવ્ય છે :**

મારી આંખોથી આજ તમે એવા દેખાઓ છો કે તે કહેવા માટે મને કોઈ ઉપમા પણ જડતી નથી. તમારી આગળ તો અક્ષરધામ પણ શું ? કલ્પતરુ તો માયિક જગતનો છે. તમારુ સંતોનું સ્વરૂપ તો એવું છે કે તેને આબેહૂબ કહી શકાય તેવી કોઈ ઉપમા પણ નથી. તમારુ સ્વરૂપ તો માયિક શરીરથી ઢંકાઈ રહ્યુ છે. જ્યારે આ માયિક શરીર છૂટશે ત્યારે તમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થશે. વૃક્ષમાં ફળ તો અપાર રહ્યા છે પણ ઋતુ સિવાય દેખાતા નથી. હરિભજનનું બીજ જ કોઈ એવું છે કે તેનાં જેવો પ્રતાપ અન્ય કોઈમાં રહેતો નથી. અત્યારે તમે જે આંખોથી દેખો છો, તેને જ્ઞાન ચક્ષુથી દ્દઢ કરી લેજો. રાત અને દિવસ તેનું જ શ્રવણ-મનન કરવુ અને અનેક રીતે તેનો અભ્યાસ કરવો.

**બ્રહ્મવિદ્યાની દુર્લભતા :**

અભ્યાસ કરવામાં જેટલી આળસ રહેશે તેટલી જ્ઞાનની વૃધ્ધિ નહિ થાય. સો વરસ ખાલી વીતી જાય, પણ શીખ્યા વિના વિદ્યા ક્યારેય આવડે જ નહિ. વિદ્યાઓ અપરંપાર છે તેનો કોઈ પાર નથી. દુર્લભમાં દુર્લભ વિદ્યા તે જ છે કે જેને બ્રહ્મવિદ્યા કહેવાય છે. બ્રહ્મવિદ્યા ચિંતામણી કરતા પણ વિશેષ છે. એટલે હું તમને કહું છું કે બ્રહ્મવિદ્યા વિના શાંતિ મળતી નથી. જે તમને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેમનાં જે ચરિત્ર છે, તેને વિષયી માણસને વિષયોમાં જેવું તાન હોય છે તેવાં તાનથી કાન દ્વારા સાંભળવા. ચરિત્રો સુખ મેળવવાનું ઠામ-ઠેકાણુ છે તે સિવાય બીજામાં તો અપાર દુઃખ ભર્યુ છે.

સુખદાયક ઘનશ્યામ શ્રીહરિએ સંતોની સાથે આટલી વાતો કરી પછી અશ્વ ઉપર બેઠા. પછી મુખથી સહુને 'જય સચ્ચિદાનંદ' એમ કહી પશ્ચિમ દિશા તરફ ચાલતા થયા. આગળ જતા સાબરમતી નદીમાં ઉતર્યા ત્યારે રાત બે ઘડી બાકી



હતી. પછી નદીમાં સ્નાન કર્યુ પછી મહાન સુખનાં ધામ શ્રીહરિ દિવસ ઉગતામાં તો ચલોડા ગામ પહોંચ્યા. ગામનાં પાટીદાર હરિભક્તોને ખબર મળ્યા એટલે સહુ સન્મુખ આવ્યા. સહુએ હાથમાં ફુલહાર લીધા હતા. હૃદયમાં અપાર આનંદ ઉભરાતો હતો. સહુએ પ્રણામ કર્યા. શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિનાં હાથમાં આપ્યા. અને પછી ફુલહાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. પાઘમાં બંને બાજુએ તોરા લટકાવ્યા. તે સિવાય કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. હાથમાં એક ફુલનો ગુચ્છ આપીને અલૌકિક લાભ લીધો.

ઢોલ અને ત્રાસા વગેરે વાંજિંત્ર વગડાવીને મહારાજાધિરાજ શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ગામનાં બધા જ લોકો આવીને બજારમાં ઉભા રહ્યા. બંને હાથ જોડીને ચરણોમાં પડતા અને ઘણી જ નિર્મળ ભાવનાથી મસ્તક નમાવતા હતા. શ્રીહરિએ અંગ ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યા હતા. અને છાતી ઉપર તથા આખા હાથ ઉપર સોનાનાં ઘણા ઘરેણા ધાર્યા હતા. હાથમાં મોતીની છડી ધારી હતી અને પરમ ચતુર શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ગામનાં લોકો દર્શન કરતા કરતા તૃપ્ત થાતા ન હતા. ગામમાં હરિભક્તોનાં જ્યા મોટા ઘર હતા ત્યાં ઉતર્યા.

ભક્તોનાં ઘર માળવાળા તેમજ કઠોડા અને છજાવાળા હતા. શોભાનાં નિધિ ધર્મકુમાર શ્રીહરિ આવીને ત્યાં બેઠા. હરિભક્તોનાં હૃદયમાં હેત સમાતુ ન હતુ. એટલે તેઓ જાતજાતનાં કેળા અને સફેદ શેરડી લઈ આવ્યા. ઘણા પ્રેમથી શ્રીહરિ આગળ ધરાવી. શ્રીહરિની સાથે કાઠી દરબારો તથા પાર્ષદો હતા. પછી શ્રીહરિએ ઘણા જ ઉમંગથી તે કેળા અને શેરડી તે સહુને આપી.

## ૬૮. યજ્ઞ સમાપન જાણી યજ્ઞશાળામાં આંટો મારી આસુરીસેના પરત

મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સાથે હતા. તેણે સાકરનો શીરો અને મેંદાની પૂરી બનાવી. સુરણ અને રતાળુને તળીને તેનુ શાક બનાવ્યુ. ઘણા ચતુર એવા તે મુકુંદવર્ણીએ દહીંવડા બનાવ્યા. આદુ પીસીને કેળાનાં ઘણા અનુપમ ભજીયા કર્યા. તે સિવાય દાળ અને ભાત પણ બનાવ્યો હતો. પછી ઘણા જ ભાવથી શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિ જમી રહ્યા તે પછી કાઠી દરબારોને શ્રીહરિએ ઘણા જ પ્રેમથી

જમાડ્યા. દૂધભાત અને સાકર પણ પંગતમાં ફરીને પીરસ્યા.

જેતલપુરમાં જે વાત થઈ તે હવે સાક્ષાત કહું છું. જે દિવસ શ્રીહરિ ચલોડા આવ્યા તે દિવસે સવારનાં નવ વાગ્યાનો સમય થયો હતો ત્યારે આસુરી સેના જે મહા ભયંકર અને કદરૂપા જમરાજનાં જેવી હતી તે જેતલપુર આવી પહોંચી. તેની ધૂળની ડમરીથી બધુ આકાશ ભરાઈ ગયુ હતુ. પ્રથમ તો યજ્ઞમંડપમાં ઘણા આવ્યા. કેટલાકે ગામને અને કોટને ઘેરી લીધો. અને કેટલાક તો ગામની અંદર પેઠા. ગામનાં મુખી જે પાટીદાર હતા તેને પોતાની પાસે બોલાવ્યા. ક્રોધ કરીને તેને કહુ. અમને ''સ્વામિનારાયણ'' દેખાડો. સરકારની રજા લીધા સિવાય તે અહીયા યજ્ઞ કેમ કરે છે ? તે સરકારની પાસે આવે તેમની રજા મેળવીને યજ્ઞ કરે. હવે રજા લીધા વિના જો તેઓ અહીયા યજ્ઞ કરશે તો તેનો દંડ તમારે મુખીને ભરવાનો રહેશે. ત્યારે મુખીએ કહ્યું હવે સ્વામિનારાયણ અહીયા યજ્ઞ કરશે જ નહિ.

સ્વામિનારાયણ તો આજ રાતે ચાલ્યા ગયા છે. અને તેને બધા લોકો જાણે છે. તેઓ ક્યાંય છાના સંતાઈને રહ્યા નથી. તેમજ તેમણે કોઈની ચોરી પણ કરી નથી. સરકારનો અપરાધ થાય એવા ખૂન ખરાબીને માર્ગે તેઓ ચાલતા જ નથી. તેઓ અપરંપાર બ્રાહ્મણોને જમાડે છે અને યજ્ઞ દ્વારા દેવોને તૃપ્ત કરે છે. બ્રાહ્મણો અને દેવોને તૃપ્ત કરવાથી જો અપરાધ થતો હોય તો તે અપરાધને સરકાર માફ કરે. હવે તેઓ યજ્ઞ કરશે નહિ. સરકારે તો ''ઉથાપ'' યજ્ઞનો ભંગ કર્યો છે. અમે તો એવુ સાંભળ્યુ છે કે યજ્ઞની સ્થાપના કરે છે તેની સ્થાપના થાય છે. (અર્થાત જે યજ્ઞોને સ્થિર-ચાલુ રાખે છે તેની રાજ્યસ્થિતિ સ્થિર રહે છે.) હવે આનું ફળ શું આવે છે ? તે જોઈએ. જે અસુરો આવ્યા હતા તેઓ તો મુખીને ડરાવીને તરત ચાલતા થયા. પછી તેઓ ફુલવાડીએ આવ્યા.

ફુલવાડીમાં જે સંતો હતા તે બધા ધ્યાનમાં બેઠા હતા. કેટલાક સંતો ભાગવત અને ગીતાનો પાઠ કરતા હતા. તે અસુરો સંતોની પાસે આવ્યા, આવીને તેમણે હોકો અને તેમાં પીવાની તમાકુ માંગી. ત્યારે મોટેરા સંત સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યુ, અમે જે સંતો સ્વામિનારાયણનાં કહેવાઈએ છીએ, તેમણે તો જે વ્યસન અને કેફ કહેવાય તે બધાનો ત્યાગ કર્યો છે. અમે તો ભગવાનનું ભજન કરીએ છીએ અને વ્યસન કાંઈ રાખતા નથી. તેનાં ઉપર અમને તો કાંઈ ભાવ નથી. અમે સ્ત્રી



અને ધનનો ત્યાગ રાખીએ છીએ. અને સંસારી લોકો તેનાં ઉપર અનુરાગ- પ્રેમ રાખે છે. ત્યાગી થઈને ધન અને સ્ત્રીમાં જ્યા સુધી પ્રેમ રાખે છે ત્યાં સુધી તે સંસારી ગણાય છે. અને તેનો તે ભેખ લાંછન રૂપ છે.

અમારા સંતોમાં કોઈ ગમે તેવો બુધ્ધિમાન હોય, વિદ્વાન હોય કે ગુણવાન હોય, તો પણ સ્ત્રી અને ધનનો સંગ્રહ કરે નહિ. અમારા સંતોનું વર્તન જગતનાં ભેખધારી કરતા જુદુ જ હોય છે. દુનિયાનાં જે ભેખધારી છે તેઓ દુનિયાનાં માર્ગે ચાલે છે. બહારનો વેષ અને નામ જગતથી જુદા રાખે છે. વર્તનમાં તો બધા જગતનાં જેવા એક સરખા જ હોય છે. જેટલા મત-પંથીઓ છે તેઓ જોવામાં તો વ્યવહારિક જણાતા હોય છે પણ તેની વ્યવહારિકતાથી જીવનો મોક્ષ લેશમાત્ર પણ થાતો નથી. આ અમારા સંતોનું જે વર્તન છે તે બધુ અલૌકિક છે. આવા સંતોને માટે થઈને જ દુનિયામાં ઈન્દ્ર વરસાદ કરે છે, પણ જગતમાં તેની કોઈને ગમ નથી અને કોઈને કાંઈ તે અંગે દેખાતુ નથી.

**મોટાનો કોપ અને કૃપાનું ફળ :**

જગતનાં જેટલા રાજાઓ છે તે બધા સંતોનાં ભાગ્યની પાછળ પાછળ જ ઈચ્છિત ભોગોને ભોગવે છે. તેમાં કોઈ સંદેહ નથી. ભગવાનનાં સંતોને તો એક ભગવાન સિવાય બીજા કોઈનો આધાર નથી. છતાં એવાં સંતોને એ રાજાઓ અત્યંત દુઃખ દે છે, હેરાન કરે છે, તે સંતોને પીડવાનાં કારણથી તે રાજાઓનો પ્રતાપ રોજ બરોજ ઘટતો જાય છે. કંસ અને રાવણની જેમ તેનાં વંશનો પણ વિનાશ થઈ જાય છે. મોટાનાં અપમાનનું-અપરાધનું ફળ તરત દેખાતુ નથી. મોટાનું જે અપમાન કરે છે તે તો ક્ષય રોગનાં જેવુ છે, તે ધીરે ધીરે વિનાશ કરે છે. કોઈ મનુષ્ય ચંડાળ કરતાયે અતિ નીચ હોય પણ તે જો મોટાનું સન્માન કરે છે તો તેનાં અનુગ્રહથી તે મોટા રાજાઓનાં પણ રાજા બની જાય છે તેમાં અમે, રંચમાત્ર પણ ખોટુ કહેતા નથી.

સ્વરૂપાનંદ સ્વામીએ જ્યારે આટલી વાત કરી ત્યારે તે અદેવ-અસુરો તેમનાં પગમાં પડીને ચાલતા થયા. પછી તેઓ મહોલમાં ગયા. ઘોડાઓને તે જગ્યાથી બહાર રાખ્યા. ત્યાં સીતારામ અને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવેલી હતી. તેમણે ભાવનાથી દર્શન કર્યા તેથી તેમનાં મન શુધ્ધ થઈ ગયા. પછી ત્યાંથી ચાલી નીકળ્યા

અને રાજા(સૂબો)ની પાસે ગયા. તેમને જોઈને  સૂબો ઉદાસ થઈ ગયો. સૂબોએ પૂછ્યુ તમે ત્યાં જઈને શું કરી આવ્યા મને બધી વાત કહો. સ્વામિનારાયણ ક્યા જતા રહ્યા ? યજ્ઞનો આરંભ તો ઘણો મોટો કર્યો છે. આટલુ બધુ ધન ક્યાંથી તે લાવે છે ? તેમની પાસે કાંઈ ભેળુ કરેલુ ધન તો નથી ! અને તેમનાં જે સંતો છે તેઓ ધનને રાખતા નથી અને અડતા પણ નથી.

તેમનાં શિષ્યોમાં પણ કોઈ આટલા બધા ધનાઢ્ય નથી. તેમજ તેમની પાસે મોટા ગામ કે ગરાસ પણ નથી. ચોક્કસ તેમની પાસે કોઈ સિદ્ધિ હોવી જોઈએ, જે તેને પુષ્કળ ધન લાવીને આપે છે. તેમની પાસે કોઈ ઈન્દ્રજાળનો ગોટકો છે. તેઓ તે કોઈને દેખાડતા નથી. તેવું બીજા ભેખધારીઓ કહે છે. માત્ર વાત જ સાંભળી છે કે તેમની પાસે સિધ્ધિ છે. તે અંગે કોઈ ચોક્કસ થાતુ નથી અને અમારો સંદેહ ટળતો નથી. આપણી ગુપ્ત યોજનાને પણ તે અગાઉથી જાણી લે છે. એટલે કોઈનાં કળ્યામાં ન આવે એવી કોઈ વિદ્યા તેમની પાસે છે. જેનાં ઉપર તેમની નજર પડે છે તેની બુધ્ધિને તેઓ ફેરવી નાંખે છે. મતિ ફરી ગયા પછી તે માણસ ઘરમાં રહેતો નથી. અને તે પોતાનું બધુ ધન લઈને તેમને અર્પણ કરી દે છે.

## ૬૯. સૂબોનું પતન ન થાય માટે ચેતવતા બચ્ચા જમાદાર

આસુરી સેનાનાં નાયકોએ સૂબોને કહ્યુ, અમે તો યજ્ઞ બંધ કરાવી દીધો છે. તેઓ અમારી સામે  લગારેય બોલ્યા નથી. જે લોકો સામે બોલે નહિ, તેમનાં ઉપર જુલમ કેમ કરવો ? તેમણે તો અમને લાડુ જમાડવા માટે આગ્રહ કર્યો હતો. અમે તો તેમનાં ઉપર જુલમ કરવા ગયા હતા. હવે અમે જો ત્યાં લાડુ જમવા બેસીએ તો કેવુ લાગે ? જો ખાઈએ તો અમે તો શ્વાન જેવા લાગીએ ને ! જો અમે જમવા બેસીએ તો અમારા મોઢા કેવા લાગે. અમે નકટા કહેવાઈએ. આવું સમજીને અમે ત્યાં જમ્યા નહિ. ત્યાં તો ઘણા લોકો અન્ન જમતા હતા. લાડુનાં તો મોટા પર્વત-ઢગલા પડ્યા હતા. અને ભૂખ્યા-દુખ્યા એટલા બધા મનુષ્ય જમતા હતા કે તેનો ગણ્યે પણ પાર આવે તેમ ન હતો.

તળાવને કિનારે જે કોટ છે તે બધો ઘી, ગોળ અને લોટથી ભર્યો હતો.



ચોખા અને દાળનાં પણ કોઠાર એટલા બધા ભર્યા છે કે  તેને ખાનારા માણસો પણ કોઈ નહિ હોય. હવે ત્યાં યજ્ઞનું નામ પણ નહિ કહેવાય. એટલુ કામ આપણુ થયું હવે આપણને પણ કોઈપણ જાતનો ભય નથી. બધી જાતનાં વિઘ્ન ટળી ગયા છે. તે વેળાએ ‘બચ્ચા’ જમાદાર ત્યાં ઉભા હતા. તેણે જે વાત થઈ તે બધી સાંભળી પછી હાથ જોડીને કહ્યુ, આપની આગળ અમારી બુધ્ધિ ટૂંકી પડે . આપ સૂબો રાજા કહેવાઓ અને અમે તો નોકર કહેવાઈએ. અમારે બોલવાનો પણ અધિકાર નથી. પણ આપની ભલાઈમાં અમારી સહુની ભલાઈ છે. અને આપની બૂરાઈથી અમારી પણ બૂરાઈ છે. આપ જીવ છો અને અમે દેહ છીએ. એમ સમજીને હું કહું છું. મોટાની રીત એવી હોવી જોઈએ કે જેનાથી તેમની મોટાઈ વધતી દેખાય.

પોતાનું મહત્વ વધે તેવુ વર્તન રાખવુ જોઈએ. અને મહત્વ વધારે તેવા મિત્ર હોવાં જોઈએ. અત્યારે આપ બધા એક રીતે વિહવળ જેવા દેખાઓ છો. ત્યારે હું તે અંગે કાંઈ વાત કહી રહ્યો છું. સત્પુરુષનું જેટલુ સન્માન કરીએ તેટલી પોતાની કીર્તિ રોજબરોજ વધતી રહે છે. કલ્પતરુ એવી વસ્તુ છે કે તે સહુનું હિત જ કરે છે. પણ આપણી પોતાની જેવી ભાવના હોય તેવું ફળ આપે છે. કલ્પતરુ તો હમેશાં નિર્દોષ જ રહે છે . કલ્પતરુ કે જે તેનાં સમાન હોય તેનુ અપમાન કરવુ જોઈએ નહિ. તેમનું અપમાન કોઈ કરે તો પણ તે કલ્પતરુને કાંઈ નુકશાન થાતુ નથી. કલ્પતરુ જ્યાં જાય છે ત્યાં તેનું સન્માન વધારે થાય છે. અને બહાદુરતાની છાયાથી કાંઈ સૂર્ય ઢંકાતો નથી.

ત્યારે સૂબોએ કહ્યુ, દેવીનાં સમાન કોઈનો પ્રતાપ કહેવાય નહિ. અમે તો દેવીનાં બાળક છીએ. અમારે માટે કલ્પતરુ પણ દેવી જ છે.  જે લોકો દેવીનો યજ્ઞ કરે છે અમે તેને માનીએ છીએ. દેવીનાં પ્રતાપે જ અમારુ રાજ્ય ચાલે છે. અમને દેવી સિવાય કોઈનો ભાર નથી. જ્યા સુધી અમે ભાવથી દેવી પૂજતા રહેશુ ત્યાં સુધી દેવી અમારી રક્ષા કરતા રહેશે અને શ્રીકૃષ્ણનાં જન્મથી આરંભીને તેની સહાય કરતી રહી છે. જ્યારે તે શ્રીકૃષ્ણને જાંબવાનની સાથે ઘણા દિવસ સુધી યુધ્ધ થયુ ત્યારે વસુદેવજીએ દેવીની આરાધના કરી હતી અને તે વખતે દેવીએ શ્રીકૃષ્ણની રક્ષા કરી હતી. તે જોતા એમ નક્કી થાય છે કે દેવી શ્રીકૃષ્ણ કરતા પણ વધારે સમર્થ છે. જેટલા સમર્થ અવતારો પ્રકટયા છે તે બધામાં એકપણ અવતાર શક્તિ વગરનાં ન હતા.

જેટલા વૈષ્ણવો કહેવાય છે તે બધા શક્તિને જ સમર્થ કહે છે. ચોખા ને ચાવલમાં શો ફરક છે ? કાંઇ જ નહિ. તેમ શક્તિ અને સામર્થ્યમાં કાંઇ ફરક નથી. ત્યારે બચ્ચા જમાદારે કહ્યુ, તેમાં ફરક ક્યારે ન રહે, જ્યારે બોલી અને વર્તન એક સમાન થાય. શક્તિપંથીઓ અને વૈષ્ણવોમાં ઘણાનાં મોટા વિભાગ થઇ ગયા છે. જે જે શક્તિનાં ભક્તો છે તેઓ બધા દારુ અને માંસ ખાવા પીવા લાગી જાય છે. વૈષ્ણવો ક્યારેય દારુ કે માંસને ખાય પીવે નહિ. વૈષ્ણવો તો જીવ હિંસા કરતા પણ ડરે છે. તેઓ વૈષ્ણવોની નિંદા કરે છે. દારુ અને માંસમાં જ શક્તિ રહી છે તેનાં વિના શક્તિ કહેવાતી નથી. પશુજાતિની દૃષ્ટિએ બધા સમાન હોવાં છતાં બધા પશુ ચારો કરવામાં સમાન નથી. જે પશુઓ માંસાહારી છે તેઓ બીજા પશુઓને ખાઇ જાય છે.

સિંહ પોતાનાં જેવા સિંહને મારતો નથી. તેનાં સિવાયનાં પશુને તે મારે છે. ભૂખ્યો સિંહ ઘાસ ખાનાર પશુને ખાય છે. તે ગામમાં ક્યારેય આવે નહિ એટલો તેને ડર રહે છે. તે સમર્થ ઘણો દેખાય છે અને માણસ પણ બળવાન થવા માટે જ માંસાહાર કરે છે. જે સત્પુરુષો છે તેઓ દારુ અને માંસને ખાતા પીતા નથી અને તેથી જ તેઓ મનુષ્ય કહેવાય છે. દારુ માંસને જે ખાતા પીતા હોય તેમને મુખથી મનુષ્ય કહેવાય નહિ. જે દેવો પણ દારુ માંસને ખાતા પીતા હોય તો તેમને પણ દેવ ન કહેવાય. દારુ અને માંસમાં એવાં ગુણ રહ્યા છે કે જે રાત દિવસ હિંસા જ કરતા રહે છે. મનુષ્યદેહથી જેટલા પાપ કરે છે તે પાપનો ભાર તેને માથે ખડકાય છે. જે મોક્ષભાગી જીવ હોય છે તેઓ ક્યારેય પાપનાં માર્ગે ચાલતા નથી.

જે મોક્ષભાગી રાજા હોય તે મોક્ષભાગી જીવની જેટલી સહાયતા કરે છે તેટલો તે રાજાનો છેવટે મોક્ષ થાય છે. પવિત્ર મનુષ્યની રક્ષા કર્યા વિના રાજાનાં પાપ ટળતા નથી. ત્યારે તે સૂબો (રાજા) એ કહ્યુ અમારે કાંઇ મોક્ષનો ખપ નથી. વર્તમાન શરીરમાં જે અમને રાજા બનાવી દે તેને જ અમે સમાજમાં મોક્ષ માનીએ છીએ. જે લોકો મોક્ષભાગી કહેવાય છે તેઓ તો અમારાથી રાત દિવસ ડરતા જ રહે છે. જેઓ રાત દિવસ પાપથી ડરતા હોય તેઓ બીજાનાં મોક્ષ કયાથી કરે ? જે પાપથી ડરે નહિ, મોક્ષ તો તેમની પાસે રહે છે. અને એવાં તો અમારા ગુરુ છે. જે અમે કહીએ તે વખતે જ તે કરી દે છે. આ લોકમાં જ ખાન પાન પુષ્કળ આપે તેવા અમારા ભગવાન છે. મર્યા પછી જે દિવ્ય લોકનું રાજ્ય આપવાની વાતો કરે છે તેવાને તો અમે પાખંડ કહીએ



છીએ. તેઓ જો અમને મળી જાય તો અમે તેને દંડ કરીએ.

મર્યા પછી જેઓ મોક્ષને ચાહે છે તેઓ તો બાળબુધ્ધિ કહેવાય. સૂબોની સમજણ જોઇને જમાદાર તો ચૂપ રહ્યા. વારંવાર તેને બોલાવીને તેનું રૂપ જમાદારે જોઇ લીધુ. પછી શ્રી હરિ ચલોડા ગામથી ચાલતા થયા. કેટલાક દિવસ ગામોમાં ફર્યા પછી કોઇ એક દિવસ જેતલપુર આવ્યા. જેમાં ગોળ ભરાતો હોય એવી એક સો જેટલી કડાઓને ઉઠાવી લાવ્યા. રાત એક પહોર (ત્રણ કલાક) ગઇ હતી ત્યારે આવ્યા. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેમણે સહુએ એક સાથે બંદુકો તે કડાઓ ઉપર ફોડી તેનો અવાજ સાંભળીને સહુ ભક્તોને આનંદોત્સાહ વધ્યો અને બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા.

## ૭૦. યજ્ઞ સામગ્રી ડભાણ પહોંચાડવાની આજ્ઞા

સહુ સંતો શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં ચરણોમાં પડ્યા સંતોનાં ચહેરા ઉદાસ થઇ ગયા હતા અને પછી મનનો ઉત્સાહ ઘટી ગયો હતો. શ્રીહરિએ સંતોને જોયા અને પછી તેમને કહ્યુ, તમારા બધાનાં મુખ ઉપર ઉદાસીનતા શાથી છે?. તમને દુઃખ કોણે દીધુ છે ? તમને અમે નિર્ભય કર્યા છે. તમારો બધો જ ભય અમે ટાળી નાંખીને દૂર કરી દીધો છે. હવે ઉદાસ થઇ જવાનું કારણ શુ છે ? ગામનાં પાટીદારોએ શ્રીહરિને કહ્યુ, દેશની સરકારે યજ્ઞ કરવા ન દીધો, તેથી સહુ ઉદાસ છે. ત્યારે શ્રીહરિએ કહ્યુ રાજાનો કોઇ દોષ નથી. અસુરો (અદેવો)ને યજ્ઞ ઉપર બહુ રોષ છે. તે અસુરોએ રાજા દ્વારા યજ્ઞને અટકાવ્યો છે.

અમે મનમાં વિચાર્યુ હતુ કે વરસો વરસ એક યજ્ઞ કરવો અને વિપ્રોને છ માસ સુધી જમાડવા. આવુ બધુ ધાર્યુ હતુ. વિપ્રોને જમાડવા હતા તે અટકાવ્યુ છે. એટલે તેનુ સંકટ કેવુ આવશે તે બાબતનો જ શોક થાય છે. તેમનું આ લોકમાં ઘણું ખરાબ (બુરુ) થયુ. અને તેમનો પરલોક પણ બગડ્યો છે. તેનો કહે પાર આવતો નથી. સંતો, બધા હરિભક્તો અને અહીયા આવેલા બધા વિપ્રોનાં મન ઉદાસ થઇ ગયા. તેમને મનમાં જે દુઃખ થયુ તેનાં પરિણામે આમાં તો કેટલાએ લોકોનો નાશ થાશે. આનું જે ખરાબ પરિણામ આવશે તે તો એક વરસ પછી સહુને દેખવામાં આવશે. હવે અમે આ રાત અહીયાં રહેશુ અને સવારે પાર્ષદોની સાથે ચાલ્યા

જાશુ.આવુ કહીને શ્રીહરિ ગામમાં જે પોતાની જગ્યા હતી ત્યા જમ્યા અને સાથેનાં કાઠીઓને પણ જમાડ્યા.

શ્રીહરિએ જેતલપુરનાં મુખી પાટીદાર, આનંદાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી અને વિપ્ર નાનાભાઇ એ બધાને પોતાની પાસે બોલાવ્યા. તેમને કહ્યું તમારે આ યજ્ઞનાં વિઘ્ન બાબતનો શોક કરવો નહિ. હવે હું જેમ કહું છું તેમ બધા કરો. તાંબા, પિત્તળ અને લોઢાનાં જે મોટા વાસણ જેનાં લાવ્યા છો તેમને બોલાવીને તે બધા સોંપી દો. બીજુ ગોળ, ઘી, લોટ, દાળ અને ચોખા જે હોય તેનાં ગાડા ભરાવો. અને તે બધુ ડભાણ પહોંચાડો. જે વિપ્ર હરિભક્તો છે તે બધાને ભાવથી જમાડશે. અહીંયા કોઇ રોકશે નહિ. અમે ખેડા જઇએ છીએ. ટોપીવાળા (અંગ્રેજ) અધિકારીને પૂછશું તેમની જેવી મરજી હશે તે પ્રમાણે અમે અહી પત્ર લખીશું.

જે બાબત હશે તે પત્રમાં વિગતવાર લખીશું. પછી તમે તે રીતે કરજો. જે સંતો અહીયાં છે તેમાંથી અડધા ડભાણ ચાલો. આનંદાનંદ સ્વામી અને ગોવિંદાનંદ સ્વામી એ બે સિવાયનાં જે સંત ચાલીશ વરસની અંદરનાં હોય તે બધા અહી રહે અને બીજા બધા મહંતો ડભાણ આવે. જે સંત મંડળ છે તેમાંથી બબ્બે મૂર્તિ અહીયાં રહે. જોઇએ તે સામાન રાખવો. બીજો બધો સામાન ડભાણ પહોચાંડવો. અહીનો જરૂરી સામાન ગામમાં આપણી જગ્યામાં મૂકવો. જે લાડુ છે તે બધાને જમાડીને જ ચાલવુ. જાડુ કાપડ મંગાવી તેની એક એક ચાદર કરવી. બાળકો અને ભૂખ્યા, દુઃખ્યા જે લોકો હોય તેને પ્રેમથી જમાડજો. હવે બધા યજ્ઞ પૂરા થઇ ગયા છે. શુરવીર સંતોએ જ્ઞાનયજ્ઞ હવે કરવાનો છે.

ભગવદ્ગીતામાં જે યજ્ઞો કહ્યા છે, તે રીતે હવે તમે રાતદિવસ યજ્ઞ કરતા રહો. બધા જ યજ્ઞોમાં યોગયજ્ઞ અને તપયજ્ઞ સહુથી મોટા શ્રેષ્ઠ યજ્ઞ કહ્યા છે, વર્ણીઓ અને બધા બાઇ ભાઇ હરિભક્તોને અમે આજ્ઞા કરી છે કે જે યજ્ઞરહિત હોય-યજ્ઞ કરતા ન હોય તેનો ક્યારેય- મોક્ષ થાતો નથી. જ્ઞાનયજ્ઞ, યોગયજ્ઞ અને તપોયજ્ઞ વગેરે જે યજ્ઞ કહેવાય છે તેમની વિગતવાળો એક પત્ર પણ લખીને પછી આપશું. સંતો અને હરિભક્તોનું જે વર્તન છે તેને અમે યજ્ઞનાં રાહ ઉપર લઇ જઇએ છીએ. યજ્ઞનાં જ્ઞાન સિવાય તે કહી શકાય નહિ. અને જો યજ્ઞનું જ્ઞાન થાય તો તેનાથી આનંદ થાય. હરિએ આટલી વાત સહુને કહી પછી પલંગ પર પોઢી રહ્યા.



સંતો પોતપોતાને આસને ગયા. અને હરિભક્તો પણ પોતપોતાને ઘેર ગયા.

જ્યારે રાત બે ઘડી બાકી રહી ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તૈયાર થઇ ગયા તેમણે બધા વસ્ત્ર અને ઘરેણા સોનાનાં પહેર્યા હતા. શ્રીહરિનાં એક અશ્વને સોનેરી સાજથી શણગારીને સુવર્ણમય કરી દીધો હતો. તેની શોભા અદ્‌ભુત બની હતી. તેને કોઇ ઉપમા આપી શકાતી નથી. કાઠી દરબારોનાં અશ્વ પણ બધા તૈયાર થઇને આવી ગયા. વળી જે કાંઇ હથિયાર હતા તે શ્રીહરિએ પાર્ષદોને અપાવ્યા. શ્રીહરિએ પાર્ષદોને કહ્યુ જે જ્યારે ગાડા આવે ત્યારે તમે તેમની સાથે રહેજો. હરિભક્ત બાઇઓની ગાડીઓની સાથે જીવુબાઇ અને રાજબાઇ આદિકને પણ કહેવુ કે સહુએ ગાડીની સાથે ચાલવું. આવનારા ગાડાઓથી ક્યારેય જુદા પડવુ નહિ. ચરોતરનાં હરિભક્તોનાં ગાડા તો અહીંયા ઘણા જ છે.

સુરતની ગાડીઓ તો પાર વગરની છે. એટલે ગાડીઓની મુશ્કેલી પડશે નહિ. હું ડભાણ જાઉ છું. અને ત્યાંથી સમાચાર આવે ત્યારે તમારે અહીથી નીકળવુ. આટલુ કહીને શ્રીહરિ ચાલતા થયા. પછી જેતલપુર ગામની બહાર આવ્યા. તે સમયે બીજા સંતોને ખબર પડી તેથી સહુ દર્શન કરવા આવ્યા. આગળ જ્યાં ફકીરની જગ્યા છે ત્યાં સુધી સહુ સંતો શ્રીહરિની સાથે આવ્યા. તે પછી સહુ શ્રીહરિને પગે લાગ્યા અને ત્યાં સુધી ઉભા રહી ગયા. ત્યાં રહેનાર ફકીરને શ્રીહરિનાં ઉપર આદર ભાવ હતો તેણે નજીક આવીને દર્શન કર્યા. બધા સંતોનું અને હરિભક્તોનું વર્તન દેખીને તે ફકીરને શ્રીહરિનાં ઉપર વિશેષ પ્રેમ રહેતો હતો. બીજા બધા જે મતો હતા તેમને તે સત્સંગનાં સમાન ગણતા નહિ. તે શ્રીહરિને સાહેબનાં રૂપમાં જાણીને સ્તુતિનાં કલમા બોલતો હતો.

શ્રીહરિ ખેડાને રસ્તે ચાલતા થયા. તે જ્યાં સુધી બધી સવારી દેખાણી ત્યાં સુધી બધા સંતો તેને દેખતા ત્યાં ઉભા રહ્યા. શ્રીહરિ આગળ ચાલતા ખેડા પાસેની વાત્રક નદીએ પહોચ્યા. નદીનું નિર્મળ જળ દેખીને તેમાં શ્રીહરિએ સ્નાન કર્યુ. પછી પરમ નિપૂણ શ્રીહરિએ જે સાથે લાવ્યા હતા તે પેંડાનું ટીમણ કર્યુ. બધા કાઠીઓને જમાડ્યા અને પોતે પણ જમ્યા. પછી ચોપદાર ભગવાનસિંહજીને બોલાવીને કહ્યું કે તમે જે ટોપીવાળા (અંગ્રેજ) મોટા સાહેબ છે તેમની પાસે જાઓ. અમે અહીં આવ્યા છીએ, તે તેમને ખબર આપો. તેઓ અમને નામથી ઓળખે છે. જેણે ડભાણમાં મોટો યજ્ઞ કર્યો હતો તે સ્વામિનારાયણ અહીં તમને મળવા ચાહે છે.

## ૭૧. મહોલ ઉપર શિવની સ્થાપના

બધો સંઘ ડભાણ જવા માટે તૈયાર થયો ત્યારે ગોવિંદાનંદ સ્વામી ત્યાં આવ્યા. જેટલા હરિભક્તો હતા, તે બધાને જેને ખપે તેને લાડુ અપાવ્યા. એક બ્રાહ્મણ સિવાયનાં બધાને બબ્બે લાડુ આપી દીધા. દરેક લાડુ બશેરનો હતો. પાછળથી કોઈ રહ્યુ ન હતુ. ગોળ, ઘી અને લોટ જે હતા તે બધા વિપ્રોને આપી દીધા. તે લઈને સહુ ચાલતા થયા. અંદાજે ત્રણ લાખ મનુષ્યો હતા. જેતલપુરથી લઈને ડભાણ સુધી સતત મનુષ્યો એકતાર ચાલતા જતા હતા. ત્રણ દિવસ સુધીનો સહુને સમય ચાલવામાં થયો. ત્રણ દિવસ સહુ ચાલતા રહ્યા. ત્યારે જેતલપુર ખાલી થયુ. ડભાણથી ઉત્તર તરફનાં ભાગમાં મેદાન જેવી જગ્યા હતી.

નડિયાદનાં અને ખેડાનાં વેપારીઓએ ત્યાં મોટી ચાર બજારો બનાવી હતી. જેને જે કોઈ વસ્તુ જોઈએ તે બજારમાંથી લઈ લેતા હતા. બધા હરિભક્તોને ઉતારા પણ આપ્યા હતા. ગઢપુરથી જે મોટી બાઈઓ આવ્યા હતા તેમને ગામમાં ઉતારો આપ્યો હતો. તે સિવાયનાં બધા હરિભક્તો ગામની બહાર રહ્યા હતા. આવનાર ભક્તોનો કોઈ પાર ન હતો. સહુએ પોત પોતાનાં ડેરા-તંબુ ઉભા કર્યા હતા. કેટલાકે તો પાલ ઉભા કરી દીધા હતા. ગામની ફરતે અરધા કોશ સુધી હરિભક્તો સિવાય કોઈનો પગ ન હતો.

તે સમયે એક હજાર જેટલા શૈવ ગોસાંઈ જેતલપુરમાં યજ્ઞ છે એમ જાણીને ત્યા આવ્યા. જ્યા સરોવર છે ત્યાં પાણી ન હતુ ત્યાં તેમણે ઉતારો કર્યો. તેમની પાસે પાંચસો ઉંટ અને ઘોડા હતા. માનો કોઈ લશ્કર ઉતરી આવ્યુ હોય તેમ તેઓ દેખાતા હતા. તેમને ત્રણ દિવસ સુધી ઘણા આદરભાવથી લાડુ જમાડ્યા.

પછી ત્યાં શ્રીહરિની આજ્ઞાથી મહોલની ઉપરની છત્રીમાં પંચમુખી શિવજીને પધરાવ્યા. ગોવિંદાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને ભટ્ટ નાનાભાઈ એ ત્રણે વિધિ પુરઃસર શિવજીને પધરાવ્યા. તે સમયે કેટલાય હરિભક્તો પણ હતા. દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શિવજીને પધરાવ્યા. હરિભક્ત વિપ્રો અપાર હતા. તેમણે તે ગોસાંઈઓને બધાને જમાડ્યા. અરે ગણ્યે પાર ન આવે એટલા બધા લોકોને જમાડ્યા. બે ઘડી દિવસ જ્યારે બાકી હતો ત્યારે તે ગોસાંઈઓએ વિચિત્ર રૂપ



ધારણ કર્યુ. તેમણે હાથમાં ખૂલ્લા ખાંડા લીધા માર્ગમાં જ પટો ખેલવા લાગ્યા. તેમનાં મનમાં શિવજીનાં દર્શન કરવાનો ભાવ હતો. અગાઉથી તેમણે વાત જણાવી હતી. બબ્બેની જોડી થઈને કેટલાય ઉંટ ઉપર બેઠા. બંદૂકો અને મોટી જંજાળો હાથમાં હતી. થોડી થોડી વારે તેનાં અવાજ કરતા હતા. તુરાઈ અને રણશિંગીને બજાવતા હતા. અને પગપાળા ઉમંગથી નાચતા-ખેલતા હતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતા. ઊંટનાં ઉપર નોબત ચઢાવેલી તે ગાજતી હતી. જે મુખ્ય મહંત કહેવાતા હતા તેનાં હાથમાં જરૂરિયાતઓ બધા પટો ખેલતા મહોલની પાસે આવ્યા. મહોલની ત્રણેય બાજુ કોટ હતો અને ઉત્તર તરફ તો મોટુ તળાવ હતુ. મહોલનાં દ્વાર તો પૂર્વ અને પશ્ચિમ તરફ હતા. એટલે કોટને ફરીને પશ્ચિમ દ્વાર આવ્યા. મહંત અશ્વ ઉપરથી ઉતર્યા. એક શિષ્ય સાથે લીધો. બીજા બધા અતીતોને બહાર રાખ્યા. મહંતે પછીથી દ્વાર બંધ કરાવ્યુ. મહોલ ઉપર જઈને દર્શન કર્યા. અને હાથમાં જે નિશાન હતુ તેને ત્યાં ચઢાવી દીધુ. તેણે ગોવિંદાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી એ બે મોટા સંતો હતા તેમની પાસે આવીને મહંતે પરિચય સાધ્યો-કર્યો અને મનમાં ખૂબ જ ખુશ થયા.

સાધુઓનાં ધર્મ-નિયમ સાંભળીને તેનાં મનમાં ઘણો જ આનંદ થયો. જે નગરનાં મહંત હતા તે બોલ્યા અહી અમદાવાદમાં પેશ્વા વિપ્રનું રાજ્ય છે અને ગાયકવાડનું પણ છે. એટલે તે બે મોટા રાજાઓ અહી રાજ્ય કરે છે. પેશ્વા અને ગાયકવાડનાં મૂકેલા બે નોકર સૂબો પ્રભુ જ્ઞાતિનાં છે. તેઓ અહીનો વહીવટ સંભાળે છે. (પ્રભુ - મહારાષ્ટ્ર પ્રદેશની એક કાયસ્થની જાતિ) તેઓ શૈવ સંપ્રદાયને માને છે. પરમહંસ સંન્યાસી, બ્રહ્મચારી અને જે વિપ્ર રુદ્રાક્ષ અને ભસ્મને ધારણ કરતા હોય તેને તેઓ શંકરનાં તુલ્ય માને છે. જે શૈવ મતને માનનારા હોય છે તેને તેઓ ગુરુ કરીને માને છે. તેમને શૈવોનો પક્ષ રહે છે. વૈષ્ણવોનો પક્ષ થોડો રાખે છે. શૈવ અને વૈષ્ણવ, બંને મતમાં આદરવાળા તમારા જેવા કોઈ ત્યાગી સાધુ નથી.

**સંતોનું શુધ્ધ વર્તન :**

તે બંને મતનાં સનાતન ધર્માચારો આજે તમારામાં છે. અત્યારનાં હળાહળ કળિયુગમાં પણ તમે શુધ્ધ ધર્મને પાળો છો, વર્તન ઉપરથી અમને દેખાય છે, કે તમારા ગુરુ ઘણા જ સમર્થ છે. જે મતમાં પ્રતાપી ગુરુ હોય તેનો પ્રતાપ વર્તનમાં દેખાઈ આવે છે.તેઓ તમારુ વિપરીત બોલે છે, અમે તેમને મળ્યા અને અમે બધુ

જોયુ. જે લોકો ફેલી છે તેમને તો ધર્મ પાળવો તે તો શત્રુનાં સમાન લાગે છે. અધર્મ કરવામાં જે તત્પર હોય તેમને અમે ફેલી કહીએ છીએ. જેટલુ ન કરવાનું હોય તેટલુ બધુ જ ફેલી લોકો કરતા હોય છે.

**ફેલનું ફળ ભોગવવું પડે છે :**

ફેલ કરવા તે કાંઇ કઠણ નથી. ફેલ તો જીવને ગમે છે. પણ મનુષ્ય શરીરમાં રહીને જીવ જે દુષ્કર્મ કરે છે તો તે વજ્રલેપ થઇ જાય છે. મનુષ્યનાં શરીરને પામીને જીવ જેટલા ફેલ કરે છે તેનાં ફળ જીવને એક તલ જેટલા હશે તો પણ ભોગવવા પડશે. વગર ભોગવ્યે છૂટશે નહિ. ફેલનું પરિણામ પણ મોટો ફેલ તે છે કે જે ફરીવાર મનુષ્યદેહ ધારણ કરવો પડે છે. અને તે મનુષ્ય દેહે કરીને ઊંચ નીચ પ્રકારનાં દુઃખ જીવને ભોગવવા જ પડે છે. જો કે મનુષ્ય આવુ બધુ સમજે તો છે છતાં પણ તે ફેલ કર્યા વિના રહેતો નથી તેથી જ જીવને સમર્થ સત્પુરુષથી દૂર રાખે છે. તેનું મુખ્ય કારણ તે ફેલ જ છે. (આ પ્રસાદીના પંચમુખી મહાદેવ શ્રીજી મહારાજે શ્રી નરનારાયણદેવના ડેરામાં પ્રતિષ્ઠીત કરેલા છે. તેના હાલમાં ડેરામાં દર્શન થાય છે.)

## ૭૨. શ્રીહરિએ છત્ર પછાડ્યું

જેતલપુર ગામમાં એક વિપ્ર સાંખ્યયોગી બાઇ રહેતા હતા. તેમણે શ્રીહરિ અને સંતોને માટે રસોઇ તૈયાર કરી. જ્યારે લાડુ તૈયાર થયા ત્યારે નાનાભાઇ ભટ્ટ બોલાવવા આવ્યા. અને શ્રીહરિ ચાલતા થયા. તે વખતે શ્રીહરિનાં અંગ ઉપરથી ચરણ સુધી કેસરયુક્ત સુંદર ચંદન ચર્ચેલુ હતુ. અને અપાર ફુલહાર પહેર્યા હતા. ફુલનાં કેટલાક હાર અને તોરાઓ પાઘ ઉપર લટકી રહ્યા હતા અને ફુલનાં ગુચ્છ કાન ઉપર પહેર્યા હતા અને હાથમાં ફુલનો ગજરો લીધો હતો. બધા સંતો સાથે હતા અને 'નારાયણ ધૂન' કરતા ચાલ્યા જતા હતા. હાથથી તાળીઓ બજાવતા હતા તેને લીધે વન અને આકાશ ગાજી રહ્યુ હતુ. મુનિરાજ શ્રીહરિ ધૂન કરતા કરતા કોટની પાસે આવી પહોચ્યા.

શ્રીહરિનાં મુખારવિંદ ઉપર મોતીનાં જેવા પરસેવાનાં બિંદુ આવી ગયા હતા. તે વખતે સેવકજન પંખો લઇને પવન નાંખવા આવ્યા ત્યારે પ્રભુએ તરત બંધ કરાવી દીધો. પાર્ષદ ભગુજી તડકો દેખીને છત્ર લઇને આવ્યા, જ્યારે આવીને



શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર રાખ્યું ત્યારે બે ત્રણ વખત છત્ર રાખવાની ના કહી. ભગુજી નિરંતર શ્રીહરિનાં સાથે રહેતા હતા. કદાચ શ્રીહરિ ખીજાય તો પણ તે ડરતા નહિ. નિગમ આગમને માટે પણ અગમ્ય એવાં પરમેશ્વર, તેનાથી બીજા બધા તો થર થર કાંપતા હતા. કોટનાં બુરજનાં અગ્નિ ખુણામાં જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે શ્રીહરિએ જોરથી છત્ર ખૂંચવી લીધુ. અને ત્યાં જ બુરજની ઉપર પછાડ્યુ. છત્રમાં પીત્તળનાં સળિયા હતા તે બધા જુદા થઇ ગયા. છત્રનો રંગ લાલ હતો અને ઉપર સોનાનો કળશ હતો તે પણ ઉડી ગયો હતો. શ્રીહરિનાં એક ચરિત્રમાં અપાર વાતો રહી હોય છે. બધાને તે બાબતનો મર્મ સમજાતો નથી. તે મર્મનું ફળ તો ક્યારેક સમજાય છે. ફળ આવ્યા સિવાય રહેતું નથી અને ફળ અગાઉ દેખાતુ નથી. શ્રીહરિનાં ચરિત્ર એવાં છે કે કોઇ ચરિત્ર નિષ્ફળ હોતુ નથી.

શ્રીહરિ જ્યારે જણાવે છે ત્યારે તે મર્મ સમજાય છે. તે આશ્ચર્યકારી બાબત જણાવ્યા સિવાય કોઇને ક્યારેય સમજાતી નથી. સહુ ધૂન કરતા ચાલતા હતા. તે પૂર્વે કહેલા બ્રાહ્મણને ઘરે આવ્યા. તેણે શ્રીહરિને પ્રથમ જમાડ્યા અને પછી સંતોની પંગત કરી. ઘરનો ચોક ઘણો નાનો હતો તે ચોકમાં સંતો બેઠા ન સમાયા. શ્રીહરિ હસતા હસતા નમી ગયા અને સંતોને કહ્યુ ''હવે તમે ઉભા રહો''.

શ્રીહરિ કહે ''જમવાનું જ કામ છે ને ! દેશકાળ પ્રમાણે રહેવુ જોઇએ''. પછી શાક અને લાડુ જે હતા તે મેળાવી દઇને તેનાં ગોળા કર્યા. શ્રીહરિએ બેઠેલા અને ઉભેલા સંતોને એક એક ગોળો પ્રસન્ન મનથી પીરસી દીધો. શ્રીહરિનાં ચરિત્ર સાથેની સંતોની પંગતની આ શોભા જોઇને બ્રહ્મા જેવા દેવતાઓ પણ કેટલીકવાર ભૂલાં પડી ગયા હતા. શ્રીહરિનાં આવા અજોડ ચરિત્ર હતા. જ્યારે સહુ સંતો જમી રહ્યા, ત્યારે સહુએ ચોકમાં હાથ ધોયા અને પછી નાનાભાઇ ભટ્ટે કેસરયુકત અનુપમ ચંદન લઇને શ્રીહરિને ચર્ચ્યું. ફુલનાં હાર અને તોરાઓ ધરાવ્યા. ફુલનાં બાજુબંધ બાંધ્યા. પછી આરતી ઉતારી અને અગરબત્તીનો ધૂપ કર્યો. તે પછી સંતોની પૂજા કરી.

શ્રીહરિ જે રીતે થાળ જમવા આવ્યા હતા તે રીતે જ પાછા ચાલતા થયા. મહોલમાં થોડીવાર પોઢી ગયા અને પછી ત્યાંનાં દેવસરોવરમાં સ્નાન કર્યુ. શ્રીહરિ મહોલનાં પહેલે કઠોડેથી ઘણીવાર કૂદીને તળાવમાં પડ્યા હતા. પૂર્વે જેમ કાલીયનાગનું દમન કરવા માટે યમુનાજીનાં ધરામાં કૂદી પડયા હતા, તે જ રીતે સરોવરમાં કૂદીને પડ્યા હતા, અને સંતોને આનંદ વધારતા હતા. સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે

નાહતા હતા. તેનાથી રોજરોજ સત્સંગનો રંગ વધતો હતો. શ્રીહરિ હરિભક્તોનાં બોલાવ્યા વિના પણ જેતલપુરમાં કેટલીય વાર ભીમ એકાદશી ઉપર આવ્યા હતા.

જે જે પ્રદેશમાં જે જે હરિભક્તોનાં મોટા ગામ હતા, ત્યાં શ્રીહરિ આ રીતે જ જતા હતા. પછી તે સરોવરને પશ્ચિમકિનારે જ્યાં એક કૂવો હતો અને ઘણા વૃક્ષ હતા, ત્યાં શ્રીહરિએ નાહ્યા પછી કેટલીય વાર સભા કરી હતી. જ્યારે શ્રીહરિ ત્યાં સભા કરતા ત્યારે ત્યાં ઘણી વાતો કરતા હતા. બહુ કીર્તન ગવડાવતા હતા. અને હરિભક્તો શ્રીહરિની અખંડ પૂજા કરતા. બાગમાં જ્યાં શ્રીહરિ હતા ત્યાં એક બોરસલીનું ઝાડ હતુ. તેનાં થડની ચારેય બાજુ વેદિકા હતી. શ્રીહરિ ત્યાં જઈને તેનાં ઉપર બેઠા. શ્રી હરિએ તે સ્થળે કેટલીય વાર સભા કરી છે. બોરસલીનાં ફુલનાં હાર તોરા, બાજુબંધ અને ગજરાઓ વારંવાર ઘણા પહેર્યા છે. તે બાગમાં જેટલી જાતનાં ફુલો થતા હતા, તેનાં હાર વગેરેને ઘણા વર્ષ સુધી શ્રીહરિએ અંગ ઉપર ધાર્યા હતા. અને તે ફુલ વગેરેનાં મુખથી ઘણા વખાણ કરતા હતા.

તે બાગમાં ઘણાં ઉત્તમ દાડમ આ સમયમાં પાકતા હતા. તે અત્યંત રસવાળા સુંદર દાડમને શ્રીહરિ વારંવાર જમતા હતા. પછી શ્રીહરિ જેતલપુર ગામમાં આવ્યા. ત્યાં સહુની આગળ એક વાત કહી કે, ક્યા સામાન્ય માણસ અને ક્યા ભગવાન? આમ સમજીને લોકો સંકોચ પામતા રહે છે. પણ ભગવાનની સાથે પિતા, ગુરુ અને સગા સંબધી જેવો સંબંધ બાંધવો, આમ કહીને શ્રીહરિ ઉભા થયા અને બધા સંતોને ભાવથી ભેટ્યા. સંતોને ભેટતી વખતે શ્રીહરિ મર્મ કરીને હસતા હતા, અને દેહનું પણ ભાન ભૂલી ગયા હતા. શ્રીહરિ આ રીતે પરમ પવિત્ર અલૌકિક લીલા કરતા હતા. શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપીને જ્યારે ત્યાંથી ચાલતા થયા ત્યારે પહેલા ધોળકા આવ્યા અને ત્યાંથી જવારજ આવ્યા. એક રાત ત્યા રહ્યા.

## ૭૩. જેતલપુરમાં આમ્રરસોત્સવ - ૧

સહુ કાઠી દરબારોએ બે હાથ જોડીને તે વખતે શ્રીહરિને કહ્યુ, આપ જ્યારે કહો ત્યારે અમે તૈયાર છીએ. તેમાં કાંઇ ખોટુ નથી. ગયા વર્ષે આપ અમને વડતાલ લઈ ગયા હતા અને ત્યાં પાર નહિ તેટલી રસ અને રોટલી જમાડી હતી. આ વખતે જેતલપુરનાં હરિભક્તોને દર્શન આપો ત્યાં સંતો પણ અપાર આવશે અને



તેઓ મનમાં ઘણું રાજી થશે. પછી શ્રીહરિએ જે કાઠી દરબારો પાકા હરિભક્ત હતા, તેમને જોઈ વિચારીને સાથે લીધા અને બધા પાર્ષદોને પણ સાથે લીધા હતા. અલૈયા કહર નામે જે કાઠી ભક્ત હતા તે શ્રીહરિનાં પાર્ષદ કહેવાતા તેઓ શ્રીહરિ જે વચન કહે તે પ્રમાણે વચનને ઘણા પ્રેમરસથી પૂરી રીતે માનતા હતા. તેઓ મનનું ધાર્યુ કરવામાં તો દુઃખ માનતા હતા. વચનમાં જ અપાર સુખ રહ્યુ છે તેવો તેમણે નિર્ધાર કર્યો હતો.

શ્રીહરિએ અલૈયા કહરને તેવાં સમજીને દાદા ખાચરનાં ઘર-વ્યવહારનું કામ કરવામાં જોડી દીધા હતા. તેથી જીંદગીભર તે કામ કરતા રહ્યા હતા. તેઓ બુધ્ધિમાન અને નિરુત્થાન સ્થિતિવાળા હતા. તેમની તેવી સ્થિતિને જોઈને શ્રીહરિ તેનાં ઘણા વખાણ કરતા અને તેમને જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થતા હતા. ઘણી વખત રાજી થઈને શ્રીહરિએ તેમને પાર નહિ તેટલા વસ્ત્ર આપ્યા હતા.

અને એક લાખા ખાચર નામે દરબાર હરિભક્ત હતા, તેમને પણ શ્રીહરિનાં સ્વરૂપમાં દઢ ટેક હતી. તેમને ક્યારેય કુસંગનો પાસ લાગતો નહિ એવાં તે દઢ ભક્ત હતા. સારા પંચ વિષયોને દેખીને પણ તેમનાં મનમાં ક્યારેય ક્ષોભ થાતો નહિ. તેમનાં મનમાં ક્યારેય સ્ત્રી અને ધનનો સંકલ્પ થાતો નહિ. તે લાખા ખાચરને આવા સમજીને શ્રીહરિએ દરબાર જીવા ખાચરનાં ઘરમાં વ્યવહારનું કામ કરવા માટે રાખ્યા હતા. જેઓ જીવાખાચરનાં કહેવા પ્રમાણે કામ કરતા હતા. તેઓ આજ્ઞા વચનમાં જ સુખ માનતા અને મનગમતુ કરવામાં તો બંધન માનતા હતા. તેઓ જીંદગીભર જીવાખાચરનાં ઘરમાં કામ કરવા માટે રહ્યા હતા. અને બીજાથી ક્યારેય ન પાળી શકાય તેવો નિષ્કામ ધર્મ દઢતાથી પાળતા હતા.

શ્રીહરિ ગઢપુર થઈ ચાલ્યા, તે બોટાદમાં આવીને રહ્યા. બોટાદમાં ઘણા ચતુર વણિક હરિભક્તો હતા. વણિક હરિભક્તોમાં ભગાશેઠ મુખ્ય અને લક્ષાધિપતિ હતા. તેઓ જૈનમાંથી આવીને હરિભક્ત થયા હતા. તેઓ સત્સંગમાં આવ્યા ત્યારે તેને દુનિયાનાં વ્યવહારની ઘણી ઉપાધિ થઈ હતી, પરંતુ તેમણે તે અપરંપાર ઉપાધિને સહન કરી હતી. તેમણે પોતાનાં આત્યંતિક મોક્ષને માટે જ સત્સંગને પ્રધાન કરી રાખ્યો હતો. શ્રીહરિ ભગાશેઠને દર્શન દેવા માટે વારંવાર આવતા હતા. બોટાદ ગામનાં ધણી દરબાર હમીર ખાચર શ્રીહરિનાં અનન્ય ભક્ત હતા, શ્રીહરિ તેમને ઘેર આવીને ઉતર્યા.

વળી, સોમલા ખાચર નામે બોટાદનાં બીજા એક દરબાર હતા. તેઓ જ્યારથી સત્સંગી થયા ત્યારથી શ્રીહરિની સાથે જ રહેતા હતા. પોતાનું ગામ ગરાસ કે પરિવાર એ બધુ શ્રીહરિને માટે થઈને તેમણે છોડી દીધુ હતું. વળી તે સિવાયનાં નાગડકા, સારંગપુર, કોટડા, સુંદરિયાણા, કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર, સરવઈ, ગઢપુર, ગુંદાળા, વાવડી, ખંભાળા, વાંકિયા, અને બગડ એ બધા ગામનાં હરિભક્તો કાઠી દરબારો જે હતા તે બધા શ્રીહરિની સાથે જવા આવી ગયા. સહુ અશ્વ ઉપર બેસીને આવ્યા હતા અને પછી તે શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા.

ભગવાન શ્રીહરિ ખસ, બગડ અને સુંદરિયાણા થઈને આગળ ચાલ્યા. અણિયાળી, ધંધુકા થઈને ખડોળ ઉપર ચાલ્યા. ત્યાં એક રાત રહ્યા ત્યાંનાં હરિભક્તોએ ઘણી સેવા કરી. પાછલો એક પહોર રાત રહી ત્યારે ત્યાંથી ચાલ્યા, તે બળોલ થઈને જવારજ ગામ આવ્યા. ત્યાનાં હરિભક્તોએ ઘણી સેવા કરી. પછી ત્યાંથી કોઠ આવ્યા. ત્યાંથી આગળ જઈ ધોળકામાં રાત રોકાયા અને ત્યાં રસ, રોટલી અને કેરી જમતા રહ્યા. પછી સવારે ત્યાંથી ચાલ્યા. રસ્તે આગળ ચાલતા હરિભક્તોને દર્શન દેતા હતા. હરિભક્તોને સુખ દેવા માટે તો શ્રીહરિ વિચરણ કરતા હતા. વિચરણમાં જેટલુ સુખ આપતા હતા તે કહી શકાતુ નથી.

કરોડો વાત હોય છે, તેમાંથી એક જ વાત લખાય છે. અને તેમાં પણ વાતનું બીજ જ લખાય છે. ડાળી, પાંદડા અને ફુલ તો કહેવાનાં રહી જાય છે. ફળ અને રસ કહેવાનાં રહી જાય છે. તે મારા પછીથી કોઈ બુદ્ધિશાળી હશે તે કહેશે. બધી બીજ રૂપ વાત કહું છું. પણ મૂઢ માણસને તે પુરુ દેખાતુ નથી. મૂઢ માણસને મૂઢનાં જેવી કોઈ વાત સંભળાવે તો તે સમજે છે. પણ મૂઢને ખરી વાત સમજાવવી ઘણી કઠીન હોય છે. કોઈ સારો કારીગર મળે તો પથ્થર અને લોઢાને સુધારી શકાય છે, પણ મૂઢ માણસને તો પથ્થર અને લોઢા કરતા પણ સમજાવવો ઘણો કઠીન છે.

હવે પછી સભામાં આ ગ્રંથની જ્યારે કથા કરવાની રહેશે ત્યારે કથા કરનારા એ મનમાં મૂઢ માણસનો થોડો ડર રાખવો પડશે. મૂઢ માણસને કોઈ સાન, ભાન હોતુ નથી. અને તે પ્રસંગને પણ જાણતો નથી. આ મૂઢ માણસ બોલે છે કે આ ગ્રંથ કરતા પણ આવડ્યો નહિ.



એક મૂઢ માણસ બીજા મૂઢની વાતને પરમ રહસ્ય માને છે. પરંતુ જે ચતુર મનુષ્ય છે તે સભામાં તરત જ તેને ઓળખી જાય છે. એકની એક વાતનાં પ્રસંગને સત્વગુણી બુદ્ધિથી દેખવામાં આવે અને તેમાં કદાચ ફર્ક દેખાય અને તે જ વાતને રજોગુણ અને તમોગુણ પ્રધાન બુદ્ધિથી સીધી ન સમજે ત્યારે ચતુર માણસ તેની તપાસ કરીને વિચારીને બોલે છે. શ્રીહરિ સરોડા ગામમાં આવીને સાબરમતી નદીને ઉતર્યા અને પછી વસઈ ગામમાં થઈને પ્રસન્નતાપૂર્વક જેતલપુર આવ્યા. પાર્ષદો જ્યારે મહોલની પાસે આવ્યા ત્યારે બંદુકોનાં અવાજ કર્યા. ત્યારે ગામનાં ભક્તોને તેની ખબર પડી.

## ૭૪. આમ્રરસોત્સવ - ૨

મહોલની જગ્યામાં જે સંતો રહેતા હતા તે સહુ શ્રીહરિની સામે આવ્યા અને તેમણે દંડવત પ્રણામ કર્યા. શ્રીહરિ મહોલની જગ્યામાં આવ્યા અને ત્યાં ઉતર્યા. પહેલા અશ્વ ઉપરથી જ્યારે ઉતર્યા ત્યારે સહુ સંતોને ભેટ્યા પછી આસોપાલવની નીચે જ્યાં પાટ રાખેલી હતી ત્યાં આવીને તેનાં ઉપર બેઠા. સારા ઝીણાં શ્વેત વસ્ત્ર શ્રીહરિએ અંગ ઉપર પહેર્યા હતા અને ઘણો પરસેવો વળ્યો હતો. પછી વીરણવાળાનાં પંખા લાવ્યા, પછી નાથ ભક્ત અને ઉમાભાઈ બંનેએ પંખાને ભીંજવ્યા અને શ્રીહરિની બન્ને બાજુ ઉભા રહીને ઘણા ઉમંગથી પવન નાંખવા લાગ્યા.

શ્રી હરિ પૂર્વોત્તર દિશા તરફ મુખ રાખીને સુખપૂર્વક બેઠા હતા. તે સમયે ભાઈ રામદાસજી સ્વામી ડભાણથી ત્યાં આવ્યા. શ્રીહરિ તેમને ભેટ્યા પછી પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, નિષ્પાપ એવા આનંદાનંદસ્વામી, વિચારશીલ ચૈતન્યાનંદ સ્વામી, ધીર આત્માનંદ સ્વામી, બન્ને શિવાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી, ચિન્મયાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, ઉદાર એવાં મહાનુભાવાનંદ સ્વામી, સદ્વિચારવાળા પરમાનંદ સ્વામી, દયાળુ સજ્જનાનંદ સ્વામી, અપારગુણવાન સત્યાનંદ સ્વામી તે સિવાય ભણનારા બીજા સંતો ત્યાં રહેતા હતા. લક્ષ્મણાનંદ સ્વામી, અચિન્ત્યાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી એ બધા ભણનારા હતા.

શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં વૃક્ષોની ઘણી ઘાટી છાયા મંડપનાં જેવી હતી. તે વૃક્ષો અને મહોલની વચ્ચે જ્યા છાયા ન હતી તેટલામાં મંડપ કર્યો હતો. જેમ જેમ સંતો આવતા હતા તેમ તેમ શ્રીહરિ તેમને ભેટતા હતા. તે સહુને સભામાં બેસાડતા હતા. બધા સંતોની સભા મંડપમાં હતી. બધા સંતો હંસનાં જેમ શોભતા હતા અને સહુ શ્રીહરિ સન્મુખ જ જોઇ રહ્યા હતા. જેતલપુર ગામનાં ચારેય વર્ણનાં બધા ભક્તોને શ્રીહરિનાં ઉપર ઘણો પ્રેમભાવ હતો. એટલે તે સહુએ આવીને દર્શન કર્યા અને ઘણુ રાજી થયા.

ગામનાં ભક્તો ઘણી સારી રસદાર કેરીનાં ટોપલા ભરીને શ્રીહરિની આગળ લાવ્યા ત્યારે શ્રીહરિએ કાઠી દરબારોને બોલાવ્યા . દરેક દરબારને તરત એક એક ટોપલો આપીને કહ્યુ એક બાજુ બેસીને અત્યારે જ તમે આ કેરી જમો. જમતી વેળાએ રસ રોટલીનો અવકાશ રાખજો. ભૂખ વિના રસમાં સ્વાદ નહિ આવે. પછી ત્યાં સંતો, સન્યાસી, વર્ણી અને સાથેનાં જે પાર્ષદો હતા તે બધાને દસ દસ કેરી આપીને પોતે પણ કેરી જમવા લાગ્યા. શ્રીહરિ ત્યાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ રોજ રોજ કેરીનો ઉત્સવ થતો હતો. ઉત્સાહથી આમ કેરીનો ઉત્સવ કરતા હતા. ક્યારેય મનમાં ઉદાસ થતા નહિ. ચરોતર અને ગુજરાતનાં જે બધા હરિભક્તો હતા તેમણે શ્રીહરિને પુષ્કળ કેરી જમાડી. પછી શ્રીહરિ જ્યારે પોતાને ઉતારે આવ્યા ત્યારે રસ અને રોટલી જમ્યા અને સંતોને પણ રસ પીરસ્યો. સાથેનાં પાર્ષદો અને કાઠી દરબારો જે હતા, તેમને પણ શ્રીહરિએ રસ પીરસ્યો હતો.

મહેલનાં ઉપર શ્રીહરિ રહે તેવાં બે ખંડ હતા. બંને ખંડ ઉત્તર અને દક્ષિણ તરફ હતા. મહેલ ઉપર ચઢવાનું બારણું ઘણુ સુંદર હતુ. બંને ખંડની વચ્ચે સરસ દાદર હતો. તેમાં દક્ષિણ ખંડમાં બિછાવેલ પલંગ ઉપર શ્રીહરિ પોઢ્યા. જ્યારે પાછલો પહોર એક દિવસ રહ્યો ત્યારે શ્રીહરિ ઉઠ્યા. અને પછી તળાવમાં હાથ મુખ ધોઇને સભા કરી. મહોલની પશ્ચિમ દિશામાં વૃક્ષોની ઘાટી છાંયા હતી ત્યાં પાણી પીવાનાં કૂવા નજીક સભા કરી. શ્રીહરિ પાટ ઉપર બેઠા. ઝીણી શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી. રંગભીના શ્રીહરિએ શ્વેત ધોતિયું પહેર્યુ હતુ અને એક શ્વેત ચાદર ઓઢી હતી. ફૂલની ટોપી, ફૂલનાં હાર, ફૂલનાં મતવાલા બાજુબંધ, ફૂલની પછેડી, ફૂલનાં ગુચ્છ, ફૂલનાં તોરા અને છડી અને બધા ફૂલનાં શણગાર સંતોએ



લાવીને શ્રીહરિને પહેરાવ્યા, તે શ્રીહરિએ અંગ ઉપર ધારણ કર્યા અને કુમકુમનો ચાંદલો લલાટ વચ્ચે કર્યો.

બધા મોગરાનાં ફુલ હતા. તેની શોભા ઘણી સારી થઇ હતી. શ્રીહરિની બન્ને બાજુ વીરણવાળાનાં પંખા સતત ચાલતા હતા. પંખાને પાણીથી ભીંજવ્યા હતા, તેથી તેમાંથી સુગંધ છૂટતો હતો. સંતો અને હરિભક્તોની સભામાં પણ સુગંધ વ્યાપી ગયો હતો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીએ ગરબીનાં નવા પદ બનાવ્યા તેને શ્રીહરિએ ઘણા પ્રસન્નથી ગવડાવ્યા તે ગરબીથી વન અને આકાશ બધુ ગાજી ઉઠ્યુ હતુ.

વૃંદાવન અને ગોકુળ જેવાં ધામમાં જે ઉત્સવ થતા હતા તેવાં ઉત્સવ જ્યાં શ્રીહરિ રહેતા ત્યાં કરતા. ત્યારે તે ઉત્સવ મૂર્તિમાન ત્યાં આવીને પરાણે નિવાસ કરતા હતા. શ્રીહરિ જેતલપુર પધાર્યા છે તેમ સાંભળીને જેટલા સંતો આસપાસ હતા તે બધા ત્યાં આવી ગયા કોઇ બાકી રહ્યા નહિ. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે મશાલો થઇ. બધા સંતો ઉંચા સ્વરે બોલીને આરતી કરવા લાગ્યા. આરતી જ્યારે થઇ રહી પછી નારાયણધૂન કરી અને ધૂન કર્યા પછી સહુએ દંડવત પ્રણામ કર્યા. પ્રણામ કરીને બધા સ્વસ્થ થઇને બેઠા. કોઇ સંત બેસવાનાં બાકી ન રહ્યા પછી શ્રીહરિ બોલ્યા.

## ૭૫. સંતોની પરીક્ષા માટે ઝોળી તપાસી

ગામડામાં ફરતા સંતો જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે તે સહુને શ્રીહરિએ ઘણા હેતથી પૂછ્યુ. શ્રીહરિએ જેવુ પૂછ્યુ સંતોએ તેવાં ઉત્તર આપ્યા. પ્રશ્નોત્તર કરતા મધ્યરાત્રી થઇ ગઇ. પછી ચતુર એવાં શ્રીહરિ પોઢી ગયા. સવાર થયુ શ્રીહરિ ઉઠયા દાતણનો વિધિ કર્યો અને સરોવરમાં પાણી હતુ તેથી તેમાં સ્નાન કર્યુ. બધા સંતોએ પણ શ્રીહરિની સાથે સ્નાન કર્યુ. સરોવરમાં જ્યા ખાડાઓ હતા તેમાં પાણી વધારે ઉંડુ હતુ. સુખદાયક શ્રીહરિ જયાં ઉંડું હતુ ત્યાં નહાતા હતા. ઉંડા પાણીમાં ડૂબકી મારીને ઘણીવારે બહાર નીકળતા હતા. ક્યારેક તો બે ઘડી થાય ત્યારે શ્રીહરિ સહુ ભક્તોને દર્શન દેતા હતા. ક્યારેક તો ચાર ઘડી થાય ત્યારે દર્શન દેતા હતા.

ભક્તોનાં ચિત્તને ચોરનારા રંગભીના શ્રીહરિએ પછી પાણીથી બહાર નીકળીને શરીરને કોરુ કર્યુ. એક શ્વેત ધોતિયુ પહેર્યુ અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી. શ્વેત પછેડી ઓઢી લીધી. તથા ચરણોમાં ચાખડીઓ પહેરી અને મહોલની નજીક પશ્ચિમ તરફ જયાં પાટ બિછાવેલી હતી ત્યાં દક્ષિણ તરફ મુખ રાખીને બેઠા. સંતો પણ પ્રસન્નતાથી આગળ બેઠા. અને જે સંતોએ ચણોઠીનાં હાર કર્યા હતા તે લાવીને પહેરાવ્યા. ત્યારે શ્રીહરિએ સહુને કહ્યુ, તમે તો સંત છો. સંતોની આ રીત નથી, તમને તે બાબતમાં દેખાતુ નથી. હાર બનાવવાનાં જેટલા સાધન છે તે બધાનો આજથી ત્યાગ કરી દો. આમ કહીને જે સંતો સભામાં બેઠા હતા તેમને અને આસન ઉપર જે સંતો હતા તે બધાને બોલાવીને સભામાં બેસાડ્યા. જ્યારે બધા સંતો આવી ગયા ત્યારે સભાને ચારે તરફ પાર્ષદો રાખ્યા હતા. પછી કહ્યુ કે કોઈને આસન ઉપર જવા દેશો નહિ. સહુની ઝોળીઓ અહી લાવો. અમે તેને દેખશું. એમ કહીને પાર્ષદોને મોકલીને સહુ સંતોની ઝોળીઓ મંગાવી. પછી ઉત્સાહથી તેમાં જોવા લાગ્યા. પણ કાંઈ દેખાયુ નહિ. નિર્માનાનંદ અને જિજ્ઞાસાનંદ તે બંનેનાં વર્તનમાં કાંઈક ફરક છે. તેમ કોઈએ કહ્યુ પણ કશું નીકળ્યુ નહિ.

પછી શ્રીહરિએ કહ્યુ ‘‘સંતોની બાબતમાં કોઈ ખોટી વાત કરે તો તે નારકી થાય છે અને ઈર્ષ્યાએ કરીને કોઈ કહે તો તે જમનો ગણ થાય છે. મુક્તાનંદ સ્વામી જેવાં સંતમાં પણ કાંઈ ફરક દેખાય તો અમારી પાસે આવીને છાની રીતે કહેવુ તે સિવાય તો મનમાં ચૂપ રહેવુ. જાહેર કરવુ નહિ. કોઈનું મન કોઈ સાધુથી જુદું પડી ગયુ હોય તો પછીથી તેનાં સીધા સાદા વર્તનમાં પણ ફરક દેખાય. આવી કેટલીક વાતો રહી હોય છે. પછી તેને સાંભળીને પાંચ જણા ભેળા મળે અને તેમને ફરક જો દેખાય તો ફરક સાચો કહેવાય છે. પછી તે સંત પોતાનાં વર્તનનાં ફરકને જ્યાં સુધી કબૂલ કરે છે ત્યાં સુધી તેને સત્સંગનો ખપ છે તેમ માનવુ. પણ જો કબૂલ ન કરે તો પછી કોઈએ તેમની સાથે સ્નેહ સંબંધ રાખવો નહિ. જેને સત્સંગનો ખપ ન હોય તે વર્તનનાં ફરકને કબૂલ કરે નહિ અને તે કબૂલ નહિ કરનારાનો જે લોકો પક્ષ રાખે છે, તેને પણ સત્સંગનો ખપ નથી તેમ જાહેર દેખાડી દેવુ. જેને સત્સંગનો જેટલો ખપ હોય છે તેને તેટલો ધર્મનો પક્ષ રહે છે. ધર્મ પાળ્યા સિવાય ચાહે તેટલી મહેનત કરવામાં આવે તો પણ તેમાં મોટાઈ આવતી નથી. ધર્મ છે તે સહુનો આત્મા છે. આત્મા વિનાનું શરીર મડદું કહેવાય છે. અને સહુ લોકો મડદાનો



ત્યાગ કરે છે. તેની સાથે કોઈ પ્રેમ કરતુ નથી. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા તે વખતે ચારે બાજુનાં ગામોનાં અને દેશોનાં ગણ્યે પાર ન આવે તેટલા બધા હરિભક્તો આવ્યા. સહુ ફુલનાં હાર લાવ્યા હતા. શ્રીહરિ તે હારને સ્વીકારતા હતા. હાર આવ્યા ત્યાં સુધી ઉભા રહ્યા અને સહુને પ્રેમથી બોલાવતા હતા. ફુલનાં હાર લઈ લીધા પછી સહુને ઉતારા અપાવ્યા. તેટલી વારમાં તો રસોઈ તૈયાર થઈ ગઈ અને શ્રીહરિ રોટલી જમ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા તે પછી સંતોની પંગતમાં મનનાં ઘણા ઉમંગથી રસ અને રોટલી પીરસ્યા. તે પછી સહુ જમવા લાગ્યા. શ્રીહરિ વારંવાર રસ પીરસતા હતા. છતાં લગાર પણ રસ ખૂટતો નહિ. કોઈ દિવસ ન દેખ્યો હોય તે રીતે શ્રીહરિએ રસનો ઉત્સવ કર્યો.

તે દિવસોમાં ભીમ એકાદશી આવી. તે દિવસે સરોવરથી ઉત્તરબાજુ સરોવરની પાળ ઉપર એક મોટો વટ વૃક્ષ હતો ત્યાં છાયો કરાવ્યો હતો. વડલાની દક્ષિણ તરફની ડાળી સાથે પલંગનો હિંડોળો બંધાવ્યો. તેની એવી સુંદર શોભા થઈ કે જે વર્ણવી શકાતી નથી. હિંડોળા ઉપર ગાદી તકીયા બિછાવ્યા હતા. પછી શ્રીહરિ આવીને હિંડોળમાં બેઠા. અંગ ઉપર ઘણા ઉજળા શ્વેત વસ્ત્ર પહેર્યા હતા.

તે સમયે હરિભક્ત પૂજા કરવા લાગ્યા અને તે અલૌકિક ઉત્સવ બધે છવાઈ ગયો. ઢોલ અને તાંસા વાગતા હતા. બધા નરનારી ભક્તો જય જય શબ્દ બોલવા લાગ્યા. બધા સંતો કેસરયુક્ત ચંદન ઘસીને તપેલુ ભરીને લાવ્યા. લાવનારાઓમાં આનંદાનંદ સ્વામી મુખ્ય હતા. સંતોને રહેવા માટે સુરતનાં હરિભક્તોની પાસે મંદિર કરાવ્યુ હતુ. જે મંદિર કરાવ્યુ હતુ તે નિમિત્તે પૂજા કરવા આવ્યા. તેમાં આનંદાનંદ સ્વામીએ શ્રીહરિની પહેલી પૂજા કરી હતી. શ્રીહરિ તો ગાદી તકીયા પર બેઠા રહ્યા. સંતો તો નખથી શીખા પર્યંત શ્રીહરિની મૂર્તિને કેસરયુક્ત ચંદન લઈને સ્વસ્થ મને ચરચવા લાગ્યા.

## ૭૯. સંતો દ્વારા પૂજન-શૂરવીર વાલજીવિપ્ર લૂંટારાથી સંઘને બચાવી જેતલપુર

આનંદાનંદ સ્વામીએ શ્રીહરિની મૂર્તિ ઉપર ચંદન ચરચ્યુ. પછી હાથમાં કુમકુમ લઈને શ્રીહરિનાં લલાટમાં સારો ચાંદલો કર્યો અને પછી ભુજાઓ તથા

ઉદર ઉપર પણ ઘણા ચાંદલાઓ કર્યા. પછી ફુલની એક સુંદર ટોપી મસ્તક ઉપર ધરાવી અને ફુલનાં હાર છાતી ઉપર ધરાવ્યા. ભુજાઓ ઉપર ફુલનાં બાજુબંધ બાંધ્યા. અને કાંડા ઉપર પહોચી ધરાવી. અને ગુલાબનાં બે ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. બંને ચરણાર્વિંદમાં ચંદન ચર્ચીને છાતીમાં અને મસ્તક ઉપર તે લીધા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીએ પણ શ્રીહરિનાં ચરણોમાં ચંદન ચર્ચીને પોતાની છાતી અને મસ્તક ઉપર લીધા. આનંદાનંદ સ્વામીનાં મંડળનાં જે સંતો હતા તેમણે પણ તે રીતે જ પૂજા કરી. ભાઈ રામદાસ સ્વામીએ આવીને શ્રીહરિની પૂજા કરી. પછી જે સંતો અને વર્ણીઓ જેટલા હતા તે સહુએ પૂજા કરી. પાર્ષદોએ પણ પૂજા કરી. તે પછી બધા હરિભક્તો પૂજા કરવા આવ્યા. મધ્યાહન થઈ ગયો હતો, એટલે શ્રીહરિએ હરિભક્તોને થોડા દૂર રાખ્યા. હરિભક્તોએ બધા સંતોની પૂજા કરી અને માધવદાસ નામનાં સંતે પ્રેમથી બોરસલીનાં ઘણા હાર કર્યા હતા તેને તેઓ લાવ્યા. અને શ્રીહરિને પહેરાવ્યા પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તે સમયે ચંદન અને પુષ્પમય બનેલી શ્રીહરિની મૂર્તિ ઘણી પ્યારી લાગતી હતી. પછી જઈને શ્રીહરિએ સ્નાન કર્યુ. ભક્તજનોએ મૂર્તિ ઉપરથી ચંદન લૂછી લીધુ તે પછી શ્રીહરિ મહોલની જગ્યામાં આવ્યા. આસોપાલવની નીચે ઘણી છાયા હતી. તેમાં પાટ બિછાવી હતી. એટલે ધર્મનાં લાલ શ્રીહરિ ત્યાં આવીને બેઠા. તે વખતે સંતરામપુરનાં વાલજીભાઈ નામે વિપ્ર ભક્તોનાં સંઘને લઈને જેતલપુર આવ્યા. સંઘ જેતલપુરથી લગભગ ત્રણ કોશ છેટે હતો ત્યારે તેને લૂંટારા ઘોડેસવાર સામે મળ્યા. સંઘને ચારે બાજુથી ઘેરી લીધો. સંઘમાં બાઈઓ પણ હતી તેઓ નારાયણ નામ ઉચ્ચારવા લાગી. પાછળનાં ભાગમાં એક ગામ હતુ. પણ ત્યાંથી કોઈ મદદ કરવા આવ્યુ નહિ. હાથમાં ધનુષ્યબાણ લીધેલા વાલજી વિપ્ર એકલા જ હતા. તેમણે મનમાં શ્રીહરિને સંભાર્યા કે ‘‘જો સ્વામિનારાયણ ભગવાન અત્યારે આવીને સહાયતા કરે તો જ આ સંઘની લાજ રહેશે. અને બધુ કામ સુધરી જાશે. તેમની સહાયતા વિના અમે શું કરીએ ? લોટમાં મીઠા જેટલા અમે છીએ. આજ અમારું મરણ આવ્યુ જણાય છે. તેમાં કાંઈ ખોટુ નથી.

તે બધા ઘોડે સવારોએ વાલજી વિપ્રને કહ્યુ, તમે ધનુષ્ય બાણને દૂર મૂકી દો. અમે ચોક્કસ તમને લૂંટી લેશું. ત્યારે વાલજી વિપ્રે કહ્યુ, મારુ જ્યારે મોત થાય ત્યારે



જ હું ધનુષ્યબાણ છોડીશ. ધનુષ્યબાણને જો છોડી જ દેવાનાં હોત તો શું તે દેખાવને માટે બાંધ્યા છે ? મેં મોતને સ્વીકારીને જ આ મારા ધનુષ્યબાણને બાંધ્યા છે. તે વખતે જેટલા સવારો હતા તે બધાએ ધનુષ્યબાણને તૈયાર કર્યા. સહુએ ભેળા મળીને વાલજી વિપ્ર ઉપર બાણોની વૃષ્ટિ કરી. પરંતુ પરમેશ્વરે આવીને તેને બચાવી લીધા એક પણ બાણ વાલજીનો સ્પર્શ કરી શક્યુ નહિ. તે પછી વાલજી વિપ્રે મરણિયા થઈને શ્રીહરિને સંભાર્યા અને હરખભેર બાણ છોડવા લાગ્યા.

જેટલી બાઈઓ સાથે હતી તે બધી દૂર પડેલા બાણને લાવી આપતી હતી. તે ઘડીભર યુધ્ધ ચાલ્યુ અને તેનાથી ઘોડે સવારો દૂર રહ્યા. પછી તે સવારો લૂંટવાની આશા છોડી દઈને ચાલ્યા ગયા. પછી સંઘ પાછળનાં ગામે રહ્યો તે ધર્મકુમાર શ્રીહરિએ સાંભળ્યુ. પછી શ્રીહરિએ પોતાનાં બંધુકધારી દસબાર પાર્ષદોને સંઘને લેવા માટે ત્યાં મોકલ્યા હતા. પાર્ષદો સંઘને લઈને આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ હેતથી તેમને બોલાવ્યા અને મનમાં સહુથી વધારે આનંદ થયો. દર્શન કરવા આવેલી બાઈઓને ઘણા પ્રેમથી પ્રસાદીનાં હાર આપ્યા. તેમને ઉતારો કરાવ્યો અને વારંવાર તેની સંભાળ રખાવી.

રંગભીના શ્રીહરિએ વાલજી વિપ્રને પોતાનાં ચરણાર્વિંદ આપ્યા અને અનેક હરિભક્તોની વચ્ચે સહુને તેની ઓળખાણ આપી અને તેમની શુરવીરતાની વાત કહી. આ વિપ્ર ઝાડી પ્રદેશમાંથી સંઘ લઈને આવે છે અને પાછા જાય છે. તેઓ કોઈથી ડરતા નથી વળી સાથે રહેલી હરિભક્ત બાઈઓની પણ ખૂબ જ સંભાળ રાખે છે. ગાંઠનું ખર્ચ આપીને હરિભક્ત બાઈઓની મદદ કરે છે. તે સત્સંગનું માહાત્મ્ય સમજ્યા વિના કોઈ આ રીતે સંભાળ રાખી શક્તા નથી. ધર્મમાં રહીને આ રીતે બાઈઓની સંભાળ રાખવી તે સહુથી કઠણ વાત છે. જે ધર્મ રાખે છે તેને બધુ રહે છે અને જેનો ધર્મ જાય છે તેનું બધુ જતુ રહે છે.

જેને મોક્ષનો પૂરેપૂરો ખપ હોય તેને ધર્મ રાખવો કઠણ નથી. પણ ખપમાં જેટલી કસર રહે છે તેટલી ધર્મમાં ન્યૂનતા કહેવાય છે. મનુષ્યને મોક્ષનો ખપ હોય તે તો તેનો ધર્મ કહી દે છે. તેમાં તલભાર પણ છૂપાવ્યુ રહેતુ નથી. સહુનાં અંતર્યામી પરમેશ્વર છે. તે ખપની બાબતને કહી દે છે. શ્રીહરિ આટલી વાત કહીને બધા હરિભક્તોને રાજી રાખતા હતા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે મશાલો પ્રગટી અને

સહુ સંતો આરતી કરવા લાગ્યા. સહુ સંતોએ નારાયણ ધૂન કરી અને દંડવત પ્રણામ કર્યા. પછી જાગરણ કર્યુ અને તેમાં સહુ કીર્તન બોલતા રહ્યા.

પછી શ્રીહરિએ કહ્યુ 'સહુ હરિભક્તો તમે સાંભળો. હું એક રહસ્યમય વાત આજે તમને સહુને કહું છું. આ સભામાં જેટલા હરિભક્તો બેઠા છે તે બધાનાં તેજોમય દેહ દેખાય છે. તેમનાં દેહમાંથી તેજની છટા છૂટી રહી છે.

## ૭૭. શ્રી હરિનાં સર્વોપરીપણાની વાત

ધર્મકુમાર શ્રીહરિએ તે રાતમાં જાગરણ કર્યુ અને સંતો તથા હરિભક્તોનાં ઉપર પ્રસન્ન થઈને ઘણા પ્યારથી વાત કરી. જે સહુનાં કારણ છે એ સાક્ષાત ભગવાન છે એવાં શ્રીહરિએ જે કહ્યુ તે વાત હવે કહુ છું. જે કોઈ પણ બાબત બને છે તે પ્રગટ શ્રીહરિની ધારણા પ્રમાણે થાય છે તે બાબત હું નિશ્ચિત કહું છું કે પ્રગટ ભગવાન સિવાય કંઈ જ થતુ નથી.

**પ્રગટ હરિની સર્વોપરિતા :**

પ્રગટ ભગવાન સિવાય પુરુષ, પ્રકૃતિ, પ્રધાન અને અક્ષરપર્યંત બધા જ કાષ્ઠનાં પૂતળા જેવાં ગણાય છે. ભવ અને બ્રહ્મા આદિક મોટા મોટા દેવો રાધા, લક્ષ્મીજી, સાવિત્રી, પાર્વતી, ઈત્યાદિક અપાર દેવીઓ છે જેની ગણતરી કરતા પાર આવતો નથી. ઉપર કહ્યા તે પ્રમાણે બધા પ્રગટ ભગવાનને આધીન રહે છે. અને દીનભાવે સેવા કરે છે. અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પણ વારંવાર તે પ્રગટને આધીન રહે છે. સહુ પ્રગટને આધારે રહે છે. જેને પ્રગટ ભગવાનનું બળ નથી તેનો જગતમાં વારંવાર જય અને પરાજય થયા જ કરે છે. પ્રગટ ભગવાનની રીત જેને ગમતી નથી તેઓ તો અત્યંત કષ્ટને પામે છે. અને યમરાજાનાં દૂતો તેવા લોકોને રાત દિવસ ખોળતા ફરે છે. જેને પ્રગટ ભગવાનની રીત ગમતી નથી તેને તો યમદૂતો દંડ દે છે. અજ્ઞાની લોકો પ્રગટ ભગવાનની આગળ આવીને બોલે છે, તમે જ્યારે અમને પરચા દેખાડશો ત્યારે અમે તમને પ્રગટ ભગવાન માનશુ. પણ પરચો તો તે અજ્ઞાનીનો વધારે પડતો ખપ જ્યારે દેખે ત્યારે તેને બતાવે છે. ખપ વગરનાને પરચો દેખાડતા નથી. પ્રગટ ભગવાનનું આવું તાન છે, તેને અજ્ઞાની મનુષ્યો ક્યાંથી સમજે? જે લોકો પ્રગટ ભગવાનની પાસે



પરચો માંગે છે તેનું તો તત્કાળ મૃત્યુ થાય છે, તેને તમે દેખો તો ખરા. પ્રગટ ભગવાનની પાસે પરચો માગ્યો તો હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપૂનો વિનાશ થયો હતો. રાવણ અને કુંભકરણ પરચો લેવા આવ્યા, તેમણે સીતાનું અપહરણ કર્યુ તો તત્કાળ તેનું મૃત્યુ થયું. કંસે પરચો લેવાને માટે જેને જેને મોકલ્યા, તે બધા અગ્નિમાં પતંગિયા સળગી જાય તેમ તત્કાળ મૃત્યુ પામ્યા. પછી કંસનું મરણ પણ તત્કાળ થયુ. વિકરાળ શાલ્વ, દંતવકત્ર, પૌડ્રંક, બાણાસુર એ બધાનું પણ પરચો લેતા તરત જ મરણ થયુ હતુ.

આ રીતે અબજો લોકોએ પરચા માગ્યા હતા અને તે બધાની હાલત આગળ કહી ગયા તેનાં જેવી થઈ હતી. પ્રગટ ભગવાનનાં પરચા તો અપાર થાય છે પણ અજ્ઞાની માણસને લગાર પણ ગમ હોતી નથી.

**પ્રગટ પ્રભુની મહત્તા :**

પ્રગટ ભગવાનને જેવાં સમજે છે તેવું તેને ફળ મળે છે. જેને ભગવાનનાં પ્રતાપની ગમ નથી તે લોકો પરચા માગે છે. જે મનુષ્ય પ્રગટ ભગવાનનાં પ્રતાપને સમજે છે તે ક્યારેય પરચો માગતા નથી. તેઓ તો પ્રગટ ભગવાનનું કર્યુ જ બધુ થાય તે જ સમજે છે.તે ક્યારેય પરચો માગતા નથી અને તેને ક્યારેય સંશય થાતો નથી. પ્રગટ ભગવાન જેવાં વર્તનને ચલાવે છે, તેને અનુસારે જ અત્યારે દેશ કાળાદિક વગેરે પ્રવર્તે છે. અને તરત જ તે રીતે બધા વર્તે છે. પ્રગટ ભગવાનનું સ્વરૂપ અને બ્રહ્માંડની એકતા વર્તન ઉપરથી દેખાય છે. વર્તન દેખ્યા વિના તે જણાતું નથી. જેનામાં ઝાઝી બુધ્ધિ હોય તે તો સત્સંગનાં યોગે કરીને પ્રગટનું જેટલુ વર્તન હોય છે તેને યથાર્થ રીતે દેખે છે.

સાક્ષાત શ્રીહરિ આટલી વાત કહીને પોઢી ગયા અને બધા સંતો તથા હરિભક્તો તે વાત સાંભળીને મનમાં ઘણું રાજી થયા. પરમ ચતુર શ્રીહરિ સવાર થયુ ત્યારે ઉઠ્યા. કોમળ દાતણ કર્યુ અને શુધ્ધ નીરથી સ્નાન કર્યુ. અને પોતાનાં અંગને લૂછીને કોરુ કર્યુ. પછી શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા અને હરિભક્તોએ ફુલનાં હાર પહેરાવ્યા અને પાઘમાં છોગા મૂક્યા. જે હરિભક્તો હતા તે બધાએ ખૂબ જ હેત પ્રેમથી શ્રીહરિને વિવિધ પ્રકારનાં થાળ કરીને જમાડ્યા. શ્રીહરિએ થાળ જમી રહ્યા પછી સરસ રસ અને રોટલી સંતોને જમાડ્યા અને

બધા પાર્ષદોને પણ જમાડ્યા.

આ રીતે શ્રીહરિએ રોજ રોજ અધિક અધિક હરિભક્તોને માટે અદ્ભુત લીલા કરી. પછી પાછા ગઢપુર જવા માટે ચાલતા થયા. ઉપર કહ્યા પ્રમાણે જેતલપુર ગામનાં ગંગાદાસ અને આશજીભાઈએ જેઠ સુદ એકાદશીનો અનુપમ ઉત્સવ કરાવ્યો. તે ગામનાં બીજા પણ બધા પાટીદારોએ મળીને શ્રીહરિને બોલાવીને ઘણા ઉત્સવો કરાવ્યા હતા. તે ઉત્સવોને જે કોઈ સાંભળે કે સંભળાવે, તે બધા પોતાનાં કુટુંબે સહિત મનોવાંછિત ફળ ને પામે છે. તેનાં ભવભટકણનાં ફેરા ટળી જાય છે. અને વિમાનમાં બેસીને ભગવાનનાં દિવ્ય ધામમાં તેઓ જાય છે. હવે દેશ પરદેશમાં મંડળો લઈને હરિભક્તોની આગળ પ્રગટ ભગવાનની કલ્યાણકારી વાતો કહેવા માટે જે સંતો ગયા હતા તેમની વાતો કહું છું. સત્સંગની જે પધ્ધતિ હતી તે પ્રમાણે સંતો મુમુક્ષુઓની આગળ ભગવાનની વાતો કહેતા હતા. અને સંતોએ કરેલા કથા, કીર્તન ઈત્યાદિને જે લોકો સાંભળતા હતા, તેમને સંતોનાં ઉપર પ્રેમ થતો હતો.

**ક્ષમા જેવું કોઇ શસ્ત્ર નથી :**

સંતોની બધી ક્રિયાઓ વેદ અને પુરાણો પ્રમાણેની સોહામણી હતી. સંતો ભજન, સ્મરણ અને ધ્યાન જે કાંઇ કરતા હતા તે સર્વ લોકોને શાંતિ અર્પે તેવા હતા. અજ્ઞાની લોકો સંતોનું અપમાન કરતા હતા. છતાં બુધ્ધિમાન સંતો ક્ષમા રાખતા હતા. ક્ષમાનાં જેવું તો કોઇ બીજુ શસ્ત્ર નથી. ક્ષમા તો તોપ કરતા પણ અધિક સફળ કહી છે. ક્ષમારૂપી ગુણ ભૂમિમાં અને વૃક્ષમાં રહ્યો છે. ભૂમિને કોઇ ખોદે, છતાં તે તેને ધારી રહી છે. અને વૃક્ષને કોઇ કાપે છે છતાં તે તેને ફળ આપે છે. તે રીતે જ સંતો પણ સહુનું હિત કરે છે.

શ્રીહરિ જેતલપુરથી ચાલતા થયા તે ગઢપુર ગામ આવ્યા ત્યારે ભકતજનોએ શ્રીહરિનો જયજયકાર કર્યો. હવે શ્રીહરિની થોડીક વાત કહુ છું. કે ચાતુર્માસ પર્યંત શ્રીહરિએ ગઢપુરમાં નિવાસ કરીને જે લીલા કરી હતી, આષાઢ માસ આવ્યો ત્યારે વેદાંતાચાર્ય ભાવનગર જતા હતા તે વચ્ચે ગઢપુર આવ્યા. તેઓ જીવા ખાચરની ચોપાટમાં ઉતર્યા હતા. તેના સમાચાર સાંભળીને શ્રીહરિ રાતે છાની રીતે તેને જોવા ગયા.



## ૭૮. શ્રીહરિએ જેતલપુરમાં આવીને ભક્તિમાતાનો જન્મોત્સવ કર્યો.

ધર્મદુલારા શ્રીહરિ અસલાલીથી ચાલ્યા અને જેતલપુર આવ્યા. જેટલા હરિભક્તો જે જે દેશથી વૌઠા ગયા હતા તે બધા જેતલપુર આવ્યા હતા અને શ્રીહરિ આવ્યા ત્યારે સહુ સન્મુખ આવ્યા તેમજ જેતલપુર ગામમાં જે પાટીદાર હરિભક્તો હતા તેઓ પણ ઘણા પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિની સન્મુખ જે હરિભક્તો આવ્યા હતા તે બધા ફુલનાં હાર લાવ્યા હતા. સહુએ શ્રીહરિને તે હાર પહેરાવ્યા અને પછી ચરણમાં પડ્યા. જેતલપુરમાં જે વિપ્રો હરિભક્તો થયા હતા, તેઓ પણ ભક્તિભાવથી સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણમાં પડ્યા.

જેતલપુરનાં બીજા પણ જે જે હરિભક્તો સામે આવ્યા હતા તે બધા વારંવાર શ્રીહરિને પગે લાગ્યા. હરિભક્તો આગળનાં ભાગમાં ઢોલને તાસાં વગાડીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પછી મંદિરમાં આવીને ઉતારો કર્યો. કાર્તિકી પૂનમનાં દિવસે ભક્તિમાતાનો જન્મ થયો હોવાથી તે નિમિત્તે મહાન ઉત્સવ કર્યો અને સંતો, વર્ણી તથા વિપ્રોને ઘણા પ્રેમથી સારા પકવાનો કરાવીને અતિ હેતભાવથી જમાડ્યા. જેટલા હરિભક્તો બહારથી આવ્યા હતા, જે ગામનાં હરિભક્ત હતા અને તે સિવાયનાં જે હતા તે સહુને સંભારીને શ્રીહરિએ જમાડ્યા અને પછી શ્રીહરિ જમ્યા. જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે મહોલની જગ્યામાં જ્યાં આસોપાલવ છે તેની નીચે સુંદર પાટ બિછાવી, શ્રીહરિ આવીને તેનાં ઉપર બેઠા.

તે સમયે નિષ્કામપણાનાં ગુણવાળા સંતો અને વર્ણીઓ ત્યાં હતા તે બધા સભા કરીને બેઠા અને જેટલા હરિભક્તો હતા તેઓ પણ આવ્યા અને સભામાં બેઠા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બે ચાર મશાલો કરાવી. સંતોએ તથા બધી સભાએ ઉભા રહીને આરતી અને ધૂન કરી. આરતી અને ધૂન થઈ રહ્યા પછી "જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ" એમ સહુ પરસ્પર પરમ પ્રેમરસથી બોલતા હતા. સંતો અને વર્ણી જ્યારે નીચે બેસી ગયા ત્યારે ત્યાં આવેલા બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે પૂજા

લાવ્યા હતા. હરિભક્તોએ પૂજા કરી અને તે પૂજાને શ્રીહરિએ પરમ પ્રેમ રસથી પૂર્ણ થઈને સ્વીકારી. પછી સંતોએ ખૂબ પ્રેમમગ્ન થઈને ભક્તિમાતાનો જન્મોત્સવ ઝાંઝ, મૃદંગ લઈને કર્યો. તે જન્મોત્સવ કરતા અધરાત થઈ ગઈ અને બધા હરિભક્તો પણ ત્યાં સુધી શ્રીહરિની પૂજા કરતા રહ્યા. અધરાતથી પણ વધારે જ્યારે સમય થયો ત્યારે તે દેખીને શ્રીહરિ બોલ્યા '' હવે આપણો સમય પૂરો થઈ ગયો છે.''

## ૭૯. સંતોનો સર્વસ્વ સમર્પણનો વિચાર

જેતલપુરમાં જે સંતો અને પાર્ષદો હતા, તેમજ પર્વતભાઈ વગેરે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ આવીને પગમાં પડ્યા અને શ્રીહરિને ફુલહાર પહેરાવ્યા. ઢોલ અને ત્રાસા વગેરે વાજિંત્ર વાગતા હતા. અને તેનાં પ્રતિધ્વનિથી આકાશ બધુ ગાજતુ હતુ. શ્રીહરિ ગામમાં આવ્યા. રાજ બજારે જ્યારે ચાલ્યા ત્યારે બજારમાં પુરવાસી બધા લોકો આવીને બજારમાં ઉભા રહ્યા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બે મશાલો કરી. લોકો હાથમાં ફુલહાર લઈને ઉભા હતા. તેઓ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને પહેરાવતા હતા. ગામમાં વિશાળ મંદિર હતુ. શ્રીહરિ ત્યાં ઉતર્યા. ત્યાંનાં ચોકમાં સભા ભરી. તે સભા વચ્ચે શ્રીહરિ બેઠા.

બહુનામી ઉંચા પલંગ ઉપર પૂર્વમુખે બેઠા હતા અને આજે ખૂબ જ પ્રસન્ન જણાતા હતા ત્યારે ત્યાં બેઠેલા સંતોએ પૂછ્યુ, મહારાજ આપ આજ ઘણા પ્રસન્ન દેખાઓ છો. આટલા પ્રસન્ન હમણાં ક્યારેય દેખાયા નથી. આ પ્રસન્નતાનું કારણ અમે જાણતા નથી. તો તેનુ કારણ કહો તો અમને ખબર પડે ને! પછી શ્રીહરિએ શ્રીનગર (અમદાવાદ)માં જે જે વાત બની તે બધી સભા વચ્ચે વિસ્તારથી કહી બતાવી. તે સાંભળીને સહુ સંતો ઘણુ પ્રસન્ન થયા. હરિભક્તો પણ ઘણા પ્રસન્ન થયા. સાકરનાં થાળ ભરી ભરીને લાવ્યા. સભામાં અને ગામમાં સહુને પોશભરીને સાકર વહેચી. શ્રીનગર (અમદાવાદ)માં દિવાનની સભામાં શ્રીહરિનો દિગ્વિજય થયો. પરમેશ્વરે જેમ ધાર્યુ હતુ તેમ થયુ.અવિદ્યાનું ધાર્યુ કાંઈ થયુ નહી.

જેનુ અપમાન કરવાનુ ધાર્યુ હતુ તેમનુ સન્માન કર્યું. તે દિવાને શ્રીહરિની આગળ બંને હાથ જોડીને ઘણી વિનય વિવેકભરી ક્ષમા માગી. પરમેશ્વર કરે તો શું



ન થાય ? જીવ પ્રાણીમાત્રની જીવન દોરી તે પરમેશ્વરનાં હાથમાં છે. જેતલપુર ગામનાં બધા હરિભક્તોએ મળીને તે દિવસ સારી રસોઈ કરાવી.શ્રીહરિ તે રસોઈ જમ્યા. જે સાથે હતા તે સહુ પણ જમ્યા પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. જેતલપુરનાં ભક્તજનોએ પહેલા ધર્મકિશોર શ્રીહરિની પૂજા કરી. અને પછી ઘણાં જ વિનય વિવેકથી બે હાથ જોડીને શ્રીહરિને ઘેર ઘેર પધરામણી કરવાનુ કહ્યુ. ફરીવાર કે વારંવાર આપના દર્શન અમારે માટે દુર્લભ છે તો આપ કૃપાળુ અમારા ઉપર મેર કરો-કૃપા કરો.

હરિભક્તોનો ઘણો જ ભક્તિભાવ દેખીને શ્રીહરિ તરત જ ચાલ્યા. તેમને ઘેર ઘેર ફરીને પધરામણી કરી તેટલી વારમાં એક પહોર (૩ કલાક) રાત વીતી ગઈ. હરિભક્તોનાં મનમાં જેવો ભાવ હતો તેમણે તેવી પૂજા કરી. ગામમાં જેટલા વિપ્રોનાં ઘર હતા ત્યાં પ્રથમ પધરામણી કરી. તે પછી જે ક્ષત્રિય હરિભક્તો હતા તેમને ઘેર પધરામણી કરી. ત્યાં સુતાર હરિભક્તો ઘણા સારા ભાવવાળા હતા. તેમને ઘેર પણ પધરામણી કરી. તે સિવાય બીજા પણ જે હરિભક્તો હતા ત્યાં પણ શ્રીહરિએ પધરામણી કરી. તે પછી સરોવરને કિનારે જે પુરાતની મહોલ છે તેમાં શ્રી રામ અને શ્રીકૃષ્ણની મૂર્તિઓ પધરાવેલી હતી, તે મૂર્તિઓને ગામમાં પધરાવી અને તેની પૂજા કરવી વગેરે કામ હરિભક્ત વિપ્રોને આપ્યુ.

પછી તે મહોલમાં તે કાયમ રાત દિવસ સંતો અને હરિભક્તો રહેતા હતા. દસ, પંદર અને ક્યારેક તો વીશ જેટલા સંતો ત્યાં રહેતા હતા સંતો તો મંડળનાં રૂપમાં આસપાસનાં ગામમાં ફરતા હતા. જે વધારે બીમાર સંતો હોય તેઓ આવીને મહોલમાં રહેતા હતા. અને બીજા સંતો તેમની સેવા કરતા. તે બીમાર સંતોને દર્શન દેવા માટે શ્રીહરિ પ્રેમથી ત્યાં મહોલમાં આવ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા હતા અને ભણનારા સંતો તેમની સાથે હતા. રામદાસજી સ્વામી પણ ત્યાં હતા. તેઓ ઘણા જ વૃધ્ધ થઈ ગયા હતા. બધા સંતોને બોલાવીને શ્રીહરિ તેમને મળ્યા, ભેટયા અને તેમને ઘણુ જ હેત દેખાડ્યુ. શ્રીહરિએ સંતોને કહ્યુ, તમારા સમાન કોઈ સમર્થ નથી. અમે જેમ આજ્ઞા કરીએ છીએ તેને અનુસરીને તમે બધા રહો છો.

અમારા વચન પ્રમાણે જ રહેવાનુ તમને સહુને એક તાન છે. બીજા બધા લોકો ચાહે તેમ બોલે, તેમા કાંઈ માન-અપમાન ગણતા નથી.મયૂરધ્વજ રાજાએ,

હરિશ્ચંદ્રરાજાએ, પ્રહ્લાદજીએ ઘણુ જ કષ્ટ સહન કર્યું. કદર્પ બ્રાહ્મણ અને જડભરતે પણ બહુ દુઃખ વેઠ્યુ છે. પછી જ તેઓ ઘણા જગદ્‌વંદ્ય બન્યા હતા. તમને તો તે બધા કરતા પણ વધારે જગત્ વિખ્યાત કરવા છે. અને દિન પ્રતિદિન અદ્‌ભુત સંત કરવા છે. એવુ અમારા મનમાં તાન રહે છે. ત્યારે સંતોએ કહ્યુ, આપ અમારા પર પ્રસન્ન રહો એવુ કરવામાં અમને તાન રહે છે. બીજા કોઇ રાજી થાય તો તેનાથી શુ થવાનુ છે ? અમે રાત દિવસ એ જ વિચાર કરીએ છીએ.

**ભગવાન રાજી થાય તો જીવનની સાર્થકતા :-**

આપ એક પ્રસન્ન થાઓ તેમાં આખુ બ્રહ્માંડ આવી જાય છે. જેટલા દેવો કહેવાય છે તે બધા આપમાં જ આવી ગયા છે. આટલા સમય સુધી અમે જે જે દેહ ધર્યા છે તે બધા આપના વિના વૃથા, નિરર્થક ગયા છે. આ અમારો એક જ દેહ લેખે લાગ્યો છે કે જે આપને અર્પણ કરી દીધો છે. જે વસ્તુ કોઇને અર્પણ કરી દેવામાં આવે તે પછી તેનાં ઉપર મમત્વ રખાય નહિ. એકવાર જે વસ્તુ અર્પણ કરી દીધી હોય અને પછી તેનાં ઉપર જો મમત્વ રાખે તો અર્પણ કરનારની જે પ્રતિષ્ઠા હોય તે બધી ઘટી જાય છે અને એકવાર જે પ્રતિષ્ઠાની હાનિ થઇ હોય તો ફરીવાર તેવી પ્રતિષ્ઠા તેને ક્યારેય મળતી નથી. શૂરવીર યોદ્ધો રણમાં સંગ્રામ કરવા જાય અને જ્યારે સંગ્રામ શરૂ થાય ત્યારે જો પાછો ભાગી આવે તો તેની પ્રતિષ્ઠાનો નાશ થાય છે. અને તે યોદ્ધો ફરીને કરોડો વાર જઇને લડે પણ એકવાર ગયેલી પ્રતિષ્ઠા ફરીને પાછી આવતી નથી. કોઇ સ્ત્રી પતિનાં મૃત્યુ પછી સતી થવા ગામથી બહાર જાય ત્યારે નરનારીઓ સતીનો જય બોલાવે, સ્ત્રી ચિતા ઉપર બેસે પણ આગને દેખીને ઉઠી જાય અને ભાગે તો તેની અપકીર્તિ થાય, પણ પછી તરત જ જો આગમાં બળી જાય, તો પણ એકવાર લાજ ગઇ હોય તે ફરીને આવે નહિ.

એવી વાતો તો અપરંપાર છે. અમે વારેવારે તે વિચારીએ છીએ. વારેવારે વિચાર્યા વિનાનુ અનિયંત્રિત મન ઇન્દ્રિયોરૂપી દ્વારથી ભટકવા નીકળી જાય છે. સાંખ્ય અને યોગનાં અખંડ અભ્યાસથી દોર ઉપર ચાલતા નટની માફક નિયંત્રિત કરેલુ મન આપથી ડરતુ રહે છે. ત્યારે શ્રીહરિએ કહ્યુ, તમારી સમજણમાં ઘણો ફરક છે. તમે દેહને અર્પણ કરી દીધો પછી મન તમારુ રહ્યુ જ કયા ? જો મનને પોતાનુ રાખશો તો મનની પાછળ દેહ રહ્યો છે, એટલે તમારી સમજણમાં ફેર છે. તમે અર્જુનનાં જેવાં સર્વ સમર્પણનો વિચાર રાખો.



## ૮૦. ઘૂંઘટા પ્રકરણ

તે વેળાએ સંતોએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યુ, આપ ધર્મકિશોરે અર્જુનને કેવા વિચાર કહ્યા હતા, તે અમને સમજાવો. ત્યારે શ્રી હરિએ કહ્યુ, હું તે વાત કહું છું તમે સાંભળો. જ્યારે ગીતાનો ઉપદેશ પૂર્ણ થયો ત્યારે શ્રીકૃષ્ણનાં પ્રત્યે અર્જુને કહ્યુ, ‘‘આપની કૃપા (પ્રસાદી)થી મને બધી સ્મૃતિ પ્રાપ્ત થઇ ગઇ છે. મોહ અને પ્રમાદ નષ્ટ થઇ ગયા છે. હવે હું આપનું કહેલુ આજ્ઞા વચન કરીશ. અર્જુનનુ તે વચન સાંભળીને શ્રીકૃષ્ણ અતિશય પ્રસન્ન થયા અને અર્જુનની પાસે અસુરરૂપી વનને કપાવી નાંખ્યુ.ક્ષત્રિયોનો જેવો ધર્મ હતો તેને અનુસારે તે વખતે અર્જુને કર્યું. સાધુનાં ધર્મ પ્રમાણેની જે સાધુતા છે તે મોટામાં મોટુ હથિયાર છે.

જ્યારે બલિરાજાએ દેવોને જીતી લીધા ત્યારે બધા દેવો ભગવાનની પાસે ગયા. દેવોએ વિનયભાવે જ્યારે બહુ પ્રાર્થના કરી ત્યારે ભગવાન એકલા જ તત્કાળ ચાલ્યા. બટુક વામન રૂપ ધર્યુ. તે રૂપ મહાન રમણીય હતુ. અસુર નરનારી જે કોઇ હતા તે બધા તેમને દેખતાની સાથે જ તેમાં લીન-તન્મય થઇ ગયા. બલિ તો તે વખતે દેખતા જ રહ્યા. અમૃતનાં જેવાં સરસ વચન સાંભળતા રહ્યા અને વામને જેમ કહ્યું તેમ કર્યુ. જેમા યુધ્ધનું કાંઇ કામ પડ્યુ જ નહિ. ‘‘સાધુતાથી જેવુ કામ થાય છે તેવુ કામ યુધ્ધ કરવાથી થાતુ નથી. જે ઘણા જ મોટા હોય છે તેમને યુધ્ધમાં કોઇ ક્યારેય જીતી શકયા નથી’’. આ વિધિ વચનને સાચુ માનવુ, તેને ક્યારેય ખોટુ માનવુ નહી. ન્યાયનું સત્ય (બળ) અસુરોમાં રહ્યું છે અને તેને લીધે જ તે જીતી શક્તા નથી.

મોટા કલાવંતોમાં પણ ભગવાન અપાર અને અનંત કલાધર છે. યુધ્ધની અપેક્ષાએ પણ ભગવાનની આ લીલા વધારે સફળ રહે છે. એટલે તેઓ વગર યુદ્ધે એકલા જ મોટા ભૂપોને પણ જીતી લે છે. એટલા જ માટે ભગવાનને ભૂપોનાં પણ ભૂપ-મહારાજા ધિરાજ ઠેકઠેકાણે કહ્યા છે. અને જે અંતઃશત્રુઓ છે તે અસુરોમાં પણ સૌથી મોટા અસુર છે.

**પંચ વ્રતમાન વિષે :**

તે અંતઃશત્રુરૂપી મોટા અસુરોને જીતવાનુ અમને તાન છે. માન, લોભ, કામ, રસાસ્વાદ અને સ્નેહ એ પાંચ અંતઃશત્રુ છે. તેને મારવા માટે નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ રૂપી પાંચ મોટા અસ્ત્ર છે.તે મોટી

તોપો કરતા પણ વધારે શક્તિશાળી છે. તે કોઈનાં દેખવામાં આવતા નથી. એવાં હોવાં છતાં મહાન અસ્ત્ર કહેવાય છે. પોતાનાં અને બીજાનાં મોક્ષ માટેની આ વાત છે તે થોડા પુણ્યવાળાને માટે તો ઘણી દુર્લભ છે. હે સંતો જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય, તેણે તો ભગવાન કહે તેમ જ કરવુ તેનાથી કાંઈ વધારે કરવુ નહિ. અધિકમાં અધિક-મોટામાં મોટો સંત તે છે કે જે ભગવાનનાં વચનને જ પોતાનું જીવન માને. બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપમાં જે મોટા સિધ્ધો રહે છે તેમના કરતા પણ આ સંત મહાન છે. જે ભગવાનનાં આજ્ઞાવચનમાં નિરંતર રહેતા હોય છે. ભક્તોનું તેમજ મુમુક્ષોઓનું અમૂલ્ય આભૂષણ એ છે કે જે ભગવાનનાં આજ્ઞાવચનને પાળવુ. જગતમાં પણ જે પોતે કહેલા વચનને માને છે તેનાં ઉપર વિશેષ હેત થાય છે અને જે વચનને નથી માનતા તેના ઉપર તેટલુ હેત થાતુ નથી. જો માયિક વ્યવહારમાં આવુ દેખાતુ હોય, અને તેમાં થોડીએ કસર ન ચાલતી હોય તો આ તો ભગવાનનું આજ્ઞાવચન છે તે બધુ અમાયિક-દિવ્ય કહેવાય છે.

વચનનાં જેવી બીજી કોઈ મોટી કસોટી નથી. તેમાં એક રતીભાર-થોડી પણ કસર-ખામી ચાલે નહિ. માનવ સમાજમાં સર્વત્ર સહુ કોઈ પોતે પોતાને બીજા સહુ કરતા મોટો માનતા હોય છે. તે બીજા કોઈનાં દેખ્યામાં આવતુ નથી પણ સંતોની આજ્ઞાકારિતા બીજા લોકોને દેખાડવાને માટે અમે વારંવાર પ્રકરણ ફેરવતા રહીએ છીએ. તેમાં જેને મોક્ષનો ખપ હોય તેટલા જ નભે છે. જેને ખપ ન હોય તેઓ તત્કાલ ચાલી નીકળે છે.જે મોટા વધારે કપટી હોય તેમને રાખો તો એ તે સત્સંગમાં રહે નહિ. સત્સંગમાં જો એક જ માણસ દૂષિત હોય તો તેને લીધે બધો જ સત્સંગ દૂષિત દેખાય છે. સોની સોનાને તપાવે છે, ત્યારે તેમાં એકલો અગ્નિ (વડવાનલ) જ દેખાય તેટલુ તપાવે છે. સોનુ સોળવલુ થાય એવું તેને તપાવે છે. તપાવ્યા વિના સોનું શુધ્ધ થાતુ નથી. અમે પણ એમ જ કરીએ છીએ.

જેનાં જે કસબી (કારીગરો) હોય તે તેમાં પ્રવીણ નિષ્ણાત હોય છે. ગુરુનાં વચન પ્રમાણે જે ચાલે નહિ તે તો બુધ્ધિહીન કહેવાય. પોતાને વિષયમાં રાગ હોવાં છતાં જે શિરોમણી જેવાં સંત હોય તેમની આગળ પણ આડંબર કરીને બહુ ત્યાગ બતાવે અને જે અમારો પણ ડર રાખે નહિ. એવાં મનુષ્ય માટે થઈને અમે આજે એક પ્રકરણ ફેરવીએ છીએ. તે જે અમારા સંતો છે તેને પ્રેમથી કહીએ છીએ. અમારા જે સંતો કહેવાય છે એમણે પોતાનાં મોઢા ઉપર ઘૂંઘટો રાખવો.તે ઘૂંઘટો



રાખવાની રીત શ્રીહરિએ પહેલા પોતે પ્રેમથી કરી બતાવી. જેટલા સંત હોય તે બધા મોઢા ઉપર ઘૂંઘટો રાખીને ભેળા રહે.તે બધાને દોરવા માટે એક સંત ઘૂંઘટો રાખે નહિ, જેનાં નેત્રની વૃતિ નિયમમાં હોય અને જેને સહુ સંતો પસંદ કરે.

સહુને દોરવા માટે એવા સંતને રાખવા કે પીઢ અને દઢ મનોબળ વાળા હોય અને કોઈ એકની નજરથી પસંદ કરેલાને દોરવામાં ન રાખવા. જે કોઈ સંતને નારીનુ વસ્ત્ર એકવાર પણ લગારેક પણ દેખાય તો ઉપવાસ કરવો. તે વસ્ત્ર જેટલી વાર દેખાઈ જાય તેટલા ઉપવાસ તેણે કરવા.નારીનું વસ્ત્ર દેખાઈ જાય અને જે ઉપવાસ નહિ કરે તેનુ મરણ ક્યારેય સત્સંગમાં નહિ થાય. તેનો જ્યારે અંતસમય આવશે ત્યારે તેને લેવા જમદૂત આવશે પછી જ્યારે તે ‘‘હું ભૂલ્યો’’ ‘‘હું ભૂલ્યો’’એમ વારંવાર કહેશે અને વારંવાર તેમનાં ચરણોમાં પડશે અને જેટલા ઉપવાસ જે નિમિત્તનાં ન કર્યા હોય તે બધુ સંતોની આગળ કહી દેખાડશે. હરિભક્તોની આગળ પણ હાથ જોડીને કહેશે કે ‘‘હું ભગવાનનો ચોર છું’’.

હું બધા સત્સંગનો ચોર થયો છું. મેં જે સત્સંગનો ફરીને ઘણો અપરાધ કર્યો છે તેને હવે આપ સહુ માફ કરો. વારંવાર મારા જીવનમાં ભૂલ પડ્યા કરે છે. અત્યંત દીનભાવે બહુ જ પરિતાપ-સંતાપ કરે જે રીતે સત્સંગમાં સહુને તેનાં ઉપર દયા ઉપજે અને પછી તેનો અપરાધ ક્ષીણ થાય અને ઉદ્ધાર થાય છે.ભગવાન, સંતો અને હરિભક્તો જે રીતે તેનાં ઉપર દયા ઉપજે તેમ દીનભાવે કરવુ તે જ તેને માટે યોગ્ય છે. જે મનુષ્ય નિષ્કપટ હોય, જેનું ચિત્ત સરળ હોય જે દીનભાવે રહેતો હોય તેનાં ઉપર બીજા મનુષ્ય માત્રને કૃપા થાય છે. જેને સેવા કરવામાં રુચિ હોય, જેમાં ઈર્ષ્યા માન અને મત્સર જેવાં દોષ હોય નહિ એવાં મનુષ્યનાં પ્રતિ કોઈને ક્યારેય અરુચિ-અણગમો થતો નથી.

## ૮૧. ઘૂંઘટાનું મૂળ કારણ

શ્રી હરિ જ્યારે વાતો કહી રહ્યા ત્યાર પછી બધા સંતોને મળ્યા-ભેટ્યા. જેને માટે થઈને આ પ્રકરણ ફેરવ્યુ હતુ તે સંત સુરતમાં હતા. મુક્તાનંદ સ્વામી સુધ્ધા કોઈ સંત આ બાબતમાં જાણતા ન હતા. હરિભક્તો પણ કોઈ જાણતા નહિ. શ્રીહરિ વાતમાં તેનો સંકેત કરતા હતા. ભાગવત ભણવા માટે બે સંત દૂર દેશમાં

રહે છે. તેમાં એક થોડા સવાર-માથાભારે જેવા છે. તે બે માંથી એક સંત તો સાધુનાં અપાર ગુણોથી ભરપૂર છે. પણ જે બીજા છે તે ઉતાર છે. હરિભક્તો તે ઉતારને શ્રેષ્ઠ માને છે. ત્યાંનાં હરિભક્તો જ્યારે અમારા દર્શન કરવા આવે છે ત્યારે અમે તેમને પૂછીએ છીએ કે "તમારે ત્યાં અમારા બે સંત આવ્યા છે.

તે બેમાં વધારે સારા, શ્રેષ્ઠ સંત કોણ છે કે જે તમારા પારખ્યામાં તરત જ આવી ગયા હોય, પછી તે હરિભક્ત સંતની પૂરી રીતને જાણતા ન હતા. તેથી તેણે એમ જ વગર સમજ્યે કહ્યુ, ગોરા સંત કરતા જે શામળા સંત છે તે વધારે સારા અને બુધ્ધિમાન દેખાય છે. જે સંત ગોરા છે તે ક્યારેય અમારી સામે પણ દેખતા નથી. અમે રોજ દર્શન કરવા જઈએ છીએ પણ તે સંત તો દૂરથી જ દર્શન દે છે. અમે જ્યારે સંત પાસે આવીએ ત્યારે તે સંત મુખ નીચુ કરી દે છે અને બંને આંખોને મીંચી રાખે છે. મુખથી ક્યારેય બોલતા નથી. અમને તેમનાં ઉપર ઘણો જ ભાવ હોય છે. રોજ મેવા અને મીઠાઇ લઈ જઈએ છીએ તો પણ તેઓ મુખમાં કાંઈ ખાતા નથી.

**સાચા સંતની રીત :-**

જ્યારે સમય પ્રમાણે, રસોઈ જમવા બેસે છે ત્યારે ભેળુ કરે તેમાં પાણી નાંખે અને પછી તેને ખાય છે. હરિભક્તો ઘણીવાર વિનંતી કરે પણ તે સંત જે વાત પકડી હોય તેને છોડતા નથી. જ્યારે પુરુષોની સભા બેઠી હોય ત્યારે પ્રસન્ન મનથી અને ઉત્સાહથી ભગવદવાર્તા કરે અને તેટલી જ વાર કીર્તન ગાય, જો પુરુષ ન હોય તો ક્યારેય કાંઈ બોલે નહિ. પણ જે શામળા સંત છે તે અમને જોઈને વિશેષ મુખને પ્રસન્ન દેખાડે છે. તેની આંખમાં તો માનો અમૃતભર્યુ ન હોય !! અમને તો તેઓ સુખી સુખી કરી દે છે. તે અમારા અંગની - રુચિની વાતને પૂરી રીતે જાણે છે. એટલે આપ તેમને અમારા નગરમાં રાખજો. સામર્થ્ય વગરનાં કોઈ સંત અમને રાજી રાખી શકે નહિ. અને એવાં સમર્થ સંત પણ ઝાઝા હોતા નથી. એટલે અમે આપને કહીએ છીએ. શ્રીહરિ કહે અમે પછી તે હરિભક્ત આગળ ઘણી વાત કહી પણ તે પૂરી કળી-સમજી શકયા નહિ. હવે તે વાતને અહીં થોડી કહું છું.

અમારા સંત થઈને જે નારીની સામે દેખે છે તે લબાડ કહેવાય છે. બધા હરિભક્તો જાણે છે અમારા સંત થઈને જે નારીની સન્મુખ બેસે છે અને કોઈ પણ



રીતે નારીનો પ્રસંગ રાખે છે, તો તેની બુધ્ધિ કોઈ વિપરીત કે વિકૃત થઈ છે એમ જાણવું. અમારા આજ્ઞાવચન છે તે એક પ્રકારનો કોટ છે તેને જે ઉલ્લંઘીને ચાલે અથવા તે કોટનાં દ્વાર ન હોય ત્યાંથી તોડીને જે ચાલે તેની થોડીએ દોસ્તી રાખવી નહિ. સંત, વર્ણી, સન્યાસી અને પાર્ષદ તે કોઈ પણ જે ધર્મ મર્યાદાની રીતને તોડે તેને સત્સંગથી બહાર કાઢી મૂકીએ છીએ. એવાની મહોબત દોસ્તી લગાર પણ રાખતા નથી. ચાહે તેવો કોઈ ગુણવાન હોય, પણ જ્યારે તેમાંથી જીવ નીકળી જાય પછી તેમાં શું રહે ? હરિભક્તોની જેવી રીત હોય તેને તપાસ કરીને સહુ ચાલે છે.

ચાલવાની રીતે પધ્ધતિસર જે ચાલે છે તે દરવાજે ચાલેલો કે સડક ઉપર ચાલેલો કહેવાય છે. અર્થાત તે કાયદેસર ચાલેલો કહેવાય છે. પણ જે દરવાજા વિના કે સડક-રસ્તા વિના ચાલે છે તે ગુનેગાર કહેવાય છે. ગુરુની રીતે ગુરુ કહે અને રાજાની રીતે રાજા કહે, બંનેની કહેવાની રીત ભિન્ન ભિન્ન હોય છે. તેને તમે થોડુંએ જાણતા નથી. સ્ત્રીઓનો સત્સંગ વિવેક વિનાનો હોય છે. સ્ત્રીને કોઈ માન દઈને બોલાવે તો તે તરત જ તેને આધીન થઈ જાય છે. અને કોઈ સ્ત્રીનું અપમાન કરે તો તે કલંક દીધા વિના રહે જ નહિ. સીતાનાં જેવી બીજી કોઈ નારી કહેવાય નહિ પણ તેણે વગર વિચારે લક્ષ્મણને કડવુ વેણ કહ્યુ હતુ. એટલે બીજી કોઈ સ્ત્રીની તો વાત જ શી કહેવી ? જેટલુ સ્ત્રીથી દૂર રહેવાય તેટલુ જ સારુ. તેનાથી બચી શકાય તેમ છે.

જેટલા સ્ત્રીનાં અંગ છે તેમાં કલંક વગરનું એકપણ અંગ નથી. એટલે જ જે વિવેકી સ્ત્રી છે તે પોતાનાં બધા જ અંગોને ઢાંકી રાખે છે. જે મોટા લોકો રાજા, રજવાડાઓ હોય છે તે સ્ત્રીઓને ઓઝલ રાખે છે. છતાં તેને પરપુરુષથી દૂર રાખે છે. રાજદ્વારી રીત તો એવી હોય છે કે પોતાનાં પેટનાં બાળક જે કુમાર હોય છે તે ધાવણ ધાવતા ધાવતા બંધ થાય છે ત્યાર પછી તત્કાળ જ તેને દૂર રાખવામાં આવે છે. જેનાથી જે મોટા હોય, જેમ જેમ મોટપ વધારે હોય છે, તેમ તેમ તેમની લાજ-મર્યાદા વધારે હોય છે. આવી રીતે જ બીજા પણ સારા સમાજને જાણવા. લાજ મર્યાદા વગરનાં લોકો તો ફૂટેલા વાસણ ગણાય ચાહે તેટલુ રૂપાળું દેખાતુ હોય પણ ફૂટેલું વાસણ કોઈ કામમાં ઉપયોગી થાય નહિ.

સોનામાં ઘણુ રૂપ છે. સહુને તે પ્રિય લાગે છે. પણ જે લોકો બુધ્ધિશાળી છે તેમને તો સોનામાં મોત દેખાય છે. જે બુધ્ધિહીન માણસ હોય તેને સોનામાં મોત

દેખાતુ નથી. અને ઉંચી જાતનાં શ્રેષ્ઠ એવાં જે શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધ, તેમાં લોકો આંધળા થઈ જાય છે. જે વિષય જેટલો ઉત્કૃષ્ટ- ઉંચી જાતનો હોય તેટલું મોત તેમાં ત્વરિત-સત્વરે થાય છે. જેને ભય કહેવાય છે તે બધુ ઉત્તમ પ્રકારનાં વિષયોમાં વધારે રહે છે. જેટલુ દુઃખ કહેવાય છે તે બધુ ઉત્તમ પ્રકારનાં વિષયોમાં રહે છે. જે લોકો ઉત્તમ પંચ વિષયથી ડરતા રહે છે. તેને અમે બુધ્ધિમાન જોઇએ છીએ. એવા બુધ્ધિમાનનાં ઉપર અમને ઘણું હેત થાય છે એટલે જેની બુધ્ધિમાં વિવેક છે તે કોઇ જન્માન્તરે પણ હરિભક્ત થાશે.

જેમાં વિવેક હોય તેને અમે સંત માનીએ છીએ.અને વિવેકહીનને અમે અસંત માનીએ છીએ. લખચોરાશીનાં જે દુઃખ છે તે વિવેકહીનને ભોગવવા પડે છે. આટલી વાત કહીને શ્રીહરિએ તેને ફરીવાર નિયમ ધરાવ્યા અને આટલી વાત ઉપર જ પ્રકરણ ફેરવ્યુ. ત્યારે મુક્તાનંદ સ્વામીય વાત જાણી ગયા. શ્રી હરિએ કહ્યું, તે વાતને ખાનગી રાખવી. મળ ક્યારેય કાયમ ટકતો નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યુ, આ બાબતને તો હું ક્યારનો ય જાણતો હતો પણ જે પ્રતિષ્ઠિત હોય છે તેને કહેવામાં પણ ઘણુ વિચારવુ પડે છે. સ્વાભાવિક મોતથી કોઇ જો મરે તો દુનિયામાં તેની વિશેષ વાતો થતી નથી પણ જે કમોતે મરે છે તેની વાત જગતમાં ઘણી વધી જાય છે.

## ૮૨. અંતર્દ્રષ્ટિ વિશે

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ જે વાત કહી હતી તે વળી ફરીથી જેમ હતી તેમ બીજા બધા હરિભક્તોના પ્રત્યે કહી.

અમીન વેણીભાઈનાં આંગણામાં પંગત કરીને જમવા બેઠેલા સંતોને શ્રીહરિ જ્યારે લાડુ પીરસી રહ્યા ત્યારે તેમણે સહુ સંતોને 'જમો' એમ કહ્યું એટલે તે સંતો પાત્રમાં જે લાડુ હતા તેને ભેળા કરીને તેનાં ઉપર જળનું પ્રોક્ષણ કરીને જમવા લાગ્યા. શ્રીહરિ બે ત્રણ વાર પંગતમાં ફર્યા. વેણીભાઈનું હેત દેખીને શ્રીહરિએ પીરસવામાં કાંઈ ખામી રહેવા દીધી નહિ.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે બધા ઉતારે આવ્યા અને ત્યાં શ્રીહરિ પલંગ ઉપર બેઠા અને બધા સંતો તેમની આગળ આવીને બેઠા. જ્યાં અસલાલીમાં સરોવર છે ત્યાં ઉતારો કર્યો હતો. ત્યાં જગ્યા અત્યંત સ્વચ્છ હતી એટલે શ્રીહરિએ સંતોને



કહ્યું કે, તમે સહુ ગરબીનાં કીર્તન બોલો. પછી જેવો પ્રસંગ નીકળશે તેવી અમે વાત કરીશું. જ્યારે વાત કરવા લાગીએ છીએ ત્યારે એક વાતમાંથી બીજી વિવિધ પ્રકારની વાતો નીકળે છે.

**અંતર્દ્રષ્ટિ કર્યા વિના ઉધ્ધાર થવો અશક્ય છે :**

વાતમાં જે સાર અને અસાર છે તે બધો આ પિંડ અને બ્રહ્માંડમાં ભર્યો છે. તે સાર અસાર એટલો બધો ભર્યો છે તેનાથી આ જગતમાં અણુમાત્ર પણ અવકાશ રહ્યો નથી.

અંર્તદષ્ટિ કર્યા વિના કોઈ મનુષ્ય કરોડો કલ્પ સુધી આ બ્રહ્માંડમાં રહેલ સાર તથા અસાર તેનો વિચાર કરે તો પણ તે દેખ્યામાં આવતા નથી. મનુષ્યને જે રીતની બાહ્યદષ્ટિ હોય છે તેવી જ જ્યારે અંતરઆત્મા સન્મુખ દષ્ટિ થાય છે ત્યારે આ જગતમાં રહેલ સાર અસાર બાબત લગારે લગાર દેખાઈ આવે છે. અને જ્યારે અંતદષ્ટિ થાય છે ત્યારે પરમેશ્વરનું ભજન કરવું અત્યંત સુગમ દેખાય છે. સત્સંગ એ રીતે કરવો જોઈએ કે, જે સત્સંગનો રંગ ચઢયો હોય તે ક્યારેય ઉતરે નહિ. એવી વિવિધ પ્રકારની વાત કરતા રહેવું જોઈએ કે, સત્સંગનો રંગ દિવસે દિવસે વધારે ને વધારે ચઢતો રહે. વાત કરવામાં કોઈ જાતની કસર રાખવી જોઈએ નહિ અને વાત કર્યાનાં જેવો બીજો ક્યાય રંગ દેખાતો નથી.

સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભકતોમાં જે પરસ્પર કાંઈક વિશેષ કરવામાં આવે છે તે બધું દૃષ્ટિમાં દેખાઈ આવે છે અને જેટલો વિક્ષેપ થાય છે. તેટલી તેનાં સત્સંગમાં કસર છે અને તે વિક્ષેપ કરનારા દિશા ભૂલી જાય છે. પૂર્વે જે રીતે પ્રહ્લાદજી, બલિ, પ્રિયવ્રત, ઉદ્ધવજી જેવા અગણિત ભક્તો થયા છે અને સનકાદિકો, નારદજી તથા શુકદેવજી જેવા મોટામોટા ઋષિમુનિઓ જે થયા છે તેમણે જે રીતે સત્સંગ કર્યો હતો તેને નિત્ય સંભારવો અને તેને માર્ગે ચાલતા રહેવું

**જે મોટાની રુચિમાં પોતાની રુચિ ભેળવે તે દિવ્યસુખ મેળવે**

પરમેશ્વરનાં સ્વરૂપને માટે જેવી રુચિ કરવામાં આવે છે તેવી જ રીતની રુચિ પોતાનાં મનથી સંતો વગેરેમાં કરવી. અને તેમની રુચિમાં પોતાની રુચિને હંમેશા મેળવી દેવી. સમજણ અને રુચિ બંને એક સમાન જ કહેવાય છે. અને આ વાત ક્યારેય ભૂલવી નહી. જે આવી વાત યાદ રાખે તે બધા સંતો તથા હરિભકતો સત્સંગમાં આગળ વધતા રહે છે. અને ઉપર બતાવી તેમ સમજણ વગરનાં સંતો અને હરિભક્તો

જે સત્સંગ કરે છે તેનો સત્સંગ મૂળ વગરનો છે અને સનાતન સમજણ વિનાનો પણ છે. અમે પણ સત્સંગમાં જે જે વાત કરીએ છીએ તે સનાતન શુભ મૂળનો આધાર રાખીને કહીએ છીએ. અને તેમ કરવાથી જેટલી વાત થાય છે તે બધી જીવનવાળી બને છે અને તેને જે સાંભળે તેને તે વાત અદ્ભુત લાગે છે.

તેમજ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, તે બધાને જો ભગવાનનો સંબંધ ન રહ્યો હોય તો ધર્માદિકની વાત પણ જીવ વિનાની લાગે છે. અને ઉપર કહ્યા પ્રમાણેની જે સમજણ હોય છે તેને જ જ્ઞાન કહેવાય છે. જે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનમાં ભગવાનનો સંબંધ રહેતો હોય છે, તે બધા ધર્મ આદિકની વાત જીવનવાળી હોય છે. તેમાં કોઈ જાતનું છળકપટ હોતું નથી. અને જે વાતમાં છળકપટ રહ્યું હોય છે તે વાત તો નિર્જીવ જેવી જણાય છે. અને મોક્ષનાં સુખરૂપ જે શુભ ફળ છે તે નિર્જીવ જણાતી વાતમાં ક્યારેય સુખ મળતુ નથી. એટલે નિર્જીવ વાત તો આવી શૂન્ય ગણાય છે. નિર્જીવ જણાતી વાતને સમજવી ઘણી કઠણ છે. તે જેને મોક્ષનો ખપ હોય તેને તે દેખ્યામાં આવે છે. પ્રહ્લાદજી, પ્રિયવ્રત, બલિ, સનકાદિકો, શુકદેવજી તથા નારદજી જેવાને તે નિર્જીવ વાતો દેખ્યામાં આવી છે. અને જે વાતમાં સુખમય મોક્ષરૂપ ફળ ન રહ્યું હોય તે વાત જ નિર્જીવ કહેવાય છે.

આટલી શ્રીહરિએ વાત કરી પછી ગરબીનાં પદ બોલાવ્યા ત્યારે સંતો હતા તે પદ બોલવા લાગ્યા.શ્રીહરિ અસલાલીમાં રાત રહ્યા અને જ્યારે સવાર થયું ત્યારે જેતલપુર ગયા.

## ૮૩. સ્વમુખે જેતલપુરનો મહિમા કહેતા શ્રીહરિ

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ જે વાત કહી હતી તે વળી ફરીથી જેમ હતી તેમ બીજા બધા હરિભક્તોનાં પ્રત્યે કહી.

જેતલપુર ગામમાં જે મંદિર છે તેમાં કેટલીયવાર સવારે તથા સાંજે સંતો તથા હરિભક્તોની સભા ઘણા ભાવથી કરી હતી તથા તેમાં કેટલીક વાતો પણ કરી હતી અને હરિભક્તોએ શ્રીહરિની ત્યાં કેટલીકવાર પૂજા પણ કરી હતી. વળી, તે ગામનાં મંદિરમાં હરિભક્તો કેટલીયવાર સંતો તથા શ્રીહરિને માટે રસોઈ આપતા હતા. શ્રી હરિએ અઢાર દિવસ સુધીનાં મહારુદ્રનો આરંભ કરાવ્યો હતો. તે વખતે



તળાવ પાસેનાં કિલ્લામાં અપાર વિપ્રોને લાડુની રસોઈ કરાવીને ઘણા ભાવથી ત્રણ વખત જમાડતા હતા, તેવી તે જગ્યા ભાગ્યશાળી હતી. કારણ કે, જ્યાં શ્રીહરિ એકવાર પણ વિચરણ કરતા હતા, તે બધી જગ્યાનાં મહાન ભાગ્ય ગણાતા હતા.

### જેને જેટલો મહિમા હોય તે તેનાં લખાણમાં દેખાય છે

મહિમાનું યથાર્થ વર્ણન કરે તેવો તો કોઈ ત્રિલોકીમાં દેખાતો નથી. જેની બુદ્ધિમાં શ્રીહરિનો જેવો મહિમા હોય તેવો મહિમા ભૂમિનો ગણાય છે. જે જે પ્રદેશમાં શ્રીહરિ વિચર્યા હોય તે તથા વૃક્ષ, વેલી, સરોવર, નદી, પર્વત, વન વગેરે બધાનો મહિમા જેવો શ્રીહરિનો હોય તેવો જ હોય છે. જે કવિ ભગવાનનો ભક્ત હોય તેનાં અંતરમાં મહિમા ઉત્પન્ન થાય છે, તેવી રીતે તે દેખીને લખે છે. કવિનાં હૃદયમાં મહિમા ઉપજ્યા વિના ક્યારેય તે લગાર પણ લખી શકતો નથી. અને તે મહિમા ક્યારેય જો લખવામાં ન આવે તો ગમે તેવો બુદ્ધિમાન હોય તો પણ તેના દેખ્યામાં મહિમા આવતો નથી. તેટલા માટે જ જે કવિ ભગવાનનાં ભક્ત હોય છે તેનાં અંતરમાં જેટલો ભગવાનનો તથા ભગવાનનાં સંબંધં પામેલાનો મહિમા જણાય છે તેટલો તેમાં છે અને તે લખ્યા પછી તે મહિમા સહુનાં જાણ્યામાં આવે છે. ભક્ત કવિ ભાવથી મહિમાને સંભળાવે છે અને શ્રોતાઓ ભાવથી મહિમા સાંભળે છે. ત્યારે તે મહિમા માણસનાં અંતરમાં ઊતરે અને પછી તે મહિમાનાં ફળને પામે છે.

મહિમા સમજ્યા વિના જે વાત કહેવા કે સાંભળવામાં આવે છે તેનું ભાવરૂપ ફળ ક્યારેય ઉદય પામતું નથી. અને જ્યારે ભાવરૂપ ફળ ઉદય પામે છે ત્યારે ભગવાનની વાત ઉપર જેટલો ભાવ હોય છે તેટલો તેનાં અંતરમાં ભગવાનનો નિવાસ જરૂર થાય છે અને તેનાં દિલમાં તે ભાવ જ ભગવાનનાં નિવાસને કહી દે છે. એટલે જેવો ભાવ હોય છે તેવો ભગવાનનો નિવાસ તેનાં દિલમાં જરૂર થાય છે. જેનાં દિલમાં ભગવાનની વાતનો ભાવ ક્યારેય રહેતો નથી તેનાં દિલમાં તો જમદૂતનો નિવાસ રહે છે. અને જ્યારે જમદૂતનો નિવાસ નિરંતર રહેતો હોય ત્યાં ભગવાન સંબંધી કથા, વાર્તા તથા કિર્તન ક્યારેય થતા નથી; તેનું અનુસંધાન રાખવું જોઈએ. અને વર્તનમાં જ અંતર્યામીનો ગુણ સહજ સ્વભાવે આવીને રહ્યો હોય છે. એટલા માટે જેનું નિર્દોષ વર્તન હોય તે બીજા લોકોને તેવાં રૂપમાં જરૂર દેખાય

છે. તેમાં એક તલભાર પણ ખોટું નથી. અંતર્યામી પરમેશ્વરનાં જેટલા ગુણ છે તે વર્તન ઉપરથી દેખાઈ આવે છે.

જેતલપુર ગામમાં શ્રીહરિનાં ચરણારવિંદ ઘેર ઘેર ફર્યા છે અને ચારેય વર્ણનાં જે લોકો છે તે સહુએ શ્રીહરિની પૂજા કરી છે. શ્રીહરિ જેતલપુર ગામમાં ઘણીવાર આવ્યા છે અને તે જેતલપુર ધામ એવું છે કે, તે શ્રીહરિને ઘણું જ પ્રિય લાગે છે. જેતલપુર ગામનાં ભાગમાં શ્રીહરિ ઘણીવાર ફર્યા છે અને બોરસલીનાં ઝાડની નીચે વારંવાર બેઠા છે. અને તે બાગમાં દાડમ,કેળા અને જામફળ વગેરે ફળો શ્રીહરિ ઘણીવાર જમ્યા છે. બીજા પણ ઘણી જાતનાં ફળ, રીંગણાં અને જાત જાતની ભાજી દિલમાં ઘણો ભાવ લાવીને શ્રીહરિ જમ્યા છે. બોરસલીનાં ફૂલ તથા બીજા પણ ઘણી જાતનાં ફૂલનાં હાર શ્રીહરિએ જેતલપુરમાં ખૂબ જ પહેર્યા છે અને તેમાં કોઈ જાતની ખામી રાખી નથી. જેતલપુરમાં જ શ્રીહરિને માટે સહુ પહેલા બાગ થયો હતો. તે બાગ શ્રીહરિની સેવામાં આવ્યો હતો તેમ કહેવાય છે. અને તે પછી સત્સંગમાં જ્યાં જ્યાં શિખરબદ્ધ મંદિરો થયા ત્યાં ત્યાં ભગવાનની ઈચ્છાથી ઠેર-ઠેર બાગ બગીચા બન્યા હતા.

**માગે ત્યાંથી ભાગે, ત્યાગે તેની આગે :**

ભગવાનને માટે કોઈ બાબત કઠીન નથી. કારણ કે, જેનાં સંકલ્પથી આવા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. આ બ્રહ્માંડની જેટલી રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે તે બધી ભગવાન શ્રીહરિની સેવા કરવા માટે રાત દિવસ હાજર રહે છે. છતાં પણ શ્રીહરિ તે રિદ્ધિ સિદ્ધિનો આદર કરતા નથી. માટે તે ભગવાન આવા સમર્થ છે. પોતે જેનો અનાદર કરતા હોય તે બધી રિદ્ધિ સિદ્ધિને શ્રીહરિનાં ઉપર તેનાંથી ભાવ અધિક વધતો રહે છે.

ભગવાન શ્રીહરિથી આવું બધુ બની શકે છે. તેમનાં સિવાય બીજા કોઈથી આવું થઈ શકતું નથી. શ્રીહરિને અનંત પ્રકારનાં પદાર્થ તથા વસ્ત્ર, આભૂષણ, ખાન, પાન, અશ્વ આદિક જે જે મોટાં મોટાં વાહન કહેવાય છે, તે બધા જેમ જેમ મળતા રહેતા તેમ તેમ શ્રીહરિ અંતરથી તેનો અનાદર કરતા હતા. જે ભક્તજનો રાત દિવસ શ્રીહરિની સાથે ભેળા રહેતા હતા તે શ્રીહરિનું જેવું વર્તન હતું, તેને યથાર્થરૂપમાં જાણતા હતા. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા



રહ્યા ત્યાં સુધી આકાશનો નિર્લેપતારૂપી ગુણ ગ્રહણ કરી રાખતા હતા. અને સામાન્ય મનુષ્યનું અંતર તો ભગવાન સિવાયનાં જે કોઈપણ પદાર્થ હોય તેમાં ચોંટી જાય છે અને તેને લીધે તે ઘણા જન્મ ધારણ કરે છે. અને તે મનુષ્ય અપાર દુઃખ પામે છે છતાં તેને તેની કાંઈ ગમ પડતી નથી અને તે દુઃખ કરોડો કલ્પ સુધી રહે છે છતાં પણ તેનો મનમાં ત્રાસ થતો નથી.

## ૮૪.બીમાર સંતોનો મહિમા

શ્રીહરિ જેતલપુરમાં પધાર્યા ત્યારે ગામનાં જેટલા હરિભક્તો હતા. તે સહુ શ્રીહરિનાં પ્રેમભાવથી દર્શન કરવા આવ્યા. ગામમાં મુખ્ય પાટીદારો હતા. તેમાં જેને ઓળખતાં હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા. જેતલપુર ગામમાં શ્રીહરિએ કેટલીક વાર ચોરાશી અને યજ્ઞ વગેરે કર્યા હતા. અને ત્યાંનાં સહુ લોકોએ શ્રીહરિનો ઘણો દિવ્ય પ્રતાપ જોયો હતો. પાટીદારોએ શ્રીહરિને રહેવા ઘણા પ્રેમથી જગ્યા આપી હતી, ત્યાં આવીને શ્રીહરિ ઊતર્યા. તે જગ્યાનો જેટલો ચોક હતો, તેને લીંપીને સ્વચ્છ કર્યો હતો અને ચોકની વચ્ચે એક સુંદર લીંમડાનું ઝાડ હતું. તે લીંમડાને સુશોભિત કરવા માટે એક સરસ ચોરસ વેદિકા કરી હતી. તેના ઉપર પલંગ બિછાવ્યો. પછી શ્રીહરિ આવીને તે પલંગ પર બેઠા.

મુક્તાનંદ સ્વામી અમદાવાદ હતા. તેમને ત્યાં તરત જ ખબર પહોંચાડ્યા. અને શ્રીહરિને માટે વર્ણીએ તત્કાળ રસોઈ બનાવી. તે દયાળુ પ્રભુ જમ્યા.જમ્યા પછી તે ભવનનાં મેડા ઉપર થોડીકવાર પોઢ્યા. અને તે પછી પરમ નિપૂણ શ્રીહરિ મહોલ ઉપર આવ્યા અને ત્યાં સહુ સંતોને દર્શન આપ્યા.જે સંતો કોઈ બીમાર હોય, ઘણા વૃદ્ધ હોય, ચાલી ન શકતા હોય, તે બધા જગ્યામાં બેસી રહેતા હતા અને જેટલું થઈ શકે તેટલું ભજન કરતા હતા. તેમનાથી સહજ ભાવે જેટલી બની શકે તેટલી કથા, કીર્તન અને વાતો કરતા હતા. તે સહુ સંતોની પાસે આવીને શ્રીહરિએ તેમને દર્શન દીધા. અને જેવા સંત હતા તે રીતે તેમને પ્રેમથી બોલાવ્યા.

જે સંત જે રીતનાં બીમાર હતા તેની તે રીતે સંભાળ લીધી અને તે બીમાર સંતની સેવામાં જે સંત હતા તેમને શ્રીહરિ ઘણા પ્રેમભાવથી ભેટ્યા. શ્રીહરિએ તે સહુ સંતોને પોતાનાં પ્રસાદીનાં હાર આપ્યા અને તેમની સાથે એવી વાતો કરી કે તેનાથી તે

સહુનાં હૃદયમાં શાંતિ થઈ હતી. દુર્લભમાં પણ અતિશય દુર્લભ એવો સત્સંગ અને ભગવાન મળ્યા, તેનાથી અનેક જન્મનાં પોતાનાં બધા દુ:ખ ટળી ગયા હતા. હવે તો આ શરીર સંબંધી જે કાંઈ પણ દુ:ખ હોય તેને સમજીને સહન કરવું જોઈએ. એમ તે બીમાર સંતો બોલતા હતા. પ્રારબ્ધને વશ થઈને જે કાંઈ પણ દુ:ખ આવે, તેને જેટલા સંત હતા તે ઉત્સાહભેર સહન કરતા હતા.૧૫.

કેટલુંક તેમનું દુ:ખ મટી ગયું તે બાબતને સંતો સમજતા હતા. અને તેમાં જ તેઓ સુખ માનતા હતા. પછી તે સુખ થવાથી બીજું કાંઈ દુ:ખ દેખાતું નહિ. શરીરમાં જે કાંઈ દુ:ખ થતું હોય તેને તે સંતો એક પ્રકારનો ઉપદેશ માનતા હતા. કારણકે દુ:ખથી જીવમાં સૂક્ષ્મપણે રહેલી જે દેહાસક્તિ અને તેનાં બીજરૂપમાં રહેલ વાસનામય કારણ (લીંગ) શરીરનો નાશ થઈ જાય છે. અને દુ:ખ આવ્યા સિવાય વાસનામય કારણ શરીરનો ક્યારેય નાશ થતો નથી. સંતો કે હરિભક્તોને જેટલું દુ:ખ આવે છે તે અંત:કરણ શુદ્ધ કરવા માટે જ હોય છે. દુ:ખ આવ્યા સિવાય કેવળ જ્ઞાનવાર્તાથી વાસના નિર્મૂળ થાતી નથી.

જે ભગવાનનાં ભક્તો હોય છે તેને માટેની આ રીતની વાત અમે અહીંયા કહી છે, પણ સત્સંગનાં યોગ વિના જે ભગવાનનાં ભક્ત ન હોય તેને તો ચાહે તેટલું દુ:ખ આવે તો પણ દેહાસક્તિ નિર્મૂળ થતી નથી. તે તો ગોળી અંદર મૂકયા સિવાયનાં બંધુકનાં ચાહે તેટલા ભડાકા કરે, તેની માફક તે નિષ્ફળ છે. ગોળી વિનાની બંધુકથી નિશાન પડતું નથી. તેમ અહીંયા તો નિશાન રૂપ જે વાસના છે તે જ દેહાસક્તિનાં રૂપમાં રહી છે. આ પ્રસંગે ગોળી તો સત્સંગ કહેવાય છે અને તે સત્સંગરૂપી ગોળીથી જેટલી વાસના છે, તે જેટલો સત્સંગ કરે છે, તેટલી નિર્મૂળ થઈ જાય છે. હરિભક્તમાં અને વિમુખ જીવમાં ઘણો જ તફાવત હોય છે. હરિભક્તો તો પોતાનાં હૃદયમાં બધી વાતને સમજતા હોય છે અને તેથી શરીરનાં દુ:ખને કાંઈ ગણકારતા નથી. શ્રીહરિ આટલી વાત કહીને ચાલતા થયા. તે વખતે બીમાર સંતોની સેવા કરનારા સંતોને કહ્યું.

**માંદા સંતોની સેવાની મહતા :**

'બીમાર સંતોની સેવા જે અલૌકિક ભાવ રાખીને કરે છે, તેને તેવું અલૌકિક ફળ મળે છે. જેવો ભાવ રાખીને સેવા કરવામાં આવે છે, તે ભાવ તેને તેવાં રૂપમાં નિશ્ચિતપણે ફલિત થાય છે. કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા સિવાય જે બીમાર



સંતોની સેવા કરતા હોય છે, તેનાં ઉપર અમે ઘણા રાજી થઈએ છીએ. કોઈ પણ જાતનો સ્વાર્થ રાખીને જે સંતોની સેવા કરે છે, તેને તે સ્વાર્થ પૂરતું ફળ રહે છે, પણ તેથી આગળ વધારે ફળ મળતું નથી.' જેને અપાર ફળ મેળવવું હોય તેણે નિસ્વાર્થભાવે મન પરોવીને સંતોની સેવા કરવી. આવી સેવા જે સંતો કરે છે તેનાં ઉપર અમે ખૂબ રાજી થઈએ છીએ.

નિ:સ્વાર્થભાવે સેવા કરતા હોય છે, તેનાં ઉપર તે સંતો રાજી થાય છે.પોતાનાં શરીરની હેતથી ચાહે તેવી સેવા રાત દિવસ કરે છે, પણ તેમાં તેને ક્યારેય અરુચિ થાતી નથી. અને તેનું ફળ રતીભાર પણ થતું નથી. આ વાત સહુને પ્રસિદ્ધ દેખાય છે. તેમજ સંતની સેવા જે સંત, જેટલો અલૌકિક ભાવ રાખીને કરે છે તેટલું અલૌકિક ફળ તેને મળે છે. તેમાં લગાર પણ મિથ્યા નથી. માટે જેટલા હરિભક્તો કહેવાતા હોય તેમણે સંતોની સેવા અલૌકિકભાવ રાખીને કરવી. કેમ જે અલૌકિક ભાવે કરેલી સેવાનું ફળ અલૌકિક રહ્યું છે.

લૌકિક ભાવ રાખીને જેટલી સંતની સેવા કરે છે તે તો લૌકિક જીવ કહેવાય છે. તેને તે સંતનાં ઉપર તેટલું હેત થાતું નથી. સંતોમાં અલૌકિક ભાવ ન હોય અને તે સમાગમ કરતો રહે તો પણ તેનો જીવ લૂખો જ રહે છે. તે વિમુખ ન હોવાં છતાં વિમુખ જેવો જ દેખાય છે. જેમાં જેટલો અલૌકિક ભાવ હોય છે તેટલો જ તેને સત્સંગ છે અને જેમાં લૌકિક ભાવ હોય છે તેનો સત્સંગ પણ તેવો જ હોય છે. સંતોની સેવા કરવામાં અલૌકિક ભાવ રાખવો જોઈએ. અને અલૌકિક ભાવ રાખવામાં આવે છે તો તેનું ફળ પણ અલૌકિક જ થતું હોય છે. જેની જેવી સમજણ હોય છે તેને પરિણામે તેવું ફળ મળે છે. અલૌકિક અને લૌકિક ફળ તો બધુ સમજણમાં જ રહ્યું છે. શ્રીહરિ કહે છે કે, 'બીમાર સંતને માટે જેટલું ગોળ, ,ઘી આદિક જોઈએ તેટલું હરિભક્તો એ આપવું, અમે તેનાં ખર્ચની રકમ અપાવશું.'

## ૮૫. સંતોનો મહિમા - મુક્તમુનિનું આગમન

જેતલપુર ગામનાં આશજીભાઈ, ગંગાદાસભાઈ અને બીજા જે સારા સત્સંગી હતા, તેઓએ શ્રીહરિની આગળ ઘણા પ્રેમથી કહ્યું અમે સંતોનાં પ્રતાપથી જ આપનાં શિષ્ય થયા છીએ. એટલે અમારે મન સંતો કરતા અધિક સગા સંબંધી

કે મા બાપ સુધ્ધાં કોઈ નથી. જે બીમાર સંતો છે તેમને માટે અમે જે ચીજવસ્તુ જોઈએ તે આપીએ છીએ. અને તે સંતો રોજ અમારા ઉપર અલૌકિક પ્રેમભાવ રાખે છે. અમે તો જડબુદ્ધિવાળા ગણાઈએ. મોક્ષ કોને કહેવાય? તેની પૂરી સમજણ પણ અમને ન હતી. અમને મોક્ષની વાત તો સંતોએ સમજાવી છે. જડમતિવાળા મનુષ્યોને સંતો સુધારે છે. તે સંતોનાં સમાન બીજા કોઈ બુદ્ધિમાન હોતા નથી. સંતોની એવી અપાર બુદ્ધિ રહી હોય છે કે તેનો ગણતા પણ પાર પમાતો નથી.મોક્ષમાર્ગ સિવાયની બીજી ઘણી બુદ્ધિ હોય તો પણ તે થોડી કહેવાય છે. જે ચક્રવર્તી રાજા થયો હોય છે, તેની બુદ્ધિ અપાર કહેવાય છે. પણ તે રાજા જ્યાં સુધી મોક્ષમાર્ગને ઓળખતો નથી ત્યાં સુધી તે રાજા થયો હોવાં છતાં તેનો કોઈ પુરુષાર્થ સરતો નથી. ઈન્દ્ર અને બ્રહ્માનું પદ મળવું તે અપાર બુદ્ધિ સિવાય બની શકતું નથી. તેઓ પણ જ્યાં સુધી મોક્ષનાં માર્ગને ઓળખતા નથી ત્યાં સુધી અલ્પબુદ્ધિવાળા કહેવાય છે. પ્રધાન અને પુરુષનો અધિકાર મળે ત્યારે તેમની બુદ્ધિ અપરંપરા હોય છે, પણ જ્યાં સુધી તેઓ મોક્ષમાર્ગને ઓળખતા નથી ત્યાં સુધી તેમને ભવભટકણ રહે છે.ચાહે તેટલી વિશાળ બુદ્ધિ હોય તો પણ જ્યાં સુધી ભટકણ રહે છે અને મોક્ષનો માર્ગ ભૂલાયેલો રહે છે, ત્યાં સુધી તેની બુદ્ધિ અપાર હોવાં છતાં કોઈ ઉપયોગમાં આવતી નથી.

રૂડી બુદ્ધિનું એટલું જ ફળ છે કે મોક્ષમાર્ગને ઓળખવો. તે સિવાય અપાર સાધનોનું ફળ પણ એટલું જ છે કે મોક્ષમાર્ગને ઓળખવો. જીવને મનુષ્યનું શરીર મળ્યું તેનું સર્વોત્તમ ફળ એટલું જ છે કે તેને સારા જ્ઞાની મોક્ષદાતા સંત આવીને મળે. જ્યાં સુધી મોક્ષ સિવાયનું બીજું ફળ જીવ ઈચ્છતો રહે છે ત્યાં સુધી તેને ભવભટકણની દોડાદોડ ચાલુ રહે છે. જીવનાં હૃદયમાં જ્યાં સુધી લૌકિક બુદ્ધિ આવીને વસી હોય છે ત્યાં સુધી સંતોની પાસે રહેવા છતાં અલૌકિક બુદ્ધિ તેને પ્રાપ્ત થતી નથી. અલૌકિક સંતની સેવાનું ફળ તે હોય છે કે કદાચ તેને બીજો જન્મ લેવો પડે, તો તેમાં પણ તેને અલૌકિક મતિ પ્રાપ્ત થાય છે. તે હરિભક્તોએ શ્રીહરિને આગળ એમ કહ્યું કે, આ સંતો, ઉપર કહ્યા મુજબની વાત અમને કહે છે અને અમે તેને રોજ સાંભળીએ છીએ. તે કારણ ને લીધે અમને સંતોનાં ઉપર ઘણો પૂજ્યભાવ રહે છે.



જેટલો સંતોમાં ભાવ એટલો મોક્ષ

ત્યારે શ્રીહરિએ કહ્યું કે સંતો સિવાય અન્ય બીજા કોઈ ઉપર જેટલો વધારે ભાવ રહે છે, તેનું જ નામ બંધન કહેવાય છે. તેને સહુ હરિભક્તોએ સમજી રાખવું. સંતોનાં ઉપર વધારે શુદ્ધ પ્રેમભાવ રાખવો. સંતો જ મોક્ષ કરનારા છે અને જે સંતો છે, તેઓ મોક્ષરૂપ ફળ ભગવાનનાં સ્વરૂપની પ્રાપ્તિને કહે છે. સાચા સંતોની એવી રીત હોય છે કે તેઓ કોઈ જીવને પોતામાં હેત કરાવતા નથી. સંતો તો ભગવાનની મૂર્તિમાં જીવને સ્થિર નિવાસ કરાવે છે. તે સંતોની સમજણ એવી હોય છે કે જ્યારે ભગવાન પ્રગટ હોય છે ત્યારે તે ભગવાનનાં જેટલા ચરિત્રો છે, તેમાં ક્યારેય પરોક્ષભાવ થવા દેતા નથી.

ભગવાનનાં ચરિત્રોમાં પ્રત્યક્ષ ભાવ લાવ્યા સિવાય મોક્ષની દ્રઢતા ક્યારેય થતી નથી. અને પ્રત્યક્ષ ભાવમાં જ જીવનો મોક્ષ રહ્યો છે. પરોક્ષ ભાવમાં જીવનાં મોક્ષની દઢતા ક્યારેય થતી નથી. ભગવાન અને ભગવાનનાં ચરિત્રો છે તે બધામાં કાયમ જેટલો દિવ્યભાવ રહે છે તેટલો તે જીવ દિવ્યગતિને પામે છે. અને પરોક્ષભાવથી જે જુએ છે તો તેને તેવું ફળ મળે છે. જેટલા જીવો ભગવાન થઈને પુજાતા રહે છે, તે બધા નરકનાં દુઃખ ભોગવનારા થાય છે અને લોખંડનાં જેવી જડયોનિને પામે છે. પછી વારંવાર અગ્નિમાં ઘણીવાર સુધી તપે છે અને તેના માથે ઘણ અને હથોડાનો માર પડે છે, તેમાં કોઈ ફેર નથી. પછી તેને કેટલાય કલ્પ સુધી ક્યારેય મનુષ્યનું શરીર મળતું નથી. આ વાત સત્ય રહી છે.

શ્રીહરિ આટલી વાત કહીને જ્યાં ફૂલવાડી હતી ત્યાં પધાર્યા. અને બધી ફૂલવાડી જોઈ. તે પછી શ્રીહરિ બોરસલીનાં ઝાડ નીચે આવ્યા. ત્યાં આસન બિછાવી દીધું હતું અને પોતે ફૂલોમાં ગરકાવ થઈ ગયા હતા.જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. ત્યાં પલંગ ઉપર ગાદી તકિયા બિછાવી દીધેલા હતા એટલે તેનાં ઉપર શ્રીહરિ બેઠા. જેતલપુરની આસપાસ જેટલા સંતો ફરવા ગયા હતા, તે સહુએ શ્રીહરિ પધાર્યા છે એવાં સમાચાર સાંભળ્યા એટલે તેઓ ઘણા પ્રેમથી જેતલપુર આવ્યા.

જ્યારે અપાર વરસાદ થાય છે ત્યારે જેટલી બધી નદીઓ હોય છે તે જળપ્રવાહથી ઊંચી ચઢી આવે છે, તે રીતે બધાં સંતોનાં મંડળ જેતલપુર આવ્યા. જેટલાં સંતોનાં મંડળ આવતા હતા, તેમને શ્રીહરિ અત્યંત હેતથી ભેટતા હતા

અને ફૂલનાં હાર આપતા. તેમજ પ્રેમથી બોલાવીને રાજી કરતા હતા. સાંજે શ્રીહરિ અને સંતો આરતી અને નારાયણધૂન જયારે કરી રહ્યા તે સમયમાં મુક્તાનંદ સ્વામી આવી રહ્યા છે, એવા સમાચાર શ્રીહરિએ સાંભળ્યા. પાછલો દિવસ એક પહોર જ્યારે રહ્યો ત્યારે મુક્તાનંદ સ્વામી અમદાવાદથી ચાલ્યા હતા, તે જયારે સૂર્ય અસ્ત થઈ ગયો ત્યારે અસલાલી ગામ પહોંચ્યા.

કાર્તિક સુદી નવમીને દિવસે જ્યારે ચંદ્રોદય થયો ત્યારે તેઓ અસલાલી ગામથી ચાલ્યા. તે સમયે માર્ગમાં કોઈ કોઈ જગ્યાએ કીચડ અને પાણી હતું. સહુ ધીમે ધીમે ચાલ્યા આવતાં હતા. શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની સામે આવવા માટે મુખથી જ્યારે વચન બોલ્યા ત્યારે જેટલાં સંતો, વર્ણી અને હરિભક્તો શ્રીહરિને સમીપે હતા તે બધા મુક્તાનંદ સ્વામીની સન્મુખ જવા ચાલતા થયા. અસલાલીથી જેતલપુર સુધી સહુ એકતાર થઈ ગયા અને મુક્તાનંદ સ્વામીને યોગ્ય રીતે મળતા રહ્યા. શ્રીહરિ તો જેતલપુરનાં સરોવરથી જ તરત ચાલતા થયા. જ્યારે થોડાક દૂર આવ્યા ત્યારે તેમને મુક્તાનંદ સ્વામી મળ્યા. શ્રહરિ તેમને ઘણા હેતથી ભેટ્યા. મુક્તાનંદ સ્વામીનાં ઉપર શ્રીહરિને હેત હતું. તેથી દિલમાં ઘણો આનંદ થયો અને તે વખતે સ્વામીને બધા કુશળ સમાચાર પૂછ્યાં.

## ૮૬. સમાધિની વાસ્તવિકતા - દંભનું ખંડન

મુક્તાનંદ સ્વામીનાં મંડળનાં જે સંતો અને પાર્ષદો હતા, તે સહુને શ્રીહરિ તે વખતે ભેટ્યા. ગુણાતીતાનંદ સ્વામી આદિક ત્રીશ જેટલા સંતો અને રવાજી આદિક પાર્ષદો હતા. જેતલપુર ગામનાં પશ્ચિમ તરફનાં દરવાજા તરફ વિશાળ ચોક હતો. ધર્મભક્તિનાં સુપુત્ર શ્રહરિએ ત્યાં આવીને સભા કરી. ગાડા ઉપર પલંગ બિછાવ્યો હતો. તેનાં ઉપર શ્રીહરિ આવીને બેસતા અને બે દિવસ સુધી ત્યાં સભા કરી હતી.બે દિવસ જયારે રાત થતી ત્યારે સુખદાયક શ્રીહરિ ત્યાં આવીને સભા કરતા અને દિવસે મહોલની જગ્યામાં જ્યાં આસોપાલવનું વૃક્ષ છે ત્યાં સભા કરતા. સંતો જ્યારે કીર્તન બોલી રહેતા ત્યારે સભામાં એવી વાતો કરતા કે સાંભળનારા મનુષ્યોમાં લેશમાત્ર પણ દોષ રહે નહિ.

શ્રીહરિ સભામાં જે વાતો કરતા તેમાં જીવનું ઘણું હિત રહેતું હતું. આ રીતે



મનુષ્યનું હિત કરવા માટે તો તેઓ દેશોદેશમાં વિચરણ કરતા હતા. શ્રીહરિ જેટલી વાત કહેતા હતા તેમાં જીવોનું હિત કરવા ઉપર તાન રહેતું હતું. જેટલી જીવોનાં હિતની વાત કરતા હતા. તેવી હિતની વાત બીજા કોઈને કરતા આવડતી નહિ. કાર્તિક સુદી દશમને દિવસ તો દેશ દેશનાં અપરંપાર હરિભક્તો આવ્યા. કારણ કે તે સહુને શ્રીહરિનાં ઉપર અપાર હેત હતું. તે સહુ હરિભકતો વિવિધ પ્રકારનાં મેવા મીઠાઈ અને સારા સારા ફૂલનાં હાર, લગાતાર રીતે શ્રીહરિને માટે ઉપરાઉપર અને હજારો હજાર લાવતા હતા. શ્રીહરિનું સ્વરૂપ ફૂલનાં હારથી ઘણી જ શોભા ધારી રહ્યું હતું. જે તેનાં દર્શન કરતા હતા તેઓ તે સ્વરૂપને એક પળવાર પણ ભૂલી શકતા નહીં

શ્રીહરિ રોજ સંતોને ફૂલહાર આપતા હતા. અને સંતો તે હારને પ્રસાદીનું માહાત્મ્ય સમજીને હરિભક્તોને આપતા હતા. સંતો અને હરિભક્તોની જે સભા થતી હતી તે ફૂલથી ખીલેલો કોઈ બાગ હોય, તેવી પ્રફુલ્લિત દેખાતી હતી. આ રીતે રોજ રોજ સવારે અને સાંજે બનતું હતું જે કોઈ પણ મનુષ્ય પ્રેમભાવથી દર્શન કરતા હતા તેને તે સમયે સમાધિ થતી હતી. જે નરનારી હરિભક્તો અત્યંત સ્નેહથી જ્યારે પૂર્ણ થઈ જતા ત્યારે તેમને સમાધિ થાતી હતી. તેવા ભક્તોનો કોઈ પાર ન હતો. જેવી પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિની મૂર્તિ હતી અને જેવી સંત હરિભક્તની સભા હતી. તેવી જ સભા પોતાનાં અંતરમાં તે ભાવિક ભક્તો દેખતા હતા. અંદર અને બહાર કોઈ ફરક રહેતો નહિ.

ભક્તજનો તે શ્રીહરિની મૂર્તિમાં જ્યારે અત્યંત સ્નેહથી લીન થઈ જતા હતા ત્યારે તેમને કોઈ જાતની લેશમાત્ર સ્મૃતિ રહેતી નહિ. જ્યારે ભક્તજનો શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા ત્યારે સ્નેહને લીધે તે મૂર્તિમાં લીન થઈ જતા હતા, તે દિવસોમાં શ્રીહરિની તેવી ઈચ્છા રહેતી હતી. શ્રીહરિ તો સત્યસંકલ્પ હતા. તેમનાથી કોઈને વધારે સમર્થ કહી શકાય નહિ. પોતે જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી લોકોને સમાધિ થાય, તેવી શ્રી હરિએ ઈચ્છા રાખી હતી, પરંતુ પછીથી સમાધિ બંધ કરી હતી. પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિ સિવાય કોઈ પણ મનુષ્યને સમાધિ થતી નથી. આ દુનિયામાં દંભી લોકોની સમાધિ પ્રમાણરૂપ થતી નથી. અને જે દંભ કરે છે તે લોકોને તરત જ સમજાઈ જાય છે.

શ્રીહરિએ કહ્યું હતું કે, 'અમે જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહીશું ત્યાં સુધી સમાધિ સાચી રહેશે.' શ્રીહરિને ભક્તજનો ઉપર ઘણું હેત હતું. તેથી આવી વાતો કરતા રહેતાં. સત્સંગમાં જેટલા દંભી હોય છે તે બધા સાચા સંતો અને હરિભક્તો કરતા પોતાનું વર્તન વધારે સારું દેખાડે છે. અને સાચા ભક્તોમાં દોષ દેખાડે છે. ત્યારે જે વિશ્વાસી લોકો હોય છે, તે તેવા દંભી લોકોને ભગવાનની સમાન માને છે. પછી તે વિશ્વાસી લોકો ઘણા ભાવથી તેને પૂજે છે. તે સિવાયનાં સંતોમાં જેટલો દોષભાવ રહે છે તેટલું તેને ફળ મળે છે. આપણા સત્સંગમાં પણ જે વધારે દંભી લોકો છે, તે પોતાનું વધારે સારુ વર્તન રાખતા હોય છે અને વધારે સારા વર્તનથી બધા લોકો તેને માને પૂજે છે.

જે સરલ ચિત્તનાં નિર્દંભી સાચા સંતપુરુષ હોય છે તેને લોકો માનતા નથી, પણ જે લોકોને ઠગવા માટેનું જ વર્તન કરતા હોય છે, તેને લોકો સહુથી વધારે માનતા હોય છે. દંભી માણસને લોકો ભગવાન કરતા પણ વધારે માને છે. પણ જે બુદ્ધિશાળી લોકો છે તે સરલ સ્વભાવનાં સારા સંત હોય છે તેને માને છે. ઉપરથી જેટલા દંભી હોય છે તેનો સત્સંગ વધારે દેખાય છે. જે દંભી લોકો છે તે ધીરે ધીરે પોતાનામાં સહુથી અધિક મહત્તાને દેખાડે છે. તે કોઈનાં કળ્યામાં આવતું નથી.

અને જે નિર્દંભી સંતો છે તે તો ભગવાન કરતા અધિક કોઈને દેખતા નથી. આવા જે સાચા સંતો છે તે દંભી મનુષ્યનાં દંભને નખથી શિખાપર્યંત જાણે છે, પરંતુ તેની પ્રતિષ્ઠાનો ક્યારેય તે ભંગ કરતા નથી. પણ જેટલા દંભી લોકો છે તેનાથી જેટલો બની શકે તેટલો સંતનો દ્રોહ કર્યા સિવાય છાના રહેતા નથી અને ઉપરથી તો સારા શાહુકાર પ્રામાણિક જેવા રહે છે.

જે સંતો અને હરિભક્તો રાત-દિવસ તેવાં દંભીનો સમાગમ કરે છે, તેને બીજા સંતો અને હરિભક્તોનાં દંભીનાં જેટલો ભાવ રહેતો નથી. દંભીનાં સત્સંગને જેટલો અધિક માને છે તેટલો તેને કુસંગ થયો છે. જેનું નામ મોહ કહેવાય છે, તે મોહને જે તે લોકો સત્સંગ માને છે. જે સંતો અને હરિભક્તો છે, તે સત્સંગનાં નિયમમાં રહ્યા છે અને ધર્મભક્તિને ઘેર જે શ્રીહરિ પ્રગટ થયા તેમાં એક સરખું તાન રાખે છે. તેમનાં સિવાય ચાહે તેવા કોઈ મોટા રહ્યા હોય પણ તેને ક્યારેય અધિક માને નહિ, તે સંતો અને હરિભક્તોમાં શ્રેષ્ઠ કહ્યા છે. આવા જે સંતો અને



હરિભક્તોને જે લોકો દંભી કહે છે તેનાં તુલ્ય આ ભૂમિ ઉપર બીજો કોઈ પાપી હોતો નથી.

**દાસ અને પ્રેમી ભક્ત મહાન છે :**

સાચા સંતો અને હરિભક્તો કરતા વધારે મોટા થવાને માટે જ જે સત્સંગ કરે છે, તેને દંભી કહેવાય છે. સંતો અને હરિભક્તોનાં દાસ થયા પછી તેનાં મનમાં તે સંતો અને હરિભક્તોમાં વધારે પ્રેમ હોય તેવા સંતો અને હરિભક્તો સહુથી મહાન છે. જેને સંતોની ઉપર પ્રેમ નથી તે ક્યારેય છુપાયો રહેતો નથી. તે તો દેખાઈ આવે છે. અને સંતો અને હરિભક્તો ઉપર પ્રેમ વગરનાં જે છે તેઓ તો મડદાનાં જેવાં છે.

## ૮૭. હિત અહિતની વાત કરતા શ્રીહરિ

શ્રીહરિ સંતોનીઅનુપમ સભા કરીને બેઠા હતા ત્યારે ઘણી અદ્‌ભુત શોભા થઈ હતી. કારણ કે શ્રીહરિ તો રાજાધિરાજ હતા. મુક્તાનંદસ્વામીની સાથે રવાજી નામે જે પાર્ષદ હતા., તે ઘણા બુદ્ધિમાન હતા. અમદાવાદનાં શાહુકારોએ જે શેલા આપ્યા હતા તે મુક્તાનંદસ્વામીની ઈચ્છાથી રવાજી લાવ્યા. તે શેલા શ્રીહરિને ઓઢાડ્યા. ત્યારે તેઓ બોલ્યા કે 'તમે આ શેલા ક્યાંથી લાવ્યા છો ?' ત્યારે રવાજીએ હકીકત કહી. રવાજીએ કહેલી વાત સાંભળીને શ્રીહરિ રાજી થયા અને કહ્યું કે, 'મુક્તાનંદ સ્વામી ઘણા નિપૂણ છે અમારી મરજી પ્રમાણે તેઓ કરે છે'

મરજી પ્રમાણે વર્તવું તેમાં ઘણી મોટપ રહી છે. સ્વામી જે અમારી મરજી અનુસારે વર્તે છે, તેમાં જે તુચ્છતા સમજે છે આવો કોઈ ગુરુ હોય કે રાજા હોય તો પણ તેને વારંવાર ધિક્કાર છે. શ્રીહરિ કહે, નીતિશાસ્ત્ર જેમ કહે છે તેમ અમે પણ કહીએ છીએ મરજી પ્રમાણે કામ કરવું તેમાં સુખ રહ્યું છે અને મરજી વિના જે કરવું તેમાં અપ્રસન્નતા રહી છે. ત્યાગી થઈને પણ અમે ઈચ્છા ન જણાવી હોય છતાં અમારે માટે ઘણું હેત લાવીને આવી સેવા કરે છે. હેત સિવાય આવી સેવા ક્યારેય થઈ શકે નહિ. આમાં તો ઘણી વાત રહી હોય છે. તેને કોઈ જ જાણકાર સમજી શકે છે. જે વાત જાણવાની હોય છે તે તો ઘણી તપાસ કર્યા પછી ખબર પડે છે.

તપાસ કર્યા સિવાય જે બોલવામાં આવે છે, તેમાં દ્રોહ થયા સિવાય રહેતો નથી. માટે જે કોઈ વાત હોય તેમાં સો વાર તપાસ કરવી જોઈએ. જે બોલવામાં બીજાનું હિત સમાયેલું હોય, તેવું વચન પોતાનાં મુખથી બોલવું જોઈએ. અને તેવું હિતકારી વચન જે બોલે તેનાં ઉપર જ સહુને પ્રેમ થાય છે. અને તેવું વચન બોલવું ઘણું કઠણ કામ છે. જે વાત કરવાથી પાકું અહિત થાય , તે ખરેખર વાત નથી તે તો ઉત્પાત છે. તે વાત અમને સમજાય છે. જેવું અમને જણાય છે તેવી અમે વાત કરીએ છીએ. કોઈ પણ માણસ જેવી વાત કરતો હોય છે તેને તેવું ફળ જરૂર મળતું હોય છે.

**બીજાના ભલામાં આપણું ભલું :**

જે માણસ બીજાનું જેટલું હિત ચાહે છે તેટલું તેનું પોતાનું નિત્ય હિત થાય છે. પોતાનું હિત અથવા તો અહિત પોતામાં જ રહેલું હોય છે. જે માણસ બીજાનું અહિત થવાનું પોતાનાં મનમાં ઈચ્છે છે તો તેનું અહિત જરૂર થવાનું છે, તેમ અમે કહીએ છીએ. સત્સંગ કરવો તેમાં હિત રહ્યું છે. અને કુસંગ કરવો તેમાં અહિત રહ્યું છે. ચોરી ન કરવી તેમાં હિત રહ્યું છે અને ચોરી કરવામાં અહિત રહ્યું છે. છિનાળું (વ્યભિચાર) ન કરવું તેમાં હિત રહ્યું છે અને છિનાળુ કરવામાં અહિત રહ્યું છે. દારૂ નહિ પીવામાં હિત રહ્યુ છે અને દારૂ પીવામાં અહિત કહેવાય છે. માંસ ન ખાવામાં હિત રહ્યું છે અને માંસ ખાવામાં અહિત કહેવાય છે. જેટલા કૂફેલ કહેવાય છે તેનો ત્યાગ કરવામાં હિત રહ્યું છે. અને જે કૂફેલ કરવા તેને અહિત કહેવાય છે. કૂફેલમાં ક્યારેય યશ મળતો નથી. કેફ અને બહુ પ્રકારનાં વ્યસનો ન કરવા તેમાં અપાર હિત રહ્યુ છે.

જેટલા કેફ અને વ્યસન છે તે કરવામાં અહિત રહ્યું છે. કોઈ મોટા રાજા કે હાકેમનું પદ હોય તેને જે મનુષ્ય પામે છે. તેમાં શુભ અને અશુભ બાબતનાં કાયદા અમલમાં લેવાનાં હોય છે. અસત્ય વાતનો ત્યાગ કરાવવામાં રાજા કે કોઈ હાકેમ સિવાય નિર્ણય થાતો નથી.અભિમાન વિનાનો કોઈ હાકેમ કે રાજા હોય છે, તો તેને સત્તાનાં સારા પરિણામરૂપ કાર્ય સુધરી જાય છે. અને સારા સત્તાધીશની મદદ ભગવાન તત્પરતાથી કરી રહ્યા હોય છે. જ્યાં જેટલી શુભબુદ્ધિ હોય છે ત્યાં તેટલો ધર્મ નિવાસ કરીને રહે છે અને જ્યા ધર્મ હોય છે ત્યાં ભગવાન પણ આવીને



નિવાસ કરે છે. જ્યા સુધી શુભબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમાં ધર્મ રહે છે અને જ્યા સુધી મનુષ્યમાં ધર્મ રહે છે ત્યાં સુધી તેમાં ભગવાન વસે છે, તેમ કહેવાય છે.

નીતિની જગ્યાએ જ્યારે અનીતિનું બળ વધી જાય છે ત્યારે નીતિનું કાંઈ ચાલતું નથી અને બધી જગ્યાએ અનીતિ જ રહે છે. જ્યારે અનીતિનું રાજ્ય હોય છે ત્યારે કોઈને સુખ રહેતું નથી. અને ઠેકાણે દુઃખ જ રહે છે. અનીતિમાં દુઃખ રહ્યું હોય છે તથા નીતિમાં સુખ રહ્યું છે. જે લોકો નીતિ રહિત હોય છે, તેઓ અનીતિમાં સુખ કહે છે. જે લોકો અનીતિમાં સુખ રહ્યું એમ માને છે, તે પછી નીતિનાં રાજ્યને તેઓ તો ઝેર જેવું કહે છે. ઉપર કહ્યા તેવાં જે મનુષ્યો હોય છે, તે ક્યારેય સત્સંગ કરતા નથી. જેને નીતિનું રાજ્ય સુખરૂપ જણાય છે તેવાં લોકો જ અનુપમ સત્સંગ કરે છે.

નીતિ અને સત્સંગ તે બંનેની એક જ સરખી પરમ પુનિત રીત છે. નીતિને લીધે વ્યવહારમાં માણસને કયારેય દુઃખ થાતું નથી. નીતિમાં રહેલો મનુષ્ય સુખી થાય છે તેમ નજર કરવાથી પ્રગટ દેખાય છે, છતાં પણ અનીતિ કરનારા લોકો અનીતિથી તેટલું જ દુઃખ પામે છે. જે કુબુદ્ધિવાળા મનુષ્યો છે તે અનીતિનાં સુખને ચાહે છે પણ આ લોક કે પરલોકમાં કુબુદ્ધિવાળા લોકોને ક્યારેય સુખ મળતું નથી. સત્સંગ કરવાથી આ લોક અને પરલોકમાં અપાર સુખ થાય છે. જે નીતિવાળા લોકો છે, તે સત્સંગ કરીને સુખ મેળવે છે. શુભબુદ્ધિવાળા જે કહેવાય છે તેમને નીતિ ગમે છે. અને જે શુભબુદ્ધિવાળા છે તેમાં સુખ રહ્યું છે. જ્યારે પ્રગટ ભગવાન બિરાજતા હોય છે, ત્યારે નીતિનું રાજ્ય અદલ (વ્યવસ્થિત) ચાલતું હોય છે.

જ્યારે અલૌકિક ભગવાન પ્રગટ થાય છે, ત્યારે કોઈએ ન સાંભળ્યું હોય તેવું નીતિનું અદલ રાજ્ય હોય છે. અને તેનાથી લોકો હરખભેર સત્સંગ કરે છે. પ્રગટ ભગવાનનો આવો જે અપાર પ્રતાપ છે, તેને અનેક લોકોનો ઉદ્ધાર કરવા માટે તે ભગવાન પ્રગટ કરે છે. જે લોકોને અનીતિ ગમે છે તેને અનીતિનાં પાપને લીધે ભગવાનનો પ્રતાપ દેખ્યામાં આવતો નથી. જેને નીતિ જ ગમે છે તેને ભગવાનનો પ્રતાપ દેખાય છે. પછી તેને સત્સંગ પણ થાય છે. પછી જ્યાં મહારુદ્રયાગ કર્યો હતો ત્યાં જે વડ છે ત્યાં એકાદશીનાં દિવસે ઘણી વિશાળ જગ્યા દેખીને પરમ ચતુર શ્રીહરિએ સભા કરી.

## ૮૮. સદ્‌ગુરુ સ્વામીશ્રી આનંદાનંદજીના શ્રીમુખે શ્રીહરિકૃષ્ણ લીલીમૃતની કથા

શ્રીહરિ કહેતા કે નંદ સંતોના ઉપદેશની તો શું પણ એને સ્પર્શેલ પવન પણ જેને સ્પર્શે તેનું પણ કલ્યાણ થાય. આવા જ એક નંદ સંત, શ્રી નરનારાયણદેવ દેશના આભુષણ રૂપ સદ્ શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રંથની કથા શ્રી આનંદાનંદ સ્વામીએ જેતલપુરમાં રહીને શ્રોતા શ્રી ભુધરભાઈની પ્રાથના થી મોટી સભામાં સંભળાવેલી.

એક સમયે ભુધરભાઈ નામના એક વિદ્યાન વિપ્ર શ્રી રેવતી બલદેવજીના દર્શન કરવા માટે જેતલપુર મંદિરમાં આવ્યા. તેઓ મોઢ જ્ઞાતિના બ્રાહ્મણ હતા. ગુજરાતમાં આવેલ કપડવંજ ગામના વતની હતા. ભુધરભાઈ શાંત મનવાળા, પરોપકારી, સત્યવાદી, સદાચારી, દાનેશ્વરી, શાસ્ત્રોના અભ્યાસી, સ્થિતપ્રત, પંડિતોમાં બ્રહસ્પતિ સમાન અને ભગવાનને વિશે દ્રઢ ભક્તિવાળા હતા. રાજ દરબારે પણ સન્માન પામેલા હતા. આ ભુધરભાઈ દેવના દર્શન, સેવા, પૂજા કરીને જ્યાં સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ યોગી બેઠા હતા, ત્યાં આવ્યા યોગીને નમસ્કાર કરીને બેઠા. યોગીરાજે તેમનો સત્કાર કરી કુશળ સમાચાર પૂછ્યા. ત્યારે ભૂધરભાઈ નમ્રતાપૂર્વક બોલ્યા કે હે સ્વામી ! આ પવિત્ર ધર્મક્ષેત્રમાં થોડો સમય રહેવાનો વિચાર કરીને આવેલ છું. તો ઉતારો આપવાની કૃપા કરો.

ઊતારાની વ્યવસ્થા થઈ એટલે ભુધરભાઈ પોતાનો સર્વ સામાન ત્યાં મૂકી બે ઘડી આરામ કરવા લાગ્યા. આરામ કરતાં કરતાં તેમને વિચાર થયો કે આ જેતલપુર ગામમાં ભગવાન શ્રીહરિ ઘેર ઘેર પધારેલ છે. તેથી જેતલપુર ધામ નૈમિશારણ્ય ક્ષેત્ર કરતાં પણ અધિક પવિત્ર છે. માટે મારે અહીં રહીને સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રો સાંભળવા. કળિયુગના દોષોથી બચવા માટે નિરંતર આવો બ્રહ્મયત આવશ્યક છે. આવો વિચાર કરીને બીજે દિવસે તેઓ સભામાં આવ્યા. સદ્‌ગુરુશ્રી આનંદાનંદ યોગીને નમસ્કાર કરી બેઠા. પછી યોગી આગળ પોતાના હૃદયની વાત રજુ કરી. ભુદરભાઈ કહે છે હે યોગીરાજ ! આપ ભગવાન શ્રીહરિએ કરેલા લીલા ચરિત્રો ને યથાર્થ રીતે જાણો છો હું આપણા



ઈષ્ટદેવ શ્રી હરિના જન્મથી માંડીને બધા જીવન પ્રસંગો આપના મુખથી સાંભળવા ઈચ્છું છું.

મુનિવર શ્રી આનંદાનંદ યોગી પ્રસન્ન થઈને શ્રીહરિના લીલાચરિત્રો સંભળાવવા તૈયાર થયા. કથાનો આરંભ થયો ત્યારે તે સમાચાર સાંભળીને અનેક દેશોમાંથી ભક્તજનો ઉત્સાહ પૂર્વક કથા શ્રવણનો લાભ લેવા માટે આવવા લાગ્યા. આશ્ચર્યની વાત તો એ હતી કે આ મહાન પવિત્ર ધર્મ ક્ષેત્રમાં શ્રીહરિના અદ્‌ભૂત ચરિત્રો સાંભળવા માટે બ્રહ્માદિક દેવો અને ઋષિઓ પણ આવતાં હતા. પાતાળ લોકથી નાગ દેવતાઓ આવતા હતા. કૈલાસથી ગણપતિ, કાર્તિક સ્વામી અને મહાદેવજી પણ આવતા હતા. આનંદાનંદ સ્વામીના દર્શન, પૂજન,નમસ્કાર કરીને પ્રતિદિન પોત પોતાના સ્થાને બેસચા હતા.

સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ યોગી કહે છે હે પવિત્ર ભુધરભાઈ ! તમે પ્રગટ ભગવાન શ્રીહરિના દ્રઢ આશ્રયવાળા છો. નિર્મળ બુદ્ધિવાળા છો. શ્રીહરિના જીવન ચરિત્રો જાણવાની ઈચ્છાવાળા છો તેથી પંડિત પ્રવર સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ રચેલા શ્રી હરિકૃષ્ણ લીલામૃતમાં સ્વામિનારાયણ ભગવાનના જે લીલા ચરિત્રો ગુંથેલા છે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના પ્રસંગોપાત જે વિવેચનો કરેલાં છે તે બધી કથા હું તમારી આગળ કરીશ. શ્રી હરિકૃષ્ણ લીલામૃત આત્યંતિક કલ્યાણને કરનારું શાસ્ત્ર છે. અનાદિ શ્રીકૃષ્ણ જેમનું નામ છે એવા પરમાત્મા પરબ્રહ્મ નારાયણ એ જ ભક્તિ ધર્મના પુત્ર ભગવાન શ્રીહરિ છે. તેમના દિવ્ય તથા મનુષ્ય ચરિત્રોથી અલંકૃત થયેલું, અલ્પ પુણ્યવાળાને જેનું દર્શન અને શ્રવણ પણ દુર્લભ છે. એવા આ શ્રીહરિકૃષ્ણ લીલામૃત નામના પુરાણ શાસ્ત્રની કથા હવે હું કહું છું તે તમે ભાવથી અને શ્રધ્ધાથી સાંભળજો. આ રીતે સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ સ્વામીએ જેતલપુરમાં રહીને આ પવિત્ર કથાનું શ્રવણ સૌને કરાવ્યું હતું.

## ૮૯. ઉધ્ધવાવતાર શ્રી રામાનંદમુનિ શ્રીહરિના દર્શને આવ્યા.

એક સમયે શ્રીહરિ જેતલપુરના બ્રહ્મમહોલના ચોકમાં મોટી સભા ભરીને સંતો તથા ભક્તજનોને જ્ઞાનોપદેશ આપતા હતા. તે સમયે મુનિના વેશને ધારણ

કરેલા એક મહાપુરુષ પધાર્યા. એમણે કંઠમાં કમળની માળાને ધારણ કરેલી હતી. શ્રીહરિને વિશે અતિશય પ્રેમથી. હરિના દર્શન કરવા પોતાના નેત્રની દૃષ્ટિ શ્રીહરિના સ્વરૂપમાં જોડી.ત્યારે તે વેષાંતર કરેલા રામાનંદ સ્વામીને શ્રીહરિએ જોયા એટલે એક સોનેરી કેળાની લુમ લઈને, શ્રીહરિ રામાનંદસ્વામી પ્રત્યે બોલ્યા કે, હે ગુપ્ત પણે રહેલા તેજસ્વી મહાપુરુષ ! આ કેળાંની લુમ આપ ગ્રહણ કરો. ત્યારે સ્વામી તે લેવાનો વિચાર કરે છે ત્યાં તો, શ્રીહરિના દર્શન માત્રથી જ સમાધિ થવાથી તેમનો દેહ માર્ગમાંજ, જમીન ઉપર પડી ગયો. પછી તે સાક્ષાત ઉધ્ધવજી, ઘડીવાર પછી, સમાધિમાંથી ધીરે ધીરે ઉઠ્યા અને પુનઃ પૂર્વવત્ સ્થિતિમાં ઊભા રહ્યા. બુદ્ધિમાન રામાનંદ સ્વામીએ ઘડીવાર શ્રીહરિને નીરખ્યા એટલામાં તો, શ્રીહરિ રામાનંદ સ્વામીને સન્મુખ થઈ, કેળાંની લુમ તેમની આગળ ધરીને બોલ્યા કે, હે પ્રભો ! કેળાંની આ લૂપ, આપના માટે જ છે તેને આપ ગ્રહણ કરો. ત્યારે તે સમર્થ મહાપુરુષ પોતાના હાથ વડે, શ્રીહરિના હાથમાંથી જ્યાં કેળાની લૂપ ગ્રહણ કરે છે. ત્યાં તો હે રાજન્ ! ફરી વખત શ્રીહરિની કૃપાદ્રષ્ટિ પામીને, સ્વામીને સમાધિ થઈ ગઈ. તેમના નેત્રો સ્થિર થઈ ગયાં અને પહેલાની જેમ જ તેમનો દેહ પૃથ્વી ઉપર ઢળી પડ્યો. આ પ્રમાણે ચાર વખત. શ્રી હરિએ હાથમાં લૂપ લઈને, હે મુનિ ! આપ આ ગ્રહણ કરો. એમ કહીને, ચાર વખત સમાધિ કરાવી. રામાનંદ સ્વામી આ પ્રમાણે અન્ય વેષધારીને તે મુનિ આશ્રમમાં ત્રણ દિવસ રહ્યા અને અતુલ્ય સુખ પામીને પછી ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યારે એક હરિભક્ત મહારાજને પુછતા હતા કે, હે પ્રભુ ! કોણ અત્યારે દર્શન કરીને ગયા તે મુનિવરની વાત અમને કહો. ત્યારે મુખ કમળ પર મંદ હાસ્ય કરીને અમૃત સમાન મધુર વચનોથી શ્રીહરિ પ્રેમથી કહેવા લાગ્યા. જે અહીં આવ્યા હતા તે તો સંપ્રદાયના તિલક રૂપ શિરતાજ રામાનંદ સ્વામી પોતે જ હતા. ઉદાર મૂર્તિ એવા તેઓ દિવ્ય દેહે આ સત્સંગમાં વિચર્યા કરે છે. આજે જે દર્શન થયા તે તો અમારી ઈચ્છા હતી તેથી દર્શન થયા. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે ધર્મની ધુરા ઉધ્ધવજીને ધારણ કરાવી હતી. અનંત જીવોને પોતાના ઉપદેશથી આશ્રિત કર્યા. એ ઉધ્ધવ શ્રી કૃષ્ણ ભગવાનના એકાંતિક આશ્રિત હતા. તે જ ઉધ્ધવ રામાનંદ સ્વામી સ્વરૂપે અમારી ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો. તેથી ક્યારેક



ક્યારેક અમારાં દર્શન કરવા આવે છે.

જેતલપુરમાં શ્વેત દ્વિપના મુક્તો પણ સતત હરિના દર્શન કરવા આવતા જતા હતા. શ્રીહરિ અનંત જીવોને સમાધિમાં બ્રહ્મપુરધામના દર્શન કરાવતા હતા. તેથી જગતના લોકો ખુબ જ નિશ્ચંત થઈને શ્રીહરિનો આશ્રય કરતા હતા.

## ૯૦. દેવ સરોવરમાં શ્રીહરિની જળક્રીડા તથા સરોવરનો મહિમા

એક સમયે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી, પશ્ચિમ પંચાલ દેશથી જેતલપુરમાં પધાર્યા. ગ્રીષ્મઋતુ હતી. શ્રીહરિ એક દિવસ સ્નાન કરવા માટે સમુદ્ર જેવા અગાધ જળવાળા માન સરોવર સમાન દેવ સરોવરે ગયા. કાદવે રહિત, નિર્મળ જળથી ભરેલા ખીલેલાં લાલ કમળોવાળા, જેના કિનારે અનેક વિધ વૃક્ષો અને પક્ષીઓ રહેલા છે. તેવા તે દેવ સરોવરના કિનારે શ્રીહરિ વસ્ત્રો ઉતારીને, તે સરોવરના પાણીમાં પ્રવેશ્યા પછી ભક્તજનોથી વેષ્ટિત, રાતા કમળ સરખાં ચરણોવાળાં, શ્રીહરિ, ત્યાં પડખાભેર તરતા હતા અને પ્રેમપૂર્વક તે ભક્તજનોની સાથે જળક્રીડા કરતા હતા. ખૂબ હર્ષોલ્લાસિત થયેલા તે ગૃહસ્થો અને મુનિઓ વારંવાર ખોબા ભરી ભરીને શ્રીહરિની ઉપર જળ ઉડાડતા હતા. પછી શ્રીહરિ અને તેમના પાર્ષદો પણ, ખોબા ખોબા ભરી ભરીને ખૂબ જ જળ, તે મુનિઓ અને ગૃહસ્થો ઉપર ઉડાડતા હતા. પાર્ષદોએ ફેંકેલા ખૂબ જળથી સંતો વ્યાકુળ થઈને, શ્રીહરિની સમીપેથી દૂર જતા રહ્યા ત્યારે પાર્ષદો તે સંતોને કહેવા લાગ્યા કે, હે સંતો ! તમે દૈવની ગતિ જુઓ ! અમે થોડાક જ છીએ અને તમે ઘણા છો તેમ છતાં, તમે અમારાથી હારી જઈને દૂર ભાગી રહ્યા છો.

સોમલા આદિક પાર્ષદો આ પ્રમાણે બોલી રહ્યા છે ત્યાં તો, સર્વે મુનિઓએ પાર્ષદોની ચારેય બાજુ વીંટળાઈ વળીને તેમની ઉપર ખુબ જળ ફેંકીને તેમને વ્યાકુળ કરી મુક્યા. સર્વેશ્વર શ્રીહરિ જળમાં ડૂબકી મારીને પાર્ષદો અને સંતોની વચમાં નીકળ્યા. પછી સર્વેને કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! હવે આ લીલા બંધ કરો. સર્વે મારી સમીપમાં આવો અને મારા ચરણનો સ્પર્શ કરો. આમ કહીને અખંડિતૈશ્વર્ય ભગવાન શ્રીહરિએ જળમાં ડૂબકી મારી અને ત્યાંથી થોડેક દૂર

નીકળ્યા. તેમના ચરણ કમળનો સ્પર્શ કરવા માટે, મુનિ પાર્ષદો તેમની પાસે ગયા. ત્યાં તો વળી શ્રીહરિ તે સ્થાનેથી દૂર ખસી ગયા. પણ શ્રીહરિનો સ્પર્શ કરવાની ઈચ્છાવાળા કેટલાક સંતો પૃષ્ઠ ભાગથી તરતા તરતા શ્રીહરિની સમીપમાં ગયા, કેટલાક હાથ પગથી તરતા, કેટલાક છાતીથી તરતા અને કેટલાક પડખાંથી તરતા તરતા શ્રીહરિની સમીપમાં પહોંચ્યા. મહાપુણ્યશાળી તે સંત-પાર્ષદો જ્યાં શ્રીહરિનો સ્પર્શ કરવા જાય છે ત્યાં તો શ્રીહરિ ત્યાંથી પણ દૂર ખસી ગયા. પછી જ્યારે તે મુનિ પાર્ષદો ઉપર શ્રીહરિએ દયા કરી ત્યારે જ તેઓ શ્રીહરિને ચરણોનો સ્પર્શ કરી શક્યા. પછી વારંવાર હસતા અને શ્રીહરિને હસાવતા, શ્રીહરિનું ચરણોદક પીતા, તે મુનિ પાર્ષદો, દૈવ ઈચ્થાથી દેહનું ભાન ભૂલ્યા અને શ્રીહરિ વિના અગાધ જલમાં પ્રવેશ્યા. ત્યાં તેમને દેહની સ્મૃતિ થઈ તેથી થોડા ઉદ્ધિગ્ન થઈ પરસ્પર તેઓ બોલવા લાગ્યા કે હે મુનિઓ ! હે પાર્ષદો ! આપણે જળક્રીડાથી ખુબ થાકી ગયા છીએ અને તેથી હવે તરવા માટે અશક્તિમાન છીએ. તેથી હવે આપણે સર્વે અહીં જ ડૂબી જઈશું, એમ લાગે છે આમ માનીને તેઓ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. હે હરિપ્રસાદ પુત્ર હરિકૃષ્ણ ! હે કૃષ્ણ ! હે અપ્રમેવ ઐશ્વર્ય ! હે ગર્વ રહિત ! હે પવિત્ર કીર્તિમાન શ્રીહરિ ! અમે સર્વે આપને શરણે છીએ. સમુદ્ર જેવા આ દેવ સરોવરમાં ડૂબતા અમો સર્વેનું આપ રક્ષણ કરો.

આ પ્રમાણે તેમની પ્રાર્થના સાંભળીને, શ્રીહરિ તત્કાળ તેમની સમીપે ગયા અને બોલ્યા કે, હે નિર્મળ આશયવાળા મુનિ પાર્ષદો ! તમે ભય પામશો નહિ. એક દૃષ્ટિથી મારી સામું જુઓ શ્રીહરિની આજ્ઞા મુજબ તે સર્વે એક જ દૃષ્ટિથી ભગવાન શ્રીહરિ સામું જોવા લાગ્યા. ત્યારે કાળ-માળાના નિયંતા શ્રીહરિએ, પોતાના યોગેશ્વર્યથી તે મુનિ પાર્ષદોને સરોવરના કિનારા તરફ ખેંચ્યા. આ પ્રમાણે શ્રીહરિના આકર્ષણ માત્રથી જ તે સર્વે, તત્કાળ કિનારે આવી ગયા. અને તેમનું દુઃખ દૂર થઈ ગયું. સરોવરને કિનારે ચારેય બાજુ ઉભેલા જનોના દેખતા જ, સ્વયં શ્રીહરિતો એકલા જ દેવસરોવરના અગાધ જળમાં તરતાં તરતાં, ક્ષણ માત્રમાં જ કિનારે આવી ગયા.

પછી શ્રીહરિકૃષ્ણ ફરી વખત તે જળમાં પડીને, તરતાં તરતાં સરોવરના મધ્યમાં પહોંચી ગયા. ત્યારે કિનારે ઊભેલી સર્વે સ્ત્રીઓ શ્રીહરિના સ્વરૂપનું અરસ



પરસ વર્ણન કરતી હતી. શ્રીહરિના લાલ અને કમળ પત્ર સમાન કોમળ અને જે ચરણોમાં જવ, અંકુશ અને ઊર્ધ્વરેખાદિ સોળ ચિહ્નનો રહેલાં છે. એવાં ચરણકમળ શ્રીહરિની ગોળાકાર અને કોમળ ઢીંચણે યુકત જંઘાઓ, મનુઓ સહિત શ્રીહરિની બે સાથળો (ઊરુભાગ) કે જેનું પુણ્યવંતી માણકી ઘોડી પ્રતિદિન વહન કરે છે. ભીનું વસ્ત્ર ચોંટી રહ્યું છે તેવા શ્રીહરિનો કટી પ્રદેશ. શીતળ ઉદરમાં રહેલા નાભી કૂપ કે જયાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા હતા. મનોહર સ્તનેયુક્ત, અતિ વિશાળ, દર્શન કરવા યોગ્ય, પ્રીતિ ઉત્પન્ન કરનાર એવું શ્રીહરિનું વૃક્ષ સ્થળ કે જનો આશ્રય મૂકી લક્ષ્મીજી જરા પણ દૂર થતાં નથી. ભક્તજનોને સંસાર ભયથી અભય કરાવનારા. મનમાં સદા સ્મરણ કરવા યોગ્ય શ્રીહરિના બંને પુષ્ટ આજાન બાહુઓ, કંબુ સમાન કંઠે યુક્ત અને ચંદ્ર બિંબ સમાન શ્રીહરિનું મુખારવિંદ કે જેને જોઈને કમળ પણ લજ્જા પામી જાય છે. શ્રીહરિની તિલપુષ્પ સમાન નમણી નાસિકા તેમ જ તેની સમીપમાં જમમા ગાલમાં રહેલો શ્યામ તિલ જે સદા ધ્યાન કરવા યોગ્ય છે. શ્રીહરિનાં ભાલ સહિત ચંચળ નેત્રો, શ્રી હરિનો ડાબો કાન અને તેમાં રહેલું શ્યામ બિંદુ, શ્રીહરિનું મનોહર શિખાએ યુક્ત એવું મસ્તક કે જેના ઉપર પાઘ ધારણ કરીને તેમાં પુષ્પના તોરા ખોસે છે ત્યારે સ્હેજ સ્હેજ હાલતા તે તોરાએ, ભક્તજનોના ચિત્તને ચોરીલે છે. આવી રીતે તે સ્ત્રીઓ અરસ પરસ શ્રીહરિના સ્વરૂપનું વર્ણન કરતી હતી. એટલીવારમાં નિર્વિકારી શ્રીહરિ, તે દેવ સરોવરમાં તરતા તરતા તેની દક્ષિણ બાજુના કિનારા તરફ ગયા. ત્યાં શ્રીહરિએ તત્કાળ મુલ્યવાન વસ્ત્રાભૂષણ ધારણ કર્યા. પછી કુબેર સિંહ નામના માળીએ શ્રીહરિને પુષ્પહાર, પુષ્પનો મુગટ વગેરે ધારણ કરાવીને શ્રીહરિની પૂજા કરી.

સત્સંગિભુષણ ગ્રંથમાં શ્રી વ્યાપકેશમુનિ જયેષ્ઠજીત નામના રાજાને કહે છે, હે રાજન્ ! તે સરોવરમાં શ્રીહરિ, પ્રતિદિન સ્નાન કરતા હતા અને તેથી જ તે સરોવર ‘નારાયણ તીર્થ’ નામે ઉત્તમ તીર્થ થયું. તીર્થોમાં શ્રેષ્ઠ એવા આ નારાયણ તીર્થમાં જે મનુષ્ય સ્નાન કરી. દાન આપી, શ્રાધ્ધ કરે તો, ગયા નામના તીર્થમાં શ્રાધ્ધ કરવાથી જે ફળ મળે, તેટલું ફળ નિશ્ચે પામે છે. જે મનુષ્ય આ નારાયણ તીર્થમાં દાન, ધ્યાન, તપ, પુજા, સ્નાન, પાઠ, જપ, યજ્ઞ તથા બ્રહ્મભોજન કરાવશે તે મનુષ્ય દાનાદિનું પરિપૂર્ણ ફળ પામશે. ત્રણેય કાળમાંથી ગમે ત્યારે, જે મનુષ્ય

શ્રીહરિની જળક્રીડાનું આ પરમપવિત્ર ચરિત્ર સાંભળે, તે દિનબંધુ શ્રીહરિના અક્ષરધામને નિશ્ચે તત્કાળ પામશે.

## ૯૧. જેતલપુરનો અતિ અદ્‌ભૂત અલૌકિક મહિમા

ધન્ય ધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજ ધામ ।
તેમાં મરે પાપી નરનાર, તે પણ ન જાય જમને દ્વાર ॥
તેમાં પરચા આપ્યા વાલે બહુ, જાણે છે જન ગામના સહુ ।
મોટા મોટા કર્યા જવાં જગન, ખુટ્યા નહિ ધૃત, ગોળ અન્ન ॥

(ભ. ચિં. પ્રકરણ ૧૩૮)

શાસ્ત્રો કહે છે કે પૃથ્વી ઉપર જ્યાં જ્યાં જે જે સ્થળે પાપનાશક ભગવાન જન્મ ધરે છે તથા જે જે સ્થળે ભગવાન અને સંતપુરુષો વિચરણ કરે છે તે તે સ્થળો બધા બધા તીર્થરૂપ છે. તેમાં પણ જેતલપુરની ભૂમિ ધ્વજ-અંકુશાદિ ચિહ્નોવાળા શ્રીહરિના ચરણારવિંદથી વારંવાર અંકિત થયેલી છે. શ્રીહરિના સંબંધથી તે ગામના ભક્તજનોના ઘરો પણ બ્રહ્મભાવને પામી ગયા છે અને તેથી દેવો પણ આ ધામનું દર્શન કરવા ઈચ્છે છે.

આ નગરમાં સ્વયં નારાયણ ભગવાન પોતાના યજ્ઞ નારાયણ સ્વરૂપે સદા રહે છે અને તેથી સત્પુરૂષો તેને નારાયણક્ષેત્ર પણ કહે છે. જે નગરમાં મૃત્યુ પામેલા પાપી જીવો પણ દિવ્ય વિમાનોમાં બેસી સ્વર્ગે જાય છે. જે નારાયણ ક્ષેત્ર રાગદ્વેષ રહિત એવા તપસ્વીઓના ઉત્તમ તપની સિદ્ધિ કરનારું છે અને તેથી તેઓ તેમના નેત્રો આગળ સાક્ષાત્ શ્રીહરિનું દર્શન કરે છે. જે જનો આ ક્ષેત્રનું શુદ્ધ ભાવથી સેવન કરે છે તેમને શ્રીહરિ સુખ, સમૃદ્ધિ, ભક્તિ અને મનોવાંછિત મુક્તિને આપે છે. જ્યાં દેવ સરોવરના કિનારે ભગવદ્‌ધામ તુલ્ય બ્રહ્મમહોલમાં રહીને શ્રીહરિના સખા બ્રહ્મમુનિએ શિવરામ વિપ્રના પૂછવાથી વિશાળ સભામાં શ્રીહરિના સર્વ લીલાચરિત્રો , સનાતન ધર્મનું સ્વરૂપ, નવધા ભક્તિનું સ્વરૂપ, નારાયણની પ્રાપ્તિ પછી તે નારાયણને પ્રસન્ન કરવાની રીત આદિક તમામ પ્રકારની કથા કરી છે. સ્વયં શ્રીહરિએ જ્યાં વારંવાર સભા કરીને પોતાનું સર્વોપરી પણું કહ્યું છે.



સ્વામિનારાયણ ભગવાન જેતલપુર ગામની ભૂમિને વારે વારે વખાણતા હતા. તેમ જ તે ભૂમિમાં ઉગેલા વૃક્ષો, લતાઓ, વેલીઓ, ફૂલછોડ વગેરે નિહાળી તેની પણ પ્રશંસા કરતા હતા. શ્રીહરિ કહે છે. બધા જ તીર્થોમાં જેતલપુર તીર્થ શિરોમણી મોટામાં મોટું ધામ છે એમ ધામ છે એમ જાણવું. આ તીર્થ મને અતિ પ્રિય છે. આ જેતલપુરની ભૂમિ ખૂબ જ રમ્ય છે. શ્રીહરિ આ ગામમાં ઘરો ઘરો થાળ જમ્યા છે. અનેક લીલાઓ કરી છે. ગામના સિમાડાના ઝાડવે ઝાડવે શ્રીહરિ અનેક વાર ફરેલા છે. આ તીર્થ સ્થાનમાં અક્ષર ધામના અધિપતિ પુરુષોત્તમ મહાપ્રભુ આનંદ પૂર્વક હર હંમેશ સુખેથી રહેલા છે. બીજા બધા તીર્થોમાં સ્ત્રી પુરુષો સૌ એકવાર જાય છે. પણ જેતલપુર ધામમાં તો ગમે તેટલો સમય રોકાય તોય ખબર જ નથી પડતી કે કેટલો સમય ગયો તે સ્થળ છોડવાનું મન જ ન થાય એવું સુખ છે. જેવું ફળ જગતના તીર્થમાં જવાથી મળે છે. કાશી આદિ તીર્થોમાં જાય તેનાથી મોક્ષ નથી થતો અને જેતલપુર તીર્થમાં જે જન મહિમાથી જાય છે. તેને ત્યાં મૃત્યું પછી અક્ષરધામમાં સ્થાન મળે છે, એવું મહાન તીર્થ છે.

સ્વયં શ્રીહરિ કહે છે, પવિત્ર પુણ્યવાળા ધામમાં પ્રમાણમાં જેતલપુર ધામ અતિ પવિત્ર છે. આ ધામ ગોકુળથી તો સોગણું મહાન ધામ છે. તથા મથુરાથી તો અતિ અધિક મહાન શ્રેષ્ઠ છે. આના સમાન તો દ્વારકા પુરી પણ ન થાય અને ગંગા યમુનાથી પણ આ અધિક મહાન છે. એકાંતિક ભક્તોને અને અમારો જ્યાં નિવાસ થયો છે એટલા માટે જ આ ધામ મને અતિપ્રિય છે. ગંગા આદિક તીર્થો પણ આ સરોવરમાં નિવાસ કરીને રહ્યાં છે. વળી પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી, ગયા, નર્મદા, તાપી, યમુના, દ્વારિકા આ બધા તીર્થો પણ અહી રહે છે મોક્ષને આપનારું કલ્યાણ કરનારું આ સર્વોત્તમ તીર્થ સ્થળ છે. માટે તમારે સર્વે આ ગામની , અહીંની વાડીની, ગામના સીમાડાની, દેવ સરોવરની દરેક સ્થળની શ્રધ્ધા પૂર્વક મુલાકાત લેવી.

શ્રીહરિ જેતલપુર ધામમાં રહ્યા છે. તેથી ચંચળ સ્વભાવવાળા લક્ષ્મીજી પણ શ્રીહરિના દર્શન માટે આ નારાયણ ક્ષેત્ર માં સ્થિર નિવાસ કરીને રહ્યા છે. પૂર્વ રેવતી પતિ બળદેવજી પણ દ્વારિકાથી ગોકુળ જતાં આ પુરમાં આવ્યા હતા. બળદેવજી આ સ્થળ જોઈને હર્ષ પામ્યા હતા. પછી સેવકોએ સહિત બળદેવજીએ

આ દેવવાડીમાં મુકામ કરેલો એ સમયે બળવાન ભૂજાઓવાળા બળરામે આ દેવસરોવરમાં જળક્રીડા કરી હતી. બળદેવજીની જળક્રીડાના દર્શન કરવા દેવો, ગાંધર્વો નારદાદિ મુનિઓ ક્રીડા યોગ્ય આ સ્થાનમાં રોજ આવતા હતા. આ પ્રકારે સાક્ષાત્ બળદેવજી તથા મુનિજનોના વારંવાર આગમનથી આ જેતલપુર પ્રથમથી જ મોટું પરમ તીર્થક્ષેત્ર થઈ ગયું હતું. પછી શ્રીહરિનો આ ક્ષેત્રમાં વાસ થયો એટલે આ તીર્થ સર્વોપરી બન્યું છે.

શ્રીહરિના અપરસ્વરૂપ આચાર્ય વર્યોથી તથા સંતોના પદારવિંદથી પણ જેતલપુરની ભૂમિ પવિત્ર બનેલી છે. જેતલપુર મંદિર એ અમદાવાદ મંદિરનું સીધું જ શાખા મંદિર હોય એવું જણાય છે. આજે શ્રીહરિના વચનથી રેવતી બળદેવજી શ્રીહરિકૃષ્ણમહારાજ સર્વે સત્સંગી બિન સત્સંગી લોકોના શુભ મનોરથ પૂર્ણ કરે છે. જેથી પ્રત્યેક પૂનમે જેતલપુરમાં સકામ, નિષ્કામ હજારો લોકો દર્શને આવે છે દર પૂનમે સવારમાં મંગળા તથા શણગાર આરતી માં ભક્તજનોની ભીડ અતિ અદ્‌ભૂત હોય છે. વળી, દિનપ્રતિદિન દર્શનાર્થીઓની આ ભીડ વધતી જ જાય છે. પુનમિયા દાસ ભક્તો પોતાને થયેલાં પરચાઓની વાતો કરતા જોવા મળે છે.

## ૯૨. શ્રી હરિએ ગોવિંદાનંદ સ્વામી પાસે જેતલપુરમાં મહારુદ્રયાગ કરાવ્યો

શ્રીહરિ લીલાસિંધુ ગ્રંથમાં આનંદસિંહ રાજાના પૂછવાથી શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજ કહે છે હે ધરણીધર પતિ ! સહજાનંદ સ્વામીએ ભાદરા ગામથી પત્ર લખેલો, તે પત્ર લઈને વિપ્રવર તરત જ ઉતાવળા ઉતાવળા લોકોની પીડાને હરનારો એવો પત્ર લઈને જેતલપુર આવ્યા. લાવેલ કાગળ ગોવિંદાનંદ સ્વામીના હાથમાં આપ્યો ગોવિંદાનંદ સ્વામીએ પત્ર લઈને મસ્તકે ચડાવ્યો તે પત્ર વાંચીને સર્વ મુનિજનો રાજી થયા અને યજ્ઞ કરવા માટેનો બધો જ સામાન ભેગો કરાવ્યો. યજ્ઞ કાર્ય કરવા માટેની જમીન શોધીને શુદ્ધ કરાવી. મંડપ તૈયાર કરાવરાવ્યા. બધી જ તૈયારી થઈ રહ્યા પછી ગોવિંદાનંદ સ્વામીએ તૈયારીની જાણ કરવા માટે શ્રીહરિને પત્ર લખ્યો અને શ્રી હરિને કચ્છ દેશના ભક્તજનોને સાથે લેતા આવીને



મહાયજ્ઞ કરવા પધારવા પ્રાર્થના કરી. તે વાતને પુનીત પ્રભુએ સભાને વિગતવાર કહી સંભળાવી. તે વાત સાંભળીને સર્વે સંતો હરિભક્તો રાજી થયા. જગતપતિ શ્રીહરિનો જય જયકાર કરતા હતા.

શ્રીહરિએ તે પત્રના ઉત્તરમાં પ્રેમથી લખ્યું કે, 'જેતલપુરમાં વાસ કરનારા અમારા દાસ સમાન આજ્ઞા પાલક ગોવિંદ સ્વામી તમારો લખેલો પત્ર વાંચી સાંભળી ને બધી જ વાત અમે પુરે પુરી સમજી લીધી છે. સ્વામી અત્યારે અમારે અવકાશ છે નહી. અત્યારે અમારે આવવાનું નિશ્ચિત થાય તેમ નથી. અમે આવી શકશું નહીં તેમ જાણજો. તમે સંતો મારી ગેર હાજરીમાં નાચીકેત ઋષિ પાસે યજ્ઞનો વિધિ કરાવીને યજ્ઞ કાર્ય પૂર્ણ કરાવી. પછી તરત જ અમારી પાસે આવજો'

શ્રીહરિની આજ્ઞાને શીરો ધાર્ય કરી ગોવિંદ મુનિએ યજ્ઞને ચાલુ કરાવરાવ્યો. હોમ હવન બધું યોગ્ય રીતે ચાલું કરાવ્યું. યજ્ઞ ચાલુ કરીને વેદ શાસ્ત્ર પ્રમાણે વિધિ કરીને પૂર્ણ કર્યો ત્યાર પછી નાચી કેત ઋષિરાજે બધાજ વિપ્રોને દાન દક્ષિણાઓ આપ્યા. આ યજ્ઞથી જગતમાં ખૂબ જ પ્રચાર ઉદ્‌ઘોષ થયો, સર્વે વિપ્ર વર્ગ સંતોષ પામ્યા તેનાથી ખૂબજ પ્રેમપૂર્વક પ્રભુના ગુણગાન ગાયાને ખૂબ જ પ્રસિદ્ધિ થઈ.

યજ્ઞ કાર્યની સમાપ્તિ કરીને પછી સ્વામી સંત મંડળ સાથે શ્રીહરિનું દર્શન કરવા ભુજનગરે આવ્યા. પ્રભુના દર્શન કર્યા ત્યારે પ્રભુ ગોવિંદસ્વામીને બાથમાં લઈને ખૂબ જ ભેટ્યા. ભક્તપતિ ભગવાન ભાવથી સંતોને પોતાની પાસે બેસારી સ્વાગત કરીને બધા જ સમાચાર પૂછતા હતા. મુનિએ બધી જ વાત વિગતવાર શ્રીહરિને કહી સંભળાવી હે મહાપ્રભુ ! મહારૂદ્ર યાગ તો આ પૃથ્વી ઉપર ખુબ જ મોટો મહાન ભારી થઈ ગયો. આવો ક્યારે થયો ન હતો ને હવે આવો તો ન જ થાય આમ બધા લોકો કહે છે. આના માટે છ મહિના સુધી સતત સામાન ભેગો કરવાની મહેનત કરી ખુબ જ પરિશ્રમ કરવો પડ્યો ત્યારે જ મહારૂદ્રયાગ કરી શક્યા. હે પ્રભુ ! આપના પ્રતાપથી જ પૂર્ણ થાય, કેમ કે યજ્ઞનું કામ ખૂબ જ મહેનત વાળુ છે. આવું કામ તો બીજા કોઈથઈ ન થાય, આપના પ્રતાપથી અમે કર્યું છે.

આવી રીતે ગોવિંદ સ્વામીના મુખથી ગર્વ સહીને વાત સાંભળી અટેલે

ભગવાને વિચાર્યું કે આવી વાત સંતના પુખે ન થવી જોઈએ. એટલું પ્રભુ મંદ હાસ્ય કરતા સુખ પૂર્વક મધુરવાણીથી કહેવા લાગ્યા. પાંગળો મોટા પર્વદતને ચડે છે. ''મુંગો કઠીન વેદનો ઉચ્ચાર કરે છે, નાનુ બાળક વહાણ વગર સમુદ્રને તરી જાય છે. નાનું મચ્છર મોટા ગજરાને મારે છે. આવું બધુ જ મારી ઈચ્છાથી જ થાય છે. હરિની ઈચ્છા વિના બીજા કોઈથી થઈ શક્તું નથી. એટલે મુનિરા જતમો મનમાં યત્રનું અભિમાન લાવશો નહી. જગતની કે ભગતની બધી જ આશા ઓનો ત્યાગ કરીને ભજન કરો ને કરાવો હું તો મોટા મોટા મહારાજાઓને રાજામાંથી રંક કરું છું ને રકંમાંથી રાજા બનાવું છું ને ઉપર છત્ર ધરાવું છું. જ્યાં પાણી ન હોય ત્યાં પાણી કરું છું. જ્યાં પાણી હોય ત્યાં વેરાન કરું છું. ગોળ બ્રહ્માંડ, પૃથ્વી સહિત બાળક પાસે ઉપડાવું છું. માટે આવું જાણીને ગર્વનો ત્યાગ કરી મનમાં દ્રઢ ભાવ લાવીને નિરાભીમાની થાવ. શ્રીહરિ મહાપ્રભુના મુખેથી આવા વચનો સાંભળીને ગોવિંદમુનિનો બધો જ ગર્વ ચાલ્યો ગયો ને નમ્ર થઈને પરમ આનંદને પામતા હતા ને રાજી થતા હતા.

## ૯૩. શ્રીહરિએ કરેલ વિષ્ણુયાગની આશ્ચર્ય કારક વાતો

વિ.સં. ૧૮૬૫ના પોષ મહિનામાં શ્રીહરિએ કરેલ વિષ્ણુયાગ ૧૮ દિવસ ચાલેલો. પોષ સુદ - ૮ ને શનિવારે આરંભેલ તે મહાયજ્ઞમાં આખા દશકોશી (દશક્રોઈ તાલુકો) વિસ્તારના તમામ બ્રાહ્મણોને શ્રીહરિએ દૂત મોકલીને યજ્ઞમાં પધારવા આમંત્રણ આપ્યું હતું નિર્વિકારી એવા સ્વયં શ્રીહરિએ જેતલપુરમાં તથા અશ્લાલીમાં ઘરોઘર ફરીને સ્ત્રીઓને બબ્બે દ્રોણી (૬૪ શેર) ઘઉં દળવા આપ્યા હતા. જેમાં જેતલપુરના વૈશ્યવાસમાં રહેતી અને ઘઉં દળવાની સેવાની ભાવના સાથે પોતાના ઘરના આંગણામાં ઉભી રહેલી એક પતિત વેશ્યાને પણ ઘઉં દળવા આપીને તેનું કલ્યાણ કરીને પોતાનું પતિત પાવન નામ સાર્થક કરતા હતા. ઘંટીનાં પ્રસાદીનો આ પથ્થર હાલમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન આપે છે.

આ યજ્ઞમાં જે જે પ્રાંતમાંથી ભક્તજનો આવ્યા હતા તે પ્રાંત નગરોના નામ સત્સંગિભુષણ ગ્રંથમાં લખેલા છે. જે મુજબ મિથિલા, કોશલ, કાશી, ગૌડદેશ, કિલકિલાનગર, ઉત્કલ, બંગાલ, પ્રયાગ, ગયા, મથુરા પ્રાંત, શૂરસેન તથા અવંતિ



પ્રાંત, વૃંદાવન, શોલાભદ્ર નદી કાંઠાના વત્સઘોષવાસી, યમુના, પ્રાંત, શાલાનગર, નેપાળ, માંડવી તેમજ પૂર્વ દિશાના બીજા હજારો જનો, આબુ, મારવાડ, ધન્વદેશના, સિદ્ધપુરના હજારોજનો, હરિદ્વાર, કાશ્મીર, કુરુક્ષેત્ર તથા પુષ્કર તીર્થની સમીપમાં રહેનાર જનો, આબુ, મારવાડ, ધન્વદેશના સિધ્ધપુરના હજારો જનો, ઉત્તર દિશાના ઘણા જનો, સિંધ, કચ્છ તેમજ પશ્ચિમ દિશામાં રહેલાજનો, સૌવિર, અંગ, પાંચાળ, સૌરાષ્ટ્ર અને આભીર દેશના સેંકડો લોકો તથા દક્ષિણ દિશામાં રહેલા જનો સેતુબંધ રામેશ્વર, વેંકટાદ્રિ વાસી, શ્રીરંગ ક્ષેત્ર અને કાંચીપુરના જનો તથા મલયાચળ, દંડકારણ્ય, વિંધ્યાચલવાસી, તાપીતટવાસી, મહી તથા નર્મદાતટવાસી, ચરોત્તર, ભાલ, દંઢાવ્ય તથા ગુજરાત વગેરે પ્રાંતોના હજારોજનો ગાડાઓમાં પોતાની સામગ્રીઓ ભરીભરીને, ભગવાનના દર્શન કરવા માટે ઉત્સાહથી, સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો સહિત ત્યાં આવ્યા હતા. સ્વામિનારાયણ સંહિતા ગ્રંથમાં એવો ઉલ્લેખ છે કે જેતલપુરના આ મહાવિષ્ણુયાગમાં એકોતેર હજાર બ્રાહ્મણો દેશાંતરથી આવ્યા હતા અને તેઓ યજ્ઞ મહોત્સવમાં અઢાર દિવસ સુધી શ્રીહરિની પ્રસાદી રૂપ લાડુ જમ્યા હતા દેશ દેશાંતરથી આવેલા જનોને લીધે. જેતલપુરની ચારેય બાજુ ત્રણ યોજન (લગભગ ૨૧-૨૫ કિ.મી.) સુધીની જગ્યામાં મનુષ્યોની ભારે ભીડ થઈ હતી. જેમ ચાર સમુદ્રોનું પાણી મર્યાદા ઓળંગીને આવતું હોય તેવી જ રીતે, ચારેય દિશાઓમાંથી ભક્તો જનો આવતા હતા.

શ્રી હરિની આજ્ઞાથી, નારાયણ ક્ષેત્રને મધ્યમાં રાખીને, તેની ચો તરફ જ્યાં જ્યાં ભક્તોએ ઉતારા કર્યા. ત્યાં ત્યાં શ્રીહરિએ તેમના રક્ષણ માટે અમરાજી, જેલજી આદિક ક્ષત્રિય ભક્તોને મુકયા હતા. અમરાજીએ એક કલેરછને મારી નાખ્યો, કારણ કે તે કલેરછે પોતાની નજર સમક્ષ જ એક મૃગને મારી નાખ્યો હતો. તેથી સેંકડો કલેચ્છો અમરાજીની સામે આવેલા. અમરાજી એ એકલે હાથે તે બધાને મારી નાખેલા.

યજ્ઞનું તથા શ્રીહરિનું દર્શન કરવા માટે આકાશમાં પોતાના ગણે સહિત ઈન્દ્રાદિક દેવો, સર્વે લાકપાલો, ગાંધર્વ, વિદ્યાધર,આરણો, સિધ્ધો, નાગો તથા મુનિજનો સર્વે આવ્યા હતા.

વિમાનોમાં રહેલા દિગ્યાલાદિ દેવો અને તેમની સ્ત્રીઓ અંતરમાં અતિ

પ્રસન્ન થયા અને યજ્ઞ ઉપર તેમજ શ્રીહરિની ઉપર ચંદનની વૃષ્ટિ કરી. અતિ પ્રસન્ન થઈને ગાંધર્વોએ ગાન, ચારણો તથા સિધ્ધોએ સ્તુતિ તેમજ વિદ્યાદ્રરો અને અપ્સરાઓએ નૃત્ય કર્યું. શ્રીહરિએ સુંદર વાણીથી આકાશમાં રહેલા આ સર્વ દેવતાઓનું સન્માન કર્યું.

આ યજ્ઞમાં જેતલપુરના બધા હરિભક્તો અતિ ઉત્સાહથી સેવા કાર્ય કરતા હતા. નાચિકેત વિપ્રની આજ્ઞાથી વિસનગરવાસી હરિભક્તો ગાડાંઓમાં ઘીના કુલ્લા ભરી લાવીને શ્રીહરિને અર્પણ કરતા હતા. ઘણું બધું ઘી આવેલું જોઈ શ્રીહરિએ કહ્યું હેના ચિકેત ! ઘીનાં ગાડાંએ જોડેલા બધા બળદોનું કલ્યાણ થશે. આ મહાયજ્ઞમાં જેણે જેણે લાકડાં, વાસણો, ઘાસ, ઘી, ખાંડ, અનાજ વગેરે ચીજ વસ્તુઓ આપી હશે તે દરેકનું કલ્યાણ થશે.

કેટલાક દ્વેષી બ્રાહ્મણો શ્રીહરિનું ખરાબ દેખાડવા સતત પ્રયત્નશીલ હતા. વિષ્ણુયાગ વિષ્ણુયાગ ચાલતો હતો ત્યારે એક દિવસ શ્રીહરિના શત્રુ એવા શક્તિપંથી પચીએક બ્રાહ્મણો, તે વિષ્ણુયાગં બંધ કરાવવા માટે, છૂપી રીતે શ્રીનગર ગયેલા, અને શ્રીનગરના રાજાને વિનંતી કરીને, યજ્ઞ માટે ચારેય બાજુએથી ઘી આવતું હતું. તેને રોકાવ્યું હતું. અને પછી શ્રીહરિના પ્રતાપથી અજ્ઞાની એવા તે મુર્ખ શક્તિ પંથી દ્વિજોએ વિચાર્યું કે હવે યજ્ઞના ભંડારમાં ઘી થોડુ જ રહ્યું હશે. તેથી તે સર્વે, કાચું સીધુ સામાન અને ઘી લેવા યજ્ઞના ભંડારમાં ગયા અને ત્યાં જે મુખ્ય વ્યક્તિઓ હાજર હતી તેમને કહ્યું કે હે જનો ! બાવીસ હજાર બ્રહ્મણો જમનારા છીએ. તેથી તે પ્રમાણે અમને સીધું સામાન તથા ઘી આપો ભંડારની દેખરેખ રાખનારા જનોએ શ્રદ્ધાપૂર્વક, ઘી સિવાયનું તેમણે માંગ્યું તેટલું સીધું આપ્યું. કોઠારમાં થોડુંક ઘી હોવાને લીધે કોઠારના ભંડારીઓને ઘી આપવામાં વિલંબ થયો. તેથી ત્યાં ઉભેલા આઠ હજાર બ્રાહ્મણો, 'હે ભંડારી ! તમે અમને ઘી આપો ... ઘી આપો ; એ પ્રમાણે બૂમો પાડવા લાગ્યા' આ પ્રમાણે કોલાહલ થવાથી, આનંદાનંદ મુનિએ તત્કાળ શ્રીહરિ પાસે આવીને સઘળી વાત જણાવી. કૃપા સાગર શ્રીહરિ, તત્કાળ હાથીની સૂંઢ સરખો ડાબો હાથ કટિ ઉપર મુકીને જમણા હાથમાં નાનાકડી છડી હલાવતા, ઘીના કોઠારમાં આવ્યા અને પછી (૯૯ શેર) ઘી હતું તેને પોતાની છડીના સ્પર્શ માત્રથી જ અક્ષય પાત્ર બનાવ્યું અને પછી બોલ્યા કે, હે ભંડારીઓ !



તમે આ હુલ્લામાં થી જ, જેને જોઈએ તેટલું ઘી, ઉદાર મનથી આપો અને ઘી ખૂટશે તેવી ચિંતા કરશો જ નહિ. ત્યાર પછી મુળજી આદિક ભંડારીઓએ, બાવીસ હજાર બ્રાહ્મણોને તેમને માંગ્યું તે કરતાં પણ વધુ ઘી, તે જ કુલ્લામાંથી કાઢી કાઢીને આપ્યું તેમ છતાં પણ અંતે તો કુલ્લામાં હતું તેટલું ને તેટલું જ, ત્રણ દ્રોણ જેટલું ઘી રહ્યું શ્રીહરિએ છડીના સ્પર્શ માત્રથી અક્ષય પાત્ર બનાવેલું આ ઘીનું કુલ્લુ આજે પણ મ્યુઝિયમમાં દર્શન આપે છે.

શક્તિપંથી બ્રાહ્મણો યજ્ઞની ન્યૂનતા જણાવવા માટે, દેવ સરોવરમાં તથા આજુબાજુના વૃક્ષો નીચે લાડવા ચોરીને નાખી દેતા હતા. શ્રીહરિએ હળવદના બ્રાહ્મણોને બોલાવીને પાક શાળામાં મૂકયા અને લાડવા ખૂટવા ન દીધા. શ્રીહરિ કહે, યજ્ઞનો પ્રસાદ ખાઈને દેવ સરોવરના માછલાઓનું પણ કલ્યાણ થશે ! જે જે પશુઓનું ઘી આ યજ્ઞના કામમાં આવ્યું છે તે બધાં જ પશુઓ મોક્ષના અધિકારી થયા છે. તે જલદીથી અક્ષરધામમાં જશે.

બ્રાહ્મણો રસોઈનો બગાડ કરતા હતા તે જાણીને શ્રીહરિએ એમને ડરાવવાનો પ્રયોગ કર્યો હરિભક્તોના હાથમાં મોટા મોટા ધોકા પકડાવ્યા. કાઠીઓ અને પાળાઓ દ્વારા બંદુકોના ભડાકાથી ભાંગીને ભય બતાવ્યો. શ્રીહરિ કહે, હે બ્રહ્મદેવો ! ધર્મનું ધ્યાન રાખીને જમો આ લાડુ તમને જમાડવા માટે જ બનાવ્યા છે. તેમો જો આ ડોડાઈ ઉધ્ધતાઈ કરશો તો અમને એનું પરિણામ આપવાનું આવડે છે. પછી ભૂદેવો ભવના ઓથાર નીચે આવેલા તે દેહનું ભાન ભૂલીને ઘીથી લચપચતા લાડુ જમતા હતા.

અઢાર દિવસ સુધી અગ્નિકુંડમાં યજ્ઞના અધિષ્ઠાતા દેવને આહુતિઓ અપાતી હતી. છેલ્લે ઘીની અખંડ ધારાઓ વડે યજ્ઞની પૂર્ણાહુતિ કરતા હતા. યજ્ઞમાં વરેલા વિદ્યાન બ્રાહ્મણોને ઉદાર મનથી અમૂલ્ય વસ્ત્રો, અલંકારો, સોનાના તથા રત્નો જડેલા હારો, સોના મહોરો, રૂપાની મુદ્રાઓ, દાનમાં આપતા હતા. કેટલાક ગાય, ભૂમિ, સુવર્ણ, અશ્વ, વગેરેના દાન આપતા હતા. કેટલાકને કન્યાદાન માટે, તો કેટલાકને યજ્ઞોપવીત માટે પૈસા આપતા હતા. આ પ્રસંગે યજ્ઞ મંડપમાં આપો આપો આપો, લ્યો લ્યો એ સિવાય બીજા શબ્દો સંભળાતા ન હતા. સર્વ બ્રાહ્મણો એ ગગનભેદી અવાજોથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી.

## ૯૪. જેતલપુરમાં થયેલા બંદૂકોના ભડાકાઓ અમદાવાદમાં સંભળાયા

એક સમયે શ્રીહરિ ગઢપુરથી શ્રીનગર જવા માટે નીકળ્યા તે સમયે કમલનયન, ધર્મનંદન, બ્રહ્માદિકના પણ નિયંતા શ્રીહરિની સાથે હજારો શૂરવીર ઘોડે સ્વાર ક્ષત્રિઓ તથા ઉત્તમરાજા પણ હતા. માર્ગમાં ભક્તજનોને આનંદ પમાડતા શ્રીહરિ, રાત્રે આર ઘડી વીત્યા બાદ સેવકોએ સહિત જેતલપુર પધાર્યા. અને ત્યાં પાર્ષદો પાસે બંદૂકો વડે મોટા ભકાડાઓ કરાવ્યા. મુક્તાનંદ સ્વામી આદિક સંતો એ અમદાવાદની હદ માં જેતલપુરના માર્ગે જે આંબલીઓનાં વૃક્ષો આવે છે ત્યાં ઉતારો કરેલો. બંદૂકોના ભડાકાઓ અમદાવાદની હદમાં સંભળાયાતે સાંભળીને સર્વે સંતો પરસ્પર કહેવા લાગ્યા કે, ધર્મભક્તિ પુત્ર, અક્ષરધામના સ્વામી શ્રીહરિ, જરૂર જેતલપુરમાં આવી પહોંચ્યા લાગે છે. તેથી મુનિ શ્રેષ્ઠ મુક્તાનંદજીએ સર્વ સંતોને કહ્યું કે હે આર્યજનો ! તમારામાંથી કોણ શ્રીહરિના જેતલપુરમાં આગમનની ખબર કાઢવા જશે ! ત્યારે તત્વાનંદ અને કૃષ્ણદાસ એ બંને સંતોએ કહ્યું કે અમે બંને જઈશું, ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, હે સંતો ! તમે શ્રીહરિના આગમનની ખબર લઈને જલદીથી અહીં પાછા આવો.

પછી તે બંને સંતો જેતલપુરમાં મુનિપતિ શ્રીહરિના દર્શન કરવા માટે, પાપ વિનાશક અને દુઃખ નિવારક શ્રી સ્વામિનારાયણ નામ સ્મરણ કરતાં કરતાં ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યા અને ક્ષત્રમાત્રમાં જેતલપુર પહોંચી ગયા. અને ત્યાં શ્વેતાંબધારી ઉર્ધ્વપુંડ તિલકયુક્ત, અતિ તેજોમય, નવીનમેઘ સમાન વર્ણવાળા, ભવ બંધન હર્તા, નારાયણ પ્રભુ શ્રીહરિના દર્શન કરીને તે બંને સંતો શ્રીહરિને સાંષ્ટાંગ દંડવત્ પ્રમાણ કરવા લાગ્યા. ત્યારે બ્રાહ્મણોને પૂજ્ય ભાવે માનનારા અને ભક્ત સંરક્ષણાર્થે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરનારા પ્રભુએ તે બંને સંતોને પૂછ્યું કે અત્યારે રાત્રે તમો બંને અહીં ક્યાંથી આવ્યા ? બીજા સંતો અત્યારે ક્યાં છે ? પછી તે બંને સંતોએ સર્વ વિગત શ્રીહરિને કહી સંભળાવી.

ત્યારે જીવોના બંધુ શ્રીહરિ બોલ્યા કે હે સંતો ! અત્યારે રાત્રિ છે તેથી તમે અહીં રોકાશો કે નહિ ? ત્યારે તે બંને સંતોએ કહ્યું કે, હે મુનિશ્વર ! શ્રીનગરમાં



રહેલા સંતોએ અમને આપના દર્શન કરીને તત્કાળ પાછા આવી જવા જણાવ્યું છે તેથી અમને અત્યારે જ જવાની આજ્ઞા આપો. આ સાંભળીને શ્રીહરિએ પોતે જમ્યા પછી તે મુનિઓને પ્રસાદી આપીને કહ્યું કે હે સંતો ! આ પ્રસાદ બધા સંતોને વહેંચી આપજો અને મારા આગમનના ખબર પણ આપજો. તથા દુર્લભ સાહેબ તેમ જ શ્રીનગર નિવાસી ભક્તજનોને પણ હું જેતલપુર આવી ગયો છું તે ખબર આપજો. અને તેમને કહેજો કે આવતી કાલે શ્રીહરિ જમીને મધ્યાન પછી તરત જ શ્રીનગરમાં પધારજો. તેમ સર્વે પણ ભોજન કર્યા બાદ, મને લેવા માટે સન્મુખ આવજો. પછી તે બંને સંતોએ પુનઃ શ્રીનગરમાં જઈને મુક્તાનંદાદિ સર્વે સાધુઓને શ્રીહરિનો બધો પ્રસાદ આપીને શ્રીહરિએ કહેલા વચનો કહી સંભળાવ્યા. તે સર્વે સંતો પણ શ્રીહરિનું આગમન થયું છે તે જાણીને પરમાનંદ પામ્યા.

## ૯૫. નડિયાદના બ્રાહ્મણ જે શ્રીહરિનું ચતુર્ભુજ રૂપે દિવ્ય દર્શન

શ્રીહરિ જેતલપુરમાં દેવ સરોવરને કિનારે આવેલ મહોલમાં વિરાજમાન થયા. મુક્તાનંદદિક સંતોને ત્યાં બોલાવ્યા. હરિ ભક્તો પણ દર્શન કરવા માટે ત્યાં આવતા હતા. કેટલાક ભક્તો હેત પૂર્વક શ્રીહરિના શરીરે અંગરાગ (સુગંધી દ્રવ્યો લગાવવા) કરતા હતા. વિશાળ ભાલમાં કુમકુમનો ચાંદલો કરતા હતા. શોભાયમાન કંઠમાં પુષ્પોના હાર પહેરાવતા હતા. પુષ્પોના કંકણ હાથમાં ધરાવતા હતા. સમગ્ર શરીરે ફૂલના શણગાર સજેલા સ્વામિનારાયણ મહાપ્રભુ શ્રીહરિ જન સમુદાયની વચ્ચે અત્યંત શોભતા હતા. તે પછી શ્રીહરિ મહોલથી નીચે ઉતરી આસો પાલવના વૃક્ષ સમીપે આવેલ વેદિકા ઉપર વિરાજમાન થયા હતા. મુખારવિંદ આગળ સર્વ સંતો તથા દેશાંતરોથી આવેલ હરિભક્તો બેઠા હતા. ચકોરપક્ષી ચંદ્ર સામું જોઈ રહે તેમ સર્વ આશ્રિત જનો શ્રીહરિના મુખારવિંદ સામે જોઈ રહ્યા હતા.

તે સમયે નડિયાદ શહેરથી કોઈ બ્રાહ્મણ તે સભામાં આવ્યા. તેને કોટિ સૂર્ય સરખા તેજસ્વી અને ચતુર્ભુજ રૂપે શ્રીહરિના દર્શન થયા તેથી તે અતિ આશ્ચર્ય

પામતો હતો અને પોતાની પાસે જ બેઠેલા સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીને પુછતો હતો કે હે સ્વામી ! મને આ સહજાનંદ સ્વામીના ચતુર્ભુજ રૂપે જાણે કે સ્વયં વિષ્ણુ ભગવાન હોય ને શું એવા દર્શન થાય છે. ચારેય હાથમાં શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કર્યાં છે નવીન મેઘ જેવા શ્યામ છે. કંઠમાં વનમાળા પહેરી છે. એવા સુંદર દર્શન થાય છે. મહાનુભાવાનંદ સ્વામી કહે છે. હે ભાઈ આ તો ધર્મદેવના પુત્ર સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાધિપતિ સ્વયં છે અને અવતાર માત્રના અવતારી છે. તેઓ પોતાના પ્રેમી ભક્તોની ઈચ્છા મુજબ ચતુર્ભુજ સ્વરૂપે કે સહસ્રભુજ સ્વરૂપે દર્શન આપે છે. સ્વામીના આવા વચનો સાંભળી તે બ્રાહ્મણ શ્રીહરિનો આશ્રિત થતો હતો.

આ પ્રમાણે અનેક દૈવી આત્માઓ શ્રીહરિના અલૌકિક ઐશ્વર્યો જોઈને શ્રીહરિનો દ્રઢ આશ્રય કરતા હતા.

## ૯૬. સંત-હરિભક્તોને પ્રગટ પરચો આપીને ધામમાં તેડી ગયા.

ભક્ત વત્સલ ભગવાન શ્રીહરિ અમદાવાદથી જેતલપુર પધારી પોતાના મંદિરમાં નિવાસ કરતા હતા. તે મંદિરમાં પ્રભાનંદ નામે એક સમાધિ નિષ્ઠ સંત હતા. તે પોતાના અંતકાળના સમયે સમીપે ઉભેલા સંતોને કહેતા હતા કે હે સંતો ! પૂર્વ જન્મમાં હું સૌભરિઋષિ હતો. મૈથુનાસક્ત માછલાને જોવાથી હું તપભ્રષ્ટ થઈ ગયો. છતાં પણ મારાં કંઈક પુણ્ય બાકી રહ્યાં હશે તેથી આ જન્મે મને પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની ઓળખાય થઈ. આજે સ્વામિનારાયણ ભગવાનની કેવળ કૃપાથી જ હું અક્ષરધામમાં જાઉ છું. આ રીતે વાત કરી તેમણે ભૌતિક શરીરનો ત્યાગ કર્યો.

સ્વામિનારાયણ ભગવાન જેતલપુરમાં જ્યારે મહારૂદ્ર યજ્ઞ કરતા હતા ત્યારે સુરતના એક વણિક ભક્ત તે મહોત્સવમાં આવ્યા હતા. તેમણે યજ્ઞ નિમિત્તે શ્રીહરિ પાસે છ રૂપિયા ભેટ મુકીને શ્રીહરિના દર્શન કર્યા. પરંતુ તે સમયે તેમના મનમાં એક એવો સંકલ્પ થયો કે સ્વામિનારાયણ ભગવાન આવી રીતે હજારો



જનો પાસેથી પૈસા લઈને યજ્ઞ કરે છે. તો પોતે પોતાના યોગ પ્રભાવથી પૈસા લીધા સિવાય કેમ યજ્ઞ નથી કરતા ? કારણ કે પોતે તો લક્ષ્મીપતિ છે. લક્ષ્મીનારાયણ છે. એમને પૈસાની શું કમી હોય ? આવી રીતે વિચાર કરતા તે ભક્ત ઘેર ગયા. જ્યારે તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ છ હજાર રૂપિયા લઈ તેના ઘેર દિવ્ય સ્વરૂપે પધાર્યા. અને તે ભક્તને કહ્યું કે હે ભક્તરાજ લ્યો આ તમારા રૂપિયા તેમ મોક્ષાર્થી છો કે ધનાર્થી છો ? શ્રીહરિના આવાં વચનો સાંભળી તે વણિક ભક્તને ખુબ પસ્તાવો થયો. પછી બોલ્યા. ક્ષમાના સાગર હે શ્રીહરિ ! મારી કુમતિના કારણે મારા હૃદયમાં દુષ્ટ વિચાર આવ્યો હતો. હું આપનો આશ્રિત છું. મારો અપરાધ ક્ષમા કરો, હું મોક્ષાર્થી છું મારો મોક્ષ કરો પ્રભુ ! પછી શ્રીહરિ તેમને ત્રીજે દિવસે ધામમાં તેડી ગયા.

જેતલપુરના નથુ ભક્તને અંતકાળે શ્રીજી મહારાજ તેડવા પધાર્યા. તે વખતે ગામના સર્વ માણસોને દર્શન આપ્યા હતા. એવી જ રીતે એમના પુત્રને પણ ધામમાં તેડી ગયા હતા. જેતલપુરના જીવણ પટેલના પુત્રી યમુના બહેન હતા. તેમને શ્રીજી મહારાજ સ્વપ્નમાં આવી સાકર આપી ગયા. જ્યારે તે બહેન જાગ્યા. ત્યારે સાકર તેમના હાથમાંજ હતી. પ્રસાદીની સાકર સર્વને વહેંચી આપી અને પોતે પણ જમ્યા. તે જ ગામમાં એક હરિબા હતા. તેના અંતકાળ સમયે શ્રીહરિ અનંત વિમાનો લઈ દિવ્ય સ્વરૂપે તેડવા આવ્યા. તે બહેનને વિમાનમાં બેસાડી પોતાના ધામમાં લઈ ગયા.

(૯૨) જેતલપુરની જેમ જ અસલાલીના ભક્તજનોને પણ ઘણા આશ્ચર્ય પમાડે તેવા ચમત્કારો સાથે શ્રીહરિ ધામમાં તેડી ગયા છે. અસલાલીમાં હરિભાઈ પટેલના નારણદાસ નામે પુત્ર હતા. તેમના અંતકાળ સમયે દિવ્ય રૂપે શ્રીહરિ તેડવા પધારતા હતા. પરંતુ ભગવાનના દૂરથી જ દર્શન થતા હતા. તેથી નારણદાસે પિતા હરિભાઈને કહ્યું કે પિતાજી તમારા ઘરમાં મદિરાનું પાત્ર છે તેથી મહારાજ મારી પાસે આવતા નથી. માટે મને બીજા ઘેર લઈ જાઓ. પછી તેમ કર્યું ત્યારે શ્રીજીમહારાજ નારણદાસને અક્ષરધામમાં તેડી ગયા. નારણદાસના દત્તા નામે પત્ની હતા તે સ્વામિનારાયણ ભગવાનની દ્રઢ ભક્તિ કરતા હતા. તેથી શ્રીહરિએ તેમને અભયપદ આપ્યું હતું જીજીભાઈ નામના એક પટેલ ભક્ત હતા તે બોલતા ચાલતા

હાથની તાળીઓ પાડીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ધૂન્ય કરતા કરતા ભગવાનના ધામમાં જતા હતા.

અસલાલીના વાલાભાઈ પટેલના પુત્રનો અંતકાળ નજીક આવ્યો ત્યારે તેણે વેણીભાઈને કહ્યું. આ સ્વામિનારાયણ ભગવાન મને અક્ષર ધામમાં તેડી જવા માટે આવ્યા છે કેટલાયે મોટા મોટા દિવ્ય વિમાનો લઈને મહારાજ પધાર્યા છે. તેમની સાથે હું ધામમાં જાઉવું એમ કહીને દેહ ત્યાગ કરતા હતા.

અસલાલી ગામમાં એક ગણેશ પટેલ હતા. તે સંસારી પદાર્થોની વાસના વાળા હતા. તેમનું અવસાન થયું તે પછી તે સર્પના દેહને પામ્યા. પરંતુ સદ્ભાગ્યે આનંદ સ્વામીની પ્રસાદી તેઓ જમ્યા તેથી દિવ્ય દૃષ્ટિ થવાથી શ્રીહરિના તથા ધામનાં દર્શન તેમને થતા હતા. એક વખત તેણે પોતાના ભત્રીજાની સ્ત્રીને ડંખ માર્યો. તેથી તેના ભત્રીજાએ પૂછ્યું ક્યાતીર્થમાં તમારો મોક્ષ થાય તેમ છે ? સર્પ થયેલા કાકા તે બહેનમાં રહીને બોલ્યા. સાબરમતીના કિનારે નારાયણ ઘાટે મારો નિશ્ચે મોક્ષ થશે. પછી તેનો ભત્રીજો પોતાની પત્નીને નારાયણઘાટે લઈ ગયો ત્યાં ભગવાનની ભક્તિના પ્રભાવથી કાકાને મહારાજે બદરિકાશ્રમમાં મોકલી દીધા.

## ૯૭. દયારામ વિપ્રને દિવ્ય સ્વરૂપે દર્શન તથા સાધુને નિરંજન આશ્રિત કર્યો.

જેતલપુરમાં દયારામ નામના એક વિપ્ર શ્રીજીમહારાજની સારા ભક્ત હતા. તેના ઘેર એકવાર શ્રીજી મહારાજ દિવ્ય સ્વરૂપે પંખાળી ઘોડી પર બિરાજીને પધાર્યા.

એક દ્વિજ ભક્ત દયારામ, પ્રભુ પધારિયા તેને ધામ ॥
આવ્યા પંખાળી ઘોડીએ ચડી, હેયે હાર ને હાથમાં છડી ॥

મહારાજે કંઠમાં હાર ધારણ કર્યો છે. હાથમાં છડી ધારણ કરી છે. દયારામ ભક્તતો મહારાજનું આવું અચાનક દર્શન થવાથી આશ્ચર્ય પામ્યો. અતિ પ્રેમથી મહારાજને પગે લાગી બે હાથ જોડી વિનય પૂર્વક સ્વાગત કરી પલંગ ઉપર બેસાડ્યા . મહારાજની ઘોડીને બાંધી સરસ લીલું ઘાસ નાખ્યું. પછી હાથ જોડી મહારાજને કહે, હે મહારાજ ! આજ્ઞા આપો એટલે થાળ તૈયાર કરાવું હે દયાળુ ! આપ દયા



કરીને અમારો થાળ જમો. વળી મારી બહેન બીજા ઘેર છે, તેને આપનું દર્શન કરવા તેડી લાવું.

કહે નાથ આવ્યા છાના અમે, ઝાઝું જાહેર ન કરો તમે ॥
આજ જાવું છે ગામ ડભાણ, એક જનને તેડવા જાણ્ય ॥
આંહિ રહેવું છ ઘડી બે ચાર, પછી તર્ત થાવું છે તૈયાર ॥
માટે આવ્ય ઓરો આપુ હાર, જાતો ઝાઝી કરીશમાં વાર ॥
દીધો હાર ગયો દયારામ, થયા અદ્રશ્ય સુંદર શ્યામ ॥

મહારાજ કહે છે, ભક્ત ! અમે તો ડભાણમાં એક ભક્તને અમારા ધામમાં તેડી જવા માટે જતા હતા, રસ્તામાં તમારું ઘર આવતું હતું એટલે દર્શન દેવા માટે આવ્યા છીએ. માટે લ્યો આ અમારો હાર રાખો, એમ કહી મહારાજે હાર આપ્યો. દયારામ ઉતાવળે પોતાની બહેનને તેડીને આવ્યા. એટલી વારમાં મહારાજ અદ્રશ્ય થઈ ગયા. દયારામે ગામમાં તપાસ કરી કે મહારાજ કોઈના ઘેર આવ્યા છે. ? પરસ્પર સહુને પૂછી વળ્યા. પરંતુ મહારાજ ક્યાંય મળ્યા નહિ.

કહે સતસંગી બેસો જઈ ઘેરે, પ્રભુ વિરાજે છે કચ્છ તેરે ॥
કહે દયારામ તેહ વાર, આ જો આપ્યો હમણાં જ હાર ॥
કહે સતસંગી ધન્ય ધન્ય, થયું અલૌકિ તને દર્શન ॥
આપ્યો પ્રભુએ પરચો આજ, ધન્ય ભાગ્ય તારા ધ્વિજરાજ ॥

ગામના સૌ સત્સંગી તથા દયારામના બહેન દયારામને કહે છે, મહારાજ તો હાલ કચ્છમાં બિરાજે છે. તમારા ધન્ય ભાગ્ય છે. કે આતો મહારાજે તમને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા છે. મહારાજે તમને આ પ્રગટ પરચો આપ્યો છે. હવે તમે તમારા ઘેર જઈને સુખીથી ભજન કરો.

એક સમયે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી અમદાવાદથી વિદાય લઈ અસલાલી થઈને જેતલપુર પધાર્યા. મંદિરમાં વિશ્રામ માટે થોડીવાર સુતા હતા. ત્યાં નિરંજનદાસ નામના કોઈ સાધુ આવ્યા. પૂર્વ હિન્દુસ્તનાના રહેવાસી હતા. પ્રત્યક્ષ ભગવાનના દર્શનની ઈચ્છાવાળા તે સાધુ દ્વારિકા આદિ તીર્થોમાં ફરતા સ્વામિનારાયણ ભગવાનનું નામ સાંભળી તેમને ખોળતાં ખોળતા જેતલપુર આવ્યા હતા. શ્રીહરિએ તેમને આવકાર આપી કુશળ સમાચાર પૂછયા. પરસ્પર વાતો

કરી. તે સાધુનું મન શ્રીહરિની મૂર્તિમાં તત્કાળ ખેંચાઈ ગયું. તેમણે મહારાજને પ્રાર્થના કરી. હે કૃપાનાથ ! મને તમારો આશ્રિત બનાવો. પછી શ્રીહરિ તેને પોતાનો આશ્રિત બનાવતા હતા.

## ૯૮. દેવો, મુનિજનો તથા ભક્તજનોએ શ્રીહરિની કરેલી સ્તુતિ (સંક્ષિપ્ત)

જેતલપુર ધામની દિવ્ય ભૂમિમાં શ્રીજીમહારાજે અનેક વાર સભાઓ કરી છે. બ્રહ્માદિક દેવો દર્શને આવ્યા છે. સભામાં દેવોએ, સંતોએ તથા ભક્તજનોને શ્રીજી મહારાજની કરેલી સ્તુતિનો સંક્ષિપ્ત સાર આ પ્રકરણમાં નિરૂપણ કર્યો છે.

**દેવોની સ્તુતિ :-** હે પ્રભુ ! જીવપ્રાણીમાત્રની અવિદ્યા દૂર કરીને, સુખ આપનાર તમારા સિવાય બીજો કોઈ નથી. હે મહાપરક્રમી ! જેનાથી આવરણે સહિત અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થયાં છે. લય પામે છે અને પાલન થાય છે તથા વેદો જેને નિર્ગુણ અને સર્વના આશ્રયરૂપ કહે છે. એવું અક્ષરબ્રહ્મ તે તો તમારું શરીર છે. આમ આ જીવોની અવિધા દૂર કરીને તેને તમારા ધામની પ્રાપ્તિ થાય તેટલા માટે જ મનુષ્યકૃતિ ધરીને અવતરેલા આપનું, આ સંસારમાં જે જનો ભજન નથી કરતા, તેઓ ક્યાંય સુખ પામતા નથી. આપની નવ પ્રકારની ભક્તિ જે નથી કરતા, તેઓ કોઈ પણ યોનિમાં સહેજ પણ સુખ પામતા નથી. અને ઘણા જ ભયવાળી કીટાદિક યોનિઓમાં ભમ્યા જ કરે છે. અનેક જન્મોનાં પાપો હરનારી, તમારી પવિત્ર કથાનું આદરપૂર્વક, જે જનો શ્રવણ કરે છે. તે સર્વે આ લોકમાં યશસ્વી થઈને મહા સુખીયા થાય છે. અને પ્રારબ્ધ કર્મને અંતે દેહનો ત્યાગ કરી, તમારા અવિનાશી અક્ષરધામને પામે છે. અત્યારે તમારી કૃપાથી, તમારા ભક્તજનો, વિના પ્રયાસે, તમારા આશ્રયમાત્રથી જ બળવાન કામ ક્રોધાદિક અંતઃશત્રુઓને જીતે છે. એ જ આપનું મોટું ઐશ્વર્ય છે. હે નારાયણ મુનિ ! તમને મુકીને જેઓ અન્યને જગત્કર્તા કહે છે. તેઓ શ્રુતિઓના જ્ઞાનને કારણે નહિ પણ પોતાની મુર્ખાઈને કારણે કહે છે. તમે જ જગત્કર્તા છો. તમે જ સુર્યાદિ સર્વે દેવોને પ્રકાશ કરવાની શક્તિ આપો છો હે હરિ ! તમારી ઉપાશનાથી અસંખ્ય જીવો મુક્ત થઈને ઐશ્વર્યવાન થાય છે. તેમ



છતાં પણ તેઓ તમારા સમાન થતા નથી. કારણ કે ઐશ્વર્ય મળ્યા છતાં પણ, જગત કતૃત્વના અભાવને કારણે તમારા તુલ્ય ન જ થાય. તેથી તમે જ એક સર્વના સ્વામી છો માટે જે જનો તમને અને મુક્તોને એક સરખા કહે છે તેમને કુત્સિત બુદ્ધિવાળા જાણવા.

હે ભગવન્ ! જે યોગી પુરુષોએ પ્રાણ અને ઈન્દ્રિયો વશ કર્યા હોય તેઓ પણ ચંચળ મનરૂપી અશ્વને કોઈ રીતે વશ કરી શક્તા નથી. પરંતુ જગદ્‌ગુરુ એવા તમારા ચરણોનો આશ્રય કરી મુમુક્ષુજનો, અદમ્ય એવા મનરૂપી અશ્વને વશ કરીને, નૌકાશ્રમ વાળા જનો જેમ સમુદ્રને પાર કરી જાય છે. તેમ, આ સંસાર સાગરને વિના પ્રયાસે તરી જાય છે. હે પરાત્તર શ્રીહરિ ! અક્ષરબ્રહ્મ, મુળમાયા અધિષ્ઠાતા મહાપુરુષ, નારદાદિમુનિઓ, અનંત મુક્તો, શેષજી, બ્રહ્માદિક દેવો આ સર્વે પણ, તમારી ચરણરજને વારંવાર મસ્તક ઉપર ચડાવીને પવિત્ર થાય છે.

**મુનિજનોની સ્તુતિ :-** આ સર્વેશ્વર ! આપના સદ્‌ગુણો, યશ-કીર્તિ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, વાણી, ચરિત્રો, સુખ, માહાત્મ્ય, સ્વરૂપ અને ધામો એ સર્વે અપાર છે. આપના આ અપાર સદ્‌ગુણાદિકનું લેશમાત્ર પણ વર્ણન કરવા માટે સાક્ષાત્ શેષજી અને સરસ્વતીજી પણ સમર્થ નથી. કારણ કે આપ તો અનંત છો. તેથી અમે તો આપને કેવળ વંદન કરીએ છીએ. હે સર્વોત્તમ પ્રભો ! અક્ષરધામમાં અને તેમાં રહેલા અગણિત મુક્તોમાં જેટલું તેજ રહ્યું છે. તેટલું તેજ તો તમારા હાથની ટચલી આંગળીના નખચંદ્રમાં જ રહ્યું છે.

**ભક્તજનોની સ્તુતિ :-** હે નરસખા ! હે નારાયણ ! અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ, શિવ, માયા-પુરુષ, પૃથ્વી આદિક આવરણો સહિત અનેક બ્રહ્માંડો, તમારા એક જ રોમ છિદ્રમાં અણુની જેમ નિરંતર ઉડતા ફરે છે. હે પ્રભુ ! આપ કૃપા કરીને આપને વિષે ભક્તિવાળા અને એકમાત્ર તમારા ચરણ કમળમાં જ આ સક્ત ચિત્તવાળા જનોનો સમાગમ પ્રતિદિન અમને આ જન્મમાં આપજાણે પરંતુ આપનાથી જે વિમુખ હોય તેનો સંગ કદાપિ દેશો નહિ. હે ભગવન્ ! અમારી વાણી નિરંતર આપના જ ગુણગાન ગાય, અમારા કાન તમારી જ કથાનું શ્રવણ કરે, અમારા નેત્રો તમારા જ અદભુત સ્વરૂપને જુએ, અમારા બંને હાથો તમારી જ સેવા કરે, અમારું મન

તમારા જ ચરણ કમળમાં રહે, અમારા ચરણો તમારી કે તમારા ભક્તોની સેવા કરવામાં કે તીર્થમાં જ ગમન કરે. વળી હે પુરુષોત્તમ ! અમારા અંતકાળે, આપ આ જ સ્વરૂપે, અમને દર્શન દઈ તમારા ધામમાં લઈ જજો.

## ૯૯. શ્રીહરિના અમૃતમય વચનો (સંક્ષિપ્ત)

જેતલપુરની સભાઓમાં શ્રીહરિએ ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની વૃધ્ધિ થાય તથા પોતાના સ્વરૂપની ઓળખાણ થાય તે માટે અનેકવાર અમૃતમય વચનો કહ્યા છે. તેમાં સંપ્રદાયના મહાન ગ્રંથ વચનામૃતમાં નંદસંતોએ પણ જેતલપુરના પાંચ વચનામૃત ગુંથ્યા છે. તે સિવાય નંદસંતો રચિત સંત્સગિભૂષણ, સત્સંગિજીવન, શ્રીહરિકૃષ્ણ લીલામૃત, શ્રી હરિલીલાસિંધુ તથા ભક્ત ચિંતામણિ આદિક ગ્રંથોના આધારે આ પ્રકરણમાં સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે

શ્રીહરિ કહે છે. હે મુનિ આદિક ભક્તજનો ! આ સભામાં, આપણા સર્વેના દેહો, અસંખ્ય સૂર્ય સમાન તેજોમય છે અને તેમાંથી અનંત તેજ નીકળી રહ્યું છે એમ હું દેખું છું હે જનો ! આ જગતમાં જય-પરાજ્ય, સુખ-દુઃખ, યશ-અરઅપયશ, વગેરે જે કાંઈ થાય છે તે ફક્ત મારી જ ઈચ્છાથી થાય છે, તેનો કરનાર બીજો કોઈ નથી. મારી બાંધેલી ધર્મ-મર્યાદા જે જનોને રૂચતિ નથી તે જનોને શોધીને, સર્વને, એક સાથે જ, હું કાળ સ્વરૂપે દંડ દઉં છું, તે કોણ નથી જાણતું ? કાળ સ્વરૂપે પણ હું જ છું. આ બ્રહ્માંડમાં જે કાંઈ ક્રિયા થાય છે તેનો કર્તા મારા સિવાય બીજો કોઈ જ નથી. તેથી આ લોકમાં જો, તમને કંઈ સુખ કે દુઃખ આવે, તો તે સમયમાં ધીરજ રાખીને, સ્થિર બુદ્ધિ (મારે વિષે અચળ નિષ્ઠા, શ્રદ્ધા અને આશરો) રાખજો. હું અવશ્ય મારા ભક્તજનોની સર્વ પ્રકારની રક્ષા કરીશ. અને મારે વિષે સ્થિર બુદ્ધિ રાખતાં-રાખતાં જો તમારો દેહ પડી જશે. તો આગળ તમને દિવ્ય સુખની પ્રાપ્તિ થશે. પરંતુ હે જનો ! તમે જો મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશો તો પછી, સૌ સૌના કર્મનું ફળ ભોગવશો.

જે જે થાય છે જક્તમાં, તેનો બીજો નથી કરનાર ॥
સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિરમતિ ॥



જાળવિશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥
એમ કરતાં જો પંડ પડશે. તો આગળ સુખ છે અતિ ઘણું ॥
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુતણું ॥
નહિ તો તમે નિચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ॥
તે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥

તમારે, મારે વિષે સ્થિર બુદ્ધિ રાખ્યા સિવાય કાંઈ કરવાનું જ નથી. તમે નિશ્ચિંત થઈને આલોકમાં રહેજ્યો કારણ કે, અક્ષરથી પણ પર, પુરુષોત્તમ એવો હું તમને સાક્ષાત્ મળ્યો છું પુણ્યકારી આ નારાયણ ક્ષેત્ર, પાપ વિનાશક આ મુનિ આશ્રમ આ દેવવાડી, આ દેવ સરોવર, આ જગ્યા, આ યજ્ઞભૂમિ, આ સભા, આ મહોલ ઈત્યાદિ સર્વ, નિરંતર સ્મરણ કરવા યોગ્ય છે. તેનાથી દેહાંત કાળે તમને જરૂર મારી સ્મૃતિ થઈ આવશે. હે નિષ્પાપ ભક્તજનો ! અને તેથી દુઃખ સાગર આ દેહનો ત્યાગ કરીને, તમે મારા ધામને પામશો.

કૃષ્ણનામનો હું જ, સર્વ કારણનો કારણરૂપ ભગવાન પુરુષોત્તમ છું, સૂર્યાદિક સર્વે પ્રકાશ આપનારાને, પણ પ્રકાશ આપનાર હું જ છું. સર્વેના કારણ અને અંતર્યામી પણે, અક્ષરથી આરંભીને તૃણપર્યંત સર્વેમાં પુરુષોત્તમ એવો હું જ રહેલો છું, સર્વે અક્ષરાદિક, જીવ, ઈશ્વરો વિગેરેમાં પ્રવેશીને,મારી સામર્થીથી, પાત્ર પ્રમાણે ન્યૂનાધિક પણું દર્શાવીને હું જ બહુ સ્વરૂપે રહ્યો છું, પણ જીવ ઈશ્વરપણા ને ક્યારેય પણ પામીને, તેમાં રહેલો નથી તેથી સ્મૃતિઓ અને શ્રુતિઓ મને- શ્રીહરિને જ, સર્વ અંતર્યામી, સર્વરૂપ અને સર્વેના પ્રકાશક તરીકે જ સદાય વર્ણવે છે. પાર્ષદોના પુછવાથી શ્રીહરિએ પાર્ષદો કેવી રીતે વર્તે તો શ્રીહરિ રાજી થાય તેની સઘળી રીત તથા પાર્ષદોના ધર્મો કહી સંભળાવ્યા. ધર્મવંશી આચાર્ય પોતાને જ્યાં શ્રીહરિના મંદિરમાં સેવામાં વાડીમાં કે પોતાની પાસે રાખે ત્યાં પ્રેમપૂર્વક નિત્ય સ્થિતિ કરે.

શ્રીહરિ સંતોને ઉદેશની કહે છે હે સંતો ! તમે સત્શાસ્ત્રોનો અભ્યાસ કરજો અને સદ્‌વિદ્યાથી મનુષ્ય અધિક શોભે છે. સદ્‌વિદ્યા ભક્તિ અને મુક્તિ બંનેને આપનારી વિદ્યા છે. પરદેશમાં સદ્‌વિદ્યા બંધુની માફક સહાય રૂપ થાય છે. સદ્‌વિદ્યા મનુષ્યને માન અપાવે છે. પ્રતિષ્ઠા અપાવે છે. જેની પાસે સદ્‌વિદ્યા નથી

તેવા માણસને શાસ્ત્રો પશુ સમાન કહે છે. અમને પણ સદ્‌વિદ્યામાં અતિશય રુચિ છે માટે તમને આગ્રહ કરીને કહીએ છીએ કે સદ્‌વિદ્યા શીખજો.

અદ્વૈતાનંદ સ્વામીએ શ્રીહરિની નાના વિધ ઉપચારથી પૂજા કરીને કંઠમાં સ્ફટિક મણિનો હાર પહેરાવ્યો ત્યારે શ્રીહરિ કહે, આવી કિંમતી વસ્તુઓ સંતોએ રાખવી નહિ. સંતોએ તો માત્ર ચંદન પુષ્પાદિક થી જ અમારી પૂજા કરવી. પરંતુ ગૃહસ્થની માફક કિંમતી ચીજ વસ્તુઓથી ન કરવી.

મહર્ષિઓએ શાસ્ત્રોમાં માયા, ઈશાની, મહાદુર્ગા, પાર્વતી, અંબિકા વગેરે નામોથી, પાપને હરનારી જે દેવી કહેલી છે તે દેવીનું પૂજન કેવી રીતે કરવું તેની રીત વિદ્વાનોમાં મુખ્ય એવા નરભેરામ આદિક શાસ્ત્રી ઓને સભામાં બોલવા ઉભા કરીને શ્રીહરિ કૌલમાર્ગરૂપી અધર્મનો નાશ કરાવવા માટે બ્રાહ્મણો દ્વારા જ, મદ્યમાંસ યુક્ત દેવી પૂજનની નિંદા કરાવતા હતા અને ધર્મવૃધ્ધિ કરાવતા હતા. શાસ્ત્રીઓ કહે છે, બ્રાહ્મણાદિ સર્વે વર્ણોએ પૂરણ પોળી, લાડુ, દૂધપાક, કંસાર, મધ, ઘી, સાકર, જલેબી, વડાં, દ્રાક્ષ, શીરો, પુરી, અન્ય ભક્ષ્ય ભોજ્યા દિ પકવાનો તથા સુંદર શાક વગેરે વડે જ દેવીનું પૂજન કરવું. જે જનો જગદંબા દેવીને મદ્ય માંસાદિ યુક્ત નૈવેદ્ય ધરાવીને ખાય છે. તે સર્વેજનો ચાંડાલ જેવા છે.

શ્રીહરિ બ્રહ્માંડનું વર્ણન કરીને પોતાના સર્વોપરી અક્ષરધામનું વર્ણન કરે છે. હે ભક્તો ! ભક્તો ! અક્ષર, બ્રહ્મ વગેરે સંજ્ઞાવાળું મારું બ્રહ્મપુરધામ, સર્વથી શ્રેષ્ઠ છે અને ત્યાં કાળમાયાદિકનું સામર્થ્ય ચાલતુ નથી. ત્યાં દિવ્ય દેહધારી, દિવ્ય વસ્ત્રાલંકારવાળા, અમાયિક ઈન્દ્રિયો અને પ્રોમોવાળા, મુક્તજનો નિવાસ કરે છે. તે ધામમાં મહાત્મા એવા સર્વે મુક્તોના સ્થાન, સમૃદ્ધિ, ઐશ્વર્ય, રૂપ, ભોગ, સુખ આ બધું સર્વ સમાન છે. અને જ્યાં ભોગાદિકનું ન્યૂનાધિકપણું દેખાય છે, તે તો અનુભવ કરનારા ભક્તોની ઈચ્છાને કારણે જ છે પરંતુ બીજું કાંઈ કારણ નથી. તે મારા બ્રહ્મપુર ધામમાં, તે જો મય દિવ્ય સિંહાસન ઉપર વાસુદેવ, પરબ્રહ્મપુરુષોત્તમ એવો હું, સદાય ધિરાજમાન રહુ છું. ત્યા રાધા લક્ષ્મી આદિક અગણિત સેવકો સદાય મારા યુગલ ચરણકમળની સેવા કરે છે અને મારા ગુણાનુગાન કરે છે. મૂર્તિમાન ષડૈશ્વર્યથી યુક્ત, નવીન મેઘસમાન શ્યામ, અનેક બ્રહ્માંડ નાયક, બ્રહ્માદિકથી વંદિત એવો હું, ત્યાં નિત્ય સદા કિશોર અવસ્થામાં રહેલો છું. હે



ભક્તજનો ! પૂર્વે બ્રહ્માએ વારંવાર પ્રાર્થના કર્યાથી, તે જ હું આ ભૂમિનો ભાર ઉતારવા, વસુદેવ- દેવકીજી થકી કૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયો હતો અને પૃથ્વીનો ભાર ઉતારી, ઈત્યાદિક મારા ભક્તોને ખુબ સુખ આપી પુનઃ મારા ધામમાં પાછો ગયો હતો. હે જનો ! પૂર્વ સૃષ્ટિ સર્જન સમયે વેદોએ સ્તુતિ કરી હતી કે હે પ્રભો ! તમે અજ્ઞાનનો નાશ કરો. તેથી તે જ હું, અત્યારે હરિ પ્રસાદ વિપ્રને ઘેર પ્રગટ થઈને, સર્વે જીવ પ્રાણીમાત્રના અજ્ઞાનને દૂર કરું છું. સમાધિ તથા ધ્યાન-ધારણ કરાવનાર, તેમજ સ્ત્રી પુરુષોનાં અજ્ઞાનનો નાશ કરવા માટે અવતાર લેનાર એવા મારું નીલકંઠ, નારાયણ, હરિ, સ્વામિનારાયણ, કૃષ્ણ, હરિકૃષ્ણ આવું નામ, જે જનો જાણે અજાણ્યે લેશે, તેને અંતકાળ સમયે મારું અને મારા મુક્તોનું દર્શન અવશ્ય થશે. એટલું જ નહિ. પરંતુ મારા અને મારા મુક્તોના દર્શનથી તે, માયાદિક અષ્ટાવરણોને ભેદીને, પ્રકૃતિથી પર, એવા મારા અક્ષરધામને પામશે.

## ૧૦૦. જેતલપુરમાં પ્રસાદીનાં સ્થાનો

આ જેતલપુર ગામની બધી ભૂમિ શ્રીહરિચરણાંકિત થયેલી છે. તેમનાં સ્વરુપ સમાન આચાર્યવર્યોથી તથા સંતોનાં પદારવિંદથી પવિત્ર બનેલી છે. શ્રીહરિનાં વ્હાલા હરિભક્તોનાં ચરણથી અંકિત થયેલી છે. પવિત્ર વેદપાઠી બ્રાહ્મણોએ ત્યાં મુક્તકંઠે વેદગાન કર્યું છે. જમીને તૃપ્ત થયાં છે. એવાં આ ગામની કઈ ભૂમિ પવિત્ર નથી ? જેતલપુરનાં પાંચમાં વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે કે 'અને જુવોને આ જેતલપુર ગામમાં અમે કેટલાક યજ્ઞ કર્યા. કેટલાંક વરસથી આંહી રહીએ છીએ અને આ તળાવને વિષે અમે સર્વે સંતો સહિત હજારો વાર નાહીએ છીએ અને આ જયતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો સો વાર ફર્યા છીએ. અને ઘેર ઘેર ભોજન કર્યા છે અને આ ગામની સીમ ને ગામ તે વૃન્દાવન કરતાં પણ વિશેષ રમણસ્થળ કર્યું છે'એટલે સર્વે ભૂમિ પવિત્ર છે. છતાં વિશેષપણે જે સ્થળો શ્રહરિનાં ઉપયોગમાં આવ્યાં એવાં સ્થાનોની યાદી નીચે આપી છે.

**મંદિરમાં :** ઉગમણે બાર ત્રણ શિખરનું ભવ્ય ગગનચુંબી મંદિર છે. અહી ગંગામાનું ઘર હતું. તેમાં એક ભાગમાં શ્રીરામાનંદ સ્વામીનું મંદિર હતું જે અક્ષર

ઓરડીનાં નામથી પ્રસિદ્ધ હતું ને સંતોનું મંદિર પણ કહેવાતું તે ગંગામાનાં કબજામાં હતું. શ્રી રામાનંદ સ્વામીનું ત્યાં સદાવ્રત ચાલતું તે પાડીને આ શિખરબંધ મંદિર કરેલ છે. તેમાં મધ્ય મંદિરમાં શ્રી રેવતીજી-બળદેવજી અને શ્રીહરિકૃષ્ણ મહારાજની શ્વેત મૂર્તિઓ છે. તે શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપન કરેલી છે. દક્ષિણાદા શિખરમાં શ્રી રાધાકૃષ્ણની ધાતુની મૂર્તિઓ છે. ઉત્તર શિખરમાં સુખશૈય્યા છે. ઘુમટની પૂર્વ દિશાએ ઉત્તર મુખારવિંદે ગણપતિજી અને દક્ષિણ મુખારવિંદે હનુમાનજી છે.

**ચોકમાં છત્રી :** ત્યાં મંદિર હતું. ત્યાં રાધાકૃષ્ણની મૂર્તિ હતી જે હાલ બહેનોના મંદિરમાં બિરાજે છે. આ છત્રીની સમીપમાં બેસીને શ્રીહરિએ વાર્તા કરેલી જે જેતલપુરનાં બીજા વચનામૃતમાં છે. અહીં એક લીમડો પણ હતો તેની નીચે શ્રીહરિ બેસતાં.અહીં જે મંદિર હતું તે અક્ષર ઓરડીનાં નામે ઓળખાતું.

શ્રી રાધાકૃષ્ણની શ્યામ મૂર્તિઓ પહેલા પધરાવેલી. આ મૂર્તિઓ આશરે એક હાથ ઊંચી છે. તે ગંગામાને વંશપરંપરામાં મળેલી ને તેનું પૂજન સદ્‌ગુરુ રામાનંદ સ્વામી તથા શ્રીહરિએ પણ અનેકવાર કરેલું છે. ગંગામાનું ઘર મંદિર કરવા માટે પાડી નાંખ્યું ત્યારે તે મૂર્તિઓ ત્યાંથી લઈને જૂના ભંડારની જગ્યાએ સંતોની જૂની ધર્મશાળા હતી ત્યાં થોડા સમય માટે પધરાવેલી. ત્યાર પછી ગામમાં જે ગંગામાનું ઘર છે ત્યાં પધરાવેલી. ગંગામાનાં અક્ષર નિવાસ પછી નવા થયેલા સભામંડપમાં સંવત ૧૯૭૦ થી ૧૯૭૩ના અરસામાં સદ્‌ગુરુ સ્વામી નિરન્નમુક્તદાસજીનાં સમયમાં પધરાવી હતી. કારણ કે ગંગામાનાં ઘરમાં આ મૂર્તિઓ હતી ત્યારે પૂજારીઓને પૂજા માટે ત્યાં જવા આવવાની અગવડ પડતી હતી.

(પ્રસાદીના દર્શનમાં) કબાટમાં પ્રસાદીની વસ્તુઓ છે તેમાં એક પ્રસાદીનો પથ્થરનો વાટકો છે જેમાં શ્રીહરિ દૂધ પીતા, રસ જમતાં, દહીં જમતા. (જે હાલ નિજ મંદિર ઉપર ઘનશ્યામ મહારાજના સિંહાસનનાં બાજુમાં સંગ્રહિત છે.)

## જેતલપુર ગામમાં

મંદિરની બહાર પૂર્વ દિશામાં દરવાજા બહાર સામે ગલીમાં ગંગામાનું પ્રસાદીનું ઘર છે. જુનું ગંગામાનું ઘર મંદિર માટે તોડી નાંખ્યા પછી તેઓ આ ઘર વાપરતાં. તેમાં કોઠલો છે. જેમાં બેસીને શ્રીહરિ રોટલો અને માખણ લઈ જમતા. એક કોઠી પણ છે. જેમાં શ્રીહરિ સંતાઈ ગયેલા અને બ્રહ્મમુનિએ આવીને 'માતાજી યશોદા રે' તે કીર્તન બોલી તેમને છતા કર્યા હતાં.



**આશજીભાઈનું ઘર :** આશજીભાઈનાં આ ઘરમાં શ્રીહરિ અનેકવાર આવ્યા છે. ગંગાજી લાવો, અમારે ન્હાવું છે એમ શ્રીહરિએ કહ્યું ત્યારે આ ઘરની બહાર પથ્થર ઉપર બેસાડીને શ્રીહરિને બેડાં ભરી ભરીને નવરાવ્યા છે. આ ઘર હાલ પાટીદારવાસમાં છે.

**બેનીબાનું મંદિર :** બેની બહેનને ચુડેલ સતાવતી તેથી ગંગામાએ આશજીભાઈને ત્યાંથી શ્રીહરિ જે પથ્થર ઉપર બેસી નાહ્યા હતા તે પ્રસાદીનો પથ્થર બેનીબાને ઘરે લાવીને મૂક્યો ને ચુડેલની ઉપાધિ મટી ગઈ. આ ઘર અને તેમાં ભીંત ઉપર ચોટાડેલો આ પથ્થર ગામમાં તેમનાં જ વંશજ શ્રી કેશવલાલ ખોડીદાસ પટેલનાં ઘરમાં જે પાટીદાર વાસમાં છે. જે પ્રસાદીનું મકાન તેમનાં વંશજોએ જેતલપુર મંદિરને કૃષ્ણાર્પણ કરેલ છે.

### રાષ્ટ્રીય ધોરી માર્ગની પશ્ચિમે

**અંબાજી માતા :** કિલ્લાનાં દરવાજે પેશ્વાઓએ પૂજેલા પ્રસિદ્ધ છે. શ્રીહરિએ તે માતાજીને પોતાનો મુગટ ધરાવેલો.

**ગઢીઃ** (કિલ્લો અથવા કોઠો કહેવાય છે) આ ગઢી ગુજરાતનાં સૂબો સૈફખાને પંદરમી સદીમાં બંધાવેલી. અહીં રાજ્યનું થાણું રહેતું તથા કાપડ ઉપર જકાત લેવાતી. અહીં અનાજ, ઘી, તેલ, ગોળ અને તમામ અન્ય ચીજોનો કોઠાર શ્રીહરિ પધારતા ત્યાં રહેતો. યજ્ઞમાં ઘી ખૂટાડવાનું વિરોધીઓએ નક્કી કર્યું ત્યારે એક ઘીનાં કુડલાને શ્રીહરિએ અક્ષયપાત્ર બનાવેલું. અહીં પાઠશાળા પણ હતી. આ ગઢીનાં બુરજ ઉપર ચઢી ગોવર્ધન અને તુલજારામ નામનાં બે વૈશ્યોની પરીક્ષા કરેલી. આ ગઢી શ્રીહરિ પધારતા ત્યારે અનેક રીતે ઉપયોગમાં આવતી. હાલ તે ખૂબ જ જીર્ણ અવસ્થામાં છે.

**વાવ :** આ વાવ ગઢીની બહાર એસ.ટી. સ્ટેન્ડની પાછળ ખાઈમાં છે. તે પૂરાઈ ગઈ છે. તે જ્ઞાન વાવ કહેવાય છે. તે વાવમાં શ્રી નીકલંઠ વર્ણીએ સ્નાન કર્યું હતું ને તેનાં કાંઠા ઉપર બેસી નિત્ય વિધિ કર્યો હતો. ત્યારે ગંગામા તેમને અતિથિ તરીકે પ્રથમવાર પોતાને ઘરે જમવા બોલાવી ગયાં હતાં. આ વાવ હાઈવે બનતાં

પુરવામાં આવી છે.

**આંબલી :** મહોલ તરફ જતાં હવાડા પાસે આંબલી નીચે ઓટો કરેલો છે ત્યાં શ્રીહરિ બેસતા. મહોલ તરફ જતાં દેવસરોવરનાં કિનારે છત્રી છે ત્યાં બેસીને શ્રીહરિ દાતણ કરતાં. આ ગંગામાનો તુલસી ક્યારો કહેવાતો.

**ઝંડીયો કૂવો :** ઉપરની છત્રીની બાજુમાં પૂર્વ તરફ તળાવમાં ભગ્નાવસ્થામાં છે. જેમાં હજારો ભૂતોનો વાસ હતો. શ્રીહરિએ સર્વેનું કલ્યાણ કરેલું. ઉપરની છત્રીની સામે દક્ષિણાદે યજ્ઞશાળા છે. અહીં શ્રીહરિએ યજ્ઞો કરેલા તે યજ્ઞોનાં પ્રતિકરૂપે ત્યાં છત્રી કરેલી છે. પાસે એક પ્રસાદીનાં હનુમાનજીની દેરી છે ત્યાં બેસીને જેતલપુરનાં બીજા વચનામૃતની કેટલીક વાર્તા કરી હતી.

**દેવસરોવર :** તેમાં નિત્ય સંતો સહિત શ્રીહરિ સ્નાન કરતા. તેમાં બહુ જળક્રીડા કરેલી છે. તેને ફરતાં અનેક સ્થાનોમાં વૃક્ષ નીચે બેઠા હતાં. હિંડોળે ઝુલ્યા હતા. આ પાવનકારી દેવસરોવરમાં સ્નાન કરવાનો મોટો મહિમા છે. તેથી શ્રીહરિએ સંતો સહિત પરિક્રમા કરેલી છે. આ સરોવરની ફરતો ઉતારો થતો. અકાલપીડિત જનો મુકામ કરતા. ગોસાંઈ બાવાની જમાત આ સરોવરની ફરતી ઉતરેલી. સામે કાંઠે વૃક્ષ હતું ત્યાં શ્રીહરિ હિંડોળે ઝુલ્યાં હતાં.

**મહોલ :** આ મહોલ બહુ જુનો છે. દેવસરોવરને અડીને છે. તેમાં શ્રીહરિનો ઉતારો રહેતો. શ્રીહરિએ ભગવદ્ વાર્તા કરેલી છે. જે જેતલપુરનાં ચોથા વચનામૃતમાં છે. તેની દક્ષિણ દિશામાં આસોપાલવનાં વૃક્ષ નીચે બેસીને જે ભગવદ્ ગીતા કહેલી તે જેતલપુરમાં પહેલા વચનામૃતમાં છે. શ્રીહરિ મહોલમાં બિરાજેલ હતા ત્યારે એક તેજનો ગોળો આવ્યો અને પછી તેનાં ત્રણ વિભાગ થયા. તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી દર્શને આવ્યા હતા તેનો હતો. તેની અગાશીમાં ઊંચી છત્રી નીચે બેઠક છે ત્યાં બેસીને જીવણભક્તનો મઠનો રોટલો જમ્યા હતાં. અહીં ચોકમાં બેસીને જેતલપુરનાં પાંચમાં વચનામૃત મુજબ વાર્તા કરી હતી. ત્યાં બેસીને દેશવિભાગ કર્યા હતાં. આ મહોલ બાદશાહનાં સાળાનો હતો. તે સમયે ફક્ત એક રૂપિયામાં આનંદ સ્વામીએ વેચાતો લીધો હતો.

આ મહોલમાં પૂર્વ દિશામાં એક હનુમાનજી અને એક ગણપતિજીની ડેરી છે. પશ્ચિમ દિશામાં જે મહાદેવ છે તે એક ગોસાંઈની ઈચ્છાથી શ્રીહરિના આદેશથી



આનંદાનંદ સ્વામી આદિ સંતોએ પધરાવેલા અને શ્રીહરિએ તેમનું દર્શન પૂજન કર્યું. અગાશીમાં છત્રીમાં પ્રથમ પંચમુખી શિવલીંગ પધરાવેલ તે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવનાં નિજ મંદિરમાં પધરાવેલ છે.

**કૂવો :** મહોલમાં એક પ્રસાદીનો કૂવો છે. ત્યાં અનેક વખત શ્રી હરિએ સ્નાન કરેલું છે. ત્યાં કોસ ચાલતા, શ્રીહરિ કાંઠે બેસીને કૂવામાંથી કમંડળ ભરી સ્નાન કરતાં.

**ગંગામા સ્મૃતિભુવન :** વાડીમાં ગંગામા અને તેમના પતીનો અગ્નિ સંસ્કાર કર્યો હતો ત્યાં ભવ્ય સ્મૃતિ ભુવન બનાવેલ છે. સદ્ગુરુ વાસુદેવાનંદવર્ણી સર્વપ્રથમ મહારાજને મળ્યા તેની સ્મૃતિ છત્રી વાડીમાં બનાવેલ છે.

**અક્ષર ફુલવાડી :** ''અમને પ્રથમ જમીનદાર બનાવ્યા'' એમ કહી શ્રીહરિને પાટીદારોએ આ વાડી તેને અર્પણ કરી હતી.શ્રીહરિએ તેનો લેખ બોરસડીનાં વૃક્ષ નીચે બેસી સ્વીકાર્યો હતો. અહીં ભણનારા સંતો પણ પર્ણકૂટિઓ બાંધી રહેતા. બોરસડીનાં વૃક્ષ નીચે બેસી કથા વાર્તા-ભજન, ધ્યાન માળા, જપ કરતા. માંદા સંતો માટે આ ફુલવાડી શ્રીહરિએ રાખેલી. આ વાડી ખૂબ પ્રસાદીની છે. બોરસડીનાં વૃક્ષની પશ્ચિમે ખેતરમાં સાર્ધ શતવાર્ષિક ઉત્સવ પ્રસંગે યજ્ઞ મંડપ અને તેની પશ્ચિમે વિશાળ સભામંડપ તથા ચિત્ર પ્રદર્શનનો મંડપ કરેલો.

**બોરસડી :** અહીં પ્રસાદીની બોરસડી નીચે સભા કરી શ્રીહરિ બેસતા. ત્યાં બેસીને જેતલપુરનાં ત્રીજા વચનામૃત મુજબની વાર્તા કરેલી છે. જ્યાં શ્રીહરિ બેસતા ત્યાં ઓટો અને ઉપર છત્રી કરેલ છે.

**વડ :** વાડીમાં પ્રવેશતાં ડાબા હાથે કૂવાકાંઠે પ્રસાદીનો વડ છે તેની નીચે શ્રીહરિ બેસતા ને હિંડોળે ઝૂલતા બ્રહ્મ રાક્ષસ કાઢ્યો : ફૂલવાડીમાં પેસતાં જમણે હાથ એક છત્રી છે. ત્યાં એક જાંબુનું વૃક્ષ હતું તેની નીચે બેસીને મહુધાનાં ઈશ્વર બ્રાહ્મણનો બ્રહ્મ રાક્ષસ કાઢ્યો હતો. આ વૃક્ષ ઘણા સમયથી પડી ગયું છે.

**કાકડી જમ્યાં :-** ફૂલવાડીમાં પેસતા દક્ષિણાદો એક છત્રી છે. તે સ્થળે રાયણનાં વૃક્ષ નીચે બેસી શ્રીહરિ એક વિપ્રે આપેલ કાકડીઓ જમ્યા હતાં. સખત ભીડને લીધે વિપ્ર કાકડી આપવા જઈ શકે નહીં તેથી શ્રીહરિએ હિંડોળેથી ઉતરી તેની પાસે જઈ કાકડીઓ માંગી લીધી ને પાછા હિંડોળામાં જઈ ને જમ્યા હતાં.

**આનંદ સ્વામીનો ઓટો :** વાડીમાં પ્રવેશતાં ડાબી બાજુ છે. અહીં આનંદાનંદ સ્વામીનો અગ્નિસંસ્કાર કરેલો ત્યાં ભવ્ય સ્મૃતિ ભુવન બનાવવામાં આવેલ છે.

**યજ્ઞશાળા :** દેવ સરોવરનાં દક્ષિણ કિનારે વિશાળ છત્રી કરેલી છે અત્રે મહાવિષ્ણુયાગ જેવાં અનેક યજ્ઞો થયા તેમાં મુખ્ય કુંડ પર શ્રીહરિ બિરાજ્યા હતા તે જગ્યા પર યજ્ઞની સ્મૃતિ છત્રી બનાવેલ છે.

**શ્રીહરિ દાતણ કરતાં :-** દેવ સરોવરનાં દક્ષિણ કાંઠે અને મહોલની પૂર્વ દિશામાં છત્રી કરેલ છે ત્યાં બેસીને શ્રીહરિ નિત્ય પ્રત્યે દાતણ કરતા અને કાંઠે બેસીને સ્નાન કરતાં.

**ગોપાળાનંદ મિલન :-** બોરસલીની પાસે ખુશાલ ભટ્ટ શ્રીહરિને મળ્યા તે મિલન મંદિર બનાવેલ છે.

વાસુદેવાનંદ વર્ણી મિલન :- બોરસલીની પાસે સદ્‌ગુરુવાસુદેવાનંદ વર્ણીને ર ૪ ર પ્રથમ મળ્યાં તેની સ્મૃતિ છત્રી બનાવેલ છે.

## ૧૦૧. જેતલપુરમાં મહારાજનાં આગમનની તવારીખ

ભગવાનશ્રી સહજાનંદ સ્વામીનું પ્રાગટ્ય આલોકમાં થયા પછી ૧વર્ષ છપૈયામાં રહ્યા. સાત વર્ષ વન વિચરણ ક્યું ૨૭ વર્ષ ગઢપુરમાં રહ્યા તથા રામાનંદ સ્વામી સાથે ૧ વર્ષ વિચરણ સોરઠમાં કર્યું દશમાસ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં લોજમાં રહ્યા ઉપરાત મુળીમાં ૧ દિવસ બે દિવસ -પાંચ દિવસ, પંદર દિવસ,દોઢ માસ, અઢીમાસ, છમાસ, ૧ વરસ, સવા વરસ સતત રહ્યા છે. લીમલીમાં ચારમાસ સતત રહ્યા છે. મેમકામાં ૯ માસ સતત રહ્યા છે. મેથાણમાં પંદર દિવસ, છ માસ, સાત માસ સતત રહ્યા છે. વડનરગર -વિસનગર બે સ્વરૂપ અઢી વર્ષ બ્રહ્મ ભોજન કરાવ્યું છે પીપલાણા આખા માં છ માસ યજ્ઞ કરાવ્યો છે. મેઘપુરમાં છ માસ ચોરાસી કરી છે. ડભાણ યજ્ઞ વખતે ડભાણ સાથે આધોઈમાં યજ્ઞ, ખંભાત માં શેઠ સ્વરૂપે ૫૦ ગાડા સીધુ ભરી આપ્યું. જોબન પગીને ઘોડે ઘોડે દર્શન, યજ્ઞ પૂર્ણ થયા પછી ભક્તોના સંઘ પોત પોતાના ગામમા જતા એક સંઘ દેવળીયા (તાપીપાસે) તળાવની બાજુમા રાત્રી રહેલા વહેલી સવારે તળાવમાં



સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્ર અવાજ સાંભળીને ભક્તોએ જોયું કે સંતો તળાવમાં સ્નાન કરતા હતા તે જાણી જઈને પૂછ્યું તો સંતો એ કહ્યું કે અહી મહારાજ અઢી માસથી કથા- વાર્તાનું સુખ આપે છે. પછી ભક્તો ગામમાં શ્રી હરિના દર્શને ગયા ત્યાં ધમડકાથી પત્રિકા આવી કે શ્રીહરિ કચ્છમાં નિત્યાનંદ સ્વામી પાસે ભાગવતની સાત દિવસની પારાયણ કરાવે છે તે જાણીને ભક્તોને આશ્ચર્ય થયું યજ્ઞ પૂર્ણ થયા બાદ માણાવદરથી પર્વતભાઈ મયારામ ભટ્ટ આદી ૫૦ ભક્તોનો સંઘ ડભાણ યજ્ઞના દર્શન આવતો હતો તેમને યજ્ઞ પૂર્ણ થયા તેની ખબર ન હતી. ત્યાં રસ્તામાં શ્રીહરિએ માણકી પર આવીને દર્શને આપ્યા અને કહ્યું તમે પાછા વળો અમો સામે ગામ જઈને તમારા ગામ આવીએ છીએ સંઘ પાછો માણાવદર આવ્યો ને તપાસ કરી તો ક્યાંય મહારાજ આવ્યાના સમાચાર હતા નહિ. આવી રીતે શ્રી હરિએ અનંત સ્વરૂપે વિચરણ કર્યું છે.

## જેતલપુર

*(સંકલન કર્તા : પ.ભ. શ્રી હિમતભાઈ માવજીભાઈ મોરશીયા - રતનપર, સુરેન્દ્રનગર)*

આવી રીતે શ્રીહરિની વિચરણલીલા આપણા મુખ્ય સચ્છાસ્ત્રોમાં વિસ્તારથી લખી છે. તેમાં ઉડાણ પૂર્વક નજર કરતા આ સત્સંગમાં શ્રીહરિનું વિચરણ ૩ થી ૪ સ્વરૂપે દેખાય છે. આમ ૯ વર્ષ ર માસ અને એક દિવસની આયુષ્યથી વધારે તો શ્રીહરિનું ગામો- ગામ રોકાણ છે અને કોઈ ગામમાં એકવાર પાંચવાર, પંદરવાર, સોળવાર, વીસવાર, સતાવીસવાર, બત્રીસવાર, છત્રીસવાર, સારંગપુર કારીયાણીમાં બંનેમાં એકાશીવાર પધારેલા છે. એવી જ રીતે જેતલપુરમાં પણ પંચાસીવાર મહારાજ પધારેલા છે તે ખૂબજ ચકાશીને સાલવાર મેળવ્યુ છે. શ્રીહરિનાં આવવા જવાનાં ગામોનાં રસ્તા તથા સમૈયા વગેરે મેળવીને સાલવારની નોંધ કરી છે. શ્રીહરિએ જેતલપુર ધામનું માહાત્મ્ય વચનામૃતમાં જણાવ્યું છે ‘‘અમે ઘેર ઘેર સો સો વાર ફર્યા છીએ અને ભોજન કર્યા છે.’’

શ્રીહરિનુ જે જે ગામમાં ઝાઝુ રોકાણ છે છતાં તે તે સમય માં શ્રીહરિનું વિચરણ બીજા ગામોમાં બીજા સ્વરૂપે ચાલુ જ હતું

વિ.સં. ૧૮૫૫ની સાલમાં શ્રીનીલકંઠ વર્ણી સ્વરૂપે પ્રથમવાર જેતલપુર પધાર્યા

વિ.સ.૧૮૫૯ની સાલમાં પધાર્યા શ્રીહરિલીલા - સિંધુ સપ્તમરત્નતરંગ ૧૧
વિ.સ. ૧૮૬૧નીસાલમાં પધાર્યા - સપ્તમરત્નતરંગ- ૨૦
વિ.સ. ૧૮૬૧નીસાલમાં બીજીવાર - સપ્તમરત્નતરંગ - ૨૧
વિ.સ. ૧૮૬૧નીસાલમાં ત્રીજીવાર - સપ્તમરત્નતરંગ - ૨૩
વિ.સ. ૧૮૬૧નીસાલમાં ચોથીવાર - શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર-૪ તરંગ - ૧૧૦
વિ.સ. ૧૮૬૧નીસાલમાં પાંચમીવાર - શ્રી હરિચરિત્રામૃત સાગર પૂર -૫ તરંગ - ૬૦
વિ.સ. ૧૮૬૧નીસાલમાં છઠ્ઠીવાર - પ્રસાદાનંદ સ્વામીનીવાતો વિશ્રામ - ૧૩
વિ.સ. ૧૮૬૧નીસાલમાં સાતમીવાર - પ્રસાદાનંદ સ્વામીનીવાતો વિશ્રામ - ૧૩
વિ.સ. ૧૮૬૨નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીનીવાતો ૧૮૬૨નીલીલા
વિ.સ. ૧૮૬૨નીસાલમાં બીજીવાર - ભુમાનંદ સ્વામીનીવાતો ૧૮૬૨નીલીલા
વિ.સ. ૧૮૬૨નીસાલમાંત્રીજીવાર - ભુમાનંદ સ્વામીનીવાતો ૧૮૬૨નીલીલા
વિ.સ. ૧૮૬૨નીસાલમાં ચોથીવાર - શ્રીહરિલીલાસિંધુ અષ્ટમ રત્નસ્તરંગ -૧૨
વિ.સ. ૧૮૬૩નીસાલમાં પ્રથમવાર - શ્રી ઘનશ્યામ લીલામૃત ઉત્તરાર્ધ તરંગ -૫૪
વિ.સ. ૧૮૬૩નીસાલમાં બીજીવાર - શ્રી ઘનશ્યામ લીલામૃત ઉત્તરાર્ધ તરંગ - ૫૪
વિ.સ. ૧૮૬૫નીસાલમાં પ્રથમવાર - શ્રી હરિલીલામૃત અષ્ટમરત્ન - ૨૧
વિ.સ. ૧૮૬૫નીસાલમાં બીજીવાર - શ્રી હરિલીલામૃત અષ્ટમરત્ન - ૨૬
વિ.સ. ૧૮૬૫નીસાલમાં ત્રીજીવાર - શ્રી હરિલીલામૃત અષ્ટમરત્ન - ૨૭
વિ.સ. ૧૮૬૫નીસાલમાં ચોથીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૫ની લીલા
વિ.સ. ૧૮૬૫નીસાલમાં પાંચમીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૫ની લીલા
વિ.સ. ૧૮૬૫નીસાલમાં છઠ્ઠીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૫ની લીલા
વિ.સ. ૧૮૬૫નીસાલમાં સાતમીવાર - શ્રી હરિચરિત્રામૃતસાગર પુર ૧૨ તરંગ - ૫૪
વિ.સ. ૧૮૬૫નીસાલમાં આઠમીવાર - શ્રી હરિચરિત્રામૃતસાગર પુર ૧૨ તરંગ - ૭૩
વિ.સ. ૧૮૬૫નીસાલમાં નવમીવાર - શ્રી હરિલીલામૃત કળશ ૭ વિશ્રામ - ૨
વિ.સ. ૧૮૬૫નીસાલમાં દશમીવાર - શ્રી હરિલીલામૃત કળશ ૭ વિશ્રામ - ૫
વિ.સ. ૧૮૬૫નીસાલમાં અગિયારમી વાર - શ્રી હરિલીલામૃત કળશ ૭ વિશ્રામ - ૭
વિ.સ. ૧૮૬૫નીસાલમાં બારમીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ -૧૬
વિ.સ. ૧૮૬૬નીસાલમાં પ્રથમવાર - હરિચરિત્રામૃત સાગર પુર ૧૩ તરંગ - ૯



વિ.સ. ૧૮૬૬નીસાલમાં બીજીવાર - હરિચરિત્રામૃત સાગર પુર ૧૩ તરંગ - ૧૦
વિ.સ. ૧૮૬૬નીસાલમાં ત્રીજીવાર -શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર
ઉત્તરાર્ધ તરંગ - ૫૯
વિ.સ. ૧૮૬૬નીસાલમાં ચોથીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૬નીલીલા
વિ.સ. ૧૮૬૬નીસાલમાં પાંચમીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૬નીલીલા
વિ.સ. ૧૮૬૬નીસાલમાં છઠ્ઠીવાર -શ્રીહરિલીલાસિંધુ નમમ રત્ન - તરંગ - ૨૦
વિ.સ. ૧૮૬૬નીસાલમાં સાતમીવાર -શ્રીહરિલીલાસિંધુ નવમ રત્ન - સ્તરંગ - ૨૫
વિ.સ. ૧૮૬૭નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૪ તરંગ- ૧
વિ.સ. ૧૮૬૭નીસાલમાં બીજીવાર - ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ - ૬૧
વિ.સ. ૧૮૬૭નીસાલમાં ત્રીજીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૭ની લીલા
વિ.સ. ૧૮૬૭નીસાલમાં ચોથીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૭ની લીલા
વિ.સ. ૧૮૬૭નીસાલમાં પાંચમીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૭ની લીલા
વિ.સ. ૧૮૬૮નીસાલમાં પ્રથમવાર -શ્રી હરિલીલામૃત કળશ - ૭ વિશ્રામ - ૨૨
વિ.સ. ૧૮૬૮નીસાલમાં બીજીવાર -શ્રી હરિલીલામૃત કળશ - ૭ વિશ્રામ - ૩૧
વિ.સ. ૧૮૬૮નીસાલમાં ત્રીજીવાર -ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૬૮ની લીલા
વિ.સ. ૧૮૬૮નીસાલમાં ચોથીવાર -શ્રીહરિલીલાસિંધુ દશમરત્ન તરંગ - ૨૦
વિ.સ. ૧૮૬૮નીસાલમાં પાંચમીવાર -શ્રીહરિલીલાસિંધુ દશમરત્ન તરંગ - ૨૨
વિ.સ. ૧૮૬૯નીસાલમાં પ્રથમવાર -શ્રીઘનશ્યામલીલામૃતસાગર ઉતરાર્ધ તરંગ - ૬૯
વિ.સ. ૧૮૬૯નીસાલમાં બીજીવાર -શ્રીઘનશ્યામલીલા મૃતસાગર ઉતરાર્ધ તરંગ - ૬૯
વિ.સ. ૧૮૭૧નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૫ તરંગ - ૪૯
વિ.સ. ૧૮૭૧નીસાલમાં બીજીવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૫ તરંગ - ૫૦
વિ.સ. ૧૮૭૧નીસાલમાં ત્રીજીવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૬ તરંગ - ૧૪
વિ.સ. ૧૮૭૧નીસાલમાં ચોથીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૨૯
વિ.સ. ૧૮૭૧નીસાલમાં પાંચમીવાર -શ્રીઘનશ્યામલીલા મૃતસાગર
ઉતરાર્ધ તરંગ - ૭૦
વિ.સ. ૧૮૭૧નીસાલમાં છઠ્ઠીવાર -શ્રીઘનશ્યામલીલા મૃતસાગર ઉતરાર્ધ તરંગ - ૭૧
વિ.સ. ૧૮૭૨નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિલીલાસિંધુ એકાદશરત્ન તરંગ - ૨

વિ.સ. ૧૮૭૨નીસાલમાં બીજીવાર -શ્રીહરિલીલાસિંધુ એકાદશરત્ન તરંગ - ૬
વિ.સ. ૧૮૭૨નીસાલમાં ત્રીજીવાર -શ્રીહરિલીલાસિંધુ એકાદશરત્ન તરંગ - ૧૩
વિ.સ. ૧૮૭૪નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૭ તરંગ - ૭૦
વિ.સ. ૧૮૭૫નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૫ની લીલા
વિ.સ. ૧૮૭૬નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૬ની લીલા
વિ.સ. ૧૮૭૬નીસાલમાં બીજીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૬નીલીલા
વિ.સ. ૧૮૭૬નીસાલમાં ત્રીજીવાર -શ્રીહરિલીલાસિંધુ દ્વાદશરત્ન તરંગ - ૨૩
વિ.સ. ૧૮૭૭નીસાલમાં શ્રીહરિચરિત્રામૃત સાગર
વિ.સ. ૧૮૭૮નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૮ની લીલા
વિ.સ. ૧૮૭૮નીસાલમાં બીજીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૮ની લીલા
વિ.સ. ૧૮૭૮નીસાલમાં ત્રીજીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૭૮ની લીલા
વિ.સ. ૧૮૭૮નીસાલમાં ચોથીવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૧૯ તરંગ - ૩૭
વિ.સ. ૧૮૭૯નીસાલમા શ્રી હરિલીલામૃત કળશ - ૮ વિશ્રામ - ૪
વિ.સ. ૧૮૮૧નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૮૧ની લીલા
વિ.સ. ૧૮૮૧નીસાલમાં બીજીવાર -શ્રીહરિલીલાસિંધુ ત્રયોદશરત્ન સ્તરંગ - ૪૧
વિ.સ. ૧૮૮૧નીસાલમાં ત્રીજીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૮૪
વિ.સ. ૧૮૮૨નીસાલમાં પ્રથમવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૮૨ની લીલા
વિ.સ. ૧૮૮૨નીસાલમાં બીજીવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૨૮ તરંગ - ૧૦૪
વિ.સ. ૧૮૮૨નીસાલમાં ત્રીજીવાર -શ્રીહરિચરિત્રામૃત સાગર પુર ૨૮ તરંગ - ૧૦૮
વિ.સ. ૧૮૮૨નીસાલમાં ચોથીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૧
વિ.સ. ૧૮૮૧નીસાલમાં પાંચમીવાર - શ્રી ઘનશ્યામલીલામૃતસાગર
ઉત્તરાર્ધ તરંગ - ૮૦
વિ.સ. ૧૮૮૩નીસાલમાં પ્રથમવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ - ૯૮
વિ.સ. ૧૮૮૩નીસાલમાં બીજીવાર -શ્રી ઘનશ્યામલીલામૃતસાગર ઉત્તરાર્ધ તરંગ - ૯૩
વિ.સ. ૧૮૮૪નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિલીલાસિંધુ ચર્તુદશરત્ન તરંગ - ૧૪
વિ.સ. ૧૮૮૪નીસાલમાં બીજીવાર શ્રી હરિલીલામૃત કળશ - ૮ વિશ્રામ - ૫૫
વિ.સ. ૧૮૮૪નીસાલમાં ત્રીજીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૮૪ની લીલા
વિ.સ. ૧૮૮૫નીસાલમાં પ્રથમવાર -શ્રીહરિલીલાસિંધુ ચર્તુદશરત્ન તરંગ - ૩૮



વિ.સ. ૧૮૮૫નીસાલમાં બીજીવાર - ભુમાનંદ સ્વામીની વાતો ૧૮૮૫ની લીલા
વિ.સ. ૧૮૮૫નીસાલમાં ત્રીજીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો ૧૮૮૫નીલીલા
વિ.સ. ૧૮૮૫નીસાલમાં ચોથીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૧૦૯
વિ.સ. ૧૮૮૫નીસાલમાં પાંચમીવાર -પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૧૧૪

## ૧૦૨. મહાપ્રસાદીમય તીર્થધામ ગામડીનો મહિમા

પરમકૃપાળું, સર્વાવતારી, શ્રી હરિ પોતાનાં આશ્રિતજનનાં મનોરથ પૂર્ણ કરવા અને નિજમૂર્તિનું સુખ આપવા તથા તેમનાં ગામ અને ઘર પાવન કરવા સંતો, પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તો સાથે ગામે ગામ વિચરણ કરી રહ્યા છે.

શ્રીહરિ જેતલપુરથી સંતો - પાર્ષદો સાથે ચાલ્યા ને વટવા થઈને ગામડી ગામે આવ્યા. ગામનાં હરિભક્તો જમીનદાર પાટીદાર હતા. તે સૌ સામા આવ્યા પુંજલાલભાઈ, બાપુભાઈ, શંભુદાસ, કલુજી, મકનદાસ, રઘુનાથદાસ, રણછોડભાઈ, જેઠા સવદાસ એ આદિક હરિભક્તો એ શ્રીહરિને પગે લાગીને હાર પહેરાવ્યા અને કહેવા લાગ્યા કે આપે અમને શરણાગત જાણી અમારા ઉપર કૃપા કરી. તેમનો ભાવ જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા અને રાત રહેવાનો ઠરાવ કરી પુર પ્રત્યે ચાલ્યા.

## ૧૦૩. શ્રીહરિનું હાથી ઉપર સ્વાગત સામૈયું કર્યું

વાજતે ગાજતે હાથી ઉપર બેસી સુવર્ણનાં વસ્ત્ર આભૂષણ ધારી શ્રીહરિ પુર પ્રત્યે ચાલવા લાગ્યા કાંકરીયા. સરોવરથી આંરભીને આ ગામ સુધી ચારે તરફ આંબાને રાયણના અપાર વન છે.પુરનાં દ્વારે સુવર્ણનાં શ્રીફળ પુરજનોએ બાંધેલા હતા. બજારો પણ જળ છંટાવીને સ્વચ્છ કરી હતી અને જ્યાં ત્યાં કદળીના સ્થંભ, શ્રીફળ, કુમકુમ વગેરે માંગલિક સાજથી દુકાનો અને ભવન શણગાર્યા હતા. શ્રી હરિને મોતીનાં થાળ તથા પુષ્પના હારથી વધાવતા હતા. અને આનંદથી વૃંદે વૃંદ મળીને મંગલ ગાતા હતા. પુરજનોને દર્શન દઈ મુકામ ગામ બહાર કર્યા. સંતોને રહેવાનું મંદિર હતું ત્યાં અને શંભુદાસને ઘેર વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ બનાવી. રસોઈ તૈયાર થતાં વર્ણી બોલાવવા આવ્યા. પાદુકા પહેરી હાથમાં રૂમાલ

લઈ શ્રીહરિ ચાલ્યા તે ઉત્તરાદા બારનાં શંભુદાસ ભક્તનાં ભવન પ્રત્યે મેડે જઈને ચંદનનાં બાજોઠ ઉપર જમવા બેઠા. બહુ ઘી નાંખીને સાકરનાં લાડુ તથા વડાં, ભજીયા શાક વગેરે બનાવ્યું હતું. બહું પ્રકારનાં ભોજન દેખી શ્રીહરિ હસીને જમવા લાગ્યા. ભક્તોનાં ભાવ જોઈ રસોઈનાં વખાણ કરતા જમીને કર તથા મુખ ધોઈને મુખવાસ લઈ સંતને મંદિર આવ્યા. સંત, રાજા અને પાર્ષદોને જમવા બેસાડ્યા, અગરબત્તી, ધૂપ અને આરતી કરી, સંત અને રાજાઓને પૂજ્યા અને અંતરમાં આનંદ પામ્યા.

## ૧૦૪. સમર્પણવાળા ભક્તો

શ્રીહરિ કહે પૂજા કરીને ઝટ બહાર નીકળો અમે લાડુ પીરસીએ. અમે પીરસીએ ત્યારે સંતો પ્રસાદીનું માહાત્મ્ય જાણીને સૌ જમે છે. સંત ન જમે ત્યારે અમને દયા આવે છે. માટે તેમને એવા અત્યંત ત્યાગી દેખીને સદા પીરસવામાં આનંદ આવે છે. પછી પૂજા કરી હરિભક્તો બહાર નિકળ્યા અને શ્રીહરિ સંતની પંક્તિમાં જઈને બબ્બે લાડું બધાયને પીરસી આપ્યા. ચરણમાં નેપૂર અને ફુલથી શ્રીહરિ ગરકાવ હતા. પાછળથી રહીને આનંદમુનિ ફુલનાં પંખાથી પવન નાખતા હતા. સંતોને પણ ભક્તોએ કેસર ચંદન ચર્ચીત ફુલનાં હાર પહેરાવેલા તેથી બગીચા જેવી શોભા અને સુગંધ વ્યાપેલો હતો. અંત સમે આવા દર્શન થાય તો પણ જન્મ મરણનાં ભયથી પ્રાણી છુટે. સંત જમી રહ્યા ત્યારે પાટ ઉપર બિરાજ્યા મુકુંદાનંદ ને જયાનંદવર્ણી જે અખંડ સેવામાં રહેતા, તે વીરણનાં પંખાથી પવન નાંખવા લાગ્યા. બીજા વર્ણી સેવામાં આવતાં જતાં રહેતા. સંત જમી રહ્યા ત્યારે વિવિધ વાજા વાગવા લાગ્યા. શ્રીહરિ વાજતે ગાજતે નદીનાં તટ ઉપર તંબુઓ લાગેલા હતા ત્યાં આવીને પલંગ ઉપ બિરાજ્યા. મોટી ચંદની બાંધીને તે કનકનાં કળશ તથા મોતીનાં તોરા વગેરેથી શણગારેલી હતી. તેને મધ્યે સુવર્ણનાં સિંહાસન ઉપર શ્રીહરિ પ્રથમ નદીમાં સ્નાન કરી આવીને બેઠા તે નદીમાં સૌ સંત હરિભક્તો નાહ્યા. પ્રવાસીજનો બહું દિવસનાં મનોરથ પ્રમાણે પહેરામણી લઈને આવ્યા. પહેરામણી કરીને વિવિધ પ્રકારની પૂજા કરી. પ્રાર્થના કરવા લાગ્યા કે આજથી આ ઘરબાર તમારા છે. અમારા સરખી જે સેવા હોય તે કહેજો. જેવી કુળ કુટુંબમાં પ્રીતિ હોય છે તેવી હરિભક્તોએ ભગવાન અને સંતમાં



રાખવી જોઈએ જેથી ભવ પાર થવાય.

શ્રીહરિ કહે હરિભક્ત દેહ મૂકીને ભગવાનનાં ધામમાં જાય છે. અને તેને અંતકાળે ભગવાનનાં દર્શન થાય છે. તે આ સંગનું ફળ છે. અને તેનું પ્રગટ માહાત્મ્ય છે. ગર્ભવાસનું દુઃખ જેમ બહાર આવ્યા પછી જણાતું નથી તેમ મરણ પછી ધામમાં જનાર ને અહીનું દુઃખ કંઈ પણ જણાતું નથી એટલી વાત કરી રહ્યા પછી ભક્તોએ સંતની પૂજા કરી, એકેક વસ્ત્ર ઓઢાડ્યું. આવા સુખ ભક્તજનોને કોઈ અવતારમાં મળ્યા નથી. કાળનાં બળને જાણીને શ્રીહરિએ આ વેળા અતિ કરુણા કરી છે. ભક્તજનનાં ઘેર ઘેર પધારી તેની પૂજા તથા મેવા મીઠાઈ ગ્રહણ કરી કૃતાર્થ કર્યા છે. આવું બીજા અવતારમાં કયારેય કર્યું નથી.

(શ્રી હરિચરિત્રામૃત સાગર-પુર આઠમું તરંગ ૨-૩-૪)

## ૧૦૫. શ્રીહરિનાં વચને નાની પાડીએ દૂધ આપ્યું

શ્રી હરિ એકવાર ગામડી પધારેલા અને ગામનાં ભાવિક ભક્તોએ મહારાજનું સામૈયું કરેલું અને ઘેરઘેર પધરામણી કરેલી અને થાળ જમાડેલા, શ્રીહરિ જમવા બેઠા અને ભાતમાં ઘીની ધાર કરી ત્યારે શ્રીહરિએ દૂધ માગ્યું તે વખતે કટાણે કયાંય મળ્યું નહિ ત્યારે શ્રીહરિ કહે આ નાની પાડી કોડમાં બેઠી છે તેને દોહી લાવો. પછી ભક્તોએ શ્રીહરિના વચનમાં વિશ્વાસ લાવી પાડીને બેઠી કરી ત્યાં તો ચમત્કાર થયો, ચારે આંચળમાંથી દૂધની ધાર ચાલી. દોયા વગર દોણું ભરાણું ને તે દૂધ ગાળીને શ્રીહરિને જમવા આપ્યું પ્રેમી ભક્તોનાં હેતનાં હૈયા ઉભરાણા સર્વ કર્તા શ્રીહરિ શું ન કરી શકે !!

## ૧૦૬. શ્રીહરિ દોઢમણ કેરી જમ્યા

શ્રીહરિ ગામડી પધારેલાને વૈશાખ માસમાં કેરીઓ બહું થયેલી તેથી ગામડીનાં લાલદાસભાઈ પટેલનો પ્રેમ જોઈને શ્રીહરિ દોઢમણ કેરી અનુમાને જમી ગયા અને લાલદાસભાઈને શ્રીહરિએ પ્રસાદી આપી. આવી દિવ્ય લીલા શ્રીહરિએ ગામડી ગામમાં કરી છે. હાલ ત્યાં સ્મૃતિ માટે છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે.

## ૧૦૭. કૂવો બન્યો તીર્થરૂપ

એકવાર શ્રીહરિ ગામડીમાં પરમહંસો સાથે ગામ બહાર પૂર્વદિશામાં નાવા પધાર્યા ત્યાં વિકાભાઈનો કૂવો છે. પરંતુ તેનું પાણી કડવું ઝેર હોવાથી કોઈ પશુ-પંખી- મનુષ્યોને કોઈ કામમાં આવતું ન હતું. તે કૂવામાં શ્રીહરિ નાહ્યા એટલે તે કૂવાનું જળ અમૃત સમાન મીઠું થયું તે જળ શ્રીહરિએ પીધું અને સંતો તથા ભક્તોને પાયું. જેમ કૃષ્ણ અવતારમાં કાલિન્દીનાં ધરાનું પાણી ઝેર બન્યું હતું ને તેને ઝેર મુક્ત કર્યુ તેમ શ્રીહરિએ વિકાભાઈનાં કૂવાનું જળ અમૃત સમાન બનાવીને કૂવાનો મહિમા વધાર્યો આ કૂવાનું જળ પીવે તેને યમદૂત લેવા ન આવે તેવો વર શ્રીહરિએ આપ્યો આવી રીતે કૂવો તીર્થ સ્વરૂપ દર્શનીય બન્યો.

## ૧૦૮. શ્રીહરિએ લીમડો મીઠો કર્યો

ગામડી ગામથી પશ્ચિમમાં શિવજીનું મંદિર છે. તેનાં ચોકમાં શ્રીહરિ લીંબડા નીચે સભા ભરીને બિરાજ્યા હતા. તે સભામાં ગામ લોકો દર્શને આવેલા તેમના મનમાં સંકલ્પ થયો કે આ લીમડો મીઠો કરે તો ભગવાન ખરા ? શ્રીહરિએ તેમનો સંકલ્પ જાણીને તરત જ લીંમડાની ડાળીને નીચે નમાડીને પાન તોડીને બધાને વહેચ્યા તો પાન મીઠા હતા. લોકોએ લીંમડામાં બધેય તપાસ કરી તો પણ ક્યાંય કડવાશ હતી નહી. આ શ્રીહરિએ ગામ લોકોનો સંકલ્પ સિદ્ધ કર્યો અને લીંમડાને પ્રસાદીનો કર્યો.

## ૧૦૯. શ્રીહરિએ આપેલો વર

ગામનાં લોકોએ શ્રીહરિને પ્રાર્થના કરી માગ્યું કે હે મહારાજ ! અમે તો તમારે શરણે છીએ માટે અમારા જેતલપુર-ગામડી ગામનાં સીમાડામાં કોઈ પણ મરે તેને જમ લેવા ન આવે એવી અમારા ઉપર કૃપા કરો. કરૂણાનાં સાગર શ્રીહરિએ અતિ કૃપા કરીને કહું કે, આ જેતલપુર-ગામડી ગામનાં સીમાડામાં જમ ક્યારેય નહિ આવે વર મળતા ગામના લોકો બહુ રાજી થયા.



## ૧૧૦. આત્મનિષ્ઠાની પરાકાષ્ઠા

એકવાર આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામડી ગામે પધારેલા અને તે વખતે રસોઈ દૂધપાકની બનાવેલી હતી. તેમાં ભૂલથી દૂધપાકમાં ખાંડની બદલે મીઠું નખાઈ ગયેલું અને પૂજ્ય મહારાજશ્રી થાળ જમવા બેઠા, તે રોજ જમતા તેટલું જમી ગયા. પાછળથી ખબર પડી કે ખાંડને બદલે મીઠું નખાયું છે. તેથી ભક્તો અફસોસ કરવા લાગ્યા. પરંતુ મહારાજશ્રીને તો તે કઈ ખબર ન પડી. તેમની આત્મનિષ્ઠા બહુ જબરી હતી. અને પૂજ્ય મહારાજ શ્રી વારંવાર ગામડી પધારતા તેમને ગામડી ગામ અને ગામડીનાં ભક્તો બહું ગમતા અને હરિભક્તોને પૂજ્ય મહારાજ શ્રી અવાર નવાર ગામડી પધારી ને ખૂબ દર્શન - સમાગમનું સુખ આપતા.

## ૧૧૧. પૂજ્ય મહારાજશ્રીએ ગામડી થાળમાં અર્પણ કરી

શ્રીહરિની આજ્ઞાથી સદ્‌ગુરુશ્રી આનંદાનંદ સ્વામીએ જેતલપુર મંદિર બનાવ્યું અને શ્રીહરિનાં સ્વરૂપે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરાવીને ત્યાં જયકાર કરાવ્યા. પછી આનંદાનદ સ્વામીએ પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે જેતલપુર મંદિરનાં થાળ માટે ગામડી ગામની માંગણી કરી અને દયાળું પૂજ્ય મહારાજ શ્રીએ ગામડી ગામ આનંદ સ્વામીને અર્પણ કરી અને કહ્યું કે, આ ગામડી ગામની નજર રાખજો.

## ૧૧૨. ગામડી ગામ ઉપર આનંદસ્વામીની અમીદષ્ટિ

એક વખત ચોમાસામાં વરસાદે ખેચ્યું તેથી મોલ સુકાવા માંડ્યા તે વખતે બધા હરિભક્તો જેતલપુર આવ્યા તે વખતે આનંદ સ્વામી તો સ્વધામમાં ગયેલા હતા. તેથી હરિભક્તો યજ્ઞશાળાનાં ભવનમાં જઈને આનંદ સ્વામીની મૂર્તિ પાસે પ્રાર્થના કરવા લાગ્યા કે સ્વામી ! તમારી ગામડી સુકાઈ જશે. તરત જ દિવ્ય સ્વરૂપે આવીને આકાશમાં વાદળીને અટકાવીને કહ્યું ગામડીમાં વરસજે ત્યાં તો

ગામડીની આજુ - બાજુ મુશલધાર વરસાદ વરસ્યો. હજુ પણ સ્વામીશ્રીની અમૃત નજર ગામડી ઉપર અદ્યાપિ રહી છે ને લોકો સ્વામીશ્રીનો ઉપકાર માને છે.

## ૧૧૩. ભક્તરાજ નરસીભાઈને તેડવા શ્રીહરિ હાથી પર બેસીને આવ્યા

ગામડી ગામમાં પાટીદાર નરસીભાઈ બહું સારા સત્સંગી હતા ને તેમને શ્રીજી મહારાજનો નિશ્ચય ખરેખરો હતો ને મહારાજને સર્વે અવતારનાં અવતારી સમજતાને તેનાં નિયમ ધર્મ પણ બરોબર હતા. નરસીભાઈને મંદવાડ આવ્યો ને દેહ પડવાનો સમય થયો ત્યારે તેને તેડવા સારું શ્રીજી મહારાજ અંબાડીવાળા હાથી ઉપર બેસીને આવ્યા ને કેટલાક સંતો તથા પાર્ષદો સાથે હતા ને પાર્ષદોના હાથમાં દીવા રાખેલા હતા. તેથી આખા ગામમાં પ્રકાશ છવાઈ રહ્યો હતો ને એના થકા ગામમાં દરજી બેચરનાં ઘર પાસે આવ્યા ત્યાં તો બધો કોલાહલ સાંભળીને બેચર દરજી પોતાનાં ઘરમાંથી બહાર આવ્યા ને જોયું તો મહારાજ હાથી ઉપર બિરાજેલા ને સંત તથા પાર્ષદો કેટલાક ચાલ્યા આવે ત્યારે એ બધું જોઈને તેણે પૂછ્યું આ બધા તમે ક્યાં જાઓ છો ? ત્યારે એક પાર્ષદે કહ્યું, અમે પાટીદાર નરસીભાઈ ને તેડવા જઈએ છીએ એમ કહીને ચાલ્યા ને સામી ભીંત આવી તેમાં સોંસરા સહું ચાલ્યા ગયાને નરસીભાઈ ને દર્શન દીધા ત્યારે નરસીભાઈએ તેનાં સગા સંબંધીને કહ્યું આ શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે ને હું તેમનાં ભેગો ધામમાં જાઉં છું એમ કહી દેહ મેલીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયા ને પરચો જોઈને બેચર દરજી ગામમાં સાધુ આવ્યા ત્યારે તેમની પાસે જઈને પાન કરીને પોતે વર્તમાન લઈ સત્સંગી થયા.

(શ્રી હરિ ચરિત્ર ચિંતામણી ભાગ ત્રીજો વાર્તા ૨૮૯)

સદ્. ગુરુ રૂગનાથચરણદાસ - જુનાગઢ

શ્રીહરિ ગામડી ગામમાં ૧૮ વાર પધારેલા છે. સાથે ધર્મકુળ, પરમહંસો, પાર્ષદો, રાજાઓ તથા સત્સંગીઓનાં સમુહ સાથે પધારીને ખૂબ સુખ આપ્યા છે. ને છેલ્લે પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે અતિ સુખ આપીને ગામડી ગામને



સંપ્રદાયમાં એક મહાન તીર્થ ધામની પ્રસિદ્ધિ આપી છે.

## ૧૧૪. અસલાલીનાં પ્રસંગો

પરમ કૃપાળુ સર્વાવતારી શ્રીહરિ વિ.સ. ૧૮૪૯ ની સાલમાં અષાડ માસમાં જ્યારે વનવિચરણની વાટ લીધી ને ફરતા ફરતા અનેક ગામો - શહેરો, જંગલો, સાગર, નદી. પર્ણકૂટી, મહેલો વગેરેને પોતાનાં પદરજથી પાવન કરીને વિ.સં ૧૮૫૫ની સાલમાં ગુજરાતની પવિત્ર ધરતીને પાવન કરતાં ખંભાત, જેતલપુર થઈ અસલાલી પધાર્યા.

આમ આવી રીતે અસલાલીમાં શ્રી નીલકંઠવર્ણી સ્વરૂપે પ્રથમવાર પધારીને તીર્થભૂમિનો દરજ્જો આપ્યો. ત્યારબાદ શ્રીહરિ અસલાલી ઘણીવાર પરમહંસો, રાજાઓ જીવુબા આદી બાઈ ભક્તો તથા ધર્મકુળ પરિવાર સાથે પધાર્યા છે. તે નીચે મુજબ છે તેમાં કોઈ વર્ષમાં એકવાર તો કોઈ વર્ષમાં બે વાર, ત્રણવાર પાંચવાર કે તેથી વિશેષ પણ પધાર્યા છે. તેમાં એક રાત્રી, બે રાત્રી, પાંચ રાત્રી કે તેથી વિશેષ પણે રહીને ભક્તોને કથાવાર્તા દર્શનનું ખૂબ જ સુખ આપેલું છે. તથા થાળ જમેલા છે.

વિ.સં. ૧૮૫૫ નીલંકઠવર્ણી સ્વરૂપે પધારેલા ત્યારબાદ

વિ.સં. ૧૮૬૧ થી ૧૮૮૫ દરમ્યાન અનેક વખત અસલાલીમાં પધાર્યા હતા.

વિ.સં. ૧૮૮૨ ના ચૈત્ર સુદી દ્વિતિયા ને દિવસ મહારાજે અસલાલીમાં આંબાવાડીયામાં પ્રસિધ્ધ વચનામૃત કરેલુ છે. તથા ગાદી વિભાગની શરૂઆત પણ ત્યાં કરેલી છે.

વિ.સં. ૧૮૬૫ની સાલમાં શ્રીહરિએ જેતલપુરમાં મહામોટો યજ્ઞ કરાવેલો તે વખતે જેતલપુરમાં ઘેર ઘેર શ્રીહરિ પોતે ફરીને બબ્બે દ્રોણ ઘઉં દળવા આપેલા તેવી જ રીતે શ્રી હરિએ જાતે અસલાલી જઈને ઘેર ઘેર બહેનોને બબ્બે દ્રોણ ઘઉં દળવા માટે આપેલા. તે યજ્ઞમાં ઘઉં દળવાની સેવા અસલાલીના બહેનોને મળેલી અને શ્રીહરિએ ઘેર ઘેર પધારીને ઘઉં અપાવેલા આ મોટો લાભ અસલાલી ગામનાં ભક્તોને મળ્યો હતો. એક દ્રોણ એટલે ૩૨ શેર ઘઉં થાય એમ એક એક ઘરે ૬૪ શેર ઘઉં દળવા આપેલા. (સત્સંગી ભૂષણ ઉત્તરાર્ધ અધ્યાય - ૨૯)

વિ.સ. ૧૮૬૭ની સાલમાં શ્રી હરિ તેરા (કચ્છ)માં વિરાજમાન હતા તે વખતે અસલાલી ગામના વેણીભાઈ પટેલ તથા બીજા ભક્તો શ્રીહરિનાં દર્શને તેરા ગામ ગયા હતાં તે વખતે શ્રી હરિ માટે સારા ચોખા, દાળ, તથા મુરબ્બો લઈ ગયા હતા. તે શ્રીહરિએ ઝીણી નજરે ચોખામાં નજર કરીને રાજી થયા અને તેને રંધાવ્યાને જમ્યા હતા. તેનું વર્ણન સદ્ ભુમાનંદ સ્વામીએ કર્યું છે. તે નીચે મુજબ છે.

## ચોપાઈ

ગામ અશ્લાલીનાં હરિજન, વેણીભાઈઆદિક પાવન;
લાવ્યા મુરબ્બો ચોખા ને દાળ, નારાયણને માટે રસાળ ॥૨૫॥
તે દેખીને શ્રી પ્રાણજીવન, શ્રીહરિજી થયા છે પ્રસન્ન ;
ચોખા લીધા તે પોતાને હાથ, જીણી દષ્ટિએ જોવા લાવ્યા નાથ ॥૨૬॥
અણિશુધ્ધ ચોખા છે ઉત્તમ એમ કૈ રાજી થયા પ્રીતમ;
દાળભાત રંધાવ્યા તે વાર, તે વાર મુરબ્બા સાથે જમ્યા તે ઠાર ॥ ૨૭॥
(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ ૬૩)

## શ્રીહરિ વેણીભાઈ ને અગાઉથી કહીને તેડી ગયા

અસલાલી ગામનાં વેણી ભાઈ પટેલને ત્યાં શ્રીહરિ ભગવાન પધારીને વૈરાગ્ય યુક્ત વચન બોલ્યા કે આજથી છઠ્ઠે મહીને તમને ધામમાં લેવા માટે અમો આવીશું, એમ કહીને મહારાજ ગયા. પછી તે મુજબ સેંકડો વિમાનો સહિત શ્રીહરિ વેણીભાઈ ને ત્યાં પધારી પોતાને અલૌકિક દર્શન આપી ધામમાં તેડી ગયા તથા વેણીભાઈનાં સગાભાઈ મકનદાસ મરણથી અગાઉ ત્રણ દિવસ પહેલા પોતાનાં સંબંધીઓને કહેતા હતાં કે વેણીભાઈ સહિત શ્રીહરિ ભગવાન મને તેડવા માટે પધાર્યા છે. એમ કહીને દરેક દેખે તેમ વિમાનમાં બેસી ભગવાનનાં ધામમાં જતાં હતા.

## દિવ્ય દર્શન

એકવાર શ્રીહરિએ અસલાલીનાં જીજીભાઈને તેમનાં ઘેર અનંત મુક્તોથી



વીંટાયેલા સુવર્ણમય અમૂલ્ય વસ્ત્રોથી શોભાયમાન સુંદર પલંગ ઉપર બિરાજી દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યાં જીજીભાઈએ મહારાજ તથા મુક્તોનાં ખૂબ ભાવપૂર્વક દર્શન કર્યા. (શ્રીહરિ કૃષ્ણ લીલામૃત અધ્યાય ૧૦૭)

## જેતલપુરનાં મંદિરનાં મહંત સ્વામી સંતો

૧) સ. ગુ. સ્વા. આનંદાનંદ સ્વામી
૨) સ. ગુ. સ્વા. ભગવતચરણદાસજી
૩) સ. ગુ. સ્વા. ઈશ્વરચરણદાજી
૪) સ.પુ. સ્વા. યોગેશ્વરદાસજી
૫) સ.પુ. સ્વા. શ્યામચરણદાસજી
૬) સ.પુ. સ્વા. નિરન્નમુક્તદાસજી
૭) સ.પુ. સ્વા. ગોવિન્દપ્રિયદાસજી
૮) સ.પુ. સ્વા. ચતુર્ભુજદાસજી
૯) સ.પુ. સ્વા. ધર્મજીવનદાસજી
તથા શા. નારાયણપ્રસાદદાસજી
૧૦) સ. ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજી
૧૧) સ. પુ. સ્વા. નંદકિશોરદાસજી
૧૨) સ. પુ. સ્વા. ઘનશ્યામચરણદાસજી
૧૩) સ. શા. સ્વા. હરિચરણદાસજી
૧૪) સ. શા. સ્વા. ચૈતન્યદાસજી
૧૫) સ. ગવૈયા સ્વા. શ્રીવલ્લભદાસજી
૧૬) સ. પુ. સ્વા. મુકુન્દજીવનદાસજી
૧૭) સ. શા. શ્રીકૃષ્ણદાસજી
૧૮) સ. શા. સ્વા. નરનારાયણદાસજી વેદાન્તાચાર્ય
૧૯) સ્વામી હરિજીવન દાસજી
૨૦) શાસ્ત્રી હરિશ્ચન્દ્રપ્રકાશ દાસજી
૨૧) શાસ્ત્રી દેવચરણદાસજી વ્યાકરણાચાર્ય

૨૨ ) સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી
૨૩) શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી
૨૪) વિદ્યમાન મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા
મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી

## દિકરા આપે જેતલપુરના બળદેવજી બાપા

સર્વઅવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલા પ્રગટ સ્વસ્વરૂપથી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેક સત્સંગી કે ધર્મ પ્રેમી હોય તેઓના માનસ અને હૃદયમાં નક્કી થયેલી છાપ છે કે દીકરાની ઈચ્છા હોય તો જેતલપુરની એકવર્ષની પુનમ ચાલતા ભરીએ તો કોઈ કામ અધુરુ ન રહે. વળી કોઈ આધિ વ્યાધિ ઊપાધિ હોય તો બળદેવજી બાપાના શરણે આવી જાય, તો તે તત્કાળ રાહત થઈ જાય છે. કોઈને વ્યવહારિક આટી ઘૂટી હોય, કોઈને ભાગીદારોમાં ટકરામણ હોય,કોઈનું કામ વર્ષોથી અટકી ગયેલ હોય,કોઈને શરીરમાં અસહ્ય દર્દ આવી પડ્યું હોય. તો કોઈને ડૉકટરોએ સંતાન નહી થાય એવી ચેલેન્જ આપી હોય. તો કોઈના બાળક બિમાર રહેતા હોય. તો કોઈને બોર્ડમાં સારા ટકાથી પાસ થવું હોય તો કોઈને વિદેશ જવાના વિઝા લેવા હોય, કોઈ સંકટમાં આવ્યા હોય, ને નાના મોટા જ્ઞાની-અજ્ઞાની ત્યાગી કે ગૃહસ્થ સત્સંગી કે કુસંગી કોઈ પણ હોય તે એકવાર મનથી શ્રધ્ધાપૂર્વક મનોકામના કરે તો બળદેવજીબાપા સર્વેના સર્વ કામ પૂર્ણ કરે છે. રોજ રોજ નવા નવા પ્રસંગો ચમત્કારો કરે છે કેટલાક તો બળદેળજીબાપા જ જાણે છે. દરરોજ ઓછામાં ઓછા પાંચ દિકરાઓ તો બાપાના સાનિધ્યમાં સાકરથી તોલાય છે. બાપાએ નક્કી કર્યુ લાગે છે કે રોજ પાંચ ઓછામાં ઓછા પાંચ દીકરા તો આપવાજ.પ.પૂ.ધ.ધૂ. મોટા આચાર્યથી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની પાસે અથવા વર્તમાન આચાર્યશ્રી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદ પાસે કોઈ દિનદુઃખી દેશ-વિદેશમાં દુઃખ વ્યક્ત કરે ત્યારે તેઓ શ્રી બળદેવજીબાપાની જેતલપુરની એકવર્ષની પુનમના દર્શન કરવાના સંકલ્પ કરાવે છે. વળી પ.પૂ.ગાદીવાળાશ્રી પાસે કોઈ બહેન કોઈ પણ વેદના કહે



તો તેઓ શ્રી જેતલુપુરની પુનમ ભરવાની આજ્ઞા કરે છે.

આજે પૂનના દિવસે દિનપ્રતિદિન ભીડ વધતી જાય છે. બે લાખ જેટલા દર્શનાર્થી પૂનમના દિવસે દર્શન કરે છે. દસ હજાર તો પગપાળા આવે છે. પૂનમની આગલી રાત તો ભક્તો ભીડથી મંદિર દરવાજા સુધી ભરાઈ જાય છે. કોઈ કોઈ તો સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કરતા આવે છે.

અસંખ્ય ચમત્કારોના સાક્ષી તરીકે વર્તમાન મહંત શાસ્ત્રી આત્મપ્રકાસદાજી તથા પુજારી બ્રહ્મચારી પૂર્ણાનંદજી છે. દુખિયા સુખિયા થયાના સમાચાર રોજરોજ તેમની પાસે આવે છે. ભગવાન સ્વામિનારાયણે પોતાના ભક્તોને સુખી કરવા જેમ રામાનંદસ્વામી પાસે બે વરદાન માગ્યા તે વરદાન પુરા કરવા શ્રીજી મહારાજ જેતલપુરમાં બળદેવજી મહારાજના સ્વરૂપે બીરાજીને જાણે દીકરા આપવાની હાટડી માંડી હોય એવુ લાગે છે. રામાનંદ સ્વામીએ જેતલપુરમાં ભૂખ્યાને ભોજન માટે સદાવ્રત બાંધ્યુ. તો શ્રી હરિએ તે સદાવ્રતને ચાલુ રાખીને બીજુ દિકરા આપવાનું સદાવ્રત બાધ્યુ છે. જેનો લાભ અસંખ્ય ભક્તો મેળવે છે.

બળદેવજી બાપાના શરણે આવેલ સત્સંગી ક્યારેય પણ નિરાશ થયો હોય એવો એક પણ દાખલો જોયો નથી. કેટલાક તો વિદેશમાં રહેતા હોય ત્યાં કોઈ સમસ્યા આવી પડે તો તરત બળદેવજીબાપાને યાદ કરી સંકલ્પ કરે એટલે જાણે કામ પૂર્ણ થયાની ગેરંટી. હમણાં તો યુ.એસ.એ.માં ડીપોટેશન થયેલ હરિભક્ત કેદમાંથી મુક્ત થયો.

જેતલપુર સ્વામિનારાયણ ભગવાનને અત્યંત પ્રિય ભુમિ છે. જેને વચનામૃતમાં વૃન્દાવનથી અધિક ઉપમા આપી છે. જેતલુપરનાં મહાતપસ્વી ગંગામા દીકરા કહે તો જ શ્રી હરિ થાળ જમતા. મા દીકરાના નાતાથી ભક્તિની શિખર મેળવનાર ગંગામાએ કહ્યું કે ''હે પ્રભુ મને રોજ દિકરો દિકરો એમ બોલવાની આજ્ઞા કરો છો. તો જેતલપુરમાં જે દર્શને આવે તેને દિકરો આપજો.'' શ્રી હરિ કહે ''જેતલુપર ધામના જે દર્શન કરશે તેને ચારેય પુરુષાર્થની સિદ્ધ થશે.''

મધ્ય મંદિરમાં બિરાજમાન હળ મુશળધારી બળદેવજી મહારાજના સ્વરૂપે ભગવાન સ્વામિનારાયણ સ્વયં સાક્ષાત છે.

## ૧૧૫. વિવિધ કાવ્ય-કીર્તનોમાં જેતલપુરનો મહિમા

**રાગ : ઠુમરી પદ-૧**

હરિ મીલે બોરસડી કી છૈયા હરિ.
મેં જયું ગઈ તી જલ ભરનેકું, હસી બોલાઈ મોરી સૈયાં... હરિ. ૧
શ્વેત પાઘ શિર સોહત સુંદર, ફુલ તોરા લટકૈયા. હરિ. ૨
કેશર તિલક ભાલ બીચ નીરખી, લપકી લપકી પરી પૈયા. હરિ ૩
અવધપ્રસાદ કે મન હરલીનો, સહજાનંદ સુખ દૈયાં. હરિ. ૪

**પદ-૨**

પ્યારી લાગે મોહનજી કી બતીયાં પ્યારી,
બતીયાં સુનત મેરો મનહર લીનો,
કરી કે નેહ દિન રતિયાં. પ્યારી. ૧
સુંદર મૂર્તિ ધર્મકુંવરકી,
નીરખી હરખી ઠરી છતિયાં. પ્યારી. ૨
લટક લટક હરિ ચાલચલત હે,
લાજત રતિપતિ અતિયાં. પ્યારી. ૩
અવધપ્રસાદ કે ચિતમેં ગર ગઈ
ચલત હંસ હરિ ગતિયાં. પ્યારી. ૪

**પદ-૩**

દેખી મોહિ શ્યામ શિર પગીયાં. દેખી.
પગિયાં કે શીર પેચ જૂકે હે,
વામન શ્રવન પૈ લગીયાં. દેખી. ૧
ભક્તિ ધર્મ સુત છેલ છબિલે,
નિરખી થક્તિ એક ટગિયાં. દેખી. ૨
નાસિકા નિકટ તિલ એક સુંદર



વામ શ્રવન તિલ રાગિયાં દેખી. ૩
અવધપ્રસાદ કે નાથ નિરંતર
રહો મેરી અંખિયન અગીયાં. દેખી. ૪

**પદ-૪**

હરિ બૈઠે જેતલપુર બગીયા. હરિ.
શ્રી- ઘનશ્યામ માધુરી મૂરત,
શ્વેત બસન ધરે પગીયાં. હરિ. ૧
બટતરુતર કિન સભા શુભ,
શિવબ્રહ્મ આયે અગિયાં હરિ.૨
નિરખી મૂરતિ શ્યામ મનોહર,
ઝલહલા જોત ઝગમગીયાં.હરિ.૩
અવધપ્રસાદ નિરખી યહ શોભા,
ચરણ કમળ ચિત લગીયાં હરિ. ૪

ધન્ય ધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજધામ,
તેમાં મરે પાપી નરનાર, તે પણ ન જાય જમને દ્વાર,
મોટાં મોટાં કર્યા જ્યાં જગન, ખૂટ્યાં નહીં ઘૃત ગોળઅન્ન,
ભ.ચિં. પ્ર. ૧૩૮

**છપય**

સબ તીરથ શિરોમણી, જેતલપુર જન જાન,
અતિપ્રિય મોહું અંતરે, રહત ભઈ ગુલતાન
જેતલપુર મેં આત જન, સબહી તીરથ ફલપાત,
જાત જરી અઘ જન્મશત, કવિ ગોવિંદ ગુન ગાન,
રમ્ય ભોમિકા રૂચિર અતિ, તરું સર લતા અનૂપ,
મોલ જુકત જનમનહરન, કરન શાંતિ સુખ રૂપ

**દોહા**

પ્રિય અધિક રહાવત પ્રભુ, જેતલપુરમેં જાન
ઘર ઘર બિચરે ગામ મેં તરુ તરુ ફિરત સુજાન
સબ તીરથ સેં સરસા સો, શતગુન જેતલપુર,
પુરુષોત્તમ અક્ષરપતિ, રહવત આનંદ ઉઠર,
અવર તીરથમેં નરત્રિયા, જાવત શતશતવાર
જૈતલપુરમેં જાત જન મોક્ષ, અધિક ફલ પાય
નિત પ્રતિ રહવત નાથ સો, ધામ કરી સુખ ધામ,
જૈતલપુર મેં જાન હું, આનંદ ભૂપ અકામ,
હરિલીલાસિન્ધુ-તરંગ-૨૮

**ચોપાઈ**

જેતલપુર મેં જન પાવન, તિયાં કિયે પ્રભુએ જગન
વિપ્ર જમાયે તિહાં બહુવિધિ પ્રભુ પરચા જનાયે પ્રસિદ્ધ
આપ સામર્થી જનાઈ જીવન, ભક્ત ભયભંજન ભગવાન
હરિવિ ચરણ-વિશ્રામ-૫

## ૧૧૬. જેતલપુર કાવ્ય

**પદ-૧ રાગ ભૈરવ**

ધર્મ કુંવર ઘનશ્યામ સુંદર હું, દિનદિન થાર જીમાવે રે. ધર્મ - ટેક
ગામ જેતલપુર સુંદર ભૂમિ, ગંગાબાઈ રહાવેરે,
ભાત દાલ અરુ સુંદર વ્યંજન, અસ કોઈ નહીં બનાવે રે, ધર્મ.૧
કંચન ઝારી પવિત્ર હે વારી, હરિકે કર ધોવરાવે રે,
અવધપ્રસાદ નિરખે હરિ જમતા, આનંદ ઉર બહુ પાવે રે, ધર્મ.૨

**પદ-૨**

હરિકૃષ્ણ મહારાજ સદાઈ, જેતલપુર કે વાસી રે, હરિ - ટેક
નિત નિત સરમેં ન્હાત હરિવર, કરત લીલા અવિનાશી રે,



લડુ ખાંડકે બ્રહ્મભોજન કરી, જનમન ફાંસી રે, હરિ -૧
હરિકે હરિજન આશજી સુંદર, પ્રભુ કે યાસ નિવાસી રે,
અવધપ્રસાદ માગે હરિયસિ અંતર રહો સુખરાશી રે, હરિ -૨

**પદ-૩**

જેતલપુર બલદેવ રેવતી, હરિ કે પાસ રહાઈ રે, જેતલ-ટેક,
અનેક જીવ ઉદ્ધારન કારન, સંત મુક્ત સંગ લાઈ રે,
જેતલપુર કી ભૂમી હે સારી, શ્રીહરિ મન ભાઈ રે, જે-૧
શિરપર મુગટ બૈઠે હિંડોરે, સંત ભીર ભીર ભાઈ આઈ રે,
કરી પૂજા આનંદ સ્વામી બહુ, અવધપ્રસાદ શિરનાઈ રે જે-૨

**પદ-૪**

સહજાનંદ મહારાજ જેતલપુર, કોટિક જીવ ઉધારે રે.. સહજા - ટેક
શિવ બ્રહ્મા ઈન્દ્રાદિ સબ, આયકે ઉરમે ધારે રે
શ્રી ઘનશ્યામ કે ચરિત્ર દેખકે, મગન હોત મતવારે રે, સ-૧
જેતલપુર તડાગ ભૂમિ સબ, બ્રહ્મરૂપ હરિડારે રે,
અવધપ્રસાદ કહે સ્નાન વાસ કરી,
જન હરિધામ સિધારે રે.. સહજા.-૨

**પદ-૧ રાગ ગરબી**

''વાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે'' એ ઢાળ

સખી સંતસહિત ઘનશ્યામ રે, જેતલપુરમાંઈ
બહુ દિન રિયા સુખધામ રે, જેતલપુરમાંઈ....૧
ઘણી લીલા કરી જગદીશ રે જે.
કે'તાં પાર પામે નહીં શેષ રે. જે....૨
કર્યા મોટા મોટા જગન રે, જે;
દીધાં દાનને દક્ષિણા ભારી રે. જે....૩
દ્વિજ સભા કરી અતિ સારી રે, જે;
દીધા દાન ને દક્ષિણા ભારી રે. જે....૪

વળી પૂછ્યા પ્રશ્ન મહારાજ રે, જે;
દેતાં ઉત્તર પામ્યા દ્વિજલાજ રે. જે....૫
ઘરોઘર ફરી ઘનશ્યામ રે જે;
કર્યા જનને પૂરણ કામ રે. જે....૬
બાંધ્યો હિંડોલો વડની ડાલ રે, જે;
તેમાં બેસી ઝુલ્યા ધર્મલાલ રે. જે....૭
કાઢ્યો દ્વિજ તણો ભૂત ભારી રે, જે;
જાય બદ્રિનાથ બલિહારી રે. જે....૮

**પદ-૨**

રુડી બોરસડી ફુલવાડી રે, જેતલપુરમાંઈ
શામ સભા કરે તીહાં દાડી રે. જે....૧
મોલ પાસે છે આસોપાલવ રે, જે;
જેની ઘેરી છાયા નવલ રે. જે....૨
જેનાં હેઠે હરિવર રાજે રે, જે;
જોઈ રૂપ મદન મન લાજે રે. જે....૩
હરિ ભક્ત હાર બહુ લાવે રે જે;
વળી ચંપાની ટોપી પહેરાવે રે. જે....૪
હરિ આંબલા હેઠે આવી રે, જે;
સારી સભા કરી મન ભાવી રે. જે....૫
બેઉ આચારજ બેસારી રે, જે;
સઉ પાસે તે પૂજા કરાવી રે. જે....૬
કર્યા સંત તણા વિભાગ રે, જે;
ધન્ય ધન્ય એ ભુમિનાં ભાગ્ય રે. જે....૭
એવી લીલા કરે ભગવાન રે જે;
સુણી બદ્રીનાથ ધરે ધ્યાન રે. જે....૮



**પદ-૩**

સખી સંત સહિત બહુ વાર રે, મોહોલમાં આવીને,
રહ્યા પ્રિતમ કરી ઘણો પ્યાર રે-મો....૧
સારી સભા કરે જીવન રે, મો;
કરે ઉત્તારને પરસન રે - મો....૨
બેસે ગોખે ઘણું ઘશ્યામ રે, મો;
મોટા મુનિ કરે પરગામ રે-મો....૩
ભવ બ્રહ્માને વિષ્ણુદેવ રે, મો;
કરે શ્રીહરિની નિત્ય સેવ રે-મો....૪
તેજ રૂપે થઈ એક દિન રે, મો;
કર્યા કેશવનાં દર્શન રે-મો....૫
પછી ત્રણ ગોળા થઈ ગયા રે, મો;
રાયણ પાનેપાને દિવ થયા રે-મો....૬
જોઈ વિસ્મય થયા સઉ જન રે, મો;
પૂછ્યું સામને જ પરસન રે-મો....૭
કહી વાતવાલે વિસ્તારી રે,મો;
દાસ બદ્રિનાથ જાય વારી રે-મો....૮

**પદ-૪**

મણિમય મોલ સુખકારી રે, મોલ બહુ શોભે છે,
અતિ જીરણ થઈ ગયો ભારી રે મોલ.... ૧
પછે પ્રિતથી નિરગુણદાસ રે, મો
ગયા મોટા સાહેબને પાસ રે, મોલ.... ૨
કરી વાતને બોધ દીધો રે, મો
તેના પાસે માંગી મોક્ષ લીધો રે, મોલ.... ૩
પછી પાયો ખોદાવી હુલાસે રે, મો
બાંધ્યો ઘાટ તે મોલની વાસે રે, મોલ.... ૪

કરી હાથીણીયું બહુ જાડી રે, મો
અતિ ઉંચી મોલને અડાડી રે, મોલ.... ૫
બહુ બારીયું જારીયું સુધારી રે, મો
જાણે નવો બન્યો સુખકારી રે, મોલ.... ૬
સજ કરાવ્યો નિરગુણદાસ રે, મો
બહુ દિન રહી પોતે પાસે રે, મોલ.... ૭
પ્રિતે કરી જે દરશન કરે રે, મો
બદ્રિનાથ કે ભવ તે તરે રે, મોલ.... ૮

**પદ-૫**

દેવસરોવર ભારી સાંભળો સાહેલી,
નાય તેમાં નિત્ય મોરારી રે, સાં....૧
ખાંતે ખાંતે કરી અલબેલ રે, સાં;
જલમાઈ કરે બહુ ખેલ રે, સાં....૨
તેને જોવા આવે સુર સાથ રે,
કરે પુષ્પ વૃષ્ટિ હરિમાય રે, સાં....૩
નાય નિરમાંઈ એમ હરિ રે, સાં
કરે પરિક્રમા ચોર ફેર ફરી રે, સાં....૪
વળી કોટમાં જઈ જીવન રે, સાં
પૂજે ખિજડીદસરા દન રે, સાં....૫
એવી લીલા જેતલપુર કરે રે, સાં
જેહ સુણે તેનાં પાપ જરે રે, સાં....૬
માટે ધન્ય જેતલપુર ગામ રે સાં
તુલ્ય નહીં બીજું ધામ રે, સાં....૭
એની રજ ચડાવે શુદ્ધ થાય રે, સાં
બદ્રિનાથ એમ ગયા રે, સાં....૮